મળેલા જીવ

પન્નાલાલ પટેલ

VISIT…

LANZAROTE Caliente.COM

અર્પણ

સ્વર્ગસ્થ બાપુ તથા બાને

એ ઓરતા જીવનમાં રહી ગયા
બાપુ કહીને સંબોધવાના;
લા'વો લઉં તો ધનભાગ્ય આજનાં.
ને મા ! તમારી ગરવી મહેચ્છા;
જોવો મને કાગળ માત્ર વાંચતો,
ઘણું ઘણું જો વળતો લખું તો.
(વિધિ અદેખી !) પરલોકમાં ભલે,
ઇચ્છા અધૂરી તમ પૂર્ણ આજે
કરી શકું તો ભવની કમાણી.

અનુક્રમ

પ્રસ્તાવના	ઝવેરચંદ મેઘાણી	૭
૧. પ્રથમ સંગાથ	...	૨૩
૨. અણજાણી અસર	...	૩૬
૩. મોહપાશમાં	...	૪૪
૪. માયાના વમળમાં	...	૫૦
૫. મથામણ	...	૬૦
૬. પરને સોંપી	...	૭૦
૭. હૈયાના હુડા	...	૯૨
૮. 'લાવ્યાપણું રાખજે'	...	૧૦૪
૯. વિજોગની વેદના	...	૧૧૭
૧૦. વ્યર્થ પ્રયાસ	...	૧૨૫
૧૧. કયા સંબંધે	...	૧૩૩
૧૨. પાપછૂટી વાત	...	૧૩૯
૧૩. પારખાં	...	૧૪૪
૧૪. 'ભલે જતો'	...	૧૬૦
૧૫. આબરૂયે સાચવી	...	૧૭૦
૧૬. વિદાય	...	૧૯૨
૧૭. વ્યર્થ પ્રતીક્ષા	...	૨૦૨
૧૮. જીવતરનાં ઝેર	...	૨૧૪
૧૯. અધૂરું ગાણું	...	૨૨૯
૨૦. 'આવ્યો'તો શું કામ ?'	...	૨૪૧
૨૧. 'મળ્યાય નહિ ?'	...	૨૫૮
૨૨. મળેલા જીવ		૨૬૩-૨૭૨

નિવેદન

[પહેલી આવૃત્તિ]

'ફૂલછાબ'ના નિમંત્રણને માન આપી ભેટપુસ્તક લખવાની ધૃષ્ટતા તો કરી બેઠો, પરંતુ આજે જ્યારે 'ફૂલછાબ'ના ગ્રાહકો અને અન્ય સાહિત્યરસિકો આગળ મારું આ લખાણ પુસ્તકાકારે જઈ રહ્યું છે ત્યારે એ ધૃષ્ટતા કરવા બદલ પસ્તાવો પણ થઈ રહ્યો છે.

એક તો ઐતિહાસિક પ્રસંગો અને તેમાંય શ્રી મેઘાણીની કલમ, પછી તો પૂછવું જ શું ? એટલે એ શક્તિશાળી કલમથી ટેવાયેલા 'ફૂલછાબ'ના ગ્રાહકોને મારું આ લખાણ મોળું પડે એ તો સ્વાભાવિક જ છે. પણ એ હિસાબે વાચક જો છેલ્લા પાના સુધી જઈ શકે તો મારે માટે એટલું પણ પૂરતું કહેવાય.

મારા ગરબડિયા લખાણને પુસ્તકાકારે મૂકવામાં ભાઈશ્રી નિરંજન વર્માએ લીધેલી કાળજી અને મહેનત – ભાઈશ્રી જયમલ પણ ખરા – અને કાર્યાલયના કારીગર મિત્રોની માથાકૂટ તો મેં નજરે જોઈ હતી; આ બધા પછી પણ એમના નામને આ પુસ્તક જોડે ન જોડું તો તો હું કૃતઘ્ન જ કહેવાઉં.

નરમ તબિયતમાં પણ પ્રસ્તાવના લખી આપવાની મમતા બદલ શ્રી મેઘાણીનો તથા કંઈ જ ન કરતા દેખાવા છતાંય ઘણું ઘણું કરી રહેલા શ્રી નાથાભાઈનો પણ અત્યંત ઋણી છું.

પન્નાલાલ નાનાલાલ પટેલ

સાબરમતી
અખાત્રીજ, ૧૯૯૭
હાલમાં :
૧૫, પ્રજ્ઞા સોસાયટી
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

બીજી આવૃત્તિનું નિવેદન

'મળેલા જીવે', એક બાજુ સાહિત્યસૃષ્ટિમાં મારો પગસંચાર કરાવ્યો તો બીજી બાજુ એ મને સિનેમાજગતમાં પણ ખેંચી ગયું.

ડાઈરેક્ટર શ્રી એન. આર. આચાર્યના હાથે મારી કલ્પનામાં જ્યારે રંગોળી પુરાઈ રહી હતી– કાગળ પરથી કચકડામાં ઊતરતું હતું એ જોયા પછીથી 'મળેલા જીવ' સાથેની મારી આત્મીયતા બેવડી થઈ બેઠી છે.

અને કેમ ન બેવડાય ? મારાં કાલ્પનિક પાત્રો જીવી-કાનજીને માનવીના અવતારમાં હાલતાંચાલતાં, ગાતાંનાચતાં અને ગોઠડી કરતાં, તો વળી વિજોગની વેદનામાં ભડકે બળતાં પણ મને મારી સગી આંખે જોવા મળ્યાં....

આ અનુભવ, અને 'ઉલઝન' નામની ફિલ્મ ઊતરી હતી એ વાત પણ કદાચ કાળે કરી ભૂલી જવાશે. પરંતુ એ વખતના ડાઈરેક્ટર શ્રી એન. આર. આચાર્ય– અરે આખાય સ્ટાફની તન્મયતા તથા શ્રી સરદાર અખ્તરનો અભિનય એ બે વસ્તુઓ તો ભૂલી પણ નહિ ભુલાય.

રામનવમી, તા. ૨-૪-'૪૪
દાદાભાઈ રોડ, વિલેપારલે
મુંબઈ

પન્નાલાલ નાનાલાલ પટેલ

પ્રસ્તાવના

પુસ્તકોની પ્રસ્તાવના લખવાનું કામ ભય પમાડનારું છે. ઘણુંખરું એ પ્રસ્તાવનાકારની પોતાની જાહેરાત બની જાય છે. મોટે ભાગે એ લેખક પર ઉપકાર કર્યાની તક બને છે. અને ખુદ કૃતિની ઓળખાણ કરાવવા કરતાં એ લેખકનું મહિમા-સ્તોત્ર રચવા તરફ ઢળી પડે છે.

પૂર્ણ પ્રમાણિકતા જાળવવા જેટલો તટસ્થ અને સશક્ત પ્રસ્તાવનાકાર પણ વાચકોની ને કૃતિની વચ્ચે 'મોચીની દીવી' જેવો થઈને ઊભો રહે છે. એને હાથે થતું કૃતિનું પૃથક્કરણ ગમે તેટલું સહૃદયતાપૂર્ણ અને સુશ્લિષ્ટ હોવા છતાં વાચકના મનને વિક્ષેપકારક બની જવાનો ભય રહે છે. વાચકની પાસે એ રાંધેલું ધાન ફરી રાંધીને મૂકે છે. વાર્તા કે નવલિકા જેવા સીધા રસાસ્વાદનું પિરસણ કરવા સરજાયેલા સાહિત્યપ્રકારને માટે પારકી પ્રસ્તાવના આવું ભયસ્થાન છે, અને પોતાની પ્રસ્તાવના એવું પુરવાર કરનારી નીવડે છે કે લેખકને જે કંઈ કહેવું હતું તે પોતે કૃતિમાં ખુદમાં કલાત્મક રીતે ન કહી શક્યો હોવાથી પાછળથી ચીંથરાં ફાડે છે.

પન્નાલાલના આ 'મળેલા જીવ' વિષે થોડું લખવાની તક મેં જ્યારે ઝડપી ત્યારે આ બધા પ્રકારનો ભય હતો જ હતો. પણ મેં એની વચ્ચેથી એક માર્ગ એવો કાઢવા ધારેલો કે ખુદ લેખક વિષે ને લેખકની જીવન-ભૂમિકા વિષે કંઈક લખીશ. એ માટે એના જાણકાર ભાઈ ઉમાશંકરને થોડી વિગતો પુછાવી. તેનો જે જવાબ મળ્યો તેણે મને આ ભૂલમાંથી પણ બચાવી લીધો. એ જવાબનો પ્રસ્તુત ભાગ અહીં ઉતારું છું.

'આ પન્નાલાલ જેવા લેખકો બહાર આવે છે ત્યારે આપણને એમના માટે એમની કૃતિઓથી આકર્ષણ થતું હોય છે છતાં એ વાત સહેલાઈથી ભૂલી જઈને આપણે પછી તેમના વ્યક્તિગત જીવનમાં વધારે રસ લેતા થઈ જઈએ

છીએ : ખાસ કરીને એ કઠતા સંજોગોમાં પસાર થયેલો કે થતો હોય તે. અને પછી વિવેચન જાણે કે લેખકની વિટંબણાને વટાવવા બેસે છે. મને પોતાને તો જે ઘણા સાહિત્યકાર મિત્રો છે તેમનામાં કેવળ તેમનાં સાહિત્યને માટે જ રસ નથી, પછી ભલે એ સંબંધ સાહિત્યને લીધે જ શક્ય બન્યો હોય; તેમ જ (કે કોઈના પણ) સાહિત્યમાં તેના કર્તાને કારણે જ રસ નથી, પછી ભલે એના વ્યક્તિત્વને કારણે એના સાહિત્યમાં ખેંચાવાનું થયું હોય. મને લાગે છે કે કૃતિ અને માત્ર કૃતિનું જ મહત્ત્વ સાહિત્યરસિકોના મનમાં તો વસવું જોઈએ. અને એમ કરવા જતાં વિવેચનને ઘણી અગત્યની સામગ્રી મળી રહે તેમ છે.

'આપણા પન્નાલાલની જ વાત કરીએ તો તેમના આજ સુધીના જીવનમાં જે બનાવો બન્યે ગયા છે તે વાર્તા લખવામાં પરિણમશે એમ ભાગ્યે જ કોઈને લાગે. 'જુઓ, આવો અભણ, પિલાયેલો, સંસ્કાર વગરનો માણસ કેવી ઉત્તમ વસ્તુઓ આપી શકે છે ?' એમ કહી ચમત્કારપ્રિય લોકોનું ધ્યાન ખેંચવાની લાલચ જતી કરીને મારું ચાલે તો હું એ શોધવા-સમજવાનો પ્રયત્ન કરું કે આવું આવું હોવા છતાં આ માણસે પોતાના હૃદયને ક્યારે કેળવ્યું, પોતાના જીવનને કઈ પેરે સંસ્કાર આપ્યા. પન્નાલાલ જે મજૂરી કરી જાણે છે તેના ખોળિયામાંથી આ 'પન્નાલાલ પટેલ' શી રીતે પાક્યા ? મને પોતાને માનવ સંબંધની દૃષ્ટિએ 'પન્નાલાલ' નામની વ્યક્તિની કિંમત શેક્સ્પિયરનાં નાટકો કરતાં ઓછી ન હોય. છતાં કલાકાર 'પન્નાલાલ પટેલ'ની વાત કરતી વખતે તો મારે એ 'પન્નાલાલ' નામની વ્યક્તિના જીવન વિશે તો કોઈ સર્વસાધારણ અગત્યની અને રસ ધરાવનાર વાતો જ કરવી જોઈએ. એમાં જો 'પન્નાલાલ' (વ્યક્તિ) દાખલ થાય તો તેણે 'પન્નાલાલ પટેલ' (કલાકાર)ને આપેલા વસવાટ પૂરતો જ. આ બતાવવું બહુ સહેલું નથી છતાં જ્યારે ત્યારે પણ કરવા જેવું તો છે જ.

'આ વાત પન્નાલાલ જેવા દાખલામાં બહુ આગળ તરી આવે છે એટલું જ. બાકી બધા જ લેખકોને અંગે એ સાચી હોવાનું મને તો સંભવિત લાગે છે. પ્રત્યેક કલાકાર આવા દ્વૈતના બોજા નીચે જ કામ કરી રહ્યો હોય છે.'

શ્રી ઉમાશંકરનો આ અભિપ્રાય આપણા સાહિત્ય-વિવેચનના એક રહસ્યમય ખૂણામાં અજવાળું પાથરે છે. કૃતિના મૂલ્યાંકન પરત્વે લેખકના

વ્યક્તિજીવનની કેટલી મહત્તા, તે સકળ સાહિત્યનો એક મોટો પ્રશ્ન છે. એને અહીં છેડવો નથી. 'પન્નાલાલ' વિશેનું મારું જ્ઞાન સાવ નજીવું હોવાનું, મને તો અહીં જે લખવા માગું છું તેમાં રક્ષણ મળ્યું છે. એની લઘુકથાઓને ૧૯૩૬થી હું ઓળખતો થયો છું. એને જોયા ને જરીક જાણ્યા તે તો ૧૯૩૯માં. એની 'વળામણાં' સુધીની નાનીમોટી કેટલીક કૃતિઓને અવલોકવાનું– વધુ તો જાતને માટે રસ લેવાનું જે બની શક્યું છે એની અંદર વધુ રસ પૂરવામાં કે વિક્ષેપ પાડવામાં 'પન્નાલાલ' કારણભૂત થયા નથી એટલું કહી શકું છું. વધુ કહેવું નથી.

૨

નાનપણ તરફ જેટલો દૃષ્ટિ-દીવડો થઈ શકે તેટલા સુધીનું આટલું યાદ છે : 'કલાપીનો કેકારવ'માંના પત્રોમાંના એકમાં 'કચ્છી ભાષાની એક કાંકરી પણ શોભનાની બોલીમાં ન રહી' એવો એક ઉલ્લેખ છે. કલાપી જેવા શબ્દશિલ્પીના કાન પણ જો આવા સુગાળવા હતા તો પછી બીજા ઘણાએ કચ્છી ભાષાને બરછટ, બેડોળ, બથ્થડ કહેલી તેની મને નવાઈ નહોતી.

હાઈસ્કૂલમાં ભણતા ત્યારે વાર્ષિક નાટ્યપ્રયોગોના રંગમંચ પર એક પ્રશ્નોરા વિદ્યાર્થીમિત્ર 'લેંબડો, પેંપળો, હેંડો' ઇત્યાદિ તળપદા ગુજરાતી લહેકાદાર ઉચ્ચારોવાળા કોઈ ગુજરાતી વાર્તાલાપનું 'રેસિટેશન' કરી કરી શ્રોતાજનોને પેટ પકડી હસાવતા એય યાદ છે.

કૉલેજમાં હતા ત્યારે અને તે પછી હજુ હમણાંનાં જ વર્ષોમાં વિદ્યાપીઠો અને વિદ્યાલયોના રંગપ્રયોગોમાં ખેડૂતો....ભરવાડોના વેશ આવતા ને ગ્રામ્ય કાઠિયાવાડી ભાષા તેમનાં મોંમાં મૂકી શ્રોતાઓને વિનોદની લહાણ પીરસાતી તે પણ યાદ છે. તળપદી બોલી એટલે હાંસી માણવાની વસ્તુ, ને એ બોલી બોલનાર પાત્ર એટલે આપણાં રંગાલયોના ગમાર વિદૂષકો, એના દુહા, સોરઠા કે ભજનો પણ વિચિત્ર ગ્રામ્યોચ્ચારણોને કારણે જ કેવળ ખી ખી કરવાને પાત્ર, એ લાગણી ઘણાખરાની હોય છે.

તે તળપદી કાઠિયાવાડીના કોમળ ને કરાલ, કરુણ ને પ્રફુલ્લિત મર્મો

જે દિનથી પકડવા શીખ્યો તે દિવસથી કચ્છી કે ગુજરાતી તળપદી બોલીના બોલોને માન દેતો બન્યો છું. સાહિત્યની કલાનો ઇજારો શહેરી ભાષાને મળેલો હોવાનો ભ્રમ ભેદાયો છે. ગુજરાતી ભાષાની આપણે નક્કી કરેલી વિશુદ્ધિને ભોગે પણ તળપદાં બળો પોતાની ધરતીની જ જબાનમાં બહાર આવે તે ઉપકારક અને આવશ્યક લાગ્યું છે. તળપદી બોલી– પછી તે કાઠિયાવાડની હો, ચરોતરની હો કે ઈડર બાજુના ગુજરાત પ્રદેશની હો– એ વાણી જીવતાં ને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સર્વ પ્રકારનાં સંવેદનો અનુભવતાં માનવીઓની પ્રાણવાણી છે. એ વાણીને એનાં કલાસ્વરૂપો છે; એ વાણી તે તે માનવીઓના અંતરતમ પ્રાણનું મરોડવંતું વાહન છે.

૩

કાંતિ અને કંચનગૌરીનો પ્રેમ આપણા સાહિત્યમાં આલેખાતો તે જમાનો જૂનો થયો. પીયૂષો અને મંદાકિનીઓ પણ કેટલીય પ્રેમકથાઓ આપી ગયાં. તે પછી બંગાળી નામો ધારણ કરનારાં સુરેન્દ્રમોહન અને શેફાલિનીની પેઢી પણ આલેખન પામી. ગ્રામીણોને સાહિત્યારૂઢ કરવાનો જમાનો બેઠો એટલે કેશવો ને કંકુ સુધીની ભિખારી દુનિયા પણ ડહોળાવા લાગી. પ્રણયત્રિકોણથી લઈ ક્રાંતિ સુધીના જીવનતખ્તા પર આ પાત્રોને આપણે ખડાં કર્યાં. તેમને આપણે પ્રેમથી લઈ પીડન, શોષણ લગીની ભાવનાનાં વાહકો બનાવ્યાં. શહેરોની સામે આપણે ગામડાં તોળ્યાં, બનાવટની સામે નૈસર્ગિકતાનાં બંડો નોંધ્યાં. ગ્રામીણ પાત્રોની જબાન મારફત આપણે આવતા યુગના સંદેશા પણ ઉચ્ચાર્યા ! આપણા યુગના ગુજરાતી સાહિત્યની તો એ જ વિશિષ્ટતા છે કે તેના નવતરોએ કેમ જાણે ગેબમાંથી ઊતરીને ઉત્તરોત્તર આપણાં બંધિયાર બનતાં નીરને, ઓવાળ ઉલેચી ઉલેચી નિત્ય વહેતાં રાખ્યાં છે. બંધિયાર વહેણોને વહેતાં કરનારાં બળો આપણે કદી કલ્પ્યુંયે ન હોય તેવી દિશામાંથી ઊઠતાં રહ્યાં છે. 'મળેલા જીવ'ની વાણી ને વિચારસૃષ્ટિ એક નવતર બળ છે, માત્ર ચોપડી નથી.

આ નવતર બળો ક્યાંથી ઊઠી રહ્યાં છે તેનો જરૂરી વિચાર કરીશું ?

બહુશ્રુતપણામાંથી ? બહોળા અનુભવોની દુનિયામાંથી ? વિદ્વત્તાના પુસ્તકપુંજમાંથી ?

બહુશ્રુતપણું, બહોળી અનુભવસૃષ્ટિ, પહોળી વિદ્વત્તા, એ બધાંને નવસર્જનમાં અનિવાર્ય સ્થાન છે પણ એના કરતાંય વધુ અપેક્ષા છે હું જેને વારંવાર મારા પોતાના ઘડેલા શબ્દોમાં 'ધરતીનું ધાવણ' કહી ઓળખાવું છું તે આદ્યબળની. આ વાર્તાનાં મુખ્ય પાત્રો જીવી અને કાનજી એ બળમાંથી ઊઠ્યાં છે.

જીવી અને કાનજી નવી નવાઈનાં નથી. 'મળેલા જીવ'માં નવી બાબત નથી. એનાં રૂપજોમ, ને એની 'જોવનાઈ' અન્યને અજાણ્યાં નથી. મેળાના ચગડોળને ફાળકે બે રૂપ ટૂકડાં બેસીને પાવાના સ્વરો વાટે ફિદા બને તેય ક્યાં નવીન છે ? પટેલ કાનજી ઘાંયજી જીવીને કાજ પ્રથમ દૃષ્ટિએ જ પેટાવેલા પ્રેમદીપકનું પતંગિયું બની આત્મવિનાશક ફૂદડી ફરે ને ઝંપલાવે તે પણ સર્જનજૂની વસ્તુ છે. પ્રેમબાવરો કાનજી સામાજિક સંજોગોનો માર્યો પરણી લેવાને બદલે જીવીને પોતાના ગામમાં 'પોતાની નજર સામે તો રહેશે !' એ લાલચે પરને સોંપે તેમાંય કંઈ નવું નથી. પછી તો સામસામાં બેઉ ઝૂરે, ધારણા હતી તેથી ઊલટી જ રીતે બેઉ પોતાની વચ્ચે વિચ્છેદની દીવાલ ચણી લે, જીવીને માથે વહેમી વર દુઃખનાં ઝાડ ઉગાડે, જીવીએ પોતાનો અંત આણવા રોટલે મેળવેલું વખ ખાઈને વર મરે, જીવીનો સર્વનાશ થયા પછી એ ગાંડી બની જાય, ને એ સારી દુનિયાથી તિરસ્કારાયેલી, સર્વસ્વ હારેલી, જીવતે મૂએલી રૂપ, ગુણ સાનભાન સમસ્તની ભસ્મમાંથી ઊઠેલ પ્રેત શી જીવીને છેલ્લે કાનજી પોતાના જીવનમાં સંઘરવા ઉપાડી જાય : એમાંની એક પણ બાબત આપણા કથાસાહિત્યમાં નવી નથી, ચવાઈ-રંધાઈ ગઈ છે અને કલ્પના કરતાંયે વધુ અદ્ભુત આ માનવસૃષ્ટિમાં તો પ્રેમ કેટલો આગળ વધીને ઊભો છે તે બતાવતો એક કિસ્સો છાપામાં ગયા અઠવાડિયે જ વાંચ્યો. એક વૈજ્ઞાનિકે પોતાની પ્રિયતમાના શબને કબરમાંથી કાઢી, મસાલો ભરી, ઔષધિના પુટ વડે માનવીશું મુલાયમ બનાવી ગુલાબી રંગે રંગી અને સોહાગી શણગારે સજી, સાત સાત વર્ષો સુધી પોતાની સેજમાં સુવાડી ગોદમાં સેવ્યું હતું. હમણાં એ વૈજ્ઞાનિક પકડાયો છે ને જેલમાં પુરાયો છે.

૪

કાંતિઓ અને કંચનો, પીયૂષો ને મંદાકિનીઓ, સુરેન્દ્રમોહનો ને શેફાલિનીઓ તેમ જ કાનજીઓ અને જીવીઓ, સર્વ એના જ પ્રેમપંથનાં વટેમાર્ગુઓ છે, એ જ દીપકનાં ફૂદાંપતંગિયાં છે. પણ તો પછી અધિકાં શામાં છે ? જવાબ આ કથા આપે છે. એ અધિકાઈ લેખક જેમની કથા કહે છે તેમાં સાંગોપાંગ તે તે પાત્રોની તળપદી નિજની સ્વતંત્ર મનોભૂમિકાને અણિશુદ્ધ સાચવી લેવામાં છે. અને એનાં મનોમંથનોની સર્વ શક્યતા સંભાવનાની પૂર્ણ મર્યાદાઓ પાળવામાં છે. તે પાત્રોને માટે જે શક્ય કે સંભવિત નથી તેવું એક પણ બળ કે નબળાઈ, ખૂબી અથવા ખામી તેમના પર ન લાદવામાં જ લેખકના ઉદ્દેશની સફળતા છે. આજની પરિભાષામાં એ વસ્તુને આપણે લેખકની તટસ્થતા–Objectivity કહીએ છીએ.

જેમ જેમ હું વાંચતો ગયો તેમ તેમ ઠેકાણે ઠેકાણે મારું મન કહેતું ગયું, અરે કાનજી ! હેં ભૂંડા ! અહીં તું કેમ નબળાઈ બતાવે છે ? અરે હાળા ! તારું તે કાળજું જ કેમ કીડા ખાઈ ગયા છે ? અરે મૂઆ ! છે તો જોધાર જેવો ને આટલીય હિંમત બતાવી શક્તો નથી ? મેર રે મેર અભાગિયા ! એક નાનકડી હિંમતને અભાવે આખા જીવનનો ઓટલો વાળી નાખ્યો ! પોતાની કરેલીની પાસેથી આવું જીવલેણ વચન મગાય ? એને કાળી રાતે તેડી લાવ્યો ત્યારે હજુ વખત હતો તેટલામાં જ એને સ્પષ્ટપણે ચેતવીને ભયંકરતાના કૂવામાંથી કાં ન બચાવી લીધી ? અલ્યા નઘરોળ ! નશરમા ! પરને સોંપ્યા પછી પણ વિમુખ બનીને દગો દીધો ? હાળા ઇડરિયા પથ્થર ! તારી નાનકડી ભત્રીજી રતનને પણ આવી આ જીવી કને જતીયે બંધ કરી ? ને આવી આની ખરેખરી મથામણને ટાણે જ તું ગામ છોડી શહેરમાં ચાલ્યો ગયો ? ને પછી એ ગાંડીને, એ પ્રેતવત્ શરીરને લઈ જવામાં જ શું તારું શૌર્ય ઝળક્યું ?

નકામા છે આ બધા ઠપકા. અણસમજુ જ એવા ઉપાલંભો આપી શકે. જીવીનેય ટોણા મારવા એ આ જોગીપરા અને ઉધડિયાના માનવીના મનોવ્યાપારોનું અજ્ઞાન દાખવવા સમાન છે. આટલી તાકાતવાન જીવીએ પૂળા જેવા ધણીનો ઢોરને મારે તેવો માર ખમી જ કેમ ખાધો ? એને પોતે

સામી કેમ મારી ન શકી ? એનું ઓઢણું ફગાવીને કાં ન ચાલી નીકળી ? પોતાને છેહ દેનાર કાનજીના નામ પર પણ કાં ચોકડી ન મૂકી દીધી ? રે એવો એ પાછો ગામમાં આવ્યો ત્યારે ચાર આંખો ભેગી કર્યા વગર પાછો ચાલ્યો જ ગયો, આટલા દુઃખદરિયામાં મૂકીને– એકેય વાત પણ જાણ્યા વગર– તેમાં તું ગાંડી કાં થઈ ગઈ અભાગણી ? એ કરતાં તો આઝાદ વેશ્યા કાં ન થઈ ગઈ ?

આવો પ્રશ્ન કાનજી કે જીવીને પૂછવો એ તો પેલા તોતિંગ લાકડાં કરકોલીને બહાર નીકળી શકનાર છતાં કમળની પાંદડીઓમાં બિડાઈ મોતના મોંમાં જનાર સંસ્કૃત શ્લોકના ભમરાને વઢવા બરાબર છે. પોતે જેની ધૂળમાં આળોટેલ છે ને પોતે જેનાં જણ્યાંના મનોવ્યાપારો, વિકારો, વિચારો, હૈયાનાં વલોણાં તેમ જ શક્તિની સીમાઓની પૂરી સમજ ધરાવે છે, પોતે જેને માથે આ કથાની માંડણી કરે છે, તે ધરતીમાં તો માનવકલેજાં આવા જ સંજોગોની વચ્ચે, આ વગર અન્યથા વર્તી જ ન શકે તેની આ લેખકને ખબર છે. એ જ્ઞાને જ આ કલાકારને ક્રૂર બનાવ્યો છે. ન એ વેવલો બની શકે, ન એ વીર બની શકે; એને તો કસબી– કેવળ નિરપેક્ષ કસબી જ બનીને, નિ:સહાય સાક્ષી બનીને, કલેજાના ટુકડા થવા દઈને, બુદ્ધિને દબાવી દઈને, ઊર્મિના આટા પીસીને આ પાત્રોની સ્થિતિપરંપરાને વાણીની માટીમાં સાકાર કરવાની છે.

આવી વાર્તાઓનો શિલ્પી પોતે ખરું જોતાં કર્તા નથી, નિર્માતા નથી, પણ ખુદ ભગવાન જેમ પોતાની સૃષ્ટિને રચવામાં નિયમે બંધાયા છે, તેમ એ પણ કલાના નિયમને આધીન છે. એની આ વ્યવસ્થા તો પાત્રોની ગતિઅવગતિના મૂક દ્રષ્ટા બની રહીને સર્જનના રહસ્યપંથે ચાલ્યા જવાની છે. 'મળેલા જીવ'માં જે સ્થાન ભગતનું છે, તે જ સ્થાન આવી કૃતિના સર્જકનું છે. ગાંડી જીવીને કાનજી લઈ જાય છે એ સમાપ્તિપ્રસંગે ભગત જે ભાખે છે તે જ વાક્ય આવી વાર્તાના સર્જકને બંધ બેસે છે : 'વાહ રે વાર્તાકાર, તારું હૈયું ! એક પા લોહીના કોગળા ને બીજી પા વળી પ્રીતના ઘૂંટડા !'

એ– અને ભગતની પ્રસંગોપ્રસંગની બીજી અનેક ઉક્તિઓ– એ જ શું આ સંસારની જેમ આ વાર્તાના અતલ તલમાંથી ઊઠતા સંદેશ નથી ? 'એક પા લોહીના કોગળા તો બીજી પા પ્રીતના ઘૂંટડા !' એ સંદેશો વાચકદિલને સબળ બનાવે છે કે નિર્બળ ? પ્રત્યેક લલિત કૃતિના પ્રયોજનની આ જ એક ચકાસણી કે આંકણી છે. કૃતિઓ હૃદયદ્રાવક અને નયનદ્રાવક તો અનેક હોય છે. મારા જેવા ઠીકઠીક ખારાં આંસુના સમદરો ખેડી ચૂકેલાને કે પછી કોઈ ઝૂરતા જુવાન વાચકને પન્નાલાલનું 'મળેલા જીવ' પગલે પગલે પાંપણો ટપકતી કરે છે તેથી કંઈ એની સાર્થક્તા થોડી વળવાની ? હૈયાંને કેવળ વ્યથિત અને તડફડતાં કરી મૂકીને ચાલ્યો જતો વાર્તારસ વાંઝિયો છે. હૈયાંને પલાળે તેટલું જ પૂરતું નથી. પ્રશ્ન તો એ પૂછજો કે તમે વાંચો છો તે વાર્તા હૈયું પખાળે છે ? હૈયાનો પંથ ધુએ છે ? નિર્બળતાની શાતા પમાડે છે ? જીવનના ઝેરઘૂંટડા ગળવાનું જોર પૂરે છે ? વાંચ્યા પહેલાં કાળજાને કોડિયે જે શક્તિ હતી તેમાં વાંચ્યા પછી કોઈ નવું દિવેલ સીંચાય છે ?

આ પ્રશ્નોના જવાબ 'મળેલા જીવ' પરત્વે હું નહિ આપું. વાચકો પોતપોતાની જાતને જ પૂછી જોશે. કાનજીએ ને જીવીએ ઝેર જીરવવામાં કમીના રાખી છે, વાચક ? કાનજીએ જીવીને પરને કાજે લાવ્યા પછી ભગતે ચેતવ્યા મુજબ 'લાવ્યાપણું' રાખ્યું નથી, વાચક ? પોતાની જાતને જીવી-ધૂળાના જીવનમાંથી જીવતી ચામડીની જેમ ઉખેડી નાખતો કાનજી લોહીલુહાણ થતો હતો છતાં પૌરુષને વિસાર્યું છે કદી ? ઝાકળિયે ગયા વગર, કોસ હાંક્યા વગર, ખેતરો ખેડ્યા વગર કે કાપણી કર્યા વગર રહ્યો છે કદી ? ને છેલ્લું કૌવત– ગાંડીને પોતાના સંસારમાં સંઘરી લેવાનું– એણે બતાવ્યું તે શું અકસ્માત છે, બનાવટ છે ? bravado છે ? લેખકની ડંફાસ છે ? કોઈ સિનેમાનું સ્ટંટ છે ? જવાબ પોતપોતાના હૈયામાં ખોળજો. ન ભૂલતા કે કાનજી કવિ હતો. એક ઘા ને બે કટકા કરનારું જડસુ એનું માનસતંત્ર નહોતું; વિચાર, વિમાસણ, હૈયાવલોણું, પાપ-અપાપ અને લાજ-અલાજનાં દ્વંદ્વો વચ્ચે ઝોલાં લેતી લાગણીઓ એને કડકડતે તેલ-તાવડે તાવી રહી હતી,

કડાયામાં ભૂંજી રહી હતી. એની વચ્ચે દાઝતો ને સીઝતો એ મથતો હતો– જીવીને પર કાજે લાવ્યા પછી 'લાવ્યાપણું' રાખવાની રીત શોધવા, સ્વધર્મ સમજવા ને પોતાની જાતને પેલા રેશમાવાળા પ્રસંગમાંથી ચોખ્ખી કરવાનું ગનીમત ન માનતાં જીવીને કલંકમુક્ત કરવા : 'મારું ગયું પણ પેલી બાઈનું તો ખરું જ ને ?' જીવીને કલંક ચોંટે એ એનાથી વેઠાય જ કેમ ? (પ્રકરણ પંદરમું : આબરૂયે સાચવી)

૬

જીવીની વલે રડાવે છે, પણ બળ પૂરે છે ! મા વગરની વિધવા હજામડી, પુર'જોવનાઈ'માં લહેરાતી, રૂપનો કટકો, મોર ટાંકેલી, પણ અપરમાને પનારે પડેલી બળહીણા બાપની જીવનથાંભલી થઈને સંતાપો સહી રહેલી, એનું બળ પ્રેમને ખાતર સર્વત્યાગી ને સર્વસહનશીલ બનવામાં હતું. વચન દીધું ત્યારે તો સમજણ હતી કે મનના માલિક કાનજી જોડે નાસીને ઘર માંડવાનું છે. વચને બંધાયા પછી સ્ફોટ થાય છે કે અણઓળખ્યા કોઈક 'બટકા' ધૂળિયાનું ઓઢણું ઓઢવાનું કહેવા આવ્યો છે. કાળી રાતે આગળ થઈ ગઈ. એ કાળી રાતના પલાયનના આઠ ગાઉના પલ્લામાં જે થોડોક જ વાર્તાલાપ થયો તેની ભાષા પ્રણયીની ભાષા છે કે નહિ ? પ્રણયની ભાષા, પ્રેમોદ્ગારોના શબ્દપ્રયોગ શું આ હોય ?–

કાનજીએ ગુસ્સાને ઘોળીને કહ્યું : 'લે જરા પગ ઉપાડને ?'

'પણ તમે તમારે ચાલો ને, હું મારે આવું છું પાછળ પાછળ'

'તને મેલીને અમારાથી જવાતું હશે ? અંધારી રાત–'

'મને તો માતાય નથી ખાવાની.' કહી જીવીએ કાનજી તરફ જોયું.

'પણ તે એમાં ચિડાય છે શું કરવા ?' કહી સહેજ વાર થંભી કાનજીએ ઉમેર્યું : 'એમ હતું તો ઘરમાંથી નીકળવું જ ન હતું !'

'જખ મારી નીકળ્યાં તે !....'

કાનજી એકદમ થંભી ગયો, જીવી સામે બે ડગ પાછાં ભરતાં બોલ્યો : 'ખરું કહું છું જીવી, જો તારી નામરજી હોય, મેં તને કહ્યું એટલા ખાતર જ

જો તું આવતી હોય તો વળી જા પાછી. જે રીતે હું તને લાવ્યો તે જ રીતે મૂકી જઈશ.'

'લો હેંડો હવે છાનામાના ડહાપણ કર્યા વગર.' કહી જીવીએ મીઠા ઠપકાથી છલકાતી આંખે કાનજી તરફ જોયું : 'જુઓ પાછા !' બબડી પગ આગળ ઉપાડ્યો.

કાનજીએ આડો હાથ ધરતાં કહ્યું : 'ના, ઊભી રે' ! જો હજુય વેળા છે; આ પેલો જાય એ બટકો તને ગમશે....? જે હોય એ પાપછૂટી વાત કરી દે ! પાછળ જતાં મારો દોષ કાઢીશ એ નહિ બને.'

'વચન લેવા આવ્યા એ વખતે તમારી અક્કલ ક્યાં પાણી પીવા ગઈ'તી તે આ બધું હવે પૂછો છો ? લો હેંડો, આગળ થાઓ.' કહી જીવીએ કાનજીને સહેજ હડસેલ્યો.

ક્ષણભર તો કાનજીને એટલો બધો ગુસ્સો આવ્યો : જાણે જીવીને મારી નાખીને પાછળ પોતેય મરી જાય ! એક નિઃશ્વાસ નાખી હોઠ ચાવતો ચાવતો જીવી પાછળ ચાલવા લાગ્યો.

તેરસની અંધારી રાત ભરજોબનમાં વહેતી હતી તે વખતે, અને જીવીને જીવતી દાટી દેવા લઈ જતો હતો તે માર્ગે આ બોલાચાલી બની–

'ઠીક કહું છું. વળી જા, હજુય વેળા છે.'

'શાની ?'

'શાની શાની કર્યા વગર વળને આમ !' કહી જીવીને બાવડે ઝાલી જમણી બાજુ સહેજ ફેરવી : 'ઠીક કહું છું હો, માની જા ! મને ને તારી જાતને બેઉને શું કામ છેતરે છે ? શું કામ દોષમાં નાખે છે, ભૂંડી ! એક વાર નરકમાં પડ્યા તો પછી નહિ નીકળાય હોં ! ઠીક કહું છું, હજુય વેળા છે.'

'ચાલવું હોય તો છાનામાના ઢંગે ચાલો, નહિ તો આવો પાછળ એકલા એકલા.'

વાચક, ઇડરિયા પ્રદેશના જોગીપરા અને ઉધડિયા ગામના જ અભણ ઘાંયજા અને પટેલની જ નહિ, પણ જગતના હરકોઈ ગ્રામપ્રદેશનાં માનવીઓની આ જ પ્રેમભાષા છે. એ પ્રેમભાષાની ધાર તારુંય કલેજું ચીરવાની છે. આ વાર્તાના રસાસ્વાદ સારુ તને તૈયાર કરવાની કે તને શહેરી વેવલાપણું

અથવા સુધરેલ પ્રેમટાયલાઈ ખંખેરી નાખીને આ વાર્તા વાંચવાનું કહેવાની કોઈ પણ જરૂર નથી. એ કામ તો વાર્તાએ પોતે જ કરવાનું છે. 'હેંડો', 'લેંબડો' અને 'રૂપનો નકશો' વગેરે પ્રયોગથી ભરેલી એ લોકબોલીના મર્મો વાચકને કોઈએ સમજાવવાની જરૂર નથી. પુસ્તક જ વાચકને પોતાની વાણીના વિચિત્ર મરોડોનો મહાવરો પડાવી દઈ ખાતરીપૂર્વક ઠસાવશે કે કાનજી અને જીવીના પ્રણયાલેખનની બીજી કોઈ વાણી હોઈ શકે નહિ; બીજા કોઈ છટાદાર પ્રયોગે આ પ્રેમની પટોળાભાત ઊઠે નહિ.

૭

અંગ્રેજી સાહિત્યપરિભાષામાં 'મળેલા જીવ'ને tragedy— શોકાન્ત કૃતિ કહીશું. માનવીની એક મોટી ભૂલે દુઃખના દરિયા છલકાવ્યા. એ ભૂલ કાનજીના કાનમાં શું હીરાએ ફૂંકી ?' જીવલીને આંહીં એની નાતના જ ધૂળા હારે ઘરઘાવીએ એટલે પછી બેય વાતે સુખ, કાનજી ! ધૂળાનું ઘર બંધાય ને તારે પણ નજર સામી રહે !'

બાહેરથી તો એ હીરો બોલેલો, પણ અંદર કાનજીનું ઘેલું અંતર જ એવું બોલનાર હતું. બેઉ વાતે સુખ ! બેવકૂફ બટકા ધૂળાના ઘરમાં બેસાડીને એના ઓથે પોતાનો પ્રણયસંસાર કાનજીને ચાલુ રાખવો હતો, એ તો એના મનની વાત નિઃશંક હતી. નજર આગળ રાખીને એને સુખી કરવી હતી. જ્ઞાતિભેદની ભીંત અને મોટાભાઈના કુટુંબની મરતા બાપે સોંપેલી બાંય, એ બેઉ કાનજીને વ્યવહાર વિરુદ્ધનું પ્રેમપરાક્રમ કરતો અટકાવતાં હતાં. એટલા માટે 'બેઉ વાતે સુખ'ની ગણતરીમાં સરક્યો. જોગીપરે ગયો. જીવીને સાચા પ્રેમ ખાતર 'નરકમાં પડવા' વચને બાંધી. પછી કાનજી ગડમથલમાં ઓરાયો. પછી જીવીનો વિચાર ફેરવવા મોઘમ વલખાં માર્યાં; પછી શરૂ થયાં એ નરકમાં ઉતારનાર નિસરણીનાં પગથિયાં : બેઉ 'મળેલા જીવ' ઘૂમરાતા ચાલ્યા. બેઉની ચોપાસ એ ગામડાની સારીય દૃષ્ટિ ચગડોળ ફરી રહી. 'ચગડોળ' નામ જ આ વાર્તાને બંધબેસતું ન બનત ? એ વાર્તાના પ્રારંભમાં આવતો ચગડોળ જ આ કથાના ચિત્રપટ માટે સુયોગ્ય ને સચોટ, માર્મિક અને સૂચક

સંકેતચિહ્ન ન બની શકે ?

મારા કહેવાનો મુદ્દો એ છે કે, આ એકલ અને નિરાળો પ્રેમકિસ્સો નથી; આ તો સમગ્ર સ્થાનિક લોકસંસારને પોતાના વમળમાં લેતું જળભમ્મર છે. આ તો એ સમસ્ત સંસારના નાનામોટા પ્રત્યેક સ્વરાઘાત ઝીલતી જાણે કે કોઈ ગ્રામોફોનની ગાન-તાવડી છે. આ એક માનવયુગલની નહિ પણ સમસ્ત સમાજની સંવેદન-કથા છે. ઇચ્છે કે ન ઇચ્છે તો પણ આખો સમુદાય આ કથાની તાવણમાં ઉપરતળે થઈ રહ્યો છે. એ છે આ વાર્તાની શિલ્પવિશિષ્ટતા. આ વાર્તાનો કરુણરસ કે વીરરસ જે હો તે રસ, જે હો તે સંવેદન સમસ્ત ગ્રામજનતાને કંપાયમાન કરે છે ને કરુણાપાત્ર બનાવે છે.

૮

વાર્તા એવું જેને તમે નામ અને સ્વરૂપ આપો છો તેના નિરૂપણમાં વસ્તુવેગ તો હોવો જ જોઈએ. મનોવિશ્લેષણને મુખ્ય સ્થાને બેસાડતી વાર્તા પણ ઘટનાપ્રવાહને મંદ પાડવાનો દાવો ન રાખી શકે. મનોવિશ્લેષણે પોતે જ ઘટનાઓના પ્રવાહરૂપે વેગ પકડવો રહે છે. 'લા મિઝરેબલ'નો વીર જ્યાં **વાલ્જ્યાં !** પેલા શહેરને નગરશેઠપદે બેઠો બેઠો જનસેવા કરતો હતો; ત્યાં તો પોતાની પૂર્વાવસ્થાના ગુના માટે પોતાને નામે બીજો એક ટિપાઈ જવાની તૈયારીમાં હતો તેની એને ખબર પડી. તે વખતે એ વીરે દૂરના શહેરની અદાલતમાં હાજર થઈ ગુનો કબૂલ કરી પેલા નિર્દોષને બચાવવો કે ચૂપ બેઠા રહેવું, એ મનોમંથન પર વિતાવેલા કલાકો કેટલા બધા ઘટનામય આલેખાયા છે ? માનવી તો બેઠો જ છે કલાકો સુધી, પણ એનું મન જ ઘટનાનો સ્રોત વહેતો મૂકે છે. વિકટર હ્યૂગોએ કદાચ આપણને એવી ચાર રાત્રિ ને ચાર દિન સુધી એક જ માનવીના મનોવ્યાપારના વિશ્લેષણમાં રોકી રાખ્યા હોત તોપણ આપણે પ્રવાહમંદતા ન અનુભવત. વિચારો ને મંથનો જ સમર્થ કલમની અણીએ પ્રસંગોની પરંપરા બની શકે છે. જીવી અને કાનજીના પ્રેમસંસારની કેવળ પંદર જ મહિનાની આ કથામાં પૂરા પંદર પણ બનાવો

બન્યા ન કહેવાય પણ કાનજીનો એકેએક વિચાર ને જીવીનું એકેએક ઘરકામ કથાસ્રોતમાં વેગ પૂરનાર ઘટના બની રહે છે. એ પાત્રોની બાવરાઈ, બેવકૂફી અને માનસિક મથામણોની પણ પાછળ પાછળ આપણે ફરીએ છીએ. માનસિક ઉત્પાતમાં ખેતરે છાણાં વીણતી જીવીનું પ્રત્યેક જાળું પણ ઘટનારૂપે બને છે. કારમા કરુણાંતની ઘટાટોપ વર્ષાનાં દળવાદળ જાણે કે અક્કેક નાનકડા વિચારની તલ તલ જેવડી વાદળીમાંથી ઘેરાય છે. દરેક વાર્તાને વેગીલી બનવા માટે બાહ્ય બનાવોની જ માર માર કરતી પરંપરા ખપે છે એવું નથી; વેગ એ તો આંતરિક, માનસિક ક્રિયા છે.

૯

ને અદ્ભુતતાનો ઉપાડ કરનારા બાહ્ય પ્રસંગોની તો માનવીનાં માનસિક રહસ્યો આગળ શી વિસાત છે ? મનમાં ઊગેલાં વનવગડા ને વેરાન, મનના પહાડો ને ગહ્વરો ને કોતરો, મનની ખાઈઓ ને ખીણો, મનના ઘોડીલા ને અસવારો, મનના ગઢો ને કોઠાઓ, મનના સાવજો ને દીપડા, મનના સાગરો ને ભાંગતાં વહાણો, મનની સરિતાઓ ને તેમાં મોં જોતા નવલખ તારાઓ; એ બધાં બહારની દુનિયામાં ક્યાં છે ? 'મળેલા જીવ'ની વાત, બાહ્ય જગતના એક પણ અદ્ભુત પ્રસંગની શોધે ચડ્યા વગર કે મદદ લીધા વગર, મનોભુવનમાં– અને તે પણ ઘાંયજી ને ખેડૂતના મનોભુવનમાં– અદ્ભુતતાની ને રહસ્યમયતાની આસમાની (romance) ઊભી કરે છે. 'માનવીનું મન' એ જ આ કથાનું શીર્ષક બની શકત : માનવીનું મન હજુ પૂરું ઉકેલાયું નથી. માનવીના મન વિષેની વાર્તાઓના વસ્તુભંડાર હજુ અકબંધ પડ્યા છે. માનવીનું મન હજુ તો કંઈક પન્નાલાલ પટેલોની રાહ જોશે. એને શોધવાની પગદંડીઓ અપાર છે.

મૂળ પ્રશ્ન એમાંની એકાદી પગદંડીને જ પકડી લેવાનો છે. માનવમનનાં ગહ્વરો-કોતરોમાં ભમનારો વસ્તુસામગ્રીની ન્યૂનતા વિષે ફરિયાદ કરતો નથી. ફરિયાદ તો તેઓ કરે છે જેઓ એકાદ કેડી પણ શોધી ન શક્યા પછી કેવળ તળેટીને પહેલે પગથિયે જ બેઠા બેઠા માનવીનાં મન જેવી પરમનિગૂઢ

વસ્તુ વિષે ગાઢ પરિચિતની જેમ ગપ્પાં લખવા માગે છે.

જેટલું પોતે જાણતો હોય તેટલા જગતની અંદર રમનાર લેખકને એ જગત કદી દગો દેશે નહિ. જાણીતા જગતની બહાર એક ડગલું પણ દીધે લેખકે પોતાનો પગ લપસ્યો જ સમજવો. પન્નાલાલ એક સાંકડી દુનિયાની સીમા બહાર જઈ શકતા નથી એવો આક્ષેપ થતો મેં સાંભળ્યો છે, છતાં પન્નાલાલની વૃત્તિ પોતાના ગામ જોગીપરા કે ઉઘડિયાની બહાર, પોતાનાં જાણ્યાં કાનજી કે જીવીને વેગળાં મેલી એક વાર મુંબઈ કે કલકત્તાની કોઈક સુંવાળી, ચકચકિત, ઉજળિયાત ને અમીરી સૃષ્ટિના પ્રણય આલેખવા લોભાઈ છે એવું જે દિને મેં જોયેલું તે દિને, તે જ ટાણે ને પળે મેં વગર પિછાને પણ ધૃષ્ટ બનીને ચીમટી ખણેલી કે, ભાઈ ! તું જે પાણીનું માછલું છે તેમાં જ રહેજે, નહિતર તું મૂઓ પડ્યો છે ! તારું તાપણું રાખજે. ને આજ તો બેધડક કહી શકું છું કે, 'મળેલા જીવ'માં કાનજીએ જેમ જીવીને લાવ્યાપણું રાખ્યું તેમ પન્નાલાલે પોતાની પૃથ્વીને ગુજરાતના અમદાવાદ શહેરમાં લાવ્યાપણું રાખ્યું છે.

મારે એની વસ્તુસામગ્રીના સંકલનને કે કલાવિધાનને વિવેચનની કલમરૂપ સમળીચાંચે ઠોલવા બેસવું નથી. વાચકોની વિવેકબુદ્ધિ અને રસાસ્વાદશક્તિ જે પુષ્પની સુવાસ લેવા માગે છે તે પુષ્પની પાંદડીઓ તોડીને અંદરની રચના બતાવવી નથી. મારે કહેવું હતું ફક્ત આટલું જ કે, માનવીઓ ! આ ધરતીની સુવાસ તો માણો ! માનવીનું આંહીં ઉઘાડું મુકાયેલું મન તો નિહાળો !

રાણપુર
તા. ૫-૫-૧૯૪૧

ઝવેરચંદ મેઘાણી

મળેલા જીવ



પન્નાલાલ પટેલ

માથાની તુંબડીમાં લાખ લાખ મોતી,
'લ્યા હૈયાની કોથળી ખાલી,
અભાગિયા ! હૈયાની ચેંથરી ઠાલી !

Some day surely the world too
shall be saved from death by love.

—Sri Aurobindo

દિન કોક અવશ્ય હા
લેશે મૃત્યુ થકી પ્રેમ જગને પણ ઉદ્ધરી.

—શ્રી અરવિંદ

૧. પ્રથમ સંગાથ

કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીનો મેળો ભરાયો હતો. ભગવાનને નાહવા માટે તાજું પાણી ભરવા આવેલો વરસાદ બપોર થતામાં તો બંધ થઈ ગયો હતો. ડોલતા ડુંગર જેવાં વાદળાં પૂર્વ તરફ જઈ રહ્યાં હતાં. સૂર્ય પણ ધરતી પર ડોકિયું કરી રહ્યો હતો.

ખાસ કરીને યુવાનયુવતીઓથી ઊભરાતી નાળ, બાર બાર માસના મૌન પછી આજ ઘડીકમાં ગાતી સંભળાતી, તો વળી કોઈ વાર પાવા વગાડતી હોય એમ પણ લાગતું હતું. ડુંગરની ભીંતમાં આવેલા મહાદેવના પુરાણા મંદિરનો ઘંટ તો સતત વાગી જ રહ્યો હતો. વેપારીઓના અવાજ કોઈ કોઈ વાર આ કોલાહલ ઉપર તરી આવતા હતા.

યુવાની વસ્તુ જ ઘેલી છે અને એમાંય આ તો મેળે આવેલી ! કાંઠા બહાર નીકળી ચૂકેલાં નદીનાં પૂર પેઠે એ યુવાની આજ રમણે ચડી હતી. કોઈ બંગડીઓ ખરીદતાં હતાં, તો કોઈ વળી કાપડાની મોતીભરી કસો લેતાં હતાં. યુવાનો પણ ગોટાવાળી કસો ખરીદી પાવાની જોડને શણગારતા હતા. કોઈ નારિયેળ લેતું હતું, તો કોઈ વળી કોપરાની કાચલીએ જ મન મનાવતું હતું. અને આ 'કામ'થી પરવારી ચૂકેલાં માનવી, સામસામે આવેલા કાવડિયા ડુંગરો પર પાંડવોની ચૉરીના ને કળશેરી માતાનાં દર્શન કરવા તરફ વળવા માંડ્યાં હતાં. બેઉ ડુંગરો વચ્ચે માનવીઓનો ઝૂલતો પુલ જ જાણે બંધાઈ ગયો હતો.

મહાદેવની બરાબર સામે બીજા ડુંગરની ભીતમાં આવેલા ચગડોળ આગળ, જેમ જેમ દિવસ ઢળતો હતો તેમ તેમ છેલ્લી મજા માણી લેવાના

ઈરાદાથી યુવકયુવતીઓની ભીડ વધતી જતી હતી.

આથમણા નાકા તરફથી આવતા ગીતે અને ઘેરા ઘેરા પાવાએ કેટલાંક લોકોનું ધ્યાન ખેંચ્યું. ઘણાં લોક બોલી ઊઠ્યાં : 'ઓહોહો જાણે ધરતી તૂટી જાય એમ આવે છે તો !' તો કોઈ કોઈ હસ્યાં પણ ખરાં : 'મેળો ઉલાવા (વિખેરાવા) થયો ને અમથાં શું કામ હેંડી મર્યાં હશે !' એક જણે જવાબ આપ્યો : 'કોક છેટેનાં લાગે છે.' તો બીજો બોલ્યો : 'પણ આ આવ્યાં એવાં પાછાં ફરશે; ત્યારે એમના આવ્યામાંય શું વૈભોગ પડ્યા ?'

પરંતુ પેલી ચાર યુવતીઓ અને પાંચ યુવાનોવાળી ટોળીનો રોફ કોઈ જુદો જ હતો. ઘડીકમાં તો ખરીદીય કરી લીધી અને બેઉ ડુંગરીએ આંટા મારવા મૂકી, આવી ઊભી ચગડોળ આગળ. અંદર અંદર ચગડોળમાં બેસવાની સંતલસ કરી લીધી. ચાર જણને ચગડોળમાં બેસતાં ફેર ચડે એમ હતું. બાકીનાં પાંચ જણે– ત્રણ યુવાન અને બે યુવતીઓએ ચગડોળમાં સ્થાન લેવા કમર કસી.

ટોળીમાં સહેજ અગ્રસ્થાન ભોગવતા જુવાને દશશેરેક વજનની મીણિયા છત્રી એક છોકરીને આપતાં કહ્યું : 'લે કાળી, આ છત્રી જરા સાચવજે.' અને બોલ્યો : 'ચગડોળ ઊભો રે' કે તરત જ પાલખીમાં કૂદી પડજો, નહિ તો રહેશો લટકતાં.' અને પોતા તરફ તાકી રહેલી પેલી બે યુવતીઓને કહ્યું : 'તમે જાણતાં હશો કે કાનોભાઈ બેસાડશે ને અમે બેસીશું પણ એમાંનું આજ કશું નહિ બને.' કહી જોડેના જુવાનને ઉદ્દેશ્યો : 'કેમ હીરા ?'

'હા હા, વળી; બેસાડવા રહીએ તો ભીડમાં દન આથમતાંય વારો આવે કે ?'

'એટલા માટે તો હું ના કે'તો 'તો કે છોરી, એક તો મોડું થયું છે ને અમારા વાદ જવા દે. પણ તોય ન માન્યાં તો ચાખો મેળાની મજા !' કહી કાનજી હસવા લાગ્યો.

કાનજીની ઉંમર પચ્ચીસેકની હશે. પાંચ હાથનો તડો જુવાન કહી શકાય એવું એનું કાઠું પણ હતું. એની પહોળી આંખોમાં જેટલી હાસ્યની છાંટ હતી એટલી લાપરવાહી પણ દેખાઈ આવતી હતી. પગમાં અઢી શેર

વજનના નાળ જડેલ ફૂદડીઓવાળા જોડા હતા. ઘૂંટી સુધીનું ધોતિયું, રંગીન ખમીસ, ઉપર સફેદ કોટ અને માથે ગુલાબના ગોટાવાળો લાલ સાફો હતાં. સાફાની બાંધણી કોઈ અનેરી હતી અને એમાંય છોગું તો જાણે એ જ મૂકી જાણતો હતો. ઉપરાંત પાછલા લાંબા તલાને (સાફાનો પાછળ લટકતો છેડો) ગળામાં વીંટીને કોઈ ઓર રંગ જમાવ્યો હતો. નવા જ ગોટા બાંધેલા પાવાની જોડ પણ ગળામાં લટકતી હતી. પાવા ઉપર કોતરેલી ભાત પાવા પ્રત્યેનો શોખ છતો કરતી હતી. કોઈ કોઈ જુવાન તો એ પાવા તરફ ટગર ટગર જોઈ જ રહ્યા હતા. બે ચાર જણાના મનમાં તો, 'ભાઈ જરા વગાડી જુઓ, કેવાક બોલે છે સાંભળીએ તો ખરા.' આમ કહેવાની ઇચ્છા પણ જાગી, એવામાં જ ચગડોળ ઊભો રહ્યો. કાનજીએ પેલી યુવતીઓને બાવડે ઝાલી અને પહેલી પાલખીમાં બેસાડી દીધી, હીરા તરફ જોતાં બોલ્યો : 'હવે તો જખ મારે છે, તમે તમારું ફોડી લેજો હીરા.' પરંતુ આમ કહ્યા પછી પણ એણે પેલા નરમ સ્વભાવના મનોરને પહેલી તક આપી, નીચે આવતી પાલખી તરફ નજર રાખી બોલ્યો : 'હીરા, છેલ્લી પાલખી છે હોં !' કહી બાંયો ચડાવતો ઊભો. પાલખીમાં બેઠેલી બે યુવતીઓમાં જેવી એક ઊભી થઈ કે તરત જ એ, 'હીરા, બેસી જા, નહિ તો લટક્યો.' કહેતાં ચડી ગયો. પેલીના નીચે ઊતરતાં પહેલાં તો અંદર ગોઠવાઈ પણ ગયો. પરંતુ જુએ છે તો પેલી અડધી ઊભી થયેલી બીજી યુવતી તો, 'અલી મણિ, એક ફેરા ફેર, શું કામ ઊતરી પડી છે ?' કહેતી અંદર જ હતી. મહામહેનતે પાલખીનો ડંડો ઝાલીને ઊભેલો હીરો તો મોં ફાડતો જ રહ્યો ! ઊતરી પડેલી મણિ આંખોથી કંઈક, તો વળી મોંથી જુદું જ 'હવે શું ! પે'લેથી કે'વું'તું ને ? બેસ હવે તું એકલી !' આમ બબડતી હતી, ત્યાં તો પાલખીવાળાએ, 'પૈસો કાઢો, ચાલો ઝટ કરો,' કહેતાં હાથ લંબાવ્યો. પાલખીવાળી યુવતી, 'હાય હાય મારી પાસે તો– અલી પૈસો તો આપ.' આમ કહેવામાં રહી ત્યાં તો કાનજીએ પેલાના હાથમાં બે પૈસા ધરી દીધા. ફટ કરતીકને પાલખી ઉપર પહોંચી. હીરો અને મણિ નીચે ઊભાં ઊભાં કાનજીવાળી પાલખી સામે મીટ માંડી રહ્યાં હતાં. ચગડોળ

આસ્તે આસ્તે રમણે ચડ્યો.

કાનજી જોડે બેઠેલી યુવતીએ કહ્યું : 'હેઠા ઊતરીને હું તમને પૈસો આપી દઈશ હાં.'

કાનજીના હોઠે આવ્યું : 'રૂપિયો આલતાંય ચગડોળમાં આમ જોટાજોટ (જોડે) બેસનાર ન મળે તો વળી પૈસામાં તે શી વિસાત છે ?' પણ આવું કશું ન કહેતાં એટલું જ બોલ્યો : 'તમારા કરતાં કંઈ પૈસો વધારે છે ?'

ચગડોળ પુરજોશમાં ફરવા લાગ્યો. પાલખીમાં બેઠેલી યુવતીઓ કંઈક ગાતી હતી તો કોઈ કોઈ જુવાન વળી પાવા વગાડતા હતા. નીચે ઊભેલી મણિ 'અલી જીવી ?' કહીને બૂમ મારતી હતી. પણ જીવીનો જીવ અત્યારે કોઈ જુદા જ મલકમાં હતો. કાનજીની આંખ સાથે અથડાતી પહેલી નજર તો એણે બચાવી લીધી, પરંતુ બીજી વાર તો એ પોતે જ કાનજી તરફ તાકી રહી. મરક મરક હાસ્ય સાથે બોલી : 'આ પાવા તો દેખાડવા રાખ્યા છે કે વગાડવા ?'

'પે'લાં દેખાડવા ને પછી વગાડવા.' કહેતાં કાનજીએ પાવા મોંમાં ઘાલ્યા. જાણીતા ગાણાની બે લીટી વગાડી :

'ફાગણને વાયરે આવ્યાં જોબનિયાં,
વૈશાખી વાયરે ઊડી જતાં !'

અને પછી પાવા બંધ કરી જીવી તરફ જોતાં કાનજીએ પૂછી નાખ્યું : 'સમજ્યાં કે કાંઈ નહિ ?'

જીવી સમજી કે ન સમજી એ તો એ જાણે. પણ એણે આડી નજરે કાનજી તરફ જોયું. એ આંખોમાં શું હતું, એ તો કાનજી ન સમજી શક્યો પણ એ વળતી નજરે પોતાના હૈયામાંથી કંઈક ઉઠાવી લીધું હતું– બદલે કંઈક મૂકતી ગઈ હોય એવું પણ કાનજીને લાગતું હતું. ફરીથી બેઉ જણે એકમેક સામે જોયું ને વળી પાછી ચારેય આંખો નીચી ઢળી ગઈ : હવે તો મોં પણ જાણે સિવાઈ ગયાં હતાં. હૈયાની ગતિ બદલાઈ ચૂકી હતી.

પુરબહારમાં ફરતો ચગડોળ ધીમો પડ્યો, જીવીની પાછળ કાનજી નીચે ઊતર્યો. પણ એ નીચે ઊતર્યાનું ભાન તો ઉપર બેઠેલા હીરાએ 'કેમ

કાનજી ? એટલામાં ?' આમ કહ્યું ત્યારે જ આવ્યું. પણ હવે શું ? જગ્યા તો પુરાઈ ચૂકી હતી. જગ્યા હોત તો પણ કદાચ હવે એ ન બેસત.

સ્વર્ગમાં જઈ આવ્યાનો જેટલો આનંદ હતો એટલો જ એ સ્વર્ગ ઊડી ગયાનો રંજ પણ હતો.

બબૂચકની માફક ઊભેલા કાનજીના કાને વળી પાછો પેલો મંજુલ અવાજ અથડાયો :

'લો તમારો પૈસો,' કહેતી જીવી હાથ લંબાવતી ઊભી હતી. કાનજીએ ઠપકાભરી નજરે જીવી તરફ જોયું. હસીને બોલ્યો : 'રે'વા દો. એમ માનજો કે એક વાર મારા તરફથી બેઠાં હતાં.'

જીવીએ પણ રકઝક ન કરતાં હાથ પાછો ખેંચી લીધો. પણ જોડમાં ઊભેલી મણિથી બોલ્યા વગર ન રહેવાયું :

'એમ ઓળખાણ-પારખાણ વગર પૈસો રખાતો હશે ?' કહી હાસ્ય સાથે કાનજી તરફ તાકી રહી.

'ઓળખાણ ન હોત તો એમનો પૈસો આલવા મારો હાથ જ કેમ લાંબો થાત ?' કહી હસી રહેલા કાનજીએ જીવી સામે એક પલકારો મારી લીધો. એના સૌભાગ્યવિહોણા હાથ તરફ તાકી રહ્યો.

'લે હેંડ'લી. નહિ લે તો ચાલ્યું !' કહી મણિએ જીવીને આગળ કરી, જતાં જતાં ઉમેર્યું :

'એટલાનું ટોપરું લઈને ખાજે ને કે–'

'લે છાની રે' હેંડ !' કહેતી જીવીએ પાછળ નજર કરી. વળી પાછું કાનજી તરફ જોઈ લીધું.

અદૃશ્ય થતાં સુધી જીવીની પીઠ તરફ કાનજી તાકી જ રહ્યો.

પાસે ઊભેલી કાળી તથા બીજી યુવતી, ઘડીકમાં એકમેક સામે તો ઘડીકમાં કાનજી સામે જોઈ મલકાઈ રહી. જાણે કહેતી ન હોય : આનામાં તે શું મોર ટાંક્યા છે તે કાનાભાઈ ટગરટગર તાકી રહ્યા હશે !

પરંતુ ખરું પૂછો તો જીવીનું રૂપ મોર ટાંક્યા જેવું જ હતું. ઉંમર વીસની આસપાસ હતી. નમૂનેદાર સાગના સોટા જેવી એની દેહલતા

હતી. ઘાટીલાં અંગોમાં તંદુરસ્તીની સુરખી તપું તપું કરી રહી હતી. લંબગોળ મોંને શોભા આપતી અણિયાળી આંખોમાં કૌમારની લજ્જા તથા યુવાનીની મસ્તી વચ્ચે જાણે દ્વંદ્વ ચાલતાં હતાં. અને એમાંય કાજળનાં અંજન તો કોઈ જાદુનાં જ કામ કરી રહ્યાં હતાં. આ બધું જાણે ઓછું હોય એમ દરિયાઈ છીંટનો ઘાઘરો અને ગવન પહેર્યાં હતાં. તાણીને બાંધેલી કાપડાની કસોના મોતીભર્યા ગોટા, પુષ્ટ ભાગ પર રમત કરતા એની લચકતી ચાલમાં ઓર ઉમેરો કરતા હતા. કાનજી કદાચ એ ગોટા તરફ જ તાકી રહ્યો હશે.

ચગડોળમાંથી ઊતરીને કાનજી પાસે આવતાં હીરાએ કહ્યું : 'લો હવે, ડુંગરે દર્શન કરી આવવાં હોય તો. પછી નીકળીએ.' અને ઈશાન ખૂણા તરફ નજર કરતાં ઉમેર્યું : 'વરસાદ કાં તો વાટમાં ખબર લઈ નાખવાનો છે.'

'એ વગર મેળાનો સવાદેય શી રીતે પૂરો થવાનો છે !' કહી કાનજીએ પેલી યુવતીઓના ઝૂમખા તરફ જોયું અને આગળ થયો.

બેઉ ડુંગરે આંટા મારીને હેઠે આવ્યા. એટલામાં તો સૂરજ પણ ઠીક ઠીક ઢળી ગયો હતો, ઉલાતા મેળાનો શોર પણ વધી પડ્યો હતો.

'લો છેલ્લો એક આંટો મારી લઈએ.' કહી વળી પાછો કાનજી બજારમાં ફરવા નીકળી પડ્યો. ગાડાના ધોરી પેઠે કાનજીની જોડમાં રહેનારો હીરો પણ કોણ જાણે કઈ ઘડીએ પાછળ રહી જતો હતો. એક વખત તો ભેગા થવાનું પણ ભારે થઈ પડ્યું.

કાનજીને આમતેમ ફાંફાં મારતો જોઈ હીરાએ કહ્યું પણ ખરું : 'અમે તો પાછળ પડી ગયાં છીએ ને તું આમ આગળ ક્યાં ખોળે છે ?'

કાનજીએ હસીને ફક્ત એટલું જ કહ્યું : 'મારા મનથી કે તમે આગળ નીકળી ગયાં હશો.'

ફરી પાછું નાળને બેઉ નાકે માનવીઓનું વહેણ શરૂ થઈ ગયું. પરંતુ આ વખતે ન હતા પાવાના એકધારા સૂર કે ન હતી ગાણાંની રમઝટ.

કાનજીની ટોળીએ પણ ચાલવા માંડ્યું. નાકું છોડવાની તૈયારી હતી ને એકાએક કાનજી થંભી ગયો.

'અરે ! રતની સારુ ભાભીએ બંગડીઓ મંગાવી હતી એ તો ભૂલી જ ગયો ! તમે હેંડતાં થાઓ, હું તો આવ્યો આમ.' કહેતો પાછળ ફર્યો. હીરો તો એની પીઠને તાકી જ રહ્યો, આજ પહેલી જ વાર કાનજી એને છોડીને ન જતો હોય ! પાછળ જવાનો વિચાર પણ થયો. પરંતુ આ બધું સાજન–ખાસ તો બૈરાંનું–મૂકીને જાય તો કાનજી એને કદાચ ઊધડો લે એવી બીક હતી. એણે આછા કચવાટ સાથે કાનજીને બૂમ પાડી કહ્યું :

'જો પાછો ઝટ આવજે, અમે પે'લા વાંઘા (વહેળા) આગળ બેઠાં છીએ.' અને બબડ્યો : 'ભાભીય માથાની મળી છે તો ! બે આના આલ્યા એમાં તો પાછી છોડીની બંગડીઓય લેતા આવજો !'

બીજો બોલ્યો : 'શું કરે ભાઈ ! સમજે એને તો બધીય પાથી ખમવું પડે, નહિ તો અડધા ભાગનો ધણી છે એ એના મોટાભાઈ કાંઈ નથી જાણતા ? પણ એય બિચારા જાણે છે. કાંઈ વત્તુંઓછું બોલીશું તો બૈરું હેંડતું થશે પિયરમાં. પછી દળવું, ખાંડવું, વાઢવું, નેંદવું એ બધી લપ જ ને ?'

'પણ આ બધું કાનોભાઈ શમાવ (સહન) કરે છે ત્યાં લગી. નથી વીફરતો, ને વીફર્યો તો, ભાઈ ને ભોજાઈ બધાંય નાઠેલાં જશે.' કાળીએ કહ્યું.

હીરો બોલ્યો : 'પણ કાનજી એવું કરે જ નહિ તો.'

અને પછી તો કાનજીની સગાઈ માટે કે નાતરાના બૈરા માટે એનાં ભાઈ ભોજાઈ જરાય પ્રયત્ન નથી કરતાં, એ વાતથી માંડીને તે ભવિષ્યમાં ભાગ પણ નહિ આપે, એવાં જાતજાતનાં અનુમાન બાંધતાં એ બધાં પહેલા વાંઘા પર આવી કાનજીની રાહ જોતાં બેઠાં.

ઈશાનમાંથી ફૂટતાં કાળાં ભમ્મર જેવાં વાદળાં આભના મધ્યભાગ સુધી આવી લાગ્યાં હતાં. જાણે એ વાદળાંથી દટાઈ જવાની બીકે ઉતાવળે ન ચાલતો હોય એમ સૂર્ય પણ ઠીક ઠીક ઢળી ચૂક્યો હતો.

ઊંચીનીચી ડોક કરતાં હીરાએ કહ્યું : 'આઠ ગાઉની વાટ કાપવી છે

ને કાનજીનો તો હજુ પત્તો નથી !'

'આપણે તો છત્રીઓ છે એટલે વાંધો નથી પણ ખરી મજા તો આ ચાર જણની આવવાની છે !' મનોરે કહ્યું.

'જાને તે, તારી છત્રી ન ઓઢાડતો. અમારે તો કાનાભાઈની આ એક જ છત્રી બહુ છે.' કહી કાળીએ મનોર પાસેની કાનજીની છત્રી દેખાડી.

'તમને આપશે ત્યારે એ શું કરશે ?' મનોરે કહ્યું.

કાળીએ કતરાતી આંખે જોતાં કહ્યું : 'પણ એની તને શાની ફિકર છે ? તું તારે તારી છત્રી નીચે મોજથી દટાઈ રહેજે ને. કોઈ કૂતરુંય ઓઢવા નહિ આવે !'

અને મનોર કંઈ જવાબ આપે તે પહેલાં તો હીરો બોલી ઊઠ્યો : 'લો ઊઠો હેંડો, પેલો આવે એ.... હા હા કાનજી જ છે. ચાલો એ તો આવી મળશે.'

અને ખેતરવા જતાં જતાંમાં તો કાનજી ભેગો થઈ ગયો. એ જ ઝડપથી આગળ વધતાં બોલ્યો : 'હેંડો જરા ઉતાવળાં.'

'જોય કાનાભાઈ, બંગડીઓ તો ભાળો (બતાવો), કેટલી લાવ્યા છો ?' કાળીએ પૂછ્યું.

'આગળ ભાળીશ. હમણાં જરા પગ ઉપાડો ને ?'

પણ એની આ ચાલને તો હીરાથી પણ નહોતું પહોંચી વળાતું, કહ્યું : 'પણ આટલી બધી ઉતાવળ શું છે ? રાત છે ને આપણ છીએ. કાંઈ અધવચ ઝાડ ઉપર તો નથી રે'વાનાં ને ?'

પાછળ તણાતી યુવતીઓમાંથી પણ એક બોલી : 'આટલી ઉતાવળ તો કાનાભાઈ આવતી વખતેય નહોતી કરી ?'

'ભલા માણસને કંઈ એક જાતની લાય છે તે !' કાળીએ કટાક્ષમાં જ કહ્યું, પણ કોઈ સમજી શકે એમ ન હતું.

કાનજી જરા ધીમો તો પડ્યો પણ એની નજર તો એટલી જ ઝડપથી આગળ ધપતી હતી. કહેવું ન હતું તોય કહી નાખ્યું : 'થોડેક સુધી જરા ઉતાવળાં ચાલો, ને પછી જઈશું ધીમે ધીમે.'

હીરાને પણ આમાં કંઈક ભેદ લાગ્યો. બોલ્યો : 'હા હા, ખરી વાત છે. દન છે ત્યાં સુધી જરા પગ ઉપાડીએ તો ઠીક.' એણે કાનજી કરતાંય વધારે ઉતાવળે ચાલવા માંડ્યું.

આ આખોય રસ્તો માણસોથી જીવતો હતો. કોઈ ટોળી ઉતાવળે ચાલતી તો કોઈ વળી ટહેલતી ટહેલતી અને મસ્તીતોફાન ઉડાવતી જઈ રહી હતી. કોઈ કોઈ વળી વિશ્રામ લેતાં બેઠાં હતાં અને શું શું ખરીદ્યું તથા ક્યાં ક્યાં હર્યાં ફર્યાં વગેરે કહેતાં, સાંભળતાં હતાં.

આ બધાં તરફ જોતાં કાનજીની નજર દૂર જતી બે છોકરીઓ ઉપર પડી. મનમાં બોલી ઊઠ્યો : 'એ જ ! એમના વગર આમ પાછું વાળીને બીજું કોઈ જુએ જ નહિ તો !' જાણ્યે-અજાણ્યે એની અધીરતા વધી પડી.

કાનજી આટલી ઉંમરમાં કંઈક યુવતીઓના પરિચયમાં આવ્યો હતો, કેટલીક પ્રત્યે તો અનુરાગ પણ થયો હશે; પરંતુ આજની પેઠે 'નરે પગે ક્યાંય આંટી પડી જતી !' એવું તો કદીય થયું ન હતું.

એકમેકથી મસ્તીતોફાન કરતી ચાલી જતી એ બે છોકરીઓ પાસે આવતાં એની ચાલ ધીમી પડી ગઈ. પાછળ તણાતા આવતા મનોરે પૂછ્યું પણ ખરું : 'કેમ ધીમા પડી ગયા, કાનાભાઈ ?'

કાનજી પહેલાં હીરો બોલી ઊઠ્યો : 'આ પેલાં પાછળ આવે છે એમની લાયમાં જ તો.' અને ઘાંટો પાડ્યો : 'છોડીઓ, જરા પગ ઉપાડો. એમ મોજબંધ ચાલ્યે તમારો ક્યાં પત્તો ખાવાનો છે ?'

એટલામાં કાનજીએ આડી નજરે જીવી સામે જોઈ લીધું.

ધીમેથી પણ સંભળાય એમ મણિ બોલતી હતી : 'આદમીનો સંગાથ જ ખોટો. ભલું હોય તો અરધી વાટે જ મૂકીને ચાલવા માંડે....'

'કેમ તમારે એવું થયું છે કે શું ?' આગળ વધતા હીરાએ જરા ધીમા પડતાં પૂછ્યું.

'એવું જ તો ત્યારે. જુઓને, અમારો કોઈ સંગાથ કરવાય રે' છે ?' કહી મણિએ જીવી તરફ જોયું. જાણે પૂછતી ન હોય : 'કેમ ખરું છે ને ?'

'ઓહો, તે એ દુઃખ શું કામ વેઠો છો ? ચાલોને, અમે સંગાથ કરીએ.' કહી કાનજીએ જીવી સામે જોઈ ઉમેર્યું : 'પણ પછી તમે અમને અધવચ પડતા ન મૂકો, એ કબૂલ હોય તો.'

મણિને હડસેલતાં જીવી બોલી : 'લે હેંડને હેંડતી હોય તો ? વાટે જનારનો વળી સંગાથ શો ?'

આનો જવાબ આપ્યા વગર કાનજીથી ન રહેવાયું :

'એક વાર કરી જુઓ સંગાથ; પછી અધવચ મેલીએ તો કે'જો. કેમ હીરા ?'

હીરાએ ટાપસી પૂરી : 'પણ એ તો હું કહું જ છું ને ! ચાલો, સંગાથ કરવો હોય તો પગ ઉપાડો.'

મણિએ બોલી નાખ્યું : 'પગ તો ઉપાડીએ પણ ઘેર પૂછ્યું છે ?'

'ઘેર કોઈ હોય તો પૂછે ને ?' કાનજીએ પણ કહી નાખ્યું.

'જાઓ જાઓ છાનામાના ! કોણ જાણે આમ ને આમ કેટલાંને ભોળવતા ફરતા હશો !' કહી આછા છણકા સાથે મણિએ વાટ કાપી.

'તમારા મનથી કે ક્યાંય ઘેર જઈને પાણી પાવું પડશે એટલે હેંડ્યાં ને ?– પણ ભાઈ, આવું બેળે પાણી પીવા કોઈ નવરું નથી હોં કે ? તમે તો હમણાં ઘરની છત્રી નીચે પેસી જશો ને અમારે તો હજુ સાત ગાઉ જવું છે.' કાનજીએ કહ્યું.

'કયું ગામ ?' જીવીએ પૂછ્યું.

'ઉધડિયું, જોયું છે કોઈ દન ?' હીરાએ પૂછ્યું.

'ઉધડિયાના છો તેમાં જ ઉધડિયા જેવા લાગો છો તો ?' મણિ બોલી.

'પણ દનની દા'ડી આલવામાં તો ટાટ ઘડાઈ જાય (ટાલ પડી જાય) એની તમને ક્યાં ખબર છે ? ઊધડું કરી નાખ્યું એટલે બેઉ જણને નિરાંત તો ખરી.' કાનજીએ પહેલું વાક્ય તો મણિને જ કહ્યું પણ છેલ્લું વાક્ય કહેતાં તો એણે જીવી તરફ જ જોઈ રાખ્યું હતું.

પરંતુ આ ઠંડા પહોરનાં ગપ્પાં ઝાઝી વાર ન ચાલ્યાં. વાટમાં જ

જીવી-મણિનું ગામ આવી લાગ્યું. મણિએ તો 'આવજો ત્યારે, કોઈ દન મળો તો સંભારજો.' કહીને વિદાય આપી દીધી; પણ જીવીથી કહ્યા વગર ન રહેવાયું :

'ચાલોને ગામમાં, કાંઈ ફરાળ (ફળાહાર) ન કરો તો ભલે, પણ પાણી તો પીજો.'

'પાણીનો તો આ દા'ડ ક્યાં તૂટો છે !' કહી કાનજી હસ્યો, પણ સાવ ફિક્કું.

'તો તમાકુ પીજો.' અને કાનજીને જરા આઘોપાછો થતો જોઈ ઉમેર્યું : 'વાર નહિ લાગે, ઝાંપામાં જ ઘર છે.'

'ભલે ત્યારે.' કહી કાનજીએ મનોરને કહ્યું : 'તમે ચાલતાં થાઓ મનોર, અમે ઊભા ઊભા બીડી ભરતા આવીએ.'

'હેંડજો પાછા ઝટ; બીડી પિવાણા થઈ ગયા છો તે !' કાળીએ મોં ચડાવીને કહ્યું અને કાનજી તરફ કતરાતી આંખે તાકી રહી.

'અમે તો આવ્યા આમ.' કહી કાનજીએ પગ ઉપાડ્યા, પાછળ હીરાએ પણ.

પેલી બાજુ મણિ ને જીવી કંઈક જીદ કરી રહ્યાં હતાં : 'મણિનું કહેવું હતું કે, આ લોક મારી નાતના છે એટલે ભલે મારે ત્યાં આવતા.' જ્યારે જીવી પોતાને ત્યાં લઈ જવા આગ્રહ કરતી હતી.

છેવટે જીવીની જીત થઈ.

ગામના ઝાંપામાં જ જીવીનું ઘર હતું. માથું અડે એટલી ઊંચી પાંખવાળી ચોપાડમાં (ઓસરીમાં) જીવીનો બુઢ્ઢો બાપ હુક્કો પીતો ખાટલા પર બેઠો હતો. તાપણામાં બળતા એક જાડા લાકડામાંથી ધુમાડો નીકળી રહ્યો હતો.

છૂટા પડતી વખતે જીવીએ મણિને કંઈક કહ્યું : 'જો ઝટ આવજે.' કહીને ચોપાડ તરફ વળી. ભીંતે ઊભો કરેલો ખાટલો ઢાળતાં કહ્યું : 'બેસો.'

'કુણ છે ભા ? આવો.' કહી ડોસાએ ભવાં સંકોડી જોવા-ઓળખવા નિરર્થક પ્રયત્ન કર્યો.

'એ તો બાપા, ઉધડિયાના પટેલ છે. મેળામાંથી ઘેર જતા'તા તે હું અહીં તમાકુ પીવા બોલાવતી આવી.'

'બોલાવીએ જ તો બેટા, ઘર માંડીને બેઠા છીએ ને તમાકુમાંથીય જઈએ તો પછી મનખા અવતાર કામનોય શો ભા ?' કહેતાં ડોસાએ તમાકુ ધરી.

'રે'વા દો, અમારી પાસે છે.' ચલમમાં તમાકુ ભરતાં હીરાએ કહ્યું. કાનજીએ ધીમેથી હીરાને કહ્યું : 'એમની મેલી ત્યારે !'

'હાસ્તો, તમારી પાસે તો હશે જ ને, પણ અહીં અમારે ઘેર આવ્યે ? એમ ના ન પાડીએ ભા.'

પછી તો ડોસા વાતે વળ્યા. ઉધડિયામાં ક્યાં ઘર આવ્યું ને કોનાં છોકરાં છો, વગેરે પૂછતાં બોલ્યા : 'તમારા ગામમાં ભગા રાત જીવતા'તા ત્યાં સુધી તો હું ઘણી વાર આવતો, પણ એ મરી ગયા ને આવવાનું ઓછું થઈ ગયું ભા. પેલો છોકરો છે પણ તોય ભગો રાત્ત તો ભગો રાત હતો હો ભાઈ !'

વાતોના હુંકારામાં પડેલા કાનજીની આંખો ને કાન તો પાછળ જ હતાં. જીવીને તપેલી માંજતી જોઈને એ સમજી ગયો. હીરાને સાન કરતાં ઊભો થયો. બોલ્યો : 'લો બેસો ત્યારે, અમે તો ઊઠીએ હવે.'

'અત્યારે હવે ક્યારે પોં'ચી રે'શો ભા, આજ તો વાસો રો'. બે ઘડી વાતો કરીશું. ઉતાવળ હોય તો સવારમાં વે'લા ઊઠી જજો.'

'ના ના, અમારે સંગાથ જાય છે. સાથે પાછાં બૈરાં છે એટલે–'

'પણ આ હું ચા મૂકું છું ને ?' તપેલી લઈને આવતી જીવી બોલી ઊઠી.

'ખરી વાત છે, આઠમનો ઉપવાસ હશે, આવ્યા છો ત્યારે તો હવે ચા પીને જ જાઓ. નાતનું મનેખ તો કોક દનેય આવે પણ તમે ક્યાં અમારે ઘેર આવવાના હતા !'

'પણ આ કવેળાએ દૂધ ક્યાંથી મળશે ? નકામી માથાકૂટ કર્યા વગર–'

કાનજીની વચ્ચે જ જીવી બોલી ઊઠી : 'એ બધું તમારે જોવાનું છે કે અમારે ? બેસો, બહુ વાર નહિ લાગે.'

કાનજીને બેસવું જ પડ્યું.

જીવીએ બહારના તાપણામાં જ ચૂલો બનાવી લીધો. લાકડાં લાવી દેવતા ધમધમાવી. એટલામાં બે લોટા સાથે મણિ પણ આવી લાગી. એકમાં પાણી હતું, બીજામાં દૂધ. ઘડીકમાં તો ચા તૈયાર થઈ ગયો.

પરંતુ આ ચા કાનજીને ગળે ઊતરતાં જરા વાર લાગી. ઘરમાંથી ધીમે અવાજે આવતો કોઈક બૈરાનો કકળાટ એના સરવા કાનથી છૂપો રહી શક્યો ન હતો.

ચા પીને ડોસાને રામરામ કરી બેઉ જણ ઊઠ્યા. મણિ તથા જીવી આંગણા સુધી વળાવવા ગયાં. છૂટા પડતાં કાનજીએ જીવીની આંખ શું આંખ મેળવી લીધી. પગ ઉપાડતાં પહેલાં મણિ સામે જોઈ ધીમેથી કહ્યું :

'બેઉ જણે ભેગાં થઈને ચા તો પાયો છે પણ કોક વાર રાગ આવ્યે (મોકો મળ્યે) એ પાછો પીવો પડશે એ ભૂલી ન જતાં.'

'પોતે ન ભૂલી જાઓ એટલું યાદ રાખજો ને, બાકી અમે તો હવે ભૂલી રહ્યાં !' જીવીએ કહી નાખ્યું.

'જોઈશું ત્યારે !' કહી કાનજીએ પગ ઉપાડ્યા.

ત્યાર પછી મણિ પણ, 'લે હેંડ પાણી આવે તો. હું બેડું લઈ આવું.' કહી ચાલી ગઈ, જ્યારે જીવી તો કાનજીની પીઠ પાછળ ટગર ટગર જોતી હજુ ઊભી જ હતી. સીધી વાટે ન જતાં ઊભે ખેતરે પડેલા કાનજીના સાફાનું છોગું દેખાયું ત્યાં સુધી તે ઊભી રહી. પણ જ્યારે એ છોગું પણ અદૃશ્ય થયું ત્યારે જ એને પોતાના આ અછાજતા વર્તનનું ભાન આવ્યું. એક ભારે શ્વાસ લઈ ચોપાડમાં આવી. ખેતરો તરફ વળી એક નજર નાખી; નિશ્વાસ સાથે ઘરની અંદર ચાલતી થઈ.

૨. અણજાણી અસર

જીવીથી છૂટા પડેલા કાનજી તથા હીરાએ ચોમાસાને લીધે આડાઅવળો જતો લાંબો મારગ છોડી દોઢવાટ જ લીધી હતી. કાનજી આગળ જતો એ ભલે, પણ રસ્તો તો હીરો જ દેખાડતો હતો. આ સિવાય બેઉ જણ લગભગ ચૂપ જ હતા.

મેળ ખાવા જતા સૂર્યનાં તેજ ટૂંકાં પડતાં હતાં. આભ પણ વાદળથી ઘેરાતું હતું. દૂર દૂરના ક્ષિતિજમાં આછો ગડગડાટ શરૂ થઈ ચૂક્યો હતો. પરંતુ ઊંટફાળો ભરતા આ બે જણને એની જાણે કશી ખબર જ ન હતી, હશે તોપણ એની ફિકર જેવું તો કશું જ ન હતું.

આવી મળેલે સીધે રસ્તે પડતાં હીરાએ કહ્યું : 'છે તો ગાંયજાની છોડી પણ કેટલી બધી સમજણી છે !'

'જાત ઉપર કાંઈ થોડું સાટું છે, હીરા ! મનેખ(માણસ)ની કિંમત તો એની આંખ ઉપરથી જ અંકાય છે !'

'હાસ્તો, નહિ તો પેલી મણિ આપણી નાતની જ હતી ને ?'

હીરાના આ કથન માટે પણ કાનજીને વાંધો હતો. એને લાગતું હતું કે આ વાતમાં મણિનો દોષ કાઢવા કરતાં એનાં તો વખાણ કરવાં જ ઘટે. પણ એ બધી લપઝૂડમાં ન પડતાં, 'હાસ્તો' કહી ચૂપ જ રહ્યો.

નાતમેળાએ કે મેળે જતાં આવી તો કંઈક ઓળખાણો થતી હતી. અને એ ઓળખાણનું ટીખળ (મશ્કરી) 'શું ચાળાની ભરેલી છે ! રાગે પડતું હોત તો વળી દેખાડી દેત....' આવી રીતે ઘણું લાંબું ચાલતું. પણ

કોણ જાણે કેમ આજ ન તો કાનજી કશું બોલતો હતો કે ન હીરાની કંઈ હિંમત ચાલતી હતી.

બીજી બાજુ હીરાને મૌન પણ સાલતું હતું. કહ્યું : 'આમ મૂંગા મૂંગા ચાલ્યા કરતાં તો પાવા વગાડે તોય વાટ ખૂટે.'

'એ શું કામ દુઃખ વેઠે છે, લે વગાડને !' કહી કાનજીએ હીરા સામે પાવા ધર્યા.

'મારાથી જો હેંડતાં હેંડતાં વગાડાતા હોત તો વળી દુઃખ શું હતું ! તું જ વગાડને, પેલા લોક સાંભળશે તો એમનો જીવેય હેઠો બેસશે.'

કાનજી સહેજ ચમક્યો, પૂછ્યું : 'ક્યા લોક ?'

'કેમ કયા ? આપણા ગામવાળાં સ્તો, હવે બહુ છેટાં નહિ હોય.' હીરાએ કહ્યું. કાનજીથી એક ભારે શ્વાસ લેવાઈ ગયો.

આવતી વખતે ઊભી વાટે પાવા વગાડતા આવેલા કાનજીને અત્યારે એક ફૂંક વગાડતાં પણ જાણે થાક લાગતો હતો. કહ્યું : 'મરવા દેને હવે. વગાડીને અહીં કોને સંભળાવવા છે ?'

'ત્યારે આટલા દન કોને સંભળાવવા વગાડતો હતો ? જતી વખત તો એક ઘડીકેય મોઢામાંથી બહાર નો'તા કાઢ્યા.'

'પણ એ તો દેખીતું છે. જેવા હોંશભર્યા મેળે જઈએ છીએ એવા હોંશભર્યા કાંઈ પાછા થોડું ફરાય છે ?'

'એવું કશું નથી–' અને હીરાએ કહી જ નાખ્યું : 'આજે તને કાંક થયું છે. નહિ તો દરેક વખતે તો મજાનો હોંશભર્યો પાછો ફરે છે.'

'હશે ભાઈ, તને લાગે એ ખરું.' કહી કાનજી હસ્યો.

જોકે હીરો, આ વાતનો કેડો કદાચ ન છોડત પણ એટલામાં એને કાને 'પેલા આવ્યા, લો ઊઠો.' એવો અવાજ પડ્યો એટલે ચૂપ રહ્યો.

સૂર્ય આથમી ચૂક્યો હતો. વાદળ પણ ચારે બાજુથી આભને ઘેરીને વરસવાનો વિચાર કરતાં હોય એમ ઝઝૂમી રહ્યાં હતાં. પવનનો એક સુસવાટો આવ્યો અને બીજા સુસવાટે વરસાદ પડવા માંડ્યો. યુવતીઓ યુવાનોની છત્રી નીચે વહેંચાઈ ગઈ. અને એમ અડધાં પલળતાં, વીજળીને

ચમકારે વાટની ખાતરી કરી લેતાં અને ઊભી વાટે, ચા પીવા રોકાયા એ બદલ કાનજી તથા હીરાને બનાવતાં રાતે ગામ લગતાં થયાં. વરસાદ પણ હવે તો રહી ગયો હતો.

ઉધડિયું ગામ એક મોટા ટેકરા પર વસેલું હતું. ગામમાં મોટે ભાગે પટેલની વસ્તી હતી. દરેક હારમાં આઠથી દસ ઘર હતાં. અને એ રીતે બનેલાં ત્રણ ફળિયાં મળીને ચાળીસેક ઘર થતાં હતાં. ગામની આસપાસ છૂટાંછવાયાં વીસેક છાપરાં ઠાકરડાઓનાં હતાં. ગામમાં એક વાણિયાની દુકાન હતી. નજીકમાં મોટા ગામના એક બ્રાહ્મણનું અધવારું પણ ત્યાં હતું. ઉપરાંત ગાંયજો, દરજી, સુથાર તથા લુહારની પણ અક્કેક ઘરની વસ્તી હતી. અને એ રીતે આસપાસનાં ગામ કરતાં ઉધડિયું મોટું ગામ લેખાતું.

ગામનો ચડાવ શરૂ થતાં જ હીરાએ કાળી સામે જોઈ કહ્યું : 'ભગવાને તમને બૈરાંનો અવતાર તે શીદને આપ્યો હશે ! ગામને ઝાંપે આવીને તો કંઈ ગાઓ ?'

'હા, કોઈ શું જાણે કે તમે મેળે ગયાં'તાં.' કાનજીએ ટાપશી પૂરી. ત્યાં તો પેલા બીજા જુવાનોએ સિપાઈગીરી શરૂ કરી દીધી : 'હા, હા વળી ગાઓ, નહિ તો તમારી લાજ રાખવા અમારે ગાવું પડશે.' યુવતીઓને અને તેમાંય કાળીને તો આથી વધારે કહેવાની જરૂર પડે એમ ન જ હતું. બે જણે ગીત ઉપાડ્યું :

અમે મેળે ખેળે ગ્યાં'તાં રે, શો વન મોરીલો !–

પરંતુ જ્યાં બીજીથી ત્રીજી લીટી ગવાય છે ત્યાં તો ગામને નાકે આવેલા નાનકડા ઘરમાંથી એક આધેડ પુરુષ, 'મેળાવાળાં આવી ગયાં કે શું ?' કહેતો બહાર નીકળ્યો. પાછળ બે-ચાર જુવાનો પણ આવી ઊભા. કાનજી પાસે આવતાં પેલા આધેડે કહ્યું : 'બોલ્યા પ્રમાણે પાળ્યું તો ખરું કાનજી, પણ હવે બહુ મોડું ન કરતા. ચા તો આપણે અહીં જ મૂકીશું. પણ તમે બધા ઝટ આવો તો ઠીક પડે. પખાજને લોટ ચડાવીએ એટલી જ વાર છે.'

'તમે જરા કૂટતા થાઓ ભગત. એટલામાં અમે આવ્યા.' કહી

કાનજીએ ચાલવા માંડ્યું.

ભગત આ ગામમાં કોઈ જુદી જ જાતના માણસ હતા. મૂળ હતા તો આ ગામના પટેલ જ, પણ નાનપણમાં ઘેરથી નાસી ગયા હતા. દુનિયાદારીના કશાય ભાન વિનાના, હાથે પગે બહાર નીકળી પડેલા એ છોકરા ઉપર શું શું નહિ ગુજરી હોય, કંદોઈને ત્યાંથી માંડીને તે વાણિયા સુધી, અને રામલીલાથી માંડીને નાગા બાવાઓ સુધી દુનિયાની ઘણીખરી જમાતો એણે જોઈ લીધી હતી. પણ છેવટે એ બધુંય છોડી, કાળાને બદલે અડધા ધોળા વાળ કરી લઈને આજકાલ કરતાં પાંચ વર્ષથી એ માણસ પાછો પોતાના ગામમાં આવી વસ્યો હતો, અસલ નામ તો રામો હતું પણ ગામલોક હવે ભગતના નામથી ઓળખતાં હતાં. ગામના અને નાતના રીતરિવાજો સાથે ત્યાંનો પહેરવેશ પણ ભગતે ધારણ કરી લીધો હતો. હળ પણ જોતર્યું હતું અને બૈરું કરવાની ઇચ્છા હોત તો એ પણ કોઈ નાતરાનું મળી આવત; કારણ કે બે વર્ષમાં તો એ ડાહ્યા માણસમાં ખપતા થઈ ગયા હતા. આબદ પણ વિચિત્ર રીતે બંધાઈ હતી.

વિચિત્ર રીતે એટલા માટે કે ભગત પાસે પૈસા ન હોવા છતાંય પૈસાદાર ગણાતા; ધીરનાર પણ મળી આવતા, અને 'હું તો ભાઈ ભગવાનનું પૂછડુંય નથી જાણતો' એવા ચોખ્ખા એકરાર છતાંય લોકો એમને ભગવાનના જાણભેદુ માનતા. મેલી વિદ્યાના ઉપાસક પણ એમની હાજરીથી ડરતા હતા. સરકારી અમલદારો એમની પાસે કોઈ પણ જાતની વેઠ નહોતા કરાવતા. હા, કોઈ વાર ભજન ગાવાની માગણી કરતા અ તો ખરું. યુવાનો ભેગા બેસતા ત્યારે ભગત મોજીલા લાગતા, આધેડોમાં ઠરેલ જણાતા અને વૃદ્ધોમાં હોય ત્યારે ઘણી વાર એમનામાં ડહાપણ ચમકારા કરી જતું. ડામ તથા દવાના જાણકાર લેખાતા તો કોઈ કોઈ જિદ્દી માણસને દોરાની ગાંઠો પણ પાડી આપતા. આ બધા ઉપરાંત આખાય ગામના– નાનાથી માંડીને વૃદ્ધ સુધી– દરેક માણસ માટે જો કોઈ વિશ્વાસપાત્ર હોય તો એક આ ભગત જ હતા. કાનજી તથા હીરાના તો ખાસ મિત્ર ગણાતા હતા.

ઉજળિયાત ચહેરો, મોટું કપાળ, અડધે માથે ટાલ, સદાય અમી વર્ષાવતી આંખો અને મધ્યમ કદનું અંગ એ ભગતનો બાહ્ય દેખાવ હતો.

ઘેર આવીને કાનજીએ કપડાં બદલ્યાં. લાકડી લઈને બહાર નીકળવાની તૈયારી કરતો હતો ત્યાં તો ભાભીએ કહ્યું : 'ખાવું હોય તો કોઠલામાં રતાળાનું શાક પડ્યું છે.'

'કાંઈ ખાવું નથી.' કહેતો કાનજી પાછો ફર્યો અને કોટના ખીસામાંથી એક પડીકું કાઢી ઘંટી ઉપર મૂકતાં બોલ્યો : 'સવારમાં રતનીને આ ખાવાનું આપજો.'

'સવારમાં ધાન નહિ ખાય તે પાછું ખાવાનું ખાશે ? હું ના કે'તી'તી તોય કાકાને વાદે ચડીને આઠમ કરી. ભૂખે ચુમાઈ ચુમાઈને હમણાં જરી જંપી છે.–'

ભાભીના આ કકળાટનો જવાબ ન આપતાં કાનજી બહાર નીકળ્યો.

'હજુ તો પાછા ભજનમાં જવાના હશો ?' અને કાનજીને મૂંગો મૂંગો ચાલ્યો જતો જોઈ ભાભીએ ઉમેર્યું : 'હવે આખીય રાત ઢોલકાં કૂટ્યા કરજો. પછી છોને ખેતરમાં ખળા જેવું થતું !'

'એવું હોય તો તમે ગયાં રખવાળું રાખવા !' જતાં જતાં કાનજીએ કહ્યું.

કાનજી ઉપર જીભનું દાતરડું ચલાવતી ભોજાઈએ કાનજીને બદલે, ઊંઘમાં પડેલાં બિચારાં ફળીનાં લોક ઉપર જ જાણ્યેઅજાણ્યે વેર વાળ્યું.

કાનજીને કુટુંબમાં મોટા ભાઈ, ભાભી અને એક સાતેક વર્ષની ભત્રીજી એટલાં હતાં. એ પોતે જોકે નાની ઉંમરમાં જ પરણ્યો તો હતો, પરંતુ પરણ્યા પછી બે વર્ષમાં જ પત્ની મરી ગઈ. ત્યાર પછી કોઈએ કન્યા માટે દરકાર ન કરી. અને જો એમ ઘરનાં જ બેદરકાર રહે તો કન્યાની સહેજ તાણવાળી જ્ઞાતિમાં એવી તે કોની છોકરી વાટમાં પડી હોય કે સામું પૂછતું આવે ? મોટાભાઈ જોકે ભલાભોળા હતા પણ એમના એ ભોળપણની શિક્ષા તો અત્યારે કાનજીને જ વેઠવી પડતી હતી. અને જો આ બે વર્ષમાં કોઈ રાંડ્યું છાંડ્યું ન મળે તો કદાચ આખીય જિંદગી વેઠવી પડે!

કાનજીને લોકો કહેતા : 'આમ ને આમ તને રઝળતો રાખીને એમને તો કામ કરાવવું છે. એમને શું ખોટું છે ? રોટલાવરાણીએ ખેડૂત મલ્યો છે પછી શું કામ ક્યાંય પૂછગાછ કરાવે !' –વગેરે.

પણ કાનજી ઠંડે પેટે જ જવાબ આપતો : 'અરે ભાઈ, બૈરા વગર શું કાચું ખાઈએ છીએ ?' અને મોટાભાઈના જ શબ્દો ઉચ્ચારતો, 'લેખ હશે તો વગર પૂછ્યેય આવી મળશે; ને લેખ નહિ હોય તો હજાર ઠેકાણે પગ ઘસી આવશો તોય નહિ મળે.'

પણ ખરું પૂછો તો કાનજીનો પોતાનો જ વિચાર મોળો હતો. નહિ તો એના રંગીલા સ્વભાવને તો અત્યાર સુધી કોઈનું કોઈ મળી જ આવ્યું હોત. ઊભા છેડાનું બૈરું કરીને દંડના ત્રણસો-ચારસો ભરવાની શક્તિ ન હતી એ ખરું, પણ જો ધારી જ બેઠો હોત તો કોઈ વિધવાનું ભાગ્ય તો જરૂર ઉજાળત. અને પોતાના આવા આત્મવિશ્વાસ ઉપર કોઈ મનગમતી સ્ત્રીની આશાએ ન બેઠો હોય એમ પણ કોણે કહ્યું ?

ભાભીનાં મહેણાંટોણાંને હસી કાઢતા કાનજીને કોણ જાણે કેમ પણ આજ જરા આકરું લાગ્યું. સીધા ખેતરે જવાનો વિચાર થયો. પણ કાને પખાજના અને કાંસીજોડાંના સૂર પડતાં પોતાની વાટ જોઈ રહેલી મંડળીનો ખ્યાલ આવ્યો. તે ભગતના ઘર તરફ જ વળ્યો.

એને જોતાં જ પંદરવીસ જુવાનોની ટોળી બોલી ઊઠી : 'આ આવ્યો કાનોભાઈ.' બેચાર જણે તો જગ્યા કરતાં કહ્યું પણ ખરું : 'અલે કાનાભાઈને પખાજ આપો ! એ તો વગાડ્યું તમે !'

'કાનજી, એક વાર સીધો અંદર આવજે.' અંદરથી ભગતે બોલાવ્યો. કાનજી આગળ ચાનો કપ મૂકતાં કહ્યું : 'લે આટલો ચા પી જા.'

દિવસના પાંચ રોટલા ખાનાર કાનજીના પેટમાં આજે બે કપ ચા સિવાય કશું જ પડ્યું ન હતું. છતાંય આજ એને ભૂખ જેવું ન હતું. જો ના પાડે તો પણ એની એ ના ચાલવાની ન હતી. એટલે મૂંગે મૂંગે જ ચા પી લીધો. ભગત તથા હીરા-મનોર જેવા બીજા બે-ત્રણ જુવાનો સાથે ચોપાડમાં મંડળી ભેગો આવી બેઠો. અનિચ્છાએ પણ પખાજ સંભાળી. ભગતે તથા

હીરાએ કાંસીજોડાં લીધાં.

પખાજ ઉપર કાનજીનો હાથ એટલો બધો બેસી ગયો હતો કે પખાજને બોલાવ્યા બોલ દેતી એમ કહીએ તો પણ કંઈ ખોટું ન હતું. પખાજને હથોડીથી એણે જરા ઠીકઠાક કરી. એક ગત વગાડી જોયા પછી બોલ્યો : 'લો, થવા દો ભગત.'

'કાંઈ ગાંડો થયો છે કે શું ? અમને વળી આવડતું હોત તો અડધી રાત સુધી તારી વાટ શું કામ જોવત ? લે મોંઘાઈ કરાવ્યા વગર હવે શરૂ કર, ચાલ.' ભગતે કહ્યું.

'એ તે કાંઈ ચાલવાનું છે, કાનજી ?' કહી હીરાએ ટાપશી પૂરી.

ન છૂટકે કાનજીએ ગણેશના ભજનથી શરૂઆત કરી, ત્યાર પછી બે-ત્રણ બીજાં ભજન પણ કહ્યાં. ભગતે, હીરાએ તથા એકબે બીજા જુવાનોએ પણ એક્કેક બબ્બે ગવરાવ્યાં. અને એમ પહેલો કૂકડો બોલ્યો ત્યાં સુધી કીર્તન લંબાયું. પણ ઊઠતી વખત તો ઘણા જણને લાગતું હતું કે આજના કીર્તનમાં જામવી જોઈએ એટલી રંગત જામી ન હતી. ભગતે તો છૂટા પડતાં કાનજીને કહ્યું પણ ખરું : 'માન ન માન પણ આજ તને કાંક થયું છે, કાનજી.'

'ના રે ભગત ! મને શું થવાનું છે !' કહી કાનજી હસવા લાગ્યો.

'તું ના કે' પણ અમે કેમ માનીએ ?' વળી બીજાએ કહ્યું.

પણ એટલામાં હીરો કાનજીની વહારે ધાયો : 'તમેય વાત કરો છો તે ભગત ! એક તો નકોરડો અપવાસ અને સોળ ગાઉની વાટ કાપીને મેળામાં ફર્યા હોઈશું એ તો વળી છોગાનું– પછી થાક તો લાગે જ ને !'

ભગત, 'વાત તો ખરી છે.' કહી ચૂપ તો રહ્યા, પરંતુ કાનજીની સૂરત તરફ તાકતી એમની આંખો તો આ વાત નાકબૂલ જ કરતી હતી. વિદાય આપતાં બોલ્યા : 'એ તો જરા ઊંઘીશ એટલે પાછો હતો એવો થઈ જઈશ. માળે ન જવું હોય તો અહીં જ સૂઈ જા !'

'ના, માળે જ જઈશું. લે ચાલ હીરા, આવે છે ને ?' કહી કાનજી આગળ થયો.

થાક, ભૂખ અને ઉજાગરો ત્રણે ભેગાં હતાં છતાંય કાનજીને આજ ઊંઘ ન આવી. આંખ સહેજ મીંચાતી ને વળી પાછી ઊઘડી જતી અને એમ કરતાં કરતાં છેક સવાર થવા આવી ત્યારે કંઈક ઊંઘ આવી. પરંતુ મગજમાં તો ચગડોળ જ ઘૂમતું હતું.

વાંસેક દિવસ ચડતાં તો કાનજીની આંખ પાછી ઊઘડી ગઈ. આખુંય શરીર શક્તિહીન હતું. મગજ પણ જાણે બહેર મારી ગયું હતું. એવી જ દશામાં એ કોણ જાણે કેટલી વાર સુધી પડી રહ્યો હશે, પણ એટલામાં કોઈકનો અવાજ કાને પડતાં એને ભાન આવ્યું. 'આજ મને થયું છે શું ?' બબડતો પથારીમાંથી બેઠો થઈ ગયો. અને પછી દાતણ વગેરે ક્રિયાઓમાં ગૂંથાયો.

૩. મોહપાશમાં

ભાદરવાની મેઘલી રાત હતી. આકાશ અને પૃથ્વી ઉપર તાંડવ મંડાયાં હતાં. ચારે બાજુ અંધારું ઘોર હતું. અડધી રાત વીતવા છતાંય કાનજી ઉઘાડી આંખે જ માળાની ઝૂંપડીમાં ગોદડીનો ટેકો લઈને બેઠો હતો. એના કાન, ખેતરને સીમાડે નહિ પણ ક્ષિતિજને સીમાડે, કાવડિયા ડુંગરની નાળમાં ભટકતા હતા. જીવ વળીવળીને જોગીપરાને ઝાંપે જઈ લાગતો હતો. જીવીની એ નમણી દેહલતા કરતાં એની અમીભરી આંખો એને વારે વારે યાદ આવતી હતી. જેમ જેમ કાનજી આ બધું દૂર કરવા જતો, તેમ તેમ મૂંઝવણ પણ વધતી જતી. જિંદગીમાં કોઈ વાર રડેલો ન હતો એટલે રડતાં પણ એને શરમ આવતી હતી.... કાનજીએ એક ભારે શ્વાસ લેતાં પોતાની જાતને કહ્યું : 'અરે ભૂંડા ! નાત નહિ, જાત નહિ ને ક્યાં જતો જીવ લગાડ્યો છે !'

પણ ત્યાર પછી તો રોજની રીતે આજે પણ પોતાની જાતની એણે ઠેકડી કરી : 'ડુંગરે કલેડી ઘણીય ધોળી હોય છે પણ શા અર્થની ! બાળવાના કામમાંય નથી આવતી !' જ્યારે હૈયાએ એનું રોજનું ગાણું આજે પણ ગાયું : 'ના ના, હું એના રૂપનું ભૂખ્યું થોડું છું ? રૂપમાં તો ગામવાળી કાળી જ ક્યાં ઓછી છે ? ને એ મારી પાછળ ફાંફાં પણ ક્યાં ઓછાં મારે છે ! પણ ના, જોગીપરાવાળીની તો કોઈ માંયા જ જુદી છે. એક વાર જોવા મળે એટલામાં જ જનમારાની ભૂખ ભાંગી જાય એવી છે !'

અને જાણે જીવીને એક વાર જોઈને જનમારાની ભૂખ ભાંગવા જ

ન જતો હોય એમ કાનજીએ આવી મળેલી તક ઝડપી લીધી. કુટુંબમાં એક ડોસીનાં સૂતક હતાં. વગર કહ્યે જ કાનજીએ સાત ગાઉ ઉપર આવેલા એક મોટા ગામમાંથી સાબુ લઈ આવવાનું માથે લીધું. હીરા જેવાને તો નવાઈ પણ લાગી : 'શા માટે આ નાહકની ટાંટિયાતોડ કરવા જતો હશે ? પેલા ખેમા જેવાને મોકલ્યો હોત તોય સાબુ તો લઈ આવત !' ને કાનજીને એણે આ કહ્યું પણ ખરું. પણ એણે એનો ટૂંકો જ જવાબ આપ્યો : 'કોક વાર તો આવો ફેરો કરવો જોઈએ ને ? આપણ ઠાકોર થઈને ઘરમાં બેસી રહીએ તો કાલ ઊઠીને આપણે કંઈ અડચણ આવી એ વખત કોઈ પરભાર્યું જાયે ખરું કે ?'

જોકે આ જવાબથી હીરાને કંઈ સંતોષ ન થયો છતાંય, 'ભલે ત્યારે.' કહીને ચૂપ જ રહ્યો. ઊંડે ઊંડે એના મનમાં વહેમ હતો : 'ગમે તેમ, પણ કાનજી કોઈ બીજા કારણસર જ જઈ રહ્યો છે !'

હીરાનો વહેમ સાચો જ હતો. કાનજી જોગીપરાની વાટે જ વળ્યો હતો. રસ્તામાં એને એમ પણ થતું હતું : 'ગામમાં કોઈ નાતસંબંધ હોત તોય એ બા'ને કોકને ઘેર જાત ! શું બા'નું કઢાશે ?' પણ આખરે તો, ગાલ હશે તો ઘણાં ગપ્પાં !' આમ બબડીને એણે જોગીપરામાં પ્રવેશ કર્યો.

જોગીપરામાં પટેલની વસ્તી હતી એ ખરું પણ એ જુદી જાતના પટેલ હતા. એટલે જ કાનજી, હીરો વગેરે આ ગામથી– આ ગામના લોકોથી અજાણ હતા ને ?

જીવીના ઘર તરફ વળતાં તો કાનજીને આ સંબંધ વગરનું ગામ વળી ગમ્યું : 'અહીં કોણ ઓળખીને બેસી રહ્યું છે કે, પટેલ થઈને ગાંયજાને ઘેર કેમ ગયો હશે, એમ કહેવાનું હતું !'

જીવીના આંગણામાં જતાં જ ઘરમાં થતો કકળાટ કાનજીને કાને પડ્યો. પાછા ફરી જવાની ઇચ્છા થઈ. પણ એટલામાં 'ઘરનું કામ થશે થવાનું હશે તો ! મારે તો પે'લી બાપની ચાકરી ને પછી બીજું બધું.' કહેતી હુક્કા સાથે બારણાં બહાર નીકળતી જીવીને જોઈ. જીવીના શબ્દો

પણ કાનજીને જોતાં હોઠમાં જ રહી ગયા. બેઉ હૈયાંમાં કોનું કેટલું વધારે જોરથી ધબકતું હતું એ કહેવું મુશ્કેલ છે, પણ મોં ઉપરથી તો લાગતું હતું કે જીવીનું જ વધારે જોરથી ધબકતું હશે. બીજી જ ક્ષણે જીવીને ભાન આવ્યું. કાનજીને 'આવો' કહીને બુઢ્ઢા બાપાના હાથમાં હુક્કો આપતાં કહ્યું : 'બાપા, જરા માગ કરો ને.'

'હા ભા હા ! આવો.' કહેતા ડોસા ખાટલાની પાંગેથ તરફ આંખો ઝીણી કરતાં ખસ્યા. પૂછ્યું : 'કુણ છે, બુન ?'

'એ તો પેલા ઉધડિયાના પટેલ.'

'ભલે આવ્યા ભા. બુન, એમને જરા તમાકુ આપ ને બીડી ન હોય તો– જોને પેલા તાકામાં–'

'ના ના, છે મારી પાસે.' કહી કાનજીએ બીડી કાઢી. જીવીના હાથમાંથી તમાકુ લેતાં એનો હાથ સહેજ કંપતો હતો. કંપારામાં ને કંપારામાં જ જીવીનાં આંગળાં પણ સહેજ દબાવી દીધાં.

જીવીના હૈયાએ સમસ્ત લોહી જાણે મોં તરફ જ ન ધકેલ્યું હોય, એમ કાનની ટિશોર સુધ્ધાં લાલ લાલ થઈ ઊઠી.

કાનજી તરફ ઠપકાભરી નજરે જોયું. બાપ તરફ એક મટકું મારી લઈ પીઠ ફેરવતાં નાખેલી બીજી નજર તો કાનજીને જાણે ચોખ્ખું કહેતી હતી : 'તમારામાં તે કંઈ ઠેકાણું છે !'

ચલમ પીધા પછી કાનજી ઊઠ્યો, બોલ્યો : 'લો બેસો રાત, જઈશું હવે !'

બુઢ્ઢાએ ઘણોય આગ્રહ કર્યો : 'ઘેરથી તો વે'લા નીકળ્યા હશો, કુણ જાણે ક્યાં ખાધું હશે. દૂધમાં જરા લોટ બાફીને–'

'ના ના, હું ઘેરથી ખાઈને જ મૂનપરે જવા નીકળ્યો છું. આ તો પેલા મેળ આગળ વાટ ભૂલ્યો એટલે મીંકું લાવ ત્યારે આવ્યો છું તો રાતને જરા ભેગો–'

'બહુ સારું કર્યું ભાઈ ! ભેગા તો થઈએ સ્તો ! માનવ માનવીની માયા નહિ રાખે તો બીજા કોની રાખશે, ભા !'

'એ તો ખરું સ્તો, લ્યો રામરામ.' કહી કાનજીએ પગ ઉપાડ્યો.

'ભલે ભા ત્યારે !– તમારે મૂનપરે જવું છે ખરું ને ? અહીંથી આથમણી પા–'

રાશ અને દાતરડા સાથે બારણામાં આવી ઊભેલી જીવી બોલી ઊઠી : 'હું આંબાવાળામાં ચાર લેવા જાઉં છું, તે પેલી પા વાટે ચડાવી દઈશ, બાપા.'

'હા હા બેટા, ચોમાસામાં તો વાટો બધી એવી ભુલભુલામણી થઈ જાય છે કે જાણીતોય–'

કાનજીએ ફરીથી રામરામ કર્યા અને ચાલતો થયો. વીસેક ડગલાંનું છેટું પાડીને જીવી પણ નીકળી. પાછળ ઘરમાં થતા, 'હા ભા ! હા ભા ! કરીને દીકરીને મોઢે ચડાવી છે પણ જો કોક દન કાળી ટીલી ન ચોંટાડે તો કે'જો શું કે'તી'તી !' આ કકળાટ તરફ જીવીના કરતાંય કાનજીનું ધ્યાન વધારે હતું. ગામ વટાવ્યા પછી જીવીને પૂછ્યું પણ ખરું, 'આ તમારી ઓરમાન મા છે, નહિ ?'

જીવીએ હસીને કહ્યું : 'તમે એક ઘડીકમાં પરખી ગયા ખરા ત્યારે ?' અને ઉમેર્યું : 'આ મારી માને, એના એક માસીના દીકરા જોડે મારાં લૂગડાં પે'રાવવાં છે. હું ના કહું છું; એટલે વધારે તો–'

કોણ જાણે આ લૂગડાં પે'રાવવાની વાત આવી તેથી કે બીજા કોઈ કારણસર પણ કાનજીને આ બાબત બહુ અપ્રિય થઈ પડી. વચ્ચે જ 'જ્યાં જુઓ ત્યાં આવું જ છે !' બોલીને ઉમેર્યું : 'પણ નાહકનાં મારી પાછળ આવ્યાં, જીવી ! વાટ તો હું કોઈનેય પૂછી લેત !'

જીવીએ કતરાતી આંખે કાનજી તરફ જોયું, હસીને બોલી : 'એમ કોઈને જ વાટ પૂછી લેવી હોત તો મૂનપરને બદલે જોગીપરે આવવા ન નીકળત !'

કાનજી ખરેખર મૂંઝાઈ ઊઠ્યો. જીવી તરફ જોતાં એનાથી હસી પડાયું. મૂંઝવણ જાણે ઠલવાઈ ગઈ : 'તમનેય ત્રણ કાળની સૂઝ પડતી હોય એમ લાગે છે !'

'ના રે ભાઈ ! મને તો મારા કાળની સૂઝ નથી પડતી ત્યાં વળી ત્રણ કાળની ક્યાં વાત કરું ?' કહી જીવી મોં ઉપર આવતા રંજનો જાણે ઘૂંટડો ભરી ગઈ. તરત જ બોલી, 'પણ સાચું બોલો, મીં કહ્યું એ ખરું કે ખોટુ ?' અને માદક નજરે કાનજી તરફ તાકી રહી.

આંખનાં પોપચાં જાણે મણ મણનાં થઈ ગયાં હોય એમ કાનજીએ ઊંચક્યાં. જીવી તરફ જોતાં એક ભારે શ્વાસ લઈ બોલ્યો : 'શું કામ તું મને બોલાવે છે, જીવી ? કુણ જાણે તે દનથી મને શું થઈ ગયું છે, પણ ખરું કહું છું– મારાથી પેટ ભરીને ધાનેય નથી ખવાતું !'

જીવીએ છૂપી રીતે શ્વાસ લીધો. હોઠ સુધી આવી ઊભું હતું : 'ત્યારે અહીંયાં કોનાથી ખવાય છે !' પણ એ ન બોલતાં હસીને બીજું જ બોલી : 'કોઈની નજર તો નથી લાગી ને ? ભૂવાબૂવાને બતાવી–'

ક્ષણભર તો કાનજી ઝંખવાણો પડી ગયો. બીજી જ ક્ષણે, જીવીની આંખ શું આંખ મળતાં હસી પડાયું. પણ તે કેટલી વાર ? સહેજ વાર પછી બોલ્યો : 'તારા મનથી તને આ બધી મશ્કરી લાગે છે એમ !'

'મશ્કરી નહિ ત્યારે બીજું શું ? મરદ થઈને આટલા બધા ઢીલા ક્યાંથી ?'

'એ તું ગમે તે કે' પણ જો એક દા'ડો રીસ ચડી ને ચડી, તો ઊંઘતી ને ઊંઘતી ઉપાડી જઈશ.' કહી કાનજી જીવી તરફ જોઈ હસી રહ્યો.

ખેતરનું ખોડીબારું આવતાં જીવી ઊભી રહી. હોઠોમાં હસતી હસતી બોલી : 'ઊંઘતી તો આખી દુનિયા ઉપાડી જાય પણ જાગતી ઉપાડી જાઓ ત્યારે જ ખરા તો !' અને કંઈક બોલવા જતાં કાનજીને ચૂપ રાખતાં ઉમેર્યું : 'એક બૈરાની ખાતર ખોળિયું વટલાવતાં લાજેય નથી આવતી !'

'જીવ વટલાવતાં લાજ ન આવી તો પછી ખોળિયું વટલાવતાં શી લાજ આવવાની હતી ?– પણ ખરું કહું છું.'

કાનજીને ગુસ્સો આવતો હતો કે બીજું કંઈ થતું હતું એ તો એ જાણે, પણ સૂરત સહેજ વિકૃત તો બની જ હતી. બોલવાનું ભાન પણ

જાણે ભૂલી જતો હતો.

જીવીએ ખોડીબારું ઓળંગતાં કહ્યું : 'અહીં વાટમાં કહ્યા વગર જે કહેવું હોય એ ખેતરમાં કે'જો !'

પણ કાનજીને ત્યાંનો ત્યાં જ ઊભેલો જોઈને એ પણ થંભી ગઈ. વળી કહ્યું : 'હેંડોને, બે ઘડી વાતો કરીને–'

'ઠીક કહું છું ! મને બોલાવવામાં સાર નહિ નીકળે હોં !' કહેતો કાનજી જાણે બેભાનમાં ન લવતો હોય તેમ ખોડીબારા તરફ ધસ્યો. અંદર જતાં જતાંમાં તો એની આંખ પણ ફાટી ચૂકી હતી. આસપાસ જોયું ન જોયું ને, પીઠ ફેરવવા જતી જીવીને એણે બાથમાં જકડી દીધી. મોં પર સ્નેહની છાપ લગાવી ન લગાવી ને વળી પાછી છોડી દીધી.

જીવી પડતાં પડતાં બચી ગઈ. જ્યારે કાનજી જાણે બળી ન ઊઠ્યો હોય તેમ ખોડીબારા બહાર નીકળી ગયો. જીવી તરફ નજર નાખી લેતાં બોલ્યો : 'એક દન ઉપાડી ન જાઉં તો વળી શું કે'તો'તો !–'

પીઠ પાછળ જોઈ રહેલી જીવીની આંખમાં હર્ષનાં કે શોકનાં, ગુસ્સાનાં કે મૂંઝવણનાં કે પછી બીજા કશાનાં– એ તો એ જાણે, પણ ઝળઝળિયાં આવી ગયાં હતાં એ તો ચોક્કસ.

૪. માયાના વમળમાં

કાનજીના માળા પર કાનજી, હીરો તથા ભગત ત્રણે જણ બેઠા હતા. હીરો મકાઈ ડોડા શેકતો હતો. ગોદડીને તકિયે બેઠેલા ભગત હાથમાંના ડોડામાંથી અક્કેક બબ્બે કણ વછોડતા અને મોંમાં નાખતા, કાનજી તરફ જોતા, કંઈક વિચારમાં પડેલા દેખાતા હતા. જ્યારે ઝૂંપડીની ઘોડીને અઢેલી પગ પર પગ ચડાવી બેઠેલા કાનજીની નજર, સામેના આભ તરફ મંડાયેલી હતી. હીરાએ એક ડોડો શેકીને કાનજી તરફ નાખ્યો. બીજામાંથી ઓયણું એક કણ વછોડી મોંમાં ઓર્યા, અને વળી પાછો તાપણામાંના બીજા ડોડા ફેરવવા લાગ્યો.

'પેલો ડોડો લેને કાનજી, એં આભલામાં શું જોઈ રહ્યો છે ?' ભગતે કહ્યું.

'મનેય થાય છે ભગત, કે ભગવાને આ બધું ટંટળ ઊભું શા માટે કર્યું હશે ?'

'શા માટે તે પાડવા માટે. મનેખને પેદા શું કરવા કરે છે ? મારવા માટે જ ને ?' ભગતે કહ્યું.

'એમાં જ એને મજા પડે છે, નહિ ભગત !' કહી કાનજી ટટાર થયો. બાજુમાં પડેલો ડોડો લઈ વળી એની તરફ તાકી રહ્યો.

'પણ આજકાલ તને આ બધો વૈરાગ આવ્યો છે ક્યાંથી ?' કહી હીરાએ દાણાનું બીજું ઓયણું મોંમાં ઓર્યું.

હીરાનું બોલવું જાણે સાંભળ્યું જ ન હોય એમ થોડી વાર પછી

પાછો કાનજી બોલ્યો : 'આ બધી માયા જ છે, નહિ ભગત ?'

'માયા ન હોય તો માનવી જીવેય ખરો કે ?' કહી ભગત પણ જરા ટટાર થયા.

'ત્યારે પેલી ગીતામાં તો ભગવાને માયાથી વેગળા રહેવાનું કહ્યું છે, ભગત !'

'એય માયા છે, ભાઈ !' કહી ભગત જરાક હસ્યા.

કાનજીએ ભગત તરફ દયામણી નજરે જોયું. કહ્યું : 'ના ભગત ! આમ ઉડાવો એ ન બને ! ખરો જવાબ આપો.'

'ખરો જવાબ તો હુંય નથી જાણતો. તુંય ગીતા વાંચે છે ને હુંય વાંચું છું. જે તને સમજાય તે તારું ને મને સમજાય એ મારું અને આ હીરાને કશું નથી સમજાતું તો એને માટે કશું જ નથી, કેમ હીરા ?' કહી વળી પાછા ભગત હસવા લાગ્યા.

હીરાએ ભગતને હુંકારો ન ભરતાં એમની તરફ જરા રીસભરી નજરે જોતાં કહ્યું : 'ખરું પૂછો તો ભગત, તમે જ આ કાનજીને બગાડી મૂક્યો છે, તમે જ એને ભણાવ્યો ને હમણાં હમણાંનો ગીતા વાંચતોય તમે જ કર્યો છે.

'પણ મારી પાસે ભણ્યો ત્યારે તો એ સદેવંત સાવળિંગા ને ગજરામારુ વાંચવા ભણ્યો હતો. એ વખતે મને શી ખબર પડે કે એ ગીતાની માયામાં ભરાઈ પડશે !' કહી ડોડાનું છળિયું બહાર ફેંકતાં બોલ્યા : 'લાવ એકાદ કૂણો જોઈને હોય તો; નહિ તો ઊઠીએ.'

હીરાએ એક ડોડો ભગતને આપ્યો અને બીજો કાનજી તરફ ધર્યો.

'મારે તો છે, તું ખાઈ જા.' કાનજીએ કહ્યું.

'ભલે ત્યારે.' કહી હીરાએ પડેલા ડોડાના દાણા વછોડી છળિયું ફેંકી દીધું. હાથમાંના દાણા મોંમાં ઓરી બીજો ડોડો લઈ ઊભા થતાં બોલ્યો : 'લો ઊઠો ભગત, તમારા બેને વાદે ચડીએ તો ઊલટા ભીખ માગતા થઈએ. ઊઠો આવવું હોય તો.'

'આ આવું જ છું ને.' કહી ભગત પણ ઊઠ્યા.

કાનજીની વિદાય લઈ બેઉ જણ હેઠે ઊતર્યા. એકલા પડેલા કાનજીના કાને કાગડાનો અવાજ પડ્યો : 'ઓ તારીનું ! મારા બેટા ખાઈ ગયા ને !' કહેતો કાનજી ઊઠ્યો અને બાજુમાં પડેલી ગોફણ તથા પથ્થર હાથમાં લીધા.

માથાબૂડ મકાઈમાં ચાલ્યા જતા હીરા તથા ભગતના માંથા ઉપરથી ગોળીની પેઠે, 'સનનન્' કરતો પથ્થર નીકળી ગયો. હીરો બોલી ઊઠ્યો : 'અલ્યા, જોજે ક્યાંક અમારું માથું ન રંગી નાખે.'

'એટલી બધી બીક લાગે છે તો માથાને જોડે લઈને શું કામ ફર્યા કરે છે ! ઘેર જ મૂકતા આવવું હતું ને ?' કહી ગોફણમાં બીજો પથ્થર ભરતો કાનજી હસવા લાગ્યો.

રસ્તા ઉપર આવતાં હીરાએ ભગતને કહ્યું : 'મને લાગે છે કે આ કાનજી મોડોવે'લો કાં તો સાધુ થઈ જાય, ભગત. આજકાલ એનો ઢંગ આ બધી માયા છોડી જવા જેવો લાગે છે !'

ભગત હસ્યા, બોલ્યા : 'મને ત્યારે એનાથી અવળી બીક છે, હીરા ! મને તો ઊલટું એમ જ લાગે છે કે એ કોક માયામાં ઊંડો ને ઊંડો કળતો જાય છે.'

'ના ના, ભગત, એવું તે શું હોય !' કહી હીરો વિચારમાં પડી ગયો : ભગત કઈ માયાની વાત કરતા હશે ?

નીચે મોઢે ચાલતા ભગત વિચારમાં હોય એમ વળી બોલ્યા : 'માન ન માન, પણ કોક કૂંડાળામાં એનો પગ પડી ગયો છે.'

'ના રે ભગત, એવાં તો પાંચ કૂંડાળાં ઓળંગી જાય તોય કાનજીને કશું થાય એમ નથી. ખુદ ભૂવા અને માતાઓ સામે બાખડી બાંધે છે એ તો તમેય ક્યાં નથી જાણતા ?'

ભગતને સહેજ હસવું આવ્યું : 'હું કહું છું એ જુદું કૂંડાળું છે, હીરા.' કહી જરા ઊભા રહ્યા. હીરા સામે જોઈ મરક મરક હસતા બોલ્યા : 'કાનજીનું આ દરદ હું પારખી ગયો છું. એને કોક જીવતી ડાકણ વળગી છે !' અને પગ ઉપાડતાં જાણે ત્રિકાળ ઉકેલતા હોય એમ બોલ્યા : 'કોઈ મહેમાન થઈને

આવ્યું હોય, કે કાં તો એ પોતે ક્યાંક પરગામ ગયેલો હોય કે પછી વાટે જતાં વળગણ વળગ્યું હોય, ગમે તેમ હોય; પણ તું વિચાર કરી જોજે હીરા, જો ખોટું નીકળે તો મારા નામનું ખાસડું મારજે.'

હીરાની જાણે ફટ દેતીકને આંખ ઊઘડી ગઈ. પંદરેક દિવસ પર કાનજી સાબુ લેવા ગયો હતો એ યાદ આવ્યું. જાણે આખોય ભેદ ઊઘડી ગયો, મનમાં બબડ્યો : 'માન ન માન પણ કાનજીને પેલી ગાંયજણની માયા લાગી છે. નહિ તો એ સાબુ લેવા જાય જ નહિ ! જોગીપરા ગયા વગર એટલું મોડું થાય નહિ તો !–' એક ભારે શ્વાસ લઈ નકારમાં માથું હલાવતાં હીરાએ કહ્યું : 'તમારું કહેવું ખરું હોય તો તો ગજબ થાય, ભગત !'

પરંતુ ભગતે 'શો ગજબ થાય ?' એવો ન તો સવાલ કર્યો કે ન એ વિશે બીજું કશું કહ્યું. જાણે સાંભળ્યું જ ન હોય એમ બોલ્યા : 'તું તો ઘેર જાય છે ને ? લે ત્યારે હું જરા ખેતરનો આંટો મારતો આવું,' કહી જમણા હાથ પર વળી ગયા.

પાતળી કેડી પરથી દોરી લાવ્યા પછી જાણે ત્રણ વાટના અજાણ્યા ત્રિભેટા પર મૂકીને ચાલ્યા ન જતા હોય તેમ હીરો મોં ફાડીને ભગત તરફ તાકી રહ્યો. કહ્યું : 'પણ ભગત, તમે પૂરી વાત તો સાંભળો, એનો કાંઈ ઉકેલ તો–'

ભગત ઊભા રહ્યા, હીરા સામે દયાભરી નજરે જોઈ હસીને બોલ્યા : 'અરે ભલો માણસ છે ? એ તો જેણે ગૂંચવ્યું છે એ જ ઉકેલશે. એમાં તું શું કામ આટલો બધો અકળાય છે ?'

ભગત તરફ ડગ ભરતાં હીરો બોલતો હતો : 'પણ આ તો કોઈના બાપથીય ઊકલે એવું નથી. ઉકેલવા જતાં ઊલટું વધારે ગૂંચાય એવું છે, તમે પૂરી વાત તો–'

હીરાને વાત કહેવી હતી, જ્યારે ભગતને જાણે સાંભળવી જ ન હોય એમ વચ્ચે બોલ્યાઃ 'પણ પૂરી વાત સાંભળીનેય હું એમાં શું કરવાનો હતો ? ને તુંય શું કરવાનો છે ? એ તો એ જ એની મેળે ઉકેલી લેશે.

ફકર કર્યા વગર તું તારી મેળે ઘેર જા, ને કંઈ ધંધે વળગ.' કહેતાં ભગતે વળી પાછું ચાલવા માંડ્યું.

હીરો તો ભગતને પીઠ પાછળ તાકી જ રહ્યો. એક વિચાર કાનજી પાસે જઈને, 'તેં આ ધાર્યું છે શું, કાનજી ?' કહી લડી નાખવાનો આવ્યો; પણ 'આટલો વખત થયો પણ એણે મને કંઈ વાત સરખીય ન કરી ?' એ લાગણીમાં, 'હશે ત્યારે ફૂટશે કપાળ !' આમ બબડી ઘર તરફ ચાલતો થયો.

પરંતુ કાનજીએ હીરાને વાત ન કરી એનું કારણ તો દેખીતું જ હતું. જ્યાં કશો ઉપાય જ ન હતો પછી એવી ગાંડી વાત કરીને શા માટે ઉપરથી મૂરખ બનવું ? ગણવા જેવું તો એણે મનમાં મનમાં બધુંય ગણી જોયું હતું. જીવી સાથે પોતાનું જીવન જોડી દેવામાં એને નાતની પણ પરવા ન હતી. મોટાભાઈ ઘરમાં ભાગ નહિ આપે, કે ગામલોક ગામમાં નહિ રહેવા દે એની પણ એને ઝાઝી ફિકર ન હતી. પણ ફિકર હતી એક મોટાભાઈના જીવની. ઉપરાંત પોતાની આ ચગડોળે ચડેલી યુવાનીનો પણ એને ઝાઝો ભરોસો ન હતો ને જીવી તરફનું આકર્ષણ એને 'ખાલી માયા જ છે' એવો ડર લાગ્યા કરતો હતો. પરંતુ આ ડર હાથે કરીને કેળવ્યો હતો એની તો એને ખબર જ ન હતી !

મોટાભાઈનો એક હાથ ભાંગેલો હતો; એટલું જ નહિ પણ શરીર તથા મનથી પણ અડધા ભાંગેલા જ હતા. અને એટલે જ તો પાંચ વર્ષ પર ગુજરી ગયેલા પિતાએ મૂછનો દોરો પૂરો ફૂટ્યો ન હતો એવા નાના દીકરાને પાસે બેસાડી મોટાની ભાળ લેવા કહ્યું હતું: 'કાના ! ભાઈ ! તારા મોટાભાઈની બાલાશ જોજે બેટા. કાલ ઊઠીને બૈરાંછોકરાંવાળો થાય– ને મને ખાતરી છે, તને બૈરું મળ્યા વગર નથી રહેવાનું– પણ તોય તું તારા મોટાભાઈને ન તરછોડતો ! જુદો રે' તોય એના ઘરનો બોજો તો તારા ઉપર જ રાખજે. તારી ભાભી મનેખ છે તે બોલે ! પણ તું તો બેટા, મારો ડાહ્યો દીકરો છે ! એના બોલ્યા સામું ન જોતો ને તારા મોટાભાઈને લોહીના ઉકાળા ન કરાવતો !–'

અને કાનજીએ પણ પોતાનું વર્તન અત્યાર સુધી એવું જ રાખ્યું હતું. મોટાભાઈ પાસે એ ભાગ્યે જ કંઈ કામ કરાવતો. આમ કરીને– મૂળ તો મોટાભાઈ બેઠકિયા હતા અને એમાંય 'જાઓને મોટાભાઈ, ફલાણાને ત્યાં મહેમાન છે તો બે ઘડી ત્યાં બેસોને, કામ તો હું ને ભાભી થઈને કરીશું.' આમ કરી કરીને એણે વધારે બેઠકિયા બનાવી દીધા હતા. ભાભી-દિયેરને ઝાઝું બનતું ન હતું એ ખરું પણ કાનજી હવે એમના બહુબોલા સ્વભાવથી ટેવાઈ ગયો હતો. જવાબ આપે તો તકરાર વધે ને ? ઊલટો કાનજી તો મનમાં મનમાં ભોજાઈનાં વખાણ કરતો હતો. આવા પૈસેટકે અને શરીરે પણ નરમ આદમીનું ઘર માંડવું એ નાતરિયા નાતની સ્ત્રી માટે વખાણવા જેવું પણ ખરું જ. એની જગ્યાએ બીજી હોત તો ઊભો મૂકીને કદાચ ચાલી ગઈ હોત એ કાનજી જાણતો હતો. એટલે આમ કકળાટ કરવા છતાંય ભાભીએ એનું ઘર સંભાળ્યું છે એ સદ્ગુણ એની નજર બહાર ન હતો. બીજી બાજુ કાનજીના આ સદ્ગુણો એના મોટાભાઈ, ભગત, હીરો અને બીજા સમજુ માણસોની નજર બહાર પણ ન હતા. એટલે જ તો લડતેઝૂંપતે લોકો પોતાના યુવાન છોકરાઓને કાનજીનો દાખલો આપતા હતા ને ?

આ બધું વિચારી જોતાં હીરાને પણ ખાતરી થઈ ગઈ હતી કે ભલે જીવીથી કાનજીનો ગમે તેટલો જીવ લાગ્યો હોય પણ એ એને ઘરમાં બેસાડવા જેવું કામ તો કદી નહિ કરે ! પણ બીજી બાજુ કાનજીના જીવને કંઈક નિરાંત વળે એવો તુક્કો પણ હીરો ખોળતો હતો. અને એક રાતે મન સાથે એ પણ બેસી ગયો.

બીજે દિવસે સવારમાં પોતાને માળે જ ચાની તૈયારી કરવા માંડી. ઘાંટો પાડીને કાનજીને સામે માળેથી બોલાવ્યો. બે જ જણ હતા. હીરાએ વાત છેડી: 'કાનજી, હું એક વાત પૂછું ?'

'પૂછને તે.' કહી નવાઈભરી નજરે કાનજી તેના તરફ તાકી રહ્યો.

'સાચું કહીશ ?'

કાનજીએ હીરા સામે દર્દભરી આંખે જોયું. ફિક્કું હસતાં બોલ્યો:

'કોઈ દન તને જૂઠું કહ્યું હોય એવું બન્યું છે તે તું આજ આમ પૂછે છે, હીરા ?'

'ના ના, એવું તો કશું નથી, પણ મને લાગે છે કે હમણાં હમણાંનો તું મારાથી ભેદ રાખતો થયો છે. તારા મનમાં કાંક–'

'ભેદ જેવું તો કશું નથી, પણ એય કહેવા જેવું હોય તો હું તને કહું ને ? ગાંડી વાત કરવાથી લાભેય શો, હીરા ?'

'ત્યારે તને નુકસાનેય શું થઈ જવાનું છે ?' કહી હીરો હસવા લાગ્યો. કાનજીને ચૂપ જોઈ ઉમેર્યું : 'કોઈને વાત કરીએ તો જરા મનેય હળવું થાય. એકલા એકલા ઘૂંટ્યા કરવાથી તો કોક દન ઊલટું મગજ ફરી જાય.' સાઠ વર્ષના ડોસા પેઠે ગંભીર બનીને હીરાએ કહ્યું.

'પણ હવે એની ફિકર કરવાની નથી, હીરા ! મગજ ફરી ગયું હોત તો આ દનમાં જ ફરી ગયું હોત. હવે તો એ વાતને મેં સાતમા પાતાળે જ ચાંપી દીધી છે.'

'તો હવે ચાંપી દીધા પછી તો વાત કર ?'

નીચું ઘાલી કડાની સળી તોડતાં કાનજીએ મોં મલકાવતાં કહ્યું: 'તું બધું જાણી તો ગયો છે પછી મારા મોઢાથી નહિ બોલાવે તો નહિ ચાલે ?'

આ સાંભળી હીરાનું મન ખરેખર હળવું થઈ ગયું. હસતાં હસતાં બોલ્યો: 'મને તો ખાતરી જ હતી કે આ બધાં ઝાંઝવાનાં જળ છે. નાહકનો તું એની પાછળ ગાંડો થયો હતો ને ! ને એનામાં એવું તે શું ભર્યું છે કે–'

'એનામાં શું ભર્યું છે એ તો હુંય નથી જાણતો, હીરા ! પણ કાંક તો છે જ. આપણી નાતની હોત તો હું એને ઘરમાં ઘાલ્યા વગર કદી ન છોડત !' કાનજીએ કહ્યું. એની સૂરત ઉપર મક્કમતા તરવરતી હતી.

'અરે જો નાતની જ હોત, તો તો વળી જોઈતું'તું જ શું ? ને હજુય શું વહી ગયું છે ? આપણી નાતમાં એનાય માથાની પડી છે. તું કે' એને ઉઠાવી લાવીએ. નાતમાં બસોત્રણસો દંડ ભરવો પડશે એ જ ને ? ગોઠે તો કાળા ચોરના લાવીશું, એક વાર તું કોક પસંદ કર ને ? બધુંય થઈ પડશે !' કહેતાં હીરો ટટાર થયો, 'કાંઈ ગાંડો છે !' કહી ક્ષિતિજ તરફ

તાકી રહેલા કાનજીને વળી કહ્યું : 'એ તો આય પરનાતની છે એટલે આટલું બધું વહાલ દેખાડે છે, બાકી જો નાતની હોત તો. ''ના બાપ ! મારા બાપની આબરૂ જાય !'' કહીને ક્યારની વેગળી થઈ ગઈ હોત.'

કોઈ નાદાન તરફ તાકતો હોય એમ કાનજીએ હીરા સામે જોયું, બોલ્યો : 'ત્યારે તું એને હજુ ઓળખતો જ નથી. મારે ને એને જોકે આવી કશી વાત થઈ નથી પણ એટલી તો મને ખાતરી છે– જો હું એને ઠાલા કૂવામાં પડવાનું કહું તોપણ એ હસતી હસતી પડે !' અને એક ભારે શ્વાસ લેતાં ઉમેર્યું : 'હીરા ! ભગવાને રૂપથી તો આખું આભમંડળ ભર્યું છે પણ પેલાં હૈયાં ક્યાં છે ? ખરી કિંમત તો હૈયાંની જ છે ગાંડાભાઈ ! પેલો દોહરો જો યાદ હોય તો–કે :

મૂલ તારાં રે ધોરી તારે શિંગડે,
વળી ઘોડીને કાન ટિશોર;
(પણ) શે રે અંકાય મૂલ માનવી !
તારાં હૈયાં તો ઊંડાં અઘોર !

આમ છે હીરા. બળદનાં મૂલ એની શિંગોટી પરથી થાય, એમ ઘોડાનાં મૂલ કાનની ટિશોર જોઈને કરાય; પણ માનવીનાં મૂલ તો ભૂંડા, હૈયાં જોઈને જ અંકાય છે– પછી ભલે એ ચડતી નાતનું હોય કે ઊતરતી નાતનું !'

કાનજીની વાણી અને સૂરત જોતાં ક્ષણભર તો હીરાને, 'ત્યારે કરી નાખો' એમ કહી નાખવાનું મન થયું. પણ એ જાણતો હતો કે એમ કહી દીધે કંઈ કરી નખાય એમ ન હતું. 'નાત, જાત, ભાઈ, ભોજાઈ અને ભાઈબંધ– બધુંય છોડવા બેસે તો છોડી શકાય પણ પાછળ છોકરાંછૈયાં થાય એમની શી દશા !' આ વિચાર સાથે હીરાએ એક નિઃશ્વાસ નાખ્યો. કહ્યું : 'એ બધુંય ખરું કાનજી, પણ આપણું ગાંડુ લોક આ બધું ઓછું સમજે છે ?'

અને કંઈક સમજ્યો હતો એના ઉપર પણ હીરાએ પાણી ફેરવી નાખ્યું : 'આપણાથી કંઈ નાતજાત કે સગું વહાલું ઓછું છૂટે છે !'

'એટલે જ તો હમણાંનું મેં એ બધું જતું કર્યું છે ! આ તો તેં વાત

કાઢી એટલે કહું છું. બાકી મારા મનથી એવું કશું નથી હવે, ભગત કહેતા હતા એમ મન તો ઘણુંય સ્વર્ગનાં અમૃત પીવા દોડે, પણ છેવટે તો સ્વર્ગનાં અમૃત ને ! જીવતે જીવ કંઈ ઓછાં પીવા મળે ?' કહી કાનજીએ હસવા પ્રયત્ન કર્યો. તાપણા પર મૂકેલી તપેલી તરફ નજર નાખતાં બોલ્યો : 'લે, વાતમાં ને વાતમાં પાણીય બાળી મૂક્યું, થોડું ઉમેરવું હોય તો ઉમેરીને પાર મૂક હેંડ; મારે તો હજુ તલ જોવા ભાઠોડે જવું છે.'

'મારેય કામનો પાર નથી.' કહી હીરો તાપણી તરફ વળ્યો. અને દેવતા ધમધમાવી ઘડીકમાં ચા તૈયાર કરી દીધો. બેઉ જણ વળી પાછા કંઈક વિચારમાં પડી ગયા હતા. ચા પીતાં પીતાં થતા સૈડકા સિવાય બધું શાન્ત હતું. માથા ઉપરથી પસાર થતા કાગડાઓ પણ જાણે ચોરમિસાલે ઊડતા હતા. એથી થોડીક વધારે ઊંચાઈએ ઊડતાં સૂડાનાં ટોળાં બોલતાં બોલતાં જતાં હતાં પણ એમનો અવાજ પણ ઊગતા સૂરજના તેજમાં જાણે સમાઈ જતો હતો.

ચા પૂરી કરીને હીરાએ હુક્કો ભર્યો. અડધી તમાકુ બળી ગઈ ત્યાં સુધી એને કાનજી તરફ લંબાવવાનું ભાન સુધ્ધાં ન હતું. મગજમાં કંઈક બેસી ગયું હોય એમ કાનજી તરફ એકબે નજર નાખી લેતાં કહ્યું : 'એ કાનજી, એ છોડીને આપણા ગામમાં બેસાડી હોય તો ન બને ?'

'ક્યાં ?' કહેતા કાનજીના મોં પર ચીડ અને ઇંતેજારી બેઉ હતાં.

'કેમ ક્યાં ? આપણા ગામનો ધૂળિયો ગાંયજો બિચારો રહેલો જ છે ને ? થતું હોય તો કરી આપને.' કહી હુક્કો આપતાં ઉમેર્યું : 'બિચારો જીવશે ત્યાં સુધી આશીર્વાદ આપશે હોં !'

'અરે એમ તે કંઈ કોકની છોડી વાટમાં પડી હશે, હીરા ? તુંય વાત કરે છે તે ?' કહી કાનજી હસ્યો. પણ એ હાસ્યમાં, 'ક્યાં આ કાગડો ને પેલી કોયલ ? એવું કંઈક હતું.

'પણ તારી આ વાત પરથી મને લાગે છે કે તું કે' તો માની જાય જરૂર; ને જો ખૂંટો સાબત હોય તો છોને એનાં માબાપ દામણાં તોડતાં ! ઊભા છેડાની તો છે નહિ કે ગાંયજાની નાતેય કાંઈ પજવી શકે.'

હુક્કાના બેચાર દમ મારતાં કાનજી બોલ્યો : 'કોઈને વાત ન કરતો વાત !'

'પણ એમાં ખોટું શું છે ? આ નહિ તો એનો ભાઈ બીજો, પણ કોકનુંય ઘર માંડ્યા વગર કંઈ ઓછી રહેવાની છે ? આમ જ છે તો ગામના ગાંયજાનું ઘર વસતું રહે એ શું ખોટું ? એ ભાઈમાં એવા રામ નથી કે બીજું કોઈ બૈરું મળે ને વંશ રહે !'

કાનજીને ચૂપ જોઈ વળી કહ્યું : 'થતું હોય તો કરી આપને, નાનીકાકી તો તને ભગવાનની પેઠે પૂજશે !' અને હસતાં હસતાં વળી ઉમેર્યું : 'ને અમે ગામલોકોય તારો ઓછો પાડ નહિ માનીએ.'

કાનજીએ ઊભા થવાની તૈયારી કરતાં કહ્યું: 'લે જા જા હવે; કામે વળ, ઊઠ.'

બેઉ જણ માળા હેઠે ઊતર્યા. છૂટા પડતાં હીરાએ વળી કહ્યું : 'હું મશ્કરી નથી કરતો, કાનજી, મેં કહ્યું એના ઉપર તું જરા વિચાર કરજે. એક પંથ ને દો કાજ જેવું છે, પછી તો તું જાણે.'

કાનજી એનું એ જ બોલ્યો : 'તું જા ને છાનોમાનો ?' અને હોઠ ચાવતો ચાવતો માથાબૂડ મકાઈમાં લોપ થઈ ગયો.

૫. મથામણ

કાનજીના મગજમાં ઠીક ઠીક દિવસ સુધી તે દિવસવાળું હીરાનું 'એક પંથ ને દો કાજ'વાળું વાક્ય ઘોળાયા કર્યું. ઘડીકમાં એને હીરા ઉપર તિરસ્કાર આવતો તો ઘડીકમાં આ રસ્તો બતાવવા બદલ એના ઉપર વહાલ પણ વહી જતું. ઠીંગણી દડી, ગોળ-માટલી ઘાટનું મોં, કાળાશ પડતા રંગમાં બિલાડા જેવી ભૂરી આંખો : આવી ધૂળાની મૂર્તિ ખડી થતાં વળી એનો જીવ કકળી ઊઠતો, મન સાથે બબડતો : 'ને હાળો પાછો સ્વભાવનોય ચીડિયો મૂઓ છે તો !–'

પરંતુ બીજી બાજુ એને એમ પણ થતું: 'પણ કેમ જાણ્યું એને બીજો કોઈ સારો જ મુરતિયો મળશે ? તે દન બિચારી કે'તી'તી જ ને, કે એની ઓરમાન મા કોઈ એના સગા સાથે ગોઠવી દેવા મથી રહી છે ! વિરોધ કરી કરીનેય કેટલા દન કરશે ને એનું જોરેય શું ચાલવાનું છે ? બિચારી કોઈ ખાલી ઘરમાં જઈ પડે એના કરતાં આ ધૂળિયાનું ઘર શું ખોટું ? ખાવાપીવાનું સુખ ને.... આપણી નજર આગળ તો ખરી !'

અને આમ આટલા દિવસના વલોણા પછીનું આ છેલ્લું વાક્ય એના મગજ– એના હૈયાને સારી પેઠે ઠારતું હોય એમ એણે નક્કી જ કરી નાખ્યું : 'હીરો પાછળ પડ્યો છે ત્યારે ભલે ને થતું. તે દન બિચારાં નાનીકાકીય કેવું કહેતાં હતાં ! કોકનો વંશ રે' એનાથી બીજું સારું પુણ્ય છેય કયું ?'

એક બપોરે તો હીરાના આગ્રહને વશ થઈને કાનજી જીવી સાથે

નક્કી કરવા જવા માટે તૈયાર પણ થયો, પણ જતાં જતાંય એણે હીરા આગળ પોતાનો ડર વ્યક્ત કર્યો : 'હીરા, જઉં તો છું– ને મને તો ગળા સુધી ભરોસો છે કે જીવી મારું વચન નહિ ઉબેટે– પણ પાછળથી આ ધૂળિયું હાળું વાંદરા જેવું છે હોં–' અને કાનજીને જાણે, રખેને હીરો, 'મરવા દે ત્યારે !' આવું કહી ઊઠતો એવી બીક ન હોય એમ ઉમેર્યું : 'બાકી હું તો તારું કહ્યું કરવા તૈયાર છું !'

'અરે એ ધૂળિયું બિચારું શું કરવાનું હતું ! આમેય એનામાં કશા ઢંગ નથી ને કુણ એને બૈરું આલવાનું હતું ? આટલું તો એય સમજે, કાનજી.' કહી કંઈક ભેદભર્યું હસતાં હીરાએ ઉમેર્યું : 'ભલભલા મૂછો આમળતા રહી જાય છે તો બિચારો આ ધૂળિયો તો શા હિસાબમાં !'

હીરાના કહેવાનો મતલબ કાનજી કદાચ સમજી ગયો હશે. એને હીરા ઉપર સહેજ ખીજ પણ ચડી. આંખ સહેજ મોટી કરતાં બોલ્યો : 'ના ના હીરા, તું મને એટલો બધો નીચ તો ન સમજતો હોં ! હા એટલું ખરું કે એ આપણી નજર આગળ હોય તો ઠીક જરા, એક જાતની આપણને નિરાંત રે' બીજું શું !'

હુંય ત્યારે એ જ કહું છું ને ? આ તું છાનો છાનો સાત ગાઉના ફેરા ખાય છે તે એ તો મટી જાય ને ?' હીરાએ કહી જ નાખ્યું.

હીરાએ જ જાણે પોતાની (કાનજીની) જાતને છતી ન કરી આપી હોય એમ કાનજી ગંભીર બની ગયો. સ્વગત બબડતો હોય એમ બોલ્યો : 'ના, તો તો હું નહિ જ જઉં, હીરા ! ભલે ધૂળિયો સાત ભવ બૈરા વગરનો કેમ નથી રહેતો ! ગામમાં ગાંયજાનું ઘર વસતું નહિ રે' તોય એમાં મારે શું ?'

હીરાનું મોં સાવ પડી ગયું. 'પણ આમાં તને મેં એવું શું કહ્યું કે તું આમ ફરી જાય છે ? નાનીકાકી આગળ બધી વાત કરીને નક્કીય કર્યું છે ને તું પાછો–'

કાનજી વચ્ચે બોલ્યો : 'એ બધું ખરું, પણ તે દન નાનીકાકી કે'તાં'તાં એ તો તુંય ક્યાં ન'તો સાંભળતો ? એક વાર જે બાઈએ પોતાના મોઢે

ચડીને ના પાડી એ ધૂળિયો એને નહિ ગમતો હોય ત્યારે જ ને ? એને જ પાછી શરમમાં હા પડાવવી એ ઠીક તો નથી થતું, હીરા !' અને ભારે શ્વાસ લઈ ઉમેર્યું : 'મરવા જ દે હીરા, આપણે ન કંઈ લેવા ન દેવા ને નાહક–'

'અરે ભલા માણસ, પણ આમાં તો બસો રૂપિયા ફૂટી કાઢવા હોય તોય ધૂળિયો–'

આ બસો રૂપિયાનું નામ સાંભળીને તો કાનજીને હીરા ઉપર એટલો બધો ગુસ્સો આવ્યો કે– તમાચો તો ન માર્યો પણ કહ્યું તો ખરું જ : 'શું કરું હીરા ! જો તારે ઠેકાણે બીજો કોઈ હોત તો અત્યારે બે તમાચા ખેંચી કાઢ્યા હોત !' અને આગ ઝરતી નજરે તાકતાં બોલ્યો : હું કંઈ જીવીને વેચવા માટે નથી નીકળ્યો કે તું આમ લાલચ દેખાડે છે !'

'પણ તને કે' છે કોણ ?' કહી હીરો ચૂપ તો રહ્યો પણ મનમાં તો થતું જ હતું : 'મારે શું ત્યારે ! આ તો તારી દશા જોઈને મારેય આટલું કહેવું પડ્યું. મારા મનથી કે ધૂળિયાનું ઘર બંધાય ને નજર આગળ હોય તો તારે કાળજેય ટાઢક વળે ! હમણાં તો જ્ઞાનનું પૂછડું ઝાલ્યું છે, પણ જતે દા'ડે જો કપાળે રાખ ન ચોળે તો વળી યાદ કરજે, હીરો શું કે'તો'તો–'

એણે એક ભારે શ્વાસ લઈ ઊભા રહેલા કાનજી તરફ જોયું. એક વાર છેલ્લું કહી લેવાને ઈરાદે બોલ્યો : 'જો તારે જવું હોય તો રવાના થા; પછી પાછું મોડું થશે.' અને કાનજીને હોઠ ચાવતો જોઈને વળી કહ્યું : 'ન જવું હોય તો તું જાણે, પણ હજુય તું તારા મનને પૂછી જોજે– આપણી જીભ વાતાં જો કોકનું ભલું થતું હોય તો એમાં મને તો કશું ખોટું નથી લાગતું ! દન તો તને અહીં ને અહીં નમવા આવ્યો, પછી તારા ગયામાંય શા ભલીવાર પડવાના છે ?'

'એક વાર જઉં તો ખરો ! એ બહાને એનાં (જીવીનાં)ય પારખાં થશે !' વિચાર સાથે કાનજી ફટોફટ માળાનાં પગથિયાં ઊતરી પડ્યો.

હીરાને પૂછવાનું મન થયું, 'અલે ત્યાં જાય છે કે ક્યાંય બીજે ?' પણ એ ન પૂછતાં, 'જે હશે એ રાતે ખબર પડશે,' વિચારી ચૂપ જ રહ્યો.

પોતાની પ્રિયતમાનું બીજા માણસ માટે માગું કરવા નીકળેલા કાનજીને રસ્તામાં શા શા વિચાર નહિ આવતા હોય ! કોઈક ઠેકાણે રસ્તો ભૂલતો, તો વળી આડવાટ કાપી રસ્તાને ટૂંકો કરતો જોગીપરાના કૂવા ઉપર આવીને, લાંબો પંથ કાપીને આવેલા કોઈ વટેમાર્ગુ પેઠે અલાણીની ધાર પર બેસી ગયો. ચોમાસુ પાક લણવાના દિવસો હોવાથી પાણિયારું હજુ નિર્જન જેવું હતું. પણ એટલામાં તો ગામનો ઢાળ ઊતરતી એક પનિહારી દેખાઈ. કાનજીને થયું કે જો કોઈ ઊંચા વરણની નીકળી તો પાણી પીવું પડશે, અને આમ પાણી પીવાનું બહાનું મટી જતાં કૂવા ઉપર ઝાઝી વાર નહિ બેસાય. તરત જ એ લાકડી લઈને ઊઠ્યો. જોડેના એક ખેતરમાં ગયો, તમાકુ ભરી ખેડૂત સાથે વાતો કરતો અને કૂવા ઉપર નજર નાખતો ઠીક ઠીક વાર સુધી બેસી રહ્યો. છાણાનો અંગારો હોવા છતાંય તમાકુમાં કંઈ ભલીવાર નહોતા પડતા ! પાડવા હોય તો પડે ને ?

એટલામાં તો મણિ જેવું કોઈક આવતું જોયું. ખાતરી કરી લઈ પેલા ખેડૂતથી રામ રામ કરીને ઊભો થયો. બગલમાં લાકડી મારી ચલમનો દમ લગાવતો ધીમે ધીમે કૂવા તરફ જવા લાગ્યો. મણિની નજર સાથે નજર મળી. આંખને ઈશારે જ કાનજીએ એને ચૂપ રહેવા સમજાવી દીધી.

'કોણ પટેલ છો ? જરા પાણી પાશો ?' કાનજીએ મણિને જ પૂછ્યું.

'પીઓને ભા, પાણિયારે આવેલાનેય નહિ પાય !' પાણી ભરતી બીજી બાઈ બોલી. પૂછ્યું : 'શી નાતે છો, ભાઈ ?'

'હુંય છું તો પટેલ' કાનજીએ બગલમાંથી લાકડી કાઢી પગ ઉપર ઝીલતાં હેઠે મૂકી.

'ભલે ભા ભલે.' કહી છેલ્લો ઘડો ખેંચી રહેલી એ બાઈએ મણિને પૂછ્યું : 'તું પાય છે કે હું ?'

'શું કામ તમે ભરેલો ઘડો ઊણો કરો છો ? મારે આ ઘડામાંથી માટલું ભરાતાં વધશે, હું પાઉં છું. લો તમને ચડાવું.' કહી ખાલી ઘડો નીચે મૂકીને મણિએ એ બાઈને માટલું ચડાવવામાં મદદ કરી. ઉપર ઘડો મૂકીને વિદાય આપી. બીજી બે આવતી પનિહારીઓનું છેટું માપી લેતાં બોલી :

'કેમ કાનદા, કેમ આવવું પડ્યું ?'

'મારે જીવીને ખાસ મળવું છે. પેલા વાંઘાવાળા મહુડા આગળ– ગોઠે તો ચારનું બા'નું કાઢીનેય એ મને મળે, ભૂલ ન થાય. રાત પડે તો ભલે, પણ મને મળ્યા વગર ન રે'.'

'એ વાતે તમે બેફિકર રે'જો. મળે છે તો હું એને હમણાં જ મોકલું છું.' ટીખળ કરવાની વૃત્તિને પડતી મૂકીને મણિએ કહ્યું : બીજી પનિહારીઓ પણ હવે કૂવા લગભગ હતી. મણિએ વટેમાર્ગુને પાણી પાયું અને વટેમાર્ગુએ : 'એક કળશ્યાને માટે તમારે આખો ઘડો કાઢવો પડશે !' કહી કૃતજ્ઞતા વ્યકત કરી લાકડી સંભાળી બોલ્યો : 'લો બેસો બુન.'

આવી પહોંચેલી બાઈઓના સવાલનો, 'કુણ ઓળખે છે ? કોક છે. કૂવો જોઈને અહીં પાણી પીવા આવ્યો હશે.' એમ કહેતી મણિએ બેડું માથે લીધું અને કાનજીની પીઠ તરફ એક નજર નાખી ચાલવા માંડ્યું.

કાનજીએ કહેલો મહુડો મૂનપર જતી વાટમાં જ આવતો હતો. મહુડાની એક બાજુ ચોમાસાને લીધે અવાવરો થઈ પડેલો ગાડાચીલો જતો હતો, જ્યારે બીજી બાજુ વાંઘાનો ખાંચો– કોતરડા જેવું હતું. અને કોતરડાની બાજુમાં જ થોરિયાની મોટી વાડ હતી. કાનજી મહુડાના થડિયા આગળ થોડી વાર ઊભો રહ્યો. આજુબાજુ નજર નાખી લઈ કોતરડાની તરફ ઢળતા ઢોળાવ ઉપર પછેડીનું ઓશીકું કરીને ઘાસમાં જ આડો પડ્યો. પગ પર પગ ચડાવીને ગયા વખતની મુલાકાતનાં સંસ્મરણ યાદ કરવા વળ્યો. તે વખતનું પોતાનું ઉદ્ધત વર્તન યાદ આવતાં આજે પણ એને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. બીક પણ લાગી, રખેને રિસાઈ બેઠી હોય ! પણ એનું અંતર એ માટે જાણે માથું હલાવી ના પાડતું હતું : 'ના ના, બીજું કોઈ રિસાય પણ આ પૂતળું (જીવી) રિસાય કદી !' જીવીની મૂર્તિ એની નજર આગળ તરવરતી હતી. આવ્યાને ઝાઝી વાર ન થવા છતાંય કાનજીને જાણે લાંબો સમય લાગતો હતો. એક બે વાર તો ઊઠીને નજર પણ નાખી. પરંતુ ત્રીજી વારના ફેરાએ એની તરસી આંખને ઠારી. ખભે બંધ અને હાથમાં દાતરડું રાખીને જીવી ચાલી આવતી હતી.

એકમેકથી આંખ મળી. બેઉ ચહેરા હાસ્યથી ઊભરાઈ ઊઠ્યા. કાનજી પેલી બાજુ નીચે ઊતરવા ગયો, ત્યાં તો ઢાળ ચડતી જીવીએ કહ્યું : 'શા માટે ઊતરી પડો છો ! એં જ બેસોને. કોઈ જોઈ જશે ને કંઈ કહેશે તો મને કહેશે, તમે શા માટે ડરો છો ?' કહી મહુડાના થડિયા આગળ આવી આસપાસ નજર ફેંકતાં બોલી : 'અહીં તો કોઈ બલાય આવવાની નથી.'

વળી પાછી બેઉ નજરો મળી, બેઉ હસ્યાં. પણ આ વખતના કાનજીના હાસ્યમાં દર્દની છાંટ પરખાઈ આવતી હતી.

'લો બેસો !' કહી જીવીએ ઘાસ પર દોરડું નાખી આંખ વડે એ આસન દેખાડ્યું. મહુડાના થડિયાને અઢેલી પોતે ઊભી રહી.

'પણ મારે તને એક વાત પૂછવી છે, અહીં બેસીશું તો મારાથી નિરાંતથી વાત નહિ થઈ શકે,' કાનજીએ સહેજ લાચારી સાથે કહ્યું.

'તો ચાલો મારા ખેતરમાં.' કહી બંધ લેતાં હસીને ઉમેર્યું : 'ત્યાં આવશો તો ચાર નહિ વાઢવા લાગો તો છેવટે ભારો તો ચડાવશો ને !' પછી હાથ લંબાવી રસ્તો દેખાડ્યો : 'આ થોરિયાની વાડે વાડે આંબો આવે એ ખેતરમાં આવજો, એટલામાં તો હું આમ વાટે થઈને આવી લાગું છું.' કહી પીઠ ફેરવી. બેએક ડગલાં ભરી ઉમેર્યું : 'જોજો, ક્યાંક રિસાઈને ઘર તરફ ન હેંડવા માંડતા; નકર રાત પડવા આવી છે ને વગડામાં હું ક્યાં ખોળતી ફરીશ ?'

'એવું હોય તો તો હું ઘર તરફ જ ચાલવા માંડું.' પછેડી લઈને પાછા ફરતાં કાનજીએ કહ્યું.

'તમે તો જાઓ જ તો !' કહી જીવીએ પાછળ ડોક ફેરવી કાનજી સામે કતરાતી નજરે જોયું. 'જોઉં છું કોણ પહેલું આવે છે.' કહી હસતી હસતી પીઠ ફેરવી ગઈ.

બેમાંથી જીવી પહેલી આવી હતી, એ કહેવાની તો જરૂર જ નથી રહેતી.

ખેતરને શેઢે આવેલા આંબા નીચે કાનજી તથા જીવી બેઠાં હતાં. ક્ષિતિજ લગતા પહોંચેલા સૂર્યનાં પીળાં અજવાળાં મકાઈનાં રાડાંમાંથી

ચળાઈ ચળાઈને આવતાં હતાં.

જીવી જાણે લીંપેલામાં બેઠી હોય એમ નિરાંતથી બેઠી હતી. ઢીંચણ ફરતા રાખેલા હાથનાં આંગળાં એકમેકને ભેરવેલાં હતાં. સાળુનો છેડો અડધે માથે જઈ ઊભો હતો. કાનમાં લટકતા સોનાના લોળિયાનો રૂપેરી ઝોલો એની મુખાકૃતિને કોઈ અનેરું રૂપ અર્પતો હતો. આંખોમાં તરવરતી મસ્તીના પડછાયા મુખ ઉપર પથરાઈ રહ્યા હતા. એકમેક સામે જોઈને આંખો વાટે વાતો કર્યા પછી જીવીએ હસીને પૂછ્યું : 'તે દનની પેઠે આજેય ભૂલા પડ્યા છો કે શું ?'

લાંબા પગ કરી જમણા હાથનો ટેકો લેતાં કાનજીએ કહ્યું : 'ભૂલો પડ્યો છું કે પછી ધાર્યે રસ્તે આવ્યો છું એ તો હુંય બરાબર નથી જાણતો ! પણ–' કહી જીવી સામે દર્દભરી નજર નાખી, હસવા પ્રયત્ન કરતાં બોલ્યો : 'આ મોઢું જોવા આવ્યો છું, એટલું તો ચોક્કસ છે.'

આ તો ઠીક છે કે દન દનનો રસ્તો છે એટલે મોઢું જોવા દોડી આવો છો, પણ કાલ હું કોક આઘેના ગામ જઈશ ત્યારે શું કરશો ?'

હાથમાં રાખેલા લાકડાથી જમીન પર લીટા દોરતો કાનજી કંઈક વિચારમાં પડ્યો હોય એમ સહેજ વાર પછી ભારે શ્વાસ લેતાં બોલ્યો :

'એટલે જ તો હું આવ્યો છું.'

'એટલે હું વેગળે જાઉં એ પહેલાં ધરાઈને મોઢું જોઈ લેવા કે પછી–' તરત જ વાક્ય પલટાવી દીધું : 'ચોખ્ખું બોલો તો કશું ય સમજાય ને ?'

'ચોખ્ખું કહેવા જ તો આવ્યો છું. પણ એ પહેલાં તું વચન આપે તો કહું.'

કાનજી સામે મારકણી આંખે જોતાં જીવીએ પૂછ્યું : 'શાનું ?'

'હું કહું એ કબૂલ કરવાનું.' કાનજી નીચી નજરે બોલતો હતો.

'વચન નથી આપ્યું તોય અત્યાર સુધી કશું નાકબૂલ તો નથી કર્યું. એટલો વિશ્વાસેય નથી તમને ?'

'વિશ્વાસ ન હોત તો આટલા ગાઉ આવતેય ખરો ?.... પણ આ તો તું વચન આપે તો મારા જીવને ધડાવ (હિંમત) રહે !'

'ને વચન આપીનેય જો હું ફરી જઈશ તો તમે મને શું કરવાના હતા ?' કહી જીવી હસી પડી.

કાનજીએ પગ ટૂંકા કર્યા. ટટાર થઈને આઘાત માટે જીવીને તૈયાર ન કરતો હોય તેમ કહ્યું : 'આ કાંઈ હસી કાઢવા જેવી વાત નથી, જીવી !'

'પણ ત્યારે જે હોય તે કહી નાખો ને ? વચન આપીશ કે નહિ આપું તોય તમે કહેશો એટલે કર્યા વગર કંઈ છૂટકો છે ?' કહેતી જીવીની સૂરત તો પહેલાંના જેવી જ હસમુખી હતી, પણ આંખોમાં જરા ઈંતેજારી વધી હતી.

ગોળી છોડવાની તૈયારી કરતાં છેલ્લી ચેતવણી જ આપતો હોય એમ વળી કાનજીએ કહ્યું : 'જોજે હોં પાછળથી ફરી ન જતી ! હજુય તું ના કહેતી હોય તો રે'વા દઉં !'

કાનજીની આ વાતચીત દરમિયાન જીવી જેવી આશાભરી પ્રિયતમાએ શી શી ધારણાઓ નહિ બાંધી હોય ! 'પોતાને તેડવા જ આવ્યા લાગે છે' તો વળી , 'કે પછી લઈને પરદેશ નાસી જવાનું રાખ્યું હશે ? કોઈ બીજી ગોબરી માગણી તો નહિ કરે ને ?'

પરંતુ આવી આવી ધારણાઓથી થડકારા મારી રહેલું જીવીનું હૈયું, કાનજીના છેલ્લા શબ્દો અને એની ઝાંખી પડી ગયેલી સૂરત જોતાં ધીમું પડી ગયું. રીસ સાથે બોલી : 'કહેતા હો તો કહી નાખો ને પાળ્યા ન પાળ્યાની તમને ને મને– બેયને ખબર તો પડશે ?'

'હું તો તારું માગું લઈને આવ્યો છું.' કહી આંખોને ભોંય ખોતરતી રાખી જવાબ માટે કાનજીએ કાન માંડ્યા.

જીવીનો જીવ જાણે હેઠો બેઠો હોય એમ, 'પોતાનું માગું પોતે તે કોઈ કદી કરતું હશે ?' કહી ઝીણું ઝીણું મલકાઈ રહી.

કાનજીના મોંની ભોગળ બંધ કરી દેવા જીવીનું આ વાક્ય જ બસ હતું. જીવીની સિકલ તરફ જોયું હોત તોપણ કદાચ ન બોલી શકતઃ 'મારું પોતાનું માગું લઈને નથી આવ્યો પણ હું તો.... મારા ગામવાળા ધૂળિયા ગાંયજાનું માગું લઈને આવ્યો છું !'

કાનજીએ બોલી તો નાખ્યું પણ ત્યાર પછી એ ન તો ઊંચી આંખ કરી શક્યો કે ન બોલેલા શબ્દો પાછા ગળી શક્યો, 'ત્યારે તો ધૂળિયા માટે વડસાળે આવ્યા છો !' આવું કંઈક સંભળાયું પણ એ જીવી જ બોલે છે એની એને પૂરતી ખાતરી ન હતી. કદાચ એ પોતે બોલ્યો હોય એવો પણ એને પાછળથી વહેમ પડ્યો. કાનજીએ ઊંચે જોયું. 'ના ના જીવી ! મેં બોલવામાં ભૂલ કરી. એ બધી વાત ખોટી છે.' આમ કહેવા એણે હોઠ ઉઘાડવા પ્રયત્ન કર્યો પરંતુ ત્યાર પહેલાં તો એક હાથનો ટેકો લઈ ઊંધા પગ નાખીને બેઠેલી જીવીએ, બીજા હાથથી ઘાસ તોડતાં પૂછ્યું : 'મારાં માબાપને પૂછ્યું છે ?'

કાનજીમાં વળી પાછી હિંમત આવી. 'ધૂળિયાની મા કે'તાં'તાં કે ડોસાની તો મરજી છે પણ તારું ને તારાં ઓરમાન માનું જરા કમન જેવું છે !'

ધીમેથી પણ ઊંડો શ્વાસ લેતાં જીવી બોલી : 'મારું કમન છે એવું જાણતા હતા તોય.... ભલી માગું લઈને આવવાની તમે હિંમત કરી !'

કાનજીએ ચાપલૂસીભર્યું હસતાં કહ્યું : 'પણ તું ના નહિ પાડે એની તો મને ખાતરી જ ને ! એટલે જ તો આ કામ માથે લીધું, નહિ તો કદી–'

'સારું કર્યું જે કર્યું એ !' આ શબ્દો ભેગો જ જીવીએ નિઃશ્વાસ નાખી લીધો, બોલી: 'પણ આનું હવે કરવાનું છે કેવી રીતે ? પૂછવા જશો તોય– મારા બાપા માનશે પણ મારી મા તો નથી જ માનવાની.' હજુય એ આડું જ જોઈ રહી હતી.

કાનજીએ જીવી સામે તાકતાં કહ્યું : 'એ તો બધી હવે તારા હાથની જ વાત છે.' અને જીવીને ચૂપ જોઈ ઉમેર્યું : 'તું કે' તો અમે બેચાર જણ ધનતેરસની સમીસાંજે આવીએ ને પેલા મહુડા આગળ ઊભા રહીએ.'

'ભલે !' કહી જીવી ચૂપ રહી.

કાનજીને આથી વધારે શું કહેવાનું હતું ! જે કાંઈ કહ્યું હતું એ જ એટલું બધું વધારે પડતું હતું કે એને પોતાને પણ પોતાની જાત કોઈ મહા અલ્પ લાગતી હતી. પહેલાંનો પ્રેમ, ત્યાગ કે ગૌરવ; વિરહ, વેદના કે

વૈરાગ એમાંનું કંઈ કહેતાં કંઈ જ નહોતું રહ્યું ! જીવી આગળ વધારે વાર બેસવાનું પણ એને ભારે લાગવા માંડ્યું. એના મનમાં થતું હતું : 'હજુય કાંક કરતાં આ ના પાડે છે ?' અને પૂછ્યું :'શું ત્યારે, શો વિચાર કર્યો ?'

'વિચાર કરવા જેવું હવે છેય શું ?' કહેતાં જીવી ટટાર થઈ અને કાનજી સામે જોતાં જાણે કાનજીનું ગોખાવ્યું ન ગોખતી હોય એમ બોલી : 'ધનતેરસની સમીસાંજે પેલા મારગવાળા મહુડા આગળ મારે આવવાનું.'

કાનજીને, 'જો તારું મન દુખાતું હોય તો મરવા દે આ વાતને' આમ કહેવું હતું. પણ જીવીની સૂરત જોઈને એનાથી કશું જ ન બોલાયું. આમ કહેવું એ હવે માથું કાપ્યા પછી ચોંટાડવા જેવું પણ લાગતું હતું. છતાંય જો બેસવા મળ્યું હોત તો કંઈક કહેત. પણ એટલામાં જીવીએ બાજુમાં પડેલો બંધ અને દાતરડું પોતા પાસે તાણ્યાં.

'હું જાઉં ત્યારે,' કહી કાનજી પણ ઊભો થયો.

બંધની સેરોને ભેગી કરતી જીવી બોલી : 'આવજો.'

'ધનતેરસે નક્કી ને ત્યારે ?' કાનજીએ વળી પૂછ્યું.

કાનજી તરફ જોતી જીવીની નજર જાણે કહેતી ન હોય, 'આ માણસને હજુય વિશ્વાસ નથી પડતો ?' અને બોલી : 'નક્કી, ને તેમાંય બે ધનતેરસો હોય તો પહેલી,' કહી ઊભી થઈ બોલી : 'સમીસાંજથી માંડીને મહુડા આગળ હું બેસીશ. તમારે આવવું હોય ત્યારે આવજો, જાઓ.' કહી પીઠ ફેરવી ગઈ. જોતજોતામાં મકાઈમાં લોપ થઈ ગઈ.

કાનજીએ પણ ઘર તરફ માપવા માંડ્યું.

છેડાયેલી કુમારિકા જેવા લાલઘૂમ વદનવાળો સૂર્ય પણ ક્ષિતિજ નીચે ઊતરી પડ્યો.

૬. પરને સોંપી

કાનજી જીવી સાથે નક્કી તો કરી આવ્યો પણ વળી પાછો એનો જીવ ફટકી ગયો હતો : 'ના ના. હું એને જઈને ના જ પાડી આવું ! એ પણ મૂરખ તો ખરી જ ને ! એને અણગમતું હોય તો ના પાડી દેતાં શું થતું'તું ? આ કંઈ રમત વાત થોડી છે ? આ તો આખા ભવની ગાંઠ વાળવાની !' –તો વળી એનો પોતાનો જ જીવ એને ઠપકો આપતો હતો : 'આટલું બધું ડહાપણ હતું ત્યારે એ વખતે ઊઠતી વખતે જ ના કહીને ઊઠવું હતું ને ? એ વખત કહ્યું હોત કે હું તો ખાલી તારું પારખું જોતો'તો, તો આ હવે ફરીથી જવાની માથાકૂટ તો ન રહેત ને ?'

પણ ખરું પૂછો તો જીવીને ના પાડવા જવાની એની હવે હિંમત જ ચાલતી ન હતી. બીજી બાજુ આમ પણ થતું હતું: 'ના ના, એને નથી જ ગમતું એમ તો કેમ કે'વાય ! ને એવું હોત તો જેણે બુઢ્ઢા બાપને મોઢે ચડી ના પાડી એને મારી આગળ ના પાડી દેતાં શી વાર લાગવાની હતી ? મારો કંઈ એના પર હકદાવો થોડો હતો ? આ તો મલ્યાભાઈની પ્રીત છે !.... પણ એ તો એનેય ગમતું તો ખરું જ. માબાપથી છાનામાના આવવાનું એટલે જ લાગે, બાકી ઊલટી ખુશ થઈ હશે. ઓરમાન માના સકંજામાંથી છૂટી ઊલટી. પેલુંય માગું તો અણગમતું જ હતું ને ? કેમ જાણ્યું પેલાના કરતાં ધૂળિયાવાળું વધારે સારું નહિ હોય ! ઘડી ઘડી જવાથી લોકોમાં જાણ થઈ જાય તો બિચારીનો આઠે અંગે આવવાનો વિચાર હોય તોય ફસકી પડે, ને જનમારાની કાળી ટીલી ચોંટે એ તો છોગાની.' અને આ વિચાર સાથે નક્કી

કરી નાખ્યું : 'એને નહિ આવવું હોય તો ધનતેરસને દિવસે જ નહિ આવે. એટલા ઉપરથી જ સમજી જવાનું કે એને નથી ગમતું. ફેરો પડશે એટલું જ ને ?'

અને આવા બધા વિચારોને અંતે અત્યાર સુધી હીરાથી દબાવી રાખેલી વાત ગોળ ગોળ રહે એ રીતે કરવાનો વિચાર રાખ્યો.

'પણ તું કરી શું આવ્યો ?' એવા હીરાના ત્રીજી વારના પ્રશ્નનો જવાબ આપતાં બોલ્યો : 'તું પૂછી પૂછીને મારો ચેપ કાઢે છે. પણ હજુ બધું પાકે પાયે નથી, હીરા.'

'તારા કાચા પાયાની તો વાત કર ? ના પાડી હોય તો એમ કહે. આજથી એનું નામ મેલીએ. ધૂળિયો તો મારો જીવ ખાઈ ગયો !'

કાનજીને જોકે ગળા સુધી ભરોસો હતો કે જીવી આવવાની જ. ગોળ ગોળ વાતો કરવાનો વિચાર જાણે ભૂલી ન ગયો હોય એમ ઉદાસ ભાવે બોલ્યો : 'હીરા ! જીવીને મોઢે ડૂચો મારીને અહીં લાવવા તૈયાર તો થયા છીએ પણ–'

હીરો વચ્ચે જ બોલ્યો : 'કેમ મોઢે ડૂચો મારીને ? બળજબરાઈએ લાવવી છે કે શું ?' અને ફાટી આંખે કાનજી સામે તાકી રહ્યો.

'બળજબરાઈ જેવું તો ખરું જ ને ? મેં કહ્યું એટલે એને બોલવાબારી તો રહી નહિ– વચન માગ્યું એટલે મોઢે ડૂચો માર્યા જેવું જ ને !' કહી કાનજી હોઠ ચાવવા વળ્યો.

'પણ એણે આવવાની હા તો ભણી છે ને ?' હીરાએ જરા ખુશ થતાં કહ્યું.

'હા ય ભણી છે ને ધનતેરસની સાંજે પેલા મહુડા આગળ આવવાનું નક્કી કહ્યું છે, પણ–'

'ત્યારે જખ મારે છે. પણ આટલા દનથી વાત કરતાં તને શું પેટમાં ચૂંક આવતી હતી ? પેલો ધૂળિયો બિચારો પેટ ભરીને ખાત તો ખરો. તું અજબ છે હાં કાનજી !' કહી હીરો કાનજી સામે જોઈ મલકાઈ રહ્યો.

કાનજીને ચૂપ જોઈ વળી બોલ્યો : 'પરમ દા'ડે જવાનું ત્યારે તો.

આજ અગિયારસ થઈ – દનં ડૂબ્યે નીકળીશું ત્યારે ને ?'

કાનજીને આ 'પરમ દિવસ' જાણે હૈયે જતો વાગ્યો. અત્યાર સુધી પોતાની લાગ્યા કરતી જીવી પરમ દિવસે પરાઈ થશે અને તેય જન્મારા માટે એની સામે જોવા સુધ્ધાંનો હક નહિ રહે ! ક્ષણભર તો એને થયું : 'હું જ એને ઘરમાં ઘાલું તો ? એમાં ખોટુંય શું છે ?'

અને જાણે પોતાના આ મૂર્ખ વિચાર ઉપર ન હસતો હોય એમ એક ભારે નિશ્વાસ લઈ હસ્યો. બોલ્યો : 'ધનતેરસે જવાનું એ તો નક્કી જ છે ને !' અને રખે ને પોતે કંઈ વધારે પડતું બોલી જતો એ બીકે હીરાથી છૂટા પડતાં ઉમેર્યું : 'ક્યારે નીકળવું એ કાલે નક્કી કરીશું.'

વાઢવાલણવાનું કામ પુરજોસથી ચાલતું હતું. વિચારોની ધૂનમાં ચઢેલો કાનજી જાણે અફીણ ખાઈ કામે ન વળ્યો હોય એમ મકાઈના ઊભા વાઢને જોતજોતામાં આડે સાથરે પાડી દેતો હતો.

પણ બપોરે ભાણા આગળ આવેલો કંસાર કાનજીને ગળે નહોતો ઊતરતો. ખાધું ન ખાધું કરી હુક્કો ભરીને કંઈક વિચાર કરતો બેઠો. ધુમાડા ભેગો નિશ્વાસ નાખી મોટાભાઈને હુક્કો આપતાં કહ્યું : 'આજ રાતે તો તમે અહીં સૂઈ રહેશો ત્યારે, મોટાભાઈ ?'

મોટાભાઈની બેસવાની રીત જુદી જ હતી. જ્યાં બેસતા ત્યાં પછેડી કે પછી ધોતિયું કમ્મર અને પગની પિંડી આસપાસ વીંટી આરામખુરસી બનાવીને જ બેસતા. અત્યારે પણ એમ જ બેઠા હતા. હુક્કો હાથમાં લેતાં પૂછ્યું : 'તું ક્યાંય હુડા (દિવાળીના દિવસોમાં ગવાતાં ગીત) ગાવા જવાનો છે કે શું ?'

'હા.' મોટાભાઈ આગળ કાનજી આજ કદાચ પહેલી વાર જૂઠું બોલતો હશે.

'ભલે તો. પણ પેલા ખેતરમાંય જરા બીક જેવું– પણ એ તો મોંઘાને કહીશું; રાતમાં એકાદ આંટો મારી આવશે. ને તુંય કાંઈ આખી રાત તો હુડા ગાવા નહિ બેસે ને ? ઊઠે એ વખત એકાદ આંટો ત્યાં મારી આવજે. જોજો પાછા આખી રાત બેસતા ! એવી તો પાછી કામની હડી (તડામાર) છે; ઉજાગરા કરશો તો માંદા પડી જશો.'

'ના રે ના, આ તો આજ ધનતેરસ છે એટલે–' કહી આ અસત્યને ઝાઝી વાર લંબાવવાની ઇચ્છા ન હોય તેથી કે ગમે તેમ પણ કાનજી પૂરો હુક્કો પીવા પણ ન બેઠો.

'બેસને, પૂરો હુક્કો તો પી, કામ તો જનમારાનું છે.' કહેતાં મોટાભાઈએ ઊભા થતા કાનજી સામે હુક્કો ધર્યો.

એટલામાં સામેના ખેતરથી હીરો પણ આવી લાગ્યો. હુક્કો પીને કાનજી પાછળ એ પણ ઊઠ્યો. કંઈક પૂછવા આવ્યો હોય એમ લાગતાં કાનજીએ વગર પૂછ્યે જ કહ્યું : 'મોડેથી મને મળજે હાં કે !'

દિવસ આથમવાને થોડીક વાર હતી. હીરો ને કાનજી બેય ભેગા થયા. હીરાએ પૂછ્યું : 'આપણે બે જ જણ જઈશું ને ?'

'છોને પેલું ગાંયજુંય તણાતું પાછળ. રોટલા ખાવા છે તો એને ખાવા છે, આપણ એકલા શું કામ જીવને જોખમમાં નાખીએ ?'

'પણ એને સાથે લઈને તો જીવનું જોખમ ઊલટું વધારે છે.'

'એનો કશો વાંધો નથી. પણ ધાર કે ક્યાંય પકડાઈ ગયા તો ? એ તો સાથે જોઈએ જ.'

હીરાને પણ આ વાજબી લાગ્યું : 'લે ત્યારે હું એને ખબર આપું .'

'હા, ને જો, એક કામ કર. મારે ઘેરથી તલવાર લઈ જઈને તારે ઘેર મૂકી રાખ, હું લઈને નીકળીશ તો ઘરમાં વહેમ પડશે ને મોટાભાઈના જાણ્યામાં આવશે તો ફજેતી થશે.'

'ભલે,' કહી હીરો ગામ તરફ ચાલતો થયો.

ડૂબતા સૂરજ સામે તાકતો કાનજી કામ પડતું મૂકીને માળે બેસી રહ્યો હતો. કેટલીય વાર સુધી એ જ રીતે બેસી રહ્યો. જામતાં અંધારાં ઉપર નજર પડતાં, 'મને કશીય સૂઝ પડતી નથી ભગવાન ! કોણ જાણે આ તે ખરું કરી રહ્યો છું કે ખોટું !' આવા વિચાર સાથે ઊભો થતાં બબડ્યો : 'તારો દોર્યો દોરાઉં છું હું તો !'

કાનજી અત્યારે સાવ લાચાર બની ગયો હતો. મગજમાં ઘૂમતા હજારો વિચારોએ એને ગભરાવી નાખ્યો હતો. કશું સૂઝતું જ ન હતું.

ગામના ઝાંપામાં જ હીરો મળ્યો : 'લે હવે કેટલી વાર ? હજુ તો તેં ખાધુંય નહિ હોય. અંધારી રાતના આઠ ગાઉ...'

'તમે બે જણ તો નીકળો ! લાડવા આંબા આગળ ઊભા રો'. હું તો આવ્યો આમ ! ખાવાનો કંઈ વિચાર નથી એટલે બહુ વાર નહિ લાગે. ફાળિયુંય આનું આ ચાલત, પણ જોડા વગર નહિ ચાલે.'

છૂટા પડતાં વળી કહ્યું : 'તમે તમારે નીકળો; હું આવી પહોંચું છું.'

ઘેર જઈને માથેથી ફાટેલું ફાળિયું. ઉતાર્યું. આમતેમ જોઈને 'ચાલશે' એવું કંઈક બબડી બીજા હાથ ઉપર થોડું ઝાપટી પાછું વીંટી લીધું. કમાડ પાછળ પડેલા જોડા કાઢી પહેરી લીધા અને 'હું ખાવાનો નથી, ભાભી.' કહી ચાલતો થયો ભગતના ઘર તરફ.

ભગત હમણાં જ ખેતરેથી આવ્યા હતા. આંગણામાં પડેલો ખાટલો આડો કરીને, ફાળિયાનું ઓશીકું બનાવી પગ ઉપર પગ ચડાવી આભ સામે જોતા પડ્યા હતા. ચારશેરિયા જોડાથી 'ખડગ ખડગ' અવાજ કરતા આવી રહેલા કાનજી સામે જોયું. એક બાજુ ખસીને જગ્યા કરી. કાનજીને ઊભેલો જોઈ કહ્યું : 'બેસ ને !'

'કેટલી વાર સારુ !' કહેતો કાનજી બેઠો. આસપાસ નજર નાખી લઈ બોલ્યો : 'હું તો તમારા આશીર્વાદ લેવા આવ્યો છું, ભગત !'

'શાના ?' કહી ભગત કાનજીના પડી ગયેલા મોં સામે તાકી રહ્યા.

'તમને હીરાએ વાત તો કરી છે.' કહી ફિક્કું હસતાં ઉમેર્યું : 'તમારા આ પાડોશી માટે બૈરું લેવા જઈએ છીએ.'

ભગતને ચૂપ જોઈ વળી કાનજીએ પૂછ્યું : 'કેમ મૂંગા છો, ભગત ! તમને ગમ્યું કે નહિ ?'

'કાંઈ ગાંડો થયો ! મને શું છે તે નહિ ગમે ?'

'લો ત્યારે, આશીર્વાદ આપો તો હું ઊઠું,' કહી કાનજી ટટાર થયો. ભગતને કંઈ મલકાતા જોઈને પૂછ્યું : 'કેમ આપશો ને ?' કોણ જાણે કેમ પણ કાનજીને આજ કંઈક બીક લાગ્યા કરતી હતી. શાની એ તો એ પણ જાણતો ન હતો, એટલે જ તો એ વધારે મૂંઝાતો હતો.

'ભલા માણસ, સારા કામમાં આશીર્વાદની જરૂર જ શી છે ? ને ખોટા કામ માટે તો તું જાણે છે કે કોઈ આશીર્વાદ આપે જ નહિ.'

કાનજીનું મોં પડી ગયું : 'તમને કેવું લાગે છે, ભગત !' એ પોતે પણ નહોતો સમજતો કે પોતે સારું કરી રહ્યો છે યા ખોટું ?

'આમાં તો શું છે કે મને ખોટું લાગવાનું હતું, કાનજી !' કહેતા ભગત બેઠા થયા, કાનજીને ખભે હાથ મૂકતાં બોલ્યા : 'જાઓ ફત્તે કરો ! પરગામ છે એ ખ્યાલ રાખજો ને સંભાળીને કામ લેજો. ને ત્યાં કંઈ વહેમ પડતું લાગે તો તરત પાછા ફરી જજો.... લે જા ઊઠ ત્યારે. હવે મોડું ન કર.' કહી ભગત પણ ઊભા થયા. કાનજીની સાથે સાથે થોડે સુધી ગયા, વિદાય આપતાં હિંમત આપી : 'ગરીબનું ઘર માંડી આપવા જેવું એક્કે પુણ્ય નથી કાનજી. એમાં તો ભગવાનેય મદદમાં ઊતરશે, માટે કંઈ ફિકર ન રાખવી.'

'ઠીક છે ભગત, આ તો આપણે ઢેખાળો (પથ્થર) નાખી જોયો ને વળી સામાનું તકદીર હતું તે ધાર્યે ઠેકાણે પડ્યો. નહિ તો આપણે તે શું કરવાના હતા ? ને હજુય થાય ત્યારે જાણ્યું કે થયું,' કહી કાનજીએ, 'લો ત્યારે જાઉં.' કહી ચાલવા માંડ્યું.

અંધારામાં ઊભેલા ભગત કેટલીય વાર સુધી કાનજીની પીઠ તરફ તાકી રહ્યા. જીવીથી કાનજીનો જીવ મળ્યો છે એટલું તો એ અત્યાર સુધીમાં સમજી ગયા હતા પણ આજે કાનજીને જોતાં એથીય કંઈક વધારે સમજ્યા હોય એમ પાછા ફરતાં બબડ્યાં : 'બધીય માયાઓ જોઈ, ભગવાન ! પણ આ બૈરીની માયા તો કોઈ અજબ જ છે....'

ભગતથી છૂટો પડેલો કાનજી ઘડીકમાં તો નક્કી કરેલ ઠેકાણે આવી ઊભો. માથેથી ફાળિયું ઉતારતાં ધૂળા સામે જોઈ બોલ્યો : 'હજુ વરરાજા થવાની તો વાર છે તો ધૂળાભાઈ ! અત્યારે તો હોળીમાં હોમાવા નીકળ્યા છો. આ છોગું જરા દાઢીએ વીંટો.' કહીને પોતે પણ બુકાની બાંધવા લાગ્યો. ધોતિયાનો બરાબર કચ્છ ભીડતાં હીરાને પૂછ્યું : 'મારી તલવાર લાવ્યો છે ને !'

દાઢું બાંધવા વળેલો ધૂળો બોલી ઊઠ્યો : 'આ રહી.' અને ખભેથી

તલવાર ઉતારતાં ઉમેર્યું : 'એ તો ભાઈ, તમારા જ હાથમાં શોભે. આપણે તો આ લાકડી જ સારી છે.'

'લાકડીય વાપરી ન જાણે તો ચાલ્યું, પણ સંભાળી તો જાણજે જ.'

હીરો બોલી ઊઠ્યો : 'હોવે ભાઈ ! નહિ તો ક્યાંય તારી જ લાકડીથી તારો ને ભેગો અમારોય બરડો હળવો થઈ જશે.'

'મહુરતમાં જ શું આમ અપશુકન કરતા હશો !' કહી ધૂળાએ ભોંયે પડેલી લાકડી સંભાળી, 'માંકડિયા હનુમાન સરખો ધણી છે !' કહી ઉત્તર દિશામાં આવેલા હનુમાન તરફ મોં કર્યું. બેઉ હાથ વચ્ચે લાકડી રાખીને જ હાથ જોડ્યા. બોલ્યો : 'હે મારા ધણી ! જો કામ ફત્તે કરીને હેમખેમ પાછા ફરીશું તો પાંચ નાળિયેરનું તોરણ બાંધીશ ને તારે પારે (સ્થાનકે) પાંચ બામણેય જમાડીશ.'

'ને અમને તો નહિ કે ?' કાનજીએ આગળ થતાં કહ્યું.

'તમને કેમ નહિ !' કહી ધૂળાએ ઉમેર્યું, 'તમને તો ભવોભવ જમાડું તોય ઓછું છે.'

હીરો બોલ્યો : 'ભવોભવ તો તું જમાડી રહ્યો. પણ એના હાથનો– લાડવાને ઠેકાણે દૂધમાંનો રોટલો જ એક વાર ખવરાવીશ તોય ઘણું છે ! કેમ કાનજી ?'

'બસ બસ; એટલું તો ઘણું છે,' કાનજીથી પણ બોલી પડાયું.

'એ તો હવે લાવીએ ત્યારની વાત છે ને !' કહી ધૂળો ગંજેરીની પેઠે લવારે ચડ્યો : 'અરે હીરાભાઈ, તું શી વાત કરે છે ! એક ફેરા તું મને ઘરબારવાળો થવા દે પછી દેખ મજા. નિતની ચા મુકાય છે કે નહિ. અરે દોસ, ઘરનું કામ પડતું રાખીનેય તારા જેવાને ઘેર વાઢવા મોકલું ! આ ગણ તે કાંઈ ભૂલી જવાય એવો છે ? ને કોઈ ભૂલી જાય પણ આ ધૂળિયો ? એ તો બધાથી જુદી તરહનો આદમી છે હો....'

કાનજીને ધૂળાની આ ચાપલૂસી જરાય નહોતી ગમતી. 'લે હવે છાનો રે', રાત વેળાએ કોઈ સાંભળશે.' કહી ચૂપ કરી દીધો.

ત્રણે જણ મૂંગા જ ચાલતા હતા.

તારાઓથી ભર્યું ભર્યું આભ જાણે મરક મરક હસી રહ્યું હતું. જ્યારે પૃથ્વી, 'માથા પર આટઆટલા દીવા ઝગે, છતાંય મારે અંધારું !' આવો મૂક પ્રશ્ન પૂછતી વિચારમાં પડી હોય એમ લાગતું હતું. લાંબી ફાળે ચાલતા કાનજી તથા હીરાના મોચીની સિલાઈવાળા જોડા 'ચૈડ ચૈડ' બોલતા હતા. જ્યારે ગામના ચમારે સીવેલા ધૂળાના ફાટેલા જોડાનું તળિયું પટાક પટાક કરતું હતું. કાનજી તો ઊંધું ઘાલીને કંઈ ધૂનમાં હોય એમ જ ચાલતો હતો પણ હીરાનું ધ્યાન ધૂળાના જોડાએ જ ખેંચ્યું : 'હેંડાશે ને, ધૂળા ?'

'હોવ હોવ ! હેંડો તમ તમારે.' કહેતાં ધૂળાએ પોતાની અને હીરા વચ્ચે પડેલું આઠ-દશ ડગલાનું છેટું સહેજ દોડી કાપી નાખ્યું.

કાનજીના મનમાં થયું, 'આઠને બદલે એંશી ગાઉ હોય તોય ધૂળિયો આજ ના પાડે કે !'

વળી પાછી શાન્તિ છવાઈ. પગના જોડા જાણે બોલી રહ્યા : 'વકટ રેંટ જકુ ! વકટ રેંટ જકુ !'

બચરવાળ ઘરનાં તો હજુ પૂરાં પરવાર્યાં પણ નહિ હોય ત્યાં તો આ લોકો પેલા મહુડા આગળ આવી ઊભા. સહેજ ઊભા રહ્યા. પછી કાનજીને લાગ્યું કે આ સ્થળનો નિર્દેશ કરવામાં પોતે મોટી ભૂલ કરી હતી. જો બેઉ નાકાં સાચવી લેવામાં આવે તો છટકવું ભારે થઈ પડે એવું હતું. ઉપરાંત આજે એને ચારે બાજુથી ભય જ દેખાતો હતો. હીરાનું ધ્યાન પણ દોર્યું, વાડે વાડે નજર દોડાવતાં બોલ્યો : 'હું જરા આવું છું. પેલી વાડમાં પેંપળ છે એ જોઉં. જો ચડી ઊતરાય એવું હોય તો ઠીક, નહિ તો છેવટે આ થોરિયાંનો ગઢ કાપીનેય છટકવા બારી તો કરી રાખવી પડશે.'

'હા હા ભાઈ, ચેતતા સારા.' ધૂળો બોલી ઊઠ્યો.

કાનજી બબ્બે મથોડાંવા વધેલા થોરિયાની વાડ વચ્ચે આવેલી પીંપળ પાસે ગયો. મથોડાંવા ઊંચાઈએથી બે ભાગમાં વહેંચાયેલી અને ઉપર જતાં અમળાઈને પાછી એક થડ થઈ ગયેલી પીંપળ બારીકાઈથી જોયા પછી કાનજીએ તલવાર કાઢી, થડ આગળથી થોરિયાનાં ડેંડાં કાપી થડ પર ચડવાનો રસ્તો સાફ કર્યો. પાછા ફરી હીરાને કહ્યુઃ 'હવે તો જખ મારે છે.

પેંપળીનું થડ જ એવું છે કે એમાંથી સહેલાઈથી આરપાર નીકળી જવાય. થડ આગળનાં ડૅડાંય કાપી નાખ્યાં છે.'

'એમ ને !–' કહેતો ધૂળો વચ્ચે બોલી ઊઠ્યો. 'એ સારું કર્યું કાનાભાઈ, ચેતતા રે'વામાં જ–' પણ હીરાએ એને કોણી મારીને બોલતો બંધ કરી દીધો.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ કાનજીનો ઉચાટ વધતો ગયો. કાન સરવા રાખીને જ બેઠો હતો પણ આજ તો એને એના કાનનું ઠેકાણું લાગતું ન હતું.

ઘડીકમાં કોઈ માણસોનો બોલારો, તો વળી ઘડીકમાં પગલાંનો અવાજ પણ સંભળાતો હતો. દિશાની પણ ફેરબદલી થઈ હતી. એને પોતાની જાત ઉપર હસવું આવ્યું. મનમાં થયું : 'ભડકેલો ભો ને ભો જ ભાળે....'

એટલામાં હીરો બોલ્યો : 'પાછળથી કોક આવતું હોય એમ લાગે છે, કાનજી.'

કાનજીને તો વહેમ હતો જ. સહેજ વાર કાન માંડ્યા પછી બોલ્યો : 'ઊઠો હીરા, આ વાડ પેલી પા નીકળી જઈએ. પછી તો જખ મારે છે. ખેતરોમાં તુવેરો છે એટલે કોઈ જાતનો વાંધો નહિ આવે.'

અવાજ પાસે આવતો હતો.

પીંપળ આગળ પહોંચતાં જ કાનજીએ ધૂળાને કહ્યું : 'આ બાકોરામાં થઈને પેલી પા ઊતરી પડ.'

'હું....? પહેલાં તમારામાંથી....'

'મેર બાયલા !' બબડી કાનજીએ થડિયું ઝાલી પોતાની જાતને ઊંચકી સાપની મિસાલે આરપાર નીકળી ગયો અને આસ્તેથી પેલી બાજુ કૂદી પડ્યો. તલવાર કાઢી એ તરફનાં ડૅડા સાફ કરતાં કહ્યું : 'હીરા, પે'લાં ધૂળિયાને ચડાવી દે હેંડ !'

ધૂળાને પણ ઘતું હતું કે હવે તો પોતે નીકળે એમાં જ મજા હતી.

હીરાએ ટેકો આપીને બાકોરા સુધી પહોંચવામાં મદદ કરી. ધૂળાનું માથું પણ પેલી બાજુ નીકળી ચૂક્યું હતું. પરંતુ બાવડેથી ભિડાયો. એને

ગભરામણ છૂટી. નહિ જ નીકળાય એ માન્યતાએ એને પ્રયત્નમાંથી પણ નાસીપાસ કરી નાખ્યો.

માણસોનો અવાજ નજીક ને નજીક આવતો હતો. હીરાએ કહ્યું : 'અલ્યા જોર કરીને નીકળી જા ને, જરા છોલાશે એટલું જ ને ? આમ તો તું અમારીય કમબખ્તી આણીશ. લે હું ધકેલું. એકને બદલે બધાયને મારીશ જરા જોર કર !'

ધૂળાને અંગે પસીનો પસીનો થઈ ગયો હતો. બબડ્યો : 'પણ ભાઈસા'બ !... ઊંહ !... નથી...'

હીરાને ખીજ ચડી : 'અલ્યા જરા જીવ કાઠો (હિંમત) રાખીને– તારા કાકા આવ્યા કાં તો.'

'પણ માબાપ–!'

આ બે જણની રકઝક સાંભળતાં કાનજીની આંખ આ ઘનઘોર અંધારામાંય તારા પેઠે ચમકી ઊઠી. એણે જોયું કે આવનાર માણસો વાંઘાનો કિનારો લગભગ ચડી ચૂક્યા છે. ઘડીઅધઘડીમાં આવી લાગશે. ધૂળિયા પર એને અત્યંત ગુસ્સો આવ્યો : 'આ બૈરી કરવા આવ્યા છે આ !' બબડતાં એણે પગ ઉપાડ્યો, 'નીકળે છે કે નહિ ?' કહી ધૂળા પાસે આવતાં આવતાં તો ખભેથી તલવાર પણ ઉતારી : 'દેખ ત્યારે મજા !' કહી સરરરઃ દઈને તાણી, ઉગામતાં બોલ્યો : 'એ....ત્યારે....' પણ તે પહેલાં તો 'ના રે– માબાપ.... આ–!' કહેતા ધૂળાનું બાવડું ડબ દેતુંકને બહાર આવ્યું.

આછું આછું કંપી રહેલો કાનજી જાણે ભાનમાં આવ્યો હોય એમ વિચારી રહ્યો હતો - 'આવો આ ન નીકળ્યો હોત તો ગજબ થાત કે શું ?.... નક્કી હું એને વાઢી જ નાખત !' એનાં અંગેઅંગ પસીનો વળી ગયો. ધૂળા પાછળ ઊતરી આવેલા હીરાનું પણ એને જાણે ભાન ન હતું. એનું ધડકતું હૈયું તો હજુય જાણે કહી રહ્યું હતું : 'ગજબ કરી બેસત !'

રસ્તે આવનાર ચારપાંચ માણસો કોઈ વટેમાર્ગુ જેવા લાગ્યા. જેવા આવ્યા એવા વાતો કરતા જ પસાર થઈ ગયા.

ત્રણેયને એક જાતની નિરાંત વળી. ધૂળાનું કાળજું તો હજીય 'ધબ્બ

ધબ્બ' કરતું ધબકી રહ્યું હતું. કાનજી સામે જોતાં પૂછ્યુંઃ 'એ કાનાભાઈ ! સાચું કહેજો, મારાથી ન નીકળાયું હોત તો તમે મારું માથું વાઢી જ નાખત ?'

'આ વાઢી નાખત કે કંઈ વાર લાગત ? ઉગામી તો હતી, વાર તો જ્યાં ત્યાં વાપરવાની જ હતી ને ?' કહી એક ભારે શ્વાસ લેતાં કાનજી બબડ્યો : 'બચી ગયો જા ! ઘેર જઈને કૂતરાંને રોટલા નાખજે....!'

'ના ના ! ખરી વાત, કાનાભાઈ ! મને મારી જ–'

આ બધી મશ્કરી માનતો મનાવતો હીરો વચ્ચે બોલ્યો : 'મૂર્ખો છે કે શું ? ચોર લોકોની હજુ તું વાત જ નથી જાણતો. આ તો તું એકલો મરત પણ જો જીવતો મેલીને જઈએ તો તો ભેગું અમારુંય મોત જ ને ? એટલે જો તું ન નીકળ્યો હોત તો તારું માથું તો અમે લેતા જ જાત.'

અને આ સાંભળતાં વળી ધૂળો પાછો કંપી ઊઠ્યો. મનમાં મનમાં બબડ્યો પણ ખરો : 'મોતના મોઢામાંથી બચી ગયો !' કાનજીની એને ધાક તો પહેલેથી લાગતી હતી, પરંતુ અત્યારે તો એ એને જમ જેવો જ લાગવા માંડ્યો. હીરાનો ભરોસો પણ ઓછો થઈ ગયો. મનમાં થયું પણ ખરું : 'મૂઉં મારું હાળું બૈરું ન આવે તો ! હેમખેમ ઘર ભેગા થવાય તો ગંગા નાહ્યા !'

'તમે બે અંહીં જ બેસો હીરા, હું પેલી પા જઈને જોઉં છું. આવશે એટલે બોલાવીશ.' કહી કાનજી આવ્યો હતો એ રસ્તે પેલી બાજુ ઊતરી પડ્યો.

મોં ખોલીને વાત કરવાનો મોકો મળતાં ધૂળાએ કહ્યું : 'ગમે એમ કર હીરાભાઈ, પણ મારાથી આ બાકામાંથી પાછા તો નહિ જ નીકળાય !'

હીરાને ધૂળા ઉપર અત્યંત ચીડ ચડી હતી. 'હાળો આ તો કોક ફેરા માથું લેવડાવે એવો છે !' આમ જ થયા કરતું હતું. દાંતિયું કરતાં કહ્યું : 'બોલ્યા વગર છાનો રહીશ હવે !'

'પણ ભાઈસા'બ મારાથી– ધૂળાનો અવાજ સાવ ઢીલો હતો.

'અરે પણ તું છાનો મર ને ? હજુ નીકળવાનો વખત તો આવવા દે ?'

'સારું ત્યારે ભાઈસા'બ !' કહી ધૂળો પણ ચૂપ રહ્યો.

મહુડા પાસે આવી કાનજી ઊભો રહ્યો. ઝીણી આંખો કરીને ગામ બાજુના રસ્તા તરફ જોઈ રહ્યો. ઠીક ઠીક છેટે એક કાળો ઓળો દેખાયો. કેટલીક વાર સુધી તો જાણે એ ત્યાંનો ત્યાં જ ઊભો હોય એમ લાગ્યા કર્યું. પણ છેવટે સમજાયું કે એ ઓળો ધીમી ચાલે આ તરફ જ આવી રહ્યો છે.

કાનજીની છાતી થડકી ઊઠી. એને ખાતરી હતી કે એ જીવી જ છે. વગર દેખ્યે એની સૌમ્ય મૂર્તિ નજર આગળ તરવરવા લાગી. સવાલ ઉપર સવાલ ઊઠ્યા : 'આવીને એ શું કહેશે ? ના તો નહિ પાડે ?'

વળી થયું : 'ના પાડે તો વધારે સારું.... નહિ તો હું જ એને પાછા જવા કહીશ !'

એ જ બેઠી ચાલે ચાલતી જીવી મહુડા આગળ આવી ઊભી. કાનજીનો બુકાનીવાળો વેશ જોતાં કદાચ એ નહિ ઓળખી શકી હોય. પૂછ્યુંઃ 'કોણ છે ?' અવાજમાં બીકનું નામનિશાન પણ ન હતું.

'આવી પહોંચી ?' કહેતો કાનજી એની સમીપ આવ્યો. જીવીને કંઈક કહેવા-પૂછવાનો વિચાર આવ્યો ન આવ્યો ત્યાં તો એને આગળ પગ ઉપાડતી જોઈ, બોલતી સાંભળી : 'એકલા જ છો કે બીજું કોઈ છે ?'

કાનજીએ એક ભારે શ્વાસ લેતાં જુદું કહ્યું : 'જરા આમની આવીને ઊભી રે', પેલા બે જણને હું બોલાવતો આવું .'

'કોણ છે એ બે જણ ? ક્યાં છે ?' એવું કશું જ ન પૂછતાં જીવી રસ્તાની એક બાજુ ખસીને ઊભી રહી.

કાનજીનો પથ્થર અને 'હેંડો' એવો ધીમો અવાજ કાને પડતાં ધૂળાએ, 'પેલી આવી ?' એ સ્વાભાવિક સવાલ ન પૂછતાં કહ્યું : 'હીરાભાઈ ! ભાઈ, તું મને ક્યાંક છીંડું–'

'રીસ તો એવી ચડી છે કે અહીં ને અહીં ઝટકાવી નાખું !' બબડતા હીરાએ વાડ પાસે આવી કાનજીને કહ્યું : 'તમે હેંડતા થાઓ, પેલા નાના થોરિયા આગળ અમે નીકળીએ છીએ' અને વાડ લગોલગ ચાલવા લાગ્યો. થોડેક ગયા પછી તલવાર કાઢી. બેચાર ઘામાં રસ્તો સાફ કર્યો.

બહાર નીકળેલા ધૂળાએ કાનજીની પાછળ પાછળ જઈ રહેલા ઓળાને જોયો. નાનું છોકરું કોઈ નવું રમકડું જોઈને ખુશ થઈ ઊઠે એમ ધૂળો ખુશ થઈ ઊઠ્યો, એનું મોં, એના રૂપરંગ જોવાની એને અત્યંત તાલાવેલી લાગી. હીરાના પાસામાં ભરાતાં જાણે નવી વાત કહેતો હોય એમ બોલ્યો : 'પેલી તો આવી છે ને કાંઈ !'

હીરાએ ધૂળા સામે કરડી નજરે જોયું. પાસામાંથી સહેજ હડસેલતાં બોલ્યો : 'હેંડતું હોય તો આમ વેગળું હેંડને છાનુંમાનું !' ધૂળા ઉપર આવડી બધી ચીડ કેમ ચડી છે એની તો હીરાને પણ સમજ પડે એમ ન હતું.

ધૂળાના મનમાં બીક પેઠી : 'આ ત્રણેય જણ થઈને વાટમાં મારો ઘડોલાડવો તો નહિ કરી નાખે ? મારીને દાટી દે તો કુણ જાણવાનુંય હતું !' અને જો પાછળ ગામલોકોની બીક ન હોત તો આ ત્રણેથી ઠીક ઠીક છેટું રાખીને ચાલત એમાં શંકા પણ ન હતી.

જીવીની ચાલને હિસાબે કાનજીને સાવ ધીમા ચાલવું પડતું હતું. આથી કંટાળો પણ આવતો હતો. સહેજ અચકાઈને, જીવીને તો ન કહ્યું પણ પાછળ આવતા હીરાને કહ્યું : 'અલે જરા ઉતાવળે ચાલો. આવી ચાલે તો ક્યારે વાટ ખૂટશે ?'

ઝટ દેતોકને ધૂળો, 'હા હીરાભાઈ,' કહેતો આગળ થઈ ગયો. હીરાને તો સહેજ હસવું પણ આવ્યું.

આ બે જણ જીવીથી આગળ તો થયા પણ એ કંઈ ગાડું ન હતી કે *તરીલાને જોરે પાછળથી ખેંચાઈ આવે ! આ અંધારી રાતે અને આવી હાલતમાં જીવીને છેટી રાખીને કાનજીથી આગળ વધાય એમ પણ ન હતું. મનમાં મનમાં ચિડાતો હતો : 'આવું જ હતું તો તને કોણે બાંધીરૂંધીને હા ભણાવી હતી ! એ વેળાએ જ ના પાડી દેવી હતી ને ? હજુય શું વહી ગયું છે.... કે'તી હોય તો પાછી મૂકી આવું....!'

પણ આ બધા ગુસ્સાને ઘોળી પીતાં કાનજીએ કહ્યું : 'લે જરા પગ ઉપાડ ને ?'

*તરીલા= ગાડાને ધૂંસરે જોડેલા બળદ સિવાયની આગળ જોડેલી બીજી જોડ.

'પણ તમે તમારે ચાલો ને, હું મારે આવું છું પાછળ પાછળ.'

'તને મેલીને અમારાથી જવાતું હશે ? અંધારી રાત–'

'મને તો માતાય નથી ખાવાની.' કહી જીવીએ કાનજી તરફ જોયું.

'પણ તે એમાં ચિડાય છે શું કરવા ?' કહી સહેજ વાર થંભી કાનજીએ ઉમેર્યું : 'એમ હતું તો ઘરમાંથી નીકળવું જ ન હતું !'

'જખ મારી નીકળ્યાં તે !' જીવીના અવાજ અને શબ્દોમાં રહેલો રોષ, ચીડ, લાચારી, નિરાધારતા અને એમાંય મક્કમતા એ બધું તો જે ખરો પ્રેમી હોય એ જ સમજી શકે !

કાનજી એકદમ થંભી ગયો. જીવી સામે બે ડગ પાછાં ભરતાં બોલ્યો : 'ખરું કહું છું જીવી, જો તારી નામરજી હોય, મેં તને કહ્યું એટલા ખાતર જ જો તું આવતી હોય તો વળી જા પાછી. જે રીતે હું તને લાવ્યો એ જ રીતે મૂકી જઈશ.'

'લો હેંડો હવે છાનામાના ડહાપણ કર્યા વગર.' કહી જીવીએ મીઠા ઠપકાથી છલકાતી આંખે કાનજી તરફ જોયું. 'જુઓ પાછા !' બબડી આગળ પગ ઉપાડ્યો.

કાનજીએ આડો હાથ ધરતાં કહ્યું : 'ના, ઊભી રે' ! જો હજુય વેળા છે; આ પેલો જાય એ બટકો તને ગમશે ?.... જે હોય એ પાપછૂટી વાત કરી દે ! પાછળ જતાં મારો દોષ કાઢીશ તો એ નહિ બને.'

'વચન લેવા આવ્યા એ વખતે તમારી અક્કલ ક્યાં પાણી પીવા ગઈ'તી તે આ બધું હવે પૂછો છો ? લો હેંડો, આગળ થાઓ.' કહી જીવીએ કાનજીને સહેજ હડસેલ્યો.

ક્ષણભર તો કાનજીને એટલો બધો ગુસ્સો આવ્યો : જાણે જીવીને મારી નાખીને પાછળ પોતેય મરી જાય ! એક નિઃશ્વાસ નાખી હોઠ ચાવતો ચાવતો જીવી પાછળ ચાલવા લાગ્યો.

તેરસની અંધારી રાત ભરજોબનમાં હોય એમ વહી જતી હતી. આસપાસનું જંગલ આ રાતના મુસાફરો તરફ શંકા ભરેલી નજરે જોઈ રહ્યું હોય એમ સ્તબ્ધ હતું. વનમાં ફરતાં શિયાળવાં પણ આ લોકને જોઈ દબ્બે

પગે પાછાં ફરી જતાં. પાછળ આવતાં કાનજી તથા જીવી એક મોટા ઝાડ નીચેથી પસાર થયાં ન થયાં ને પાછળથી ઘુવડે 'ઘૂઉ....' નો અવાજ કર્યો. કાનજીના હૃદયમાં બીકની નહિ પણ અપશુકનની એક આછી કંપારી ઊઠી.

કોઈ જબરજસ્ત આવેગ સાથે વિચાર આવ્યો. વાક્ય ગળા સુધી આવી ઊભું : 'લે હેંડ જમણી પા વળી જા, જતાં રહીએ. કોક મલકમાં ઊતરી પડીએ !' અને આ શબ્દો જાણે જીવીને કહી ચૂક્યો હોય એવા ભ્રમ સાથે ઉમેર્યું : 'ઠીક કહું છું, વળી જા હજુય વેળા છે.'

'શાની ?'

એ જ આવેગમાં કાનજી બોલ્યો : 'શાની શાની કર્યા વગર વળ ને આમ.' કહી જીવીને બાવડે ઝાલી જમણી બાજુ સહેજ ફેરવી. સ્થિતિસ્થાપક જેવી જીવીને લાચારીભર્યા અવાજે વળી કહ્યું : 'ઠીક કહું છું હો ! માની જા ! મને ને તારી જાતને બેયને શું કામ છેતરે છે ? શું કામ દોષમાં નાખે છે, ભૂંડી ! એક વાર નરકમાં પડ્યાં તો પછી નહિ નીકળાય હોં–ઠીક કહું છું. હજુય વેળા છે !'

કાનજીના ડહાપણ ઉપર અવિશ્વાસ કરતી જીવી રીસ સાથે બાજુમાંથી આગળ વધી. બોલી : 'ચાલવું હોય તો છાનામાના ઢંગે ચાલો, નહિ તો આવો પાછળ એકલા એકલા.'

એક વાર તો કાનજી ઝંખવાણો પડી ગયો : પણ જેમ જેમ રસ્તો કાપતો ગયો તેમ તેમ એનું 'ડહાપણ' પણ પાછું આવતું ગયું. જીવી જોર કરીને આગળ થઈ એ એને ગમવા લાગ્યું, ચહેરો સહેજ પ્રફુલ્લ થયો. 'માબાપનું ઘર છોડવું પડે અને તેય આમ છાના છાના, એટલે લાગે તો ખરું જ ને ? નહિ તો જો એને ન આવવું હોત તો ઘરમાંથી નીકળતેય ખરી....? મેં મૂર્ખાએ નાસી જવાનું કહ્યું, પણ એ બિચારી જાણે છે કે આની પાછળ ભાઈભોજાઈનું લપ છે, ને પરદેશમાં જઈને શું દાળિયા કાઢવાના હતા ! રઝળીરઝળીને કૂતરાને વાદે (પેઠે) જ મરવા વખત આવે !....'

અને આવા આવા વિચારો પછી એ જાણે એટલો બધો સભાન થઈ

ગયો હતો કે બે ઘડી પહેલાં આવેલા 'અવિચાર'નો ખ્યાલ આવતાં એ સહેજ કંપ્યો પણ કરો. મનમાં મનમાં સમજુ જીવીનો એણે ઉપકાર પણ માન્યો. આવા જ એક બનાવની વાત નીકળતાં તે દિવસે ભગતે કહેલું એ યાદ આવતાં મન સાથે બોલ્યો : 'ખરી વાત છે ! જોવનાઈના જોમમાં આંધળા થઈને નાસી તો જઈએ પણ એ કેટલા દા'ડા ? જોવનાઈના રંગને ફટકી જતાં તે કંઈ વાર લાગે છે ! પછી તો આખી જિંદગી– રાંડ્યા પછીનું ડહાપણ. જીવને કોરી ખાવા સિવાય બીજું કરેય શું !–'

હીરો તથા ધૂળો બેઉ જણ ઠીક ઠીક આગળ હતા. કોઈ સિંહની છાયા નીચે પડેલા શિકાર તરફ આસપાસની ઝાડીમાં લપાતા ફરતા ચિત્તા જેવી બીક અને લોલુપતાથી પાછળ જોયા કરતા ધૂળાએ ન રહેવાતાં હીરાને કહ્યું : 'પેલી આવવા આઘીપાછી કરતી લાગે છે, હીરાભાઈ.'

ધૂળો વળીવળીને પાછું જોતો હતો એ જોઈને હીરાને સહેજ ખાટી તો ગઈ હતી એમાં વળી લાગ મળ્યો. બોલ્યો : 'તું તારે હેંડને છાનોમાનો. પાછી જશે તોય તારાથી કાંઈ વળે એમ છે ?.... જ્યાં સુધી કાનજી સીધો છે ત્યાં સુધી તારે કશી ફિકર–'

ધૂળો ખુશ થતાં બોલ્યો : 'એટલે જ તો કાનાભાઈએ એને આગળ કરી લાગે છે !' અને ચૂપ રહેવાનું યોગ્ય લાગવા છતાંય બોલી પડાયું : 'એક વાર મારા ઘરમાં આવી જાય ને ? પછી તો–'

હીરાને જીભે આવ્યું : 'હમણાં તારો ભા (કાનજી) જો સાંભળી જાય તો તો ઘરમાં ઘાલતો ને ઘાલતો જ રહી જાય કાં તો !' પણ એ ન બોલતાં ધૂળા સામે ડોળા ઘુરકાવતાં કહ્યું : 'તું તારી જાત પરખાવ્યા વગર છાનો મરીશ હવે !'

ધૂળો છાનો તો રહ્યો પણ તેય 'લે ભાઈ આ છાનો મૂઓ; હવે તો બસ !' આમ બોલ્યા પછી જ.

પહેલો કૂકડો બોલે ન બોલે ને આ લોકો ઉધડિયાને સીમાડે આવી લાગ્યાં.

સ્વાગત કરતા ભૂરિયા કૂતરાને બુચકારતાં કાનજી ઉકરડા આગળ

આવેલી આંબલી નીચે થંભ્યો, ધૂળાનું ઘર ફળિયાને નાકે જ હતું એટલે આગળ બારણાથી જવામાં પણ વાંધા જેવું કશું ન હતું છતાંય કાનજીએ ધૂળાને કહ્યું : 'જા 'લ્યા, જઈને પાછલું બારણું ઉઘાડ.' અને સહેજ વાર પછી હીરાને પણ કહ્યું : 'હીરા, તું જઈને વાડમાં છીંકું પાડીશ ત્યારે; પેલાથી કંઈ બનવાનું નથી.'

'હા હા, તમે અહીં જ ઊભાં રો' હું છીંકું પાડીને બોલાવું છું.' કહેતો હીરો પણ રવાના થયો.

બગલમાં હાથ રાખીને નીચી મૂંડીએ ઊભી રહેલી જીવી પગના અંગૂઠા વડે જમીનમાં ખાડો પાડી રહી હતી. કાનજીએ એના તરફ જોયું, બોલાવી : 'જીવી !'

જીવીએ કશો જ જવાબ ન આપ્યો. મહુડા પરથી પડતાં મહુડાંનો 'ટપોટપ' અવાજ જાણે ન સંભળાતો હોય, એમ કાનજીને જાણે જીવીનાં ખરતાં આંસુ સંભળાતાં હતાં. જીવી પાસે ડગ ભરતાં એ– બબડતો હતો કે મનમાં થતું હતું એનું તો એને પોતાનેય ભાન ન હતું : 'આ ભવ તો હું તને મારે હાથે જ હડસેલું છું ! શું કરું?....'

એણે એક હાથ જીવીની પીઠ ફરતો બાવડે મૂક્યો. બીજાથી એનું માથું પોતાની છાતી ઉપર ઢાળ્યું. જીવીનાં દબી રહેલાં ડૂસકાં સરી પડ્યાં, રુદનની હીકે (ડૂસકે) ક્ષણભર તો કાનજીની આંખમાં આવેલાં આંસુ સુકાઈ ગયાં, 'ન ગમતું હોય તો ચાલ ત્યારે હેંડતાં થઈએ.' આવું હોઠ આગળ આવી ઊભું, પણ બીજી જ ક્ષણે બબડ્યો, 'ના ના, કોકના મોઢામાં મૂકેલો કોળિયો–'

અને જીવીની હડપચી ઊંચી કરતાં ગળું સાફ કરી બોલ્યો : 'તું શું કામ ફિકર કરે છે ! એમ તો હું ગામમાં જ છું ને ? દુનિયાની નજરે ભલે આપણે જુદાં છીએ પણ–' કાનજીને કાને અવાજ પડ્યો : 'કાનાભાઈ વાડમાં–'

અને ધૂળો કાનજીની બાથમાં જીવીને જોતાં ચૂપ થઈ ગયો. કાનજીએ જીવીને બાથમાંથી છૂટી કરી. એક કરડી નજર ધૂળા તરફ પણ નાખી લીધી.

એટલામાં હીરો આવી લાગ્યો. ધૂળાને કહ્યું : 'હું તને ત્યાં ઘરમાં બોલાવું છું ને તું અહીં ઊભો છે ?' અને કાનજી તરફ જોઈ બોલ્યો : 'લો હેંડો, કાંટા કાઢી નાખ્યા છે.'

હીરાનું 'કાંટા કાઢી નાખ્યા છે' એ વાક્ય સાંભળીને કાનજીને સહેજ હસવું આવ્યું. એક ભારે શ્વાસ લઈ બોલ્યો : 'હવે મારું ત્યાં શું કામ છે ? ભગતને ત્યાં બેઠો છું.' કહી એણે પગ ઉપાડ્યો. એકેકો પગ એને મણ મણનો લાગતો હતો.

ભગતની ચોપાડમાં પગ મૂકતાં કાનજીએ ખોંખારો ખાંધો. ભગતને સળવળતા જોઈ બોલ્યો : 'કેમ ભગત, ઊંઘો છો કે જાગો છો ?'

ભૂરિયા કૂતરાના ભસવાથી ભગત જાગી ગયા હતા. બેઠા થતાં બોલ્યા : 'જાગતા હોઈએ ત્યારે જ તો જાગતા રહેવાની જરૂર છે : ઊંઘમાં પડ્યા પછી તો નરભે (નિર્ભય) છે.' કહી ઊભા થયા. બાજુમાં આવેલા તાપણા પાસે બેસતાં પૂછ્યું : 'કેમ, હેમખેમ ને ?'

'તમારા આશીર્વાદ મલ્યા પછી તો હેમખેમ જ હોય ને, ભગત. મને એક વાર તમાકુ પાઓને.' કહી તાપણા આગળ બેસતાં બબડ્યો : એક તો તમાકુ પીધા વગર મરી ગયા !'

હુક્કો ભરાતામાં તો હીરો પણ આવી લાગ્યો. અને એની પાછળ– સામે ઘર હોવા છતાંય ભાગ્યે જ ભગતને ઘેર આવનાર ધૂળો પણ આવી ઊભો. ખિસ્સામાંથી તમાકુ કાઢી હાથ લાંબો કરતાં બોલ્યો : 'લો આ તમાકુ મેલો ને !'

કાનજીને હસવું આવ્યું, બોલ્યો : 'કેમ આ કંઈ ગધેડાની લાદ તો નહિ ભરી હોય ને ?'

ભગતનું દિલ સહેજ દુખાયું : 'એ બિચારો ભાવથી લાવ્યો છે તો આ બળી રે' એટલે એને મૂકીએ !' કહી ધૂળાના હાથમાંથી તમાકુ લઈને તાપણા આગળ મૂકી.

ધૂળો પણ આસ્તેથી તાપણા આગળ ગોઠવાયો. એને કંઈક કહેવું હતું, પણ કહી શકતો ન હતો. અજવાળું હોત તો ભગત વહેલા બોલી ઊઠત, પણ

આ તો જ્યારે એના શરીરનું હલનચલન-બેચેની વધી પડી ત્યારે જ એમના ધ્યાનમાં આવ્યું. કહ્યું : 'કેમ તમે ટાઢા થઈને બેઠા છો, હીરા ? ઘડી કેડ તો ચૌદશ બેસશે. બે જણને બોલાવવા હોય તો બોલાવીને પાટલા-બેસણાં (વિધિ) કરી નાખોને ?' વળી ભગતે ઉમેર્યું : 'બે જણનુંય શું કામ છે ? આપણે છીએ જ ને. હાં ગાણાં ગાય એવી એકબે છોકરીઓને બોલાવો.'

'આપણાથી તો હાલીને પાણી પિવાય એવુંય નથી ?' કહેતાં કાનજી ભગતવાળા ખાટલામાં આડો થયો.

'હા હા કાનાભાઈ, તમે તમારે સૂઈ રો',' કહી ઊભા થતા ધૂળાએ હીરાને વીનવ્યો : 'હીરાભાઈ, તું તો ઊઠે ત્યારે ભાઈ ! તારા ઘરમાંથી–કુંકુભાભીને ને નાથી (હીરાની બહેન) ને બોલાવી લાવે ત્યારે. પેલી પા વસ્તાકાકાને ત્યાં જરા કે'તો આવજે, ને જીવીભાભીને તો જરા કાને એકલું નાખવું પડશે. આટલું તો તું કરે ત્યારે ભાઈ !'

તમાકુનો દમ લગાવતાં હીરાથી હસી પડાયું, 'ફક્ક' દેતોકને મોંમાંનો ધુમાડો બહાર નીકળી પડ્યો. થોડીક ઉધરસ પણ આવી ગઈ. ભગતને હુક્કો આપતાં બોલ્યો : 'કો' છો ને કે ધૂળિયો ભોળો છે, ભગત ! બેને બદલે પાંચ તો ગણાવ્યાં ને હજુ ઊભો થઉં એટલામાં જોજો !'

'એવું તે હોય ભગતકાકા ! પણ પેલી પા મુખીને ત્યાં ખબર ન કરીએ તો એમને જરા માઠું લાગે. બાકી મતાદારને ને એ બધાંને તો કુણ બોલાવે છે ?'

'લે તું બધું ડહાપણ કર્યા વગર કંકુ, નાડાછડી ને એ બધી જોઈતી ચીજો તૈયાર કર, જા.' કહી હીરો ઊઠ્યો અને આળસ મરડતાં ભગતને કહ્યું : 'આ રાગ તો જુઓ ભગત ! આ ગાંયજો કે' છે કે તમે મારાય ગાંયજા થાઓ.'

'કોક વાર એમેય હોય ત્યારે એ તો.' કહી ભગત હસી રહ્યા.

'ના ભાઈ ના. તારો છોકરો પરણે ત્યારે જોજે, જો હુક્કાની એક ચલમ સરખીય ભરવા દઉં તો આ ધૂળિયાને ફટ કહેજે.' કહી આંખો નચાવતો ધૂળો ઘેર ગયો; હીરો ગામ તરફ.

કંઈક વિચારમાં પડેલા ભગત થોડી વાર પછી ઊભા થતાં બોલ્યા : 'મારુ તો તને એ જ કહેવું છે કાનજી, કે આને લાવ્યો તો લાવ્યાપણું રાખજે !' અને હાથમાં લોટો અને ખભે ધોતિયું નાખી, 'એવું હોય તો પેલી પા ખૂણામાં ખાટલો તાણી લે; અહીં તો હમણાં ગરબડ થશે. ઊંઘ આવી હશે એય ઊડી જશે.' કહી નિત્યના નિયમ પ્રમાણે, આજ જરા વહેલા નદી તરફ ચાલતા થયા.'

જોતજોતામાં તો ગામનાં બૈરાંથી ધૂળાનું ઘર ભરાઈ ઊઠ્યું, મુખી તથા બેચાર બીજા પટેલોને પણ ધૂળાનો એક દસબાર વરસનો ભાઈ હતો એ બોલાવી લાવ્યો.

મૂળ તો ધૂળાનું ઘર જરા ખાતું પીતું હતું ને પાછી ન મળતાની મળી. આ સિવાય રાત ઉપર બૈરું કર્યું એવું પણ ખરું જ તો ? એમાં વળી હીરા જેવો લાંબી આંગળિયાળો કરનાર-કારવનાર મળ્યો, પછી ગોળ વહેંચવામાં શું કામ કમી જ રાખે !

આ કમોસમમાં આવી મળેલ વિવાહનો લહાવો લૂંટતાં યુવાન અને યુવતીઓના શીળી સવારના બુલંદ અવાજે આસપાસની સીમમાં અને નજીકનાં ગામોને વિચાર કરતાં કરી મૂક્યાં : 'અલે ભાઈ, આ ઉધડિયામાં કૂકડો બોલતામાં ગાણાંની રમઝટ ચાલે છે તે છે શું ?'

અને આનો જવાબ આપનાર સામો માણસ પણ પ્રશ્ન જ પૂછતો હતો : 'કોઈને ત્યાં છોકરોબોકરો થયો હોય ત્યારે. બીજું તો શું હોય ?'

'હા ભાઈ, ઉધડિયાના જુવાનોનું ભલું પૂછવું. મારા બેટા કાં તો પૈણાવતા હોય સાચમૂચ ઢીંગલાં ને ધમાલ કરે ત્યારે જાણે સાત નવાઈનો છોકરો પૈણતો હોય એવી.' કોક અનુભવી કહેતો. તો બીજો વળી પોતાની જોવનાઈ યાદ કરતાં ઉમેરતો : 'હોય ત્યારે, કાંય ન મળે તો આવું ઊભું કરીનેય ગાણાં ગાય તો એમાં ખોટુંય શું છે ?'

પરંતુ આ જ પ્રશ્ન જ્યાં ગામનાંને જ થતો હતો પછી દૂરનાની તો વાત જ શી કરવી ? જે કોઈ જાગતું એ આડોશીપાડોશીને જગાડતું. એ વળી ત્રીજાને પૂછતું અને છેવટે એનું નિરાકરણ કરવા બેચારનું ઝૂમખું

વળી ધૂળાને ત્યાં આવી લાગતું. એક કથરોટમાં ગોળ ભરી ઝાંપામાં જ ઊભેલો હીરો આવનારના ખોબામાં ગોળ ભરી દેતાં જવાબ આપતો : 'શાનો તે ઘરમાં જઈને જુઓ.'

ઘણાને આ બધું અચાનકનું રામલીલાના વેશ જેવું લાગતું હતું. ધૂળાનો ચહેરો અને પહેરવેશ પણ રામલીલાના વિદૂષકને અનુરૂપ જ હતો. માથે વગર ધોયેલા સેનાનું ફૂલેલું ફાળિયું, દિવાળી ઉપર પહેરવા સિવડાવી રાખેલું નવું અંગરખું અને અંગ સાથે મેળ ખાવાની ના પાડતું ખેળભર્યું માદરપાટનું અક્કડ ધોતિયું વગેરે પહેરવેશ ઉપરાંત (ધૂળાનો આ પહેરવેશ મજૂરીનાં ફાટયાંતૂટ્યાં કપડાંમાં ઊંઘમાંથી સીધા જ ઊઠીને આવેલા ગામલોકથી ધૂળાને સાવ જૂદો પાડતો હતો.) અંગૂઠાથી જાડો કંકુનો ઊભો તાણેલો ચાંલ્લો, ઉપર ચોંટાડેલા ઓયણુંએક ચોખા અને ગળામાં નાડાછડીની ચારપાંચ આંટીઓનો હાર એ બધી વસ્તુઓએ ધૂળાના દેદાર જ જાણે ફેરવી નાખ્યા હતા. વળી જમણા હાથમાં કાંડામાં નાડાછડી બાંધનારે પણ– હીરાએસ્તો– કંઈ કંજૂસાઈ કરી ન હતી; પરંતુ એમાં હીરાનો દોષ ન હતો. એણે તો પહેલાં બાંધવાની રીતે બે તાંતણા જ બાંધ્યા. પણ ધૂળો બોલી ઊઠ્યો : 'નાડાછડી વરવાથી ન બીતો હીરાભાઈ, ઘરમાં બીજી ગૂંચળી છે.' હીરાને દાઝ ચડી ને કે ત્રણેક આંગળવા કાંડું ભરી દઈ ધૂળાનો ઓરતા પૂરો કર્યો.

ઘરમાં ભરાયેલાં બૈરાં, વર તથા કન્યાના એમ બે પક્ષમાં વહેંચાઈને સામા પક્ષને ગાળો દેતાં તો વળી શિખામણ આપતાં ગીતનો વરસાદ વરસાવી રહ્યાં હતાં.

ચોપાડમાં ગામના આધેડ તથા વૃદ્ધો, આ વાત કેમ કરીને બની એ ચર્ચાને અંતે હીરા, કાનજી તથા– ભગતનાં તો એટલા માટે કે એમના વગર કાનજી તથા હીરાની આ કામ કરવાની ગુંજાશ જ નહિ એમ ધારીને– વખાણ કરતા, કસુંબો ઘોળતા અને હુક્કો ટટકાવતા બેઠા હતાં.

જ્યારે આંગણાની ધરતી તો એવી ધમધમતી હતી કે એને ધમકારે જ યુવાનીથી હાથ ધોઈ બેઠેલ એવાં સ્ત્રીપુરુષો પણ અંધારાનો લાભ લઈને

જતી યુવાનીની મોજ માણવા કૂંડાળા ભેગાં ભળી ગયાં હતાં.

દિવસ ઊગતાંની સાથે માણસોને ભાન આવ્યું. 'મારે તો હજુ સેડ કાઢવી (દોહવું) છે.' 'અલી, મારે તો ચપટીય દળેલું નથી.' તો કોઈ વળી, 'હાય હાય, મારે તો છોકરી, કાં તો રોઈ રોઈને મરી ગઈ હશે.' આમ કરતાં ઊભાં થયાં. ચોપાડવાળા પણ– અફીણ ઊગ્યાની નહિ, કારણ કે એના ઊગવાની તો હજુ વાર હતી પણ અચ્છી તરહથી ખાધાની લહેરમાં 'ઘણું સારું થયું ! ભગવાને સામે જોયું ! નહિ તો ધૂળિયો રહી જ ગયો હતો.' તો કોઈ વળી 'ભગવાન એનો વેલો વધારે ને સુખી રાખે !' એવા આશીર્વાદ સાથે હુક્કા ટટકાવતા ઘર તરફ ચાલવા લાગ્યા, આંગણાની ધૂમર પણ વીખરાઈ ગઈ.

વિદાય આપતા ઊભેલા ધૂળા ઉપર બેચાર યુવતીઓની નજર પડતાં ઊભી રહી ગઈ. ધૂળા સામે જોતાં ગાવા મંડી :

'સાંભળ રે છેનારના છોરા શિખામણો દઉં છું (૨)
વાસીદાનાં ટોપલાં તારી માતાને સોંપજે,
રાંધ્યાની રસોઈઓ મારી જીવી બુનને સોંપજે. –સાંભળ રે.
પાણીડાંનાં બેડાં તારી ભોજાઈઓને સોંપજે,
તાળાં ને કૂંચીઓ મારી જીવી બુનને સોંપજે. –સાંભળ રે.'

અને આ સાંભળી ધૂળાને તો શેર શેર લોહી ચડવા માંડ્યું. જ્યારે જીવીને ? અજાણ્યા ગામમાં, અજાણ્યા ઘરમાં અને અજાણ્યા માનવીઓમાં આવી પડેલી જીવીની આંખમાંથી ડબડબ કરતાં આંસુ ખરી પડ્યાં. આટલાં બધાં માનવીઓમાં એક જ માનવી ઓળખીતો હતો. પરંતુ, 'અલે કાનજી ક્યાં ગયો ?' આવા સવાલથી પુછાતા એના નામ સિવાય એ તો નજરે જ નહોતો પડ્યો.

અને ક્યાંથી પડે ? ખાટલાની આ ઈસથી પેલી ઈસ કરતા કાનજીને પોતાને બીક હતી– વગર જોયેય એને પોતાની સિકલ માટે ખાતરી હતી કે આટલાં માનવીઓમાં કોઈકની આગળ પણ એ ચાડી ખાધા વગર નહિ રહે; – પછી ભલે એ હસે કે ન હસે, બોલે યા ન બોલે !

૭. હૈયાના હુડા

નાગકન્યાની ચિત્રવિચિત્ર વાતો પેઠે ગામમાં જીવીની વાતો પણ થઈ રહી હતી. ખાસ કરીને પેલાં મેળાવાળાંમાંથી કોઈ કહેતું હતું : 'કાનજી એને પોતાના ઘરમાં ઘાલવા લઈ આવ્યો હતો પણ હીરાએ અને ભગતે એને ખૂબ ખૂબ સમજાવ્યો, પેલીને પણ મોડા સુધી ભગતના ઘરમાં બેસાડી રાખી હતી. કાનજી એકનો બે થતો ન હતો, છેવટે એના મોટાભાઈને બોલાવ્યા. એવા એ કાનજી આગળ રોયા ને રુદન કર્યાં. છેવટ જતાં કાનજી માન્યો તો ખરો પણ રિસાઈને સૂઈ ગયો. પણ પછી તો ભગત ને હીરો વિચારમાં પડ્યાઃ આ રાંડનું હવે કરવું શું ? કૂકડો બોલવા આવ્યો હતો. પાછી મેલવા જાય તો દન ઊગી જાય. ને તોય–કે' છે પેલી તો બાપડી જવા તૈયાર હતી, પણ કાનજીના ભાઈને બીક લાગી કે આજે નહિ તો, કોક દન જતાં કાનજી કાં તો આને લઈને નાસી જશે. એટલે એ ભાંગેલા હાથવાળાએ આ ધૂળિયાની વેરે લૂગડાં પે'રાવવાની વેતરણ કરી. ધૂળિયાને તો બચારાને જાણે ભગવાન હેઠા ઊતર્યા ! નકર વળી ધૂળાભાઈના કપાળમાં આવી ઇન્દરની પરી જેવી બૈરી ક્યાં બેસી રહી હતી !....'

તો કોઈ વળી એમ પણ કહેતાં : 'આ આને બિચારીને કુટુંબમાં કોઈ નથી. બાપ છે તે અફીણ ખાઈને ઘોરી રહે, પછી ઓરમાન મા છે એનું જ ઘરમાં તો વટે ને ? એટલે એણીએ (માએ) એનાં પિયરિયાંમાં–હશે જ તો કોઈ કાણો, લૂલો, કે પછી કોઈ ઘયડું ખચ્ચર ! એવું હશે ત્યારે

જ આવી આ ઘરમાંથી નાસી છૂટી હશે ને ? નકર જો કોઈ સારો મુરતિયો હોત તો આપણે જ ખ્યાલ કરીએ, આ ધૂળિયા બટકાનાં તે કોઈ હરખાઈને લૂગડાં પહેરતું હશે ?'

તો કોઈ વળી ભગતને જ આનું મધ્યબિંદુ બનાવતાં : 'આ બધાં કારસ્તાન આવા આ ભગતડાનાં જ છે. એણે જ ધૂળિયાને કોઈ મોહિની કરી આપેલી. બૈરી જોઈ હોય તો નકશો છે ! બચારીનો એમ કરીને ભવ બગાડ્યો !'

કોઈ વળી આમાં વાંધો ઉઠાવતાં : 'લે હેંડ હેંડ હવે ! એમાં વળી ભવ શાનો બગડ્યો છે ! એ નહિ તો એનો ભાઈ બીજો; કોક ને કોક ખોળવો તો પડત જ ને ? કાંઈ બધાયમાં મોર ઓછા ટાંક્યા છે ! ખરું પૂછો તો એ રૂપાળા ધણી કરતાં તો આવા જ સારા બિચારા. તારામારા જેવી કોઈ રાંડો મોહેય નહિ ને ઘરની ધણિયાણીનો ભવ બગડેય નહિ.'

તો વળી કાળી જેવી ચગડોળની પાલખી યાદ કરતાં છાનીમાની કહેતી : 'આ ધૂળિયાનું તો જ્યાં ત્યાં ઓઠું જ છે ! કાનાભાઈને તમે કાચો ન સમજતાં ! જોજો ને ? જીવતાં હો તો યાદ કરજો કે કાળી શું કે'તી'તી !'

અને આમ એકમાંથી અનેક વાતો થઈ રહી હતી.

ખાસ કરીને તો આ વાતો સ્રીવર્ગમાં જ અને તેય પાણિયારે જ ચર્ચાતી હતી. બાકી થોડાક વૃદ્ધો સિવાય આખાય પુરુષવર્ગને આવી વાતો કરવાની આજકાલ ફુરસદ જ ન હતી. એક બાજુ ખળામાં ડાંગર પિલાતી હતી, બીજી બાજુ શિયાળુ પાક માટે હળ ફરતાં હતાં. રાતને પહોર બે ઘડી નવરાશ મળતી. પણ આ નવરાશનો તો આદિ અનાદિથી ચાલ્યા આવતા રિવાજ પ્રમાણે હુડા ગાવામાં ઉપયોગ થતો.

દિવાળીનો દિવસ ઊગ્યો ને ગામનું વાતાવરણ બિલકુલ ફરી ગયું. માણસોની જાણે સૂગ આવતી હોય એવા એકબે જણ સિવાય આખાય ગામે આજ બે દિવસ માટે કામને જાણે ખીંટી પર લટકાવી દીધું હતું. આડે દિવસે નાહતી વખતે રડારોળ કરતાં બાળકો પણ આજ તો વહેલી સવારે નાહીને ફૂલફૂલાળી ઝૂલડીઓ પહેરી મુખીની પરસાળ તરફ રવાના

થઈ ગયાં હતાં. ખાટલામાં બેઠા થતાં જ મોં ફાડી ફાડીને (બગાસાં ખાઈને) અફીણની માગણી કરતા અફીણી જીવ પણ હુક્કા લઈ લઈને મુખીની ચોપાડમાં આવી ભીંતને અઢેલી બેસી ગયા હતા. સ્ત્રીઓને તો જોકે રોજના જેટલું જ કામ હતું અને એમને કંઈ રાવણામાં પણ જવાનું ન હતું, છતાંય 'આજ તો દિવાળી છે,' એ હરખ એમની ચાલમાં અને મોં ઉપર દેખાઈ આવતો હતો. અને જુવાનોનું તો પૂછવું જ શું ! સૌની ગોઠતી ટોળીમાં મતવાલી ચાલે ચાલતા અને હુડા ગાતા મુખીની ચોપાડમાં આવી રહ્યા હતા. ચોપાડમાં આવતાં જ પોતાની લીટીઓ પડતી મૂકી ત્યાં આગળ ગવાતી લીટીઓ ઝીલી લેતા. અને એમ વાતાવરણમાં પોતે પણ ભળી જતા હતા.

પરંતુ હુડાની હજુ ખરી રમઝટ આવી ન હતી, એકબે રસિક વૃદ્ધે તો કહ્યું પણ ખરું : 'અલ્યા, આ તે તમે હુડા ગાઓ છો કે મશ્કરી કરો છો ? જરા લાંબા રાગે જવા દો.'

તો કોઈ વળી જવાબ આપતો : 'આમનાથી કંઈ નહિ બને, હજુ પેલી 'લાલ ટોળી'ને (કાનજી-હીરાની ટોળીને આ નામ આપ્યું હતું) આવવા દો. પછી જોજો રંગ !'

અને ત્યાં તો ફળીને નાકેથી આવતો અવાજ કાને પડ્યો. હૈયાની ઊલટથી ગવાતા ગીતની મીઠાશ અને માદકતા જ ઓર હોય છે ! કાનજી, હીરો તથા એક બીજો એમ ત્રણ જણ એકમેકની કોટમાં હાથ નાખી જાણે દારૂના ઘેનભર્યા ન ચાલતા હોય એમ ચાલતા ગાતા હતા. પાછળ એ જ ઢબે આવતી ચાર જુવાનોની ટોળી ઝીલતી હતી.

'પૈણે પૈણે રે....વનને વગડે કંઈ
વેળુ ને ભોજો ગોવાળ.'

વેળુ પૂછે છે :

'ક્યાંથી લાવશો રે.....વનમાં વાજન્ત્રી
ભોજા ! ક્યાંથી શરણાઈ જોડ ?'

જ્યારે ભોજો જવાબ આપે છે :

'સવાસો ગોવાળિયા વેળુ ! ઝોલે મળ્યા,
એમાં ઢોલીનો બેટો રે હોય !'

અને આમ ગાતી ગાતી આ 'લાલ ટોળી' ચોપાડમાં આવી ઊભી. ચોપાડનું આખુંય વાતાવરણ જાણે આ લોકને તાબે ન થતું હોય એમ એમને માટે જગ્યા થઈ. હુડા ગાનારા જુવાનોએ પણ આ બે ભાગમાં ભળી એ લોકના જ હુડા ચાલુ રાખ્યા.

ગીત આગળ ચાલ્યું. વેળુ જાતજાતના વાંધા ઉઠાવે છે. નાળિયેરનો વાંધો પણ આવી ઊભો.

એનો જવાબ પણ ભોજા પાસે તૈયાર છે :

'આપણા વનમાં ઝાઝેરી બીલીઓ!'
મારે હરખે આવશે કામ !'

અને આમ વાંધો ઉઠાવતી વેળુને સંતોષકારક જવાબ આપતો ભોજો છેવટે પરણે છે.

પ્રકરણ પૂરું થતાં કાનજી ચૂપ રહ્યો. સામે ભીંતને અઢેલીને બેઠેલા ભગતને કહ્યુંઃ 'ભગત, જરા હૂકો તો પાઓ.'

'અરે ભાઈ, લો ને શા માટે નહિ ?' ભગતની જોડમાં બેઠેલા એક અફીણિયાએ કહ્યું અને હુક્કાની નળી સાથે મોં વળગાડી રાખીને જાણે તમાકુનો આખો અર્ક ન ખેંચી લેતો હોય એમ તાણતાં તાણતાં ઝૂક્યો. હુક્કો કાનજીના ખોળા લગતો પહોંચાડતાં વળી બે સટકા મારી લીધા.

આસપાસના લોકો સાથે કાનજી પણ હસ્યો.

હુક્કા ભરવા માટે આંગણાંમાં ધિકાવેલા દેવતા આગળ ટોળું વળીને ઊભેલાં છોકરાં ફટાકડા ફોડતાં હતાં. બીજી બાજુ ચોપાડમાં કસુંબાની હથેળીઓ ભરીને એકબીજા આગળ ધરતાં, 'અરે આજ દિવાળીને દને કાંઈ ના પડાય ?' 'મારો હાથ પાછો ઠેલશો ?' 'આવા બાર મહિનાના સપરમે દને ?' 'ના ?' આવા આગ્રહોથી પરસાળ જાણે ગાજી રહી હતી.

છતાંય– પેલું ગીત બંધ થયાથી હોય કે એ પ્રેમકથાના રસમાં

તરબોળ થયેલો જીવ વિરહ-વેદના અનુભવતો હોય– ગમે તેમ હોય પણ દરેક માનવીના હૈયાને એક જાતના સૂનકારે આવરી લીધું હતું.

ત્યાર પછી સુખડી વહેંચાઈ અને ત્યાંથી ઊઠેલું રાવણું ધૂળાએ નવું બેરું કર્યું એના હર્ષમાં એના નિમંત્રણને માન આપી ત્યાં જઈ બેઠું. કાનજીના હુડા ચાલુ જ હતા :

ભોજા સાથે રમત રમતાં પરણી ચૂકેલી વેળુ મોટી થાય છે. એના રૂપમાં મોહી ચૂકેલો રાણો વેળુના બાપને ત્યાં માગું મોકલે છે. રાણાને કોણ ના પાડે ? એથી સારો જમાઈ બીજો કોણ મળવાનોય હતો ?

રાણો ભોજા ગુજરાને જાને આવવાનું નોતરું મોકલાવે છે :

'ભોજા માંડજે ઘોડલે પલાણ,
મારી જાને વે'લેરો આવ.'

ભોજાને, વનમાં ઢોર ચારતો એ દિવસો, વેળુ સાથે થયેલાં પોતાનાં લગ્ન વગેરે યાદ આવે છે; વિચારમાં પડી જાય છે. મનની એ મૂંઝવણ ઝાલોર ગાય (કામધેનુ જેવી ગાય) આગળ વ્યક્ત કરે છે.

ઝાલોર ગાયની સલાહ પ્રમાણે પાતાળમાં ચાલતી 'બાવળી' ઘોડી ખરીદી લાવે છે.

'રાણાની વાગી રે છત્રી શરણાઈઓ,
પેલા ગુજરાના ઢમક્યા ઢોલ !'

રાણાની જાને જવાને બદલે ભોજો પોતે જ વરરાજા બને છે. સવાસો ગુજરાના સંગમાં શોભતો ભોજો પણ રાણાની બાજુમાં પડાવ નાખે છે.

વેળુનો બાપ મૂંઝવણમાં પડે છે. આખરે લોખંડી દરવાજા તોડવાની અને કોટ કુદાવી જવાની આકરી શરતો મૂકે છે, પણ એમાં તો ઊલટો ભોજો જ જીતે છે. વેળુના બાપની મૂંઝવણ વળી વધે છે.

બેઉ વરરાજા તોરણ આગળ આવી ઊભા છે. રાજાએ તોરણે જરીનાં પોતિયાં નાખ્યાં, જ્યારે ભોજાએ હાર નાખ્યા. આ વાત જાણી વેળુ કહે છે :

'ધોતીપોતી તો રાણા જળી જશે,
મારે હૈયે રે'શે પેલા હાર.'

છતાંય વેળુનો બાપ પોતાની દીકરીને રાણા સાથે જ પરણાવે છે. વેળુને લઈને રાણો પાછો ફરે છે, પરંતુ :

'ત્રણે રે વાટ્યોનો આવ્યો તરભેટો
બેઠાં રિસાઈને વેળુ નાર.'

અને જે વેળુ છેક પરણ્યા સુધી બાપ આગળ બોલી શકતી ન હતી તે આ વનવગડામાં રાણાને સુણાવી દે છે :

'શુંય આવું રે રાણા ટાલરા,
તારે મોઢે નથી કાંઈ મૂછ.'

આ લીટી પૂરી કરી એક જુવાન સામે જોઈ કાનજી બોલી ઊઠ્યો : 'એનું નામ તે બૈરી !'

'એ તો સતજગની વાતો છે, આવા કળજગમાં તો એવી–'

આમ કહેતા એક આધેડની વચ્ચે જ કાનજી બોલ્યો : 'ખરી વાત છે માવાભાઈ, આપણા સમામાં તો ઊલટી સામાં માથાં વઢાવે !–' અને પછી વારો આવતાં ગીત ગાવા મંડ્યો.

ત્યાંથી તો વેળુને જવું પડે છે, પરંતુ એવામાં એક કલાલની દુકાન આવે છે. રાણાનો સંઘ દારૂ પી ભાન ભૂલે છે. આનો લાભ લઈ વેળુ પેલી કલાલણને ત્યાં સંતાઈ જાય છે.

પાછળથી ભોજો પણ દારૂ પીવા આવી લાગે છે. વેળુના પગની પાની એની નજરે પડે છે. કલાલણને પૂછે છે :

'સાચું બોલો રે ભાથુ કલાલણ,
તારે ઘેર કુણ નાર હોય ?'

ભોજા-વેળુની પ્રીતથી અજાણ કલાલણ બહાનાં કાઢી વાતને ઉડાવે છે પણ ભોજો માનતો નથી. આખરે વેળુ એને હાથ લાગે છે.

અને પછીનું સુખી જીવન ગાળવાનો વખત આવે છે ત્યાં તો ધૂળાએ બારણામાં ઊભા રહીને બૂમ મારી : 'કાનાભાઈ, જરા આમ આવજો.' ન છૂટકે કાનજી ઊઠ્યો.

'આ જરા સુખડી શેકવાનો ગમ (સમજણ) ભાળો ને ? જુઓને

આ આટલો લોટ–!'

'પણ આ આખો હીરો તારી પાસે છે ને મને એમાં–'

'તોય તું જો તો ખરો ! લે, કાંઈ ન કરે તો અહીં બેઠો બેઠો હુક્કો તો પી.' હીરાએ હુક્કો ધર્યો અને પછી લોટના ખોબા ભરી કેટલા શેર હશે એનો આશરો કાઢવા લાગ્યો.

કાનજી ખાટલા પર બેઠો. સામે જ નવા ગવનમાં વીંટળાઈને કોઠીને અઢેલીને જીવી બેઠી હતી. નાની ડોશી લોટની સૂંડલી લઈને ઊઠ્યાં. જીવીના મોંને ઉઘાડું જોતાં જ બોલી ઊઠ્યાં : 'હાય હાય ભા ! સામે પેલો કાનો બેઠો છે ને જરા લાછ તો કાઢ !'

કાનજી ફફડી ઊઠ્યો એમ કહીએ તો પણ ખોટું નથી. 'માત્ર મોં જોઈને રાજી રહેવા જેવું હતું એય આજથી સદાને માટે બંધ થાય છે !' બોલી ઊઠ્યો :'અરે કાંઈ ગાંડાં થયાં, નાનીકાકી ? મારી લાછ તે હોય ? હું ને ધૂળો એક હેડીના.'

'તોય તું મહિનો માસ મોટો તો ખરો જ ને ? તારી મા સુવાવડમાંથી ના'યાં એ જ દન મારા ધૂળિયાનો–'

હીરો બોલી ઊઠ્યો : 'અરે સમજ્યા મારા ભાઈ ! એય વરસ બે વરસનો ફેર હોય ને કાઢી હોય તો જુદી વાત છે !'

ધૂળો બોલ્યો : 'ને લાજ કાઢવાથી શું વધારે છે ? એ તો–' અને ડોશીને પોતાની સામે ઘૂરકતાં જોઈ ધૂળાએ કહ્યું : 'પણ તું આમ મારા સામું તાકી શું રહી છે મા, ઘી-ગોળ ક્યારે લાવીશ ?'

કાનજી તો હજી પણ લાજની ધૂનમાં જ હતો. જે શબ્દને જીભે લાવતાં કદાચ મહિનાઓ વહી જાત, અને તેય મહામંથનો પછી, એ ફટ કરતોકને હોઠ બહાર નીકળી પડ્યો : 'ના રે જીવીભાભી, એવી એક મહિનાની વડ-લોઢાઈમાં લાછ ન હોય સમજ્યાં ને ? નાની કાકી તો અમસ્તાં !'

'તે હુંય ક્યાં એની પાછળ પડી છું. આ તો આજે મારી નજર પડી એટલે મીકું કાઢી હોય તો ઠીક, નહિ કાઢે તો બગડીય શું જવાનું છે !'

ઘીની વાઢી સાથે બહાર આવતાં નાની ડોશીએ કહ્યું. અને પછી ઘી પાડતાં પાડતાં મોં મલકાવતાં વાત કહેવા લાગ્યાં : 'આ હીરાના બાપાને ને મારે તમારા જેવું જ થયેલું. હું પે'લે આણે જ સાસરે આવેલી. આ જીવી વહુ બેઠી છે એમ હુંય બેઠેલી ને એય આવીને આ તું બેઠો છે એમ જ બેઠા. એટલામાં ઘરમાંથી મારી સાસુ–'

'ભાઈસા'બ, તુ એક વાર ગોળ લાવી આપીશ ?' ધૂળાએ કંટાળો વ્યક્ત કર્યો. ડોશી વાત પડતી મૂકીને વળી ઊઠ્યાં.

આ લાગ મળતાં કાનજી પણ છટકી ગયો.

બહાર ગીત ગાતા જુવાનો વેળુ-ભોજાના ટૂંકા સહચારી જીવનનો ભાગ પૂરો કરી ચૂક્યા હતા. ભલભલા કઠણ હૈયાંને રડતું કરી મૂકે એવા છેલ્લા ભાગમાં કાનજીએ સાદ પૂર્યો.

એક સાંજે ઝરૂખામાં ઊભી ઊભી વેળુ આથમણી દિશા તરફ જોઈ રહી છે. શંકા-કુશંકામાં ગોથાં ખાતું મન પૂછે છે : રોજ તો અત્યાર પહેલાં ઢોર આવી જતાં ને આજે કેમ મોડું થયું ? એટલામાં ગાયોના ધણને ઊભે ખેતરે પડેલું જોયું. વેળુ વિચાર કરે છે :

'વાટે પડી રે નિત આવતી,
કેમ ભેળ્યાં લીલોતરી ધાન ?'

એટલામાં તો ઝાલોર ગાય આવી પહોંચે છે. શીંગડે રંગ જોઈને વેળુ પૂછે છે :

'ક્યારે રંગ્યાં માતા શીંગડાં,
તારો ક્યાં છે ભોજો ગોવાળ ?'

ગાય જવાબ આપે છે :

'સામે સીમાડે ભોરંગ રાફડા,
મારે હરખે રંગ્યાં શીંગ.'

ફરીથી વેળુ એનો એ જ સવાલ કરે છે :

'રંગ્યાં ભલે રે માતા શીંગડાં,
પણ મેલ્યો ક્યાં ભોજો ગોવાળ ?'

થોડીક વારનાં ગલ્લાંતલ્લાં કર્યા પછી ગાય કહે છે :

'લોઢી લેંબડિયે ભોજો સૂઈ રહ્યો,
કાંઈ લાંબેરી તાણી રે સોડ.'

ગાયનાં આ વેણ અને રંગેલાં–ખૂનભર્યાં શીંગ જોઈ વેળુ સમજી જાય છે. એક વાર તો ગાય ઉપર ફિટકાર વરસાવે છે, પણ ભાન આવતાં શોકને પડતો મૂકી કહે છે :

'ભોજો ગયો તો માતા ભલે ગયો,
પણ જોતો વેળુની વાટ !'

અને ગાય સાથે જ વેળુ વગડા તરફ ચાલતી થાય છે. ભોજાના મૃત શરીરને ખોળામાં રાખી ચિતાની ઊઠતી ઝાળોમાં વેળુ કહે છે :

'હરખે પૈણ્યાં'તા ભોજા વગડે,
વળી હરખે બળીશું આજ.'

અને પૂરી થતી પ્રેમકથાની 'હરખ'ભરી આ કરુણ લીટીએ કોઈની આંખમાં આંસુ આણ્યાં તો કોઈની પાસે મણ મણના નિઃશ્વાસ નખાવ્યા. કાનજીએ એક ભારે નિઃશ્વાસ નાખતાં થોડેક છેટે બેઠેલા ભગતને કહ્યું : 'આનું નામ તે જીવ મળ્યા કહેવાય, કેમ ભગત ?'

'હાસ્તો ! જીવ જ્યાં એકબીજાથી મળી જાય છે પછી કાંટો વાગે એકને ને દુખે બીજાને, એવા હાલ થઈ જાય છે !'

'ખરી વાત છે, ભગત. માયા લાગે છે ત્યારે ખોળિયાં જુદાં ને જીવ એક એવા જ હાલ થઈ જાય છે !' મનોરના બાપાએ પણ ટાપસી પૂરી.

અને પછી તો કાનજીના ભાઈએ મીરાં તથા નરસીં મહેતાનો દાખલો આપ્યો. ત્યાં તો, 'હુંય કાંક જાણું છું' એવા ખ્યાલ સાથે મુખી બોલી ઊઠ્યા : 'અરે દૂર ક્યાં જાઓ છો; દુર્યોધનનાં ભોજન તરછોડીને વિદુરજીની ભાજી ખાધી એ જ જુઓ ને ?'

અને જો સુખડી ન આવી પહોંચી હોત તો સુદામાચરિત્ર, ધ્રુવાખ્યાન અને ઓખાહરણના આખ્યાનો પણ કોઈક કહેવા મંડી પડત.

બેસતા વર્ષને દિવસે પણ એકબે જગ્યાએ રાવણાં તો બેઠાં હતાં

પણ કાનજી એ તરફ ફરક્યો જ નહિ. ઘેર કંઈ ચેન ન પડતાં ઊઠ્યો, 'હું બળદોની ખબર કરી આવું.' આમ બબડતો ચાલતો થયો.

કાનજીની જોકે આ વાત હતી તો ખરી પણ એટલા માટે જ એ કંઈ સીમાડે ફરવા નીકળ્યો ન હતો. એના અંતરને ખોળી જોયું હોત તો એ પોતે પણ સમજી શકત કે એને અત્યારે નહોતું માણસોમાં બેસવું ગમતું કે નહોતી કોઈનાથી વાત કરવી ઠીક લાગતી. ઊંડે ઊંડે પેલી લીટી ગુંજ્યા કરતી :

'હરખે પૈણ્યાં'તાં ભોજા વગડે,
વળી હરખે બળીશું આજ.'

અને એ ભૂલવા એણે ઘણી ઘણી મથામણ કરી; પરંતુ જેમ હવામાં ભળેલી વાસ છૂટી પડી શકતી નથી તેમ લોહી સાથે ભળેલો આ લીટીનો ભાવ ભૂલવો પણ મુશ્કેલ હતો.

બળદોને તોરણે ચડાવવાની તૈયારી કરતા છોકરાઓના થોડાક સવાલનો જવાબ આપી કાનજી પાછો ફર્યો. ગામમાં આવ્યો ત્યારે ડોશીઓ સિવાયનાં સૌ કોઈ ઉગમણી દિશાએ આવેલાં તોરણ તરફ રવાના થઈ ચૂક્યાં હતાં. કાનજી પણ સીધો તોરણે પહોંચ્યો.

ગાયો તોરણે કરવાનું પતી જતાં સ્ત્રીઓ અને બાળકો ગામ તરફ વળ્યાં. જ્યારે પુરુષો એક જૂનાપુરાણા મહુડા તરફ વળ્યા.

કૂંડાળું વળીને બધા બેઠા હતા. ઘરદીઠ ઓછામાં ઓછો એક્કેક માણસ તો છે જ એની ખાતરી કરી લેતાં મુખી ઊભા થયા. બોલ્યા : 'લો હેંડો, હવે કોની વાટ જુઓ છો ? આ સાલ એટલું વળી સારું છે કે કોઈ લડ્યુંઝૂબ્યું નથી.' કહી હસતા, જોડેના માણસને ભેટવા વળ્યા, મુખીથી ભેટ્યા પછી પેલો માણસ પણ મુખી તરફ ચાલ્યો અને એમ ભેટવાનું પૂરું થયું.

ઠીક ઠીક અંધારું પડ્યે ગામ તરફ વળ્યા; છેલ્લું ગીત ગવાયું :

'જીવતા રો' તે રાવણાં બેસાડજો,
પે'લા મૂવાના છેલ્લા ઝવાર.'

ત્યાર પછી દિવાળી અને બેસતા વર્ષની ફક્ત એક જ ક્રિયા બાકી રહેતી હતી, અને તે ગામમાં વડેરા અને સ્નેહી-સંબંધીઓને ભેટવાની અને એ પ્રમાણે જુવાન છોકરા-છોકરીઓ લાગતાં-વળગતાંને મળવા ગામમાં નીકળી પડ્યાં.

દર દિવાળીએ કાનજી વડી ભોજાઈઓ, કાકીઓ વગેરેને મળતો મળતો લગભગ આખુંય ગામ ફરીને જ ઘેર આવતો; પરંતુ આ દિવાળીએ તો એ સીધો જ ઘેર આવ્યો. ભાભીને મળી એમના આશીર્વાદ લઈ બારણા સામે ઢાળેલા ખાટલા ઉપર હુક્કો ભરીને બેઠો.

ત્યાર પછી ગામના કેટલાક જુવાનો, છોકરીઓ તથા વહુવારુઓ પણ ભાભીને મળી ગયાં. ઘટિત હોય એમને કાનજી પણ મળતો હતો. પરંતુ એટલામાં જીવી આવી ને એને ફાળ પડી. ભાભીના મળી રહ્યા પછી પોતાને ઊઠવું જોઈતું હતું, પરંતુ ન તો એ ઊઠ્યો કે ન જીવીએ કશી તત્પરતા દેખાડી. એટલામાં ભાભી બોલ્યાં : 'કેમ બેઠા છો રા* ? જીવીવઉ તમારી લાછ તો કાઢતી નથી પછી મળવા કેમ–'

'મળવાથીય શું વધારે છે ?' કાનજીએ કહ્યું. અને આમ કહ્યા છતાંય જો જીવી 'લો જઉં ત્યારે મોટીબુન.' કહીને ચાલતી ન થઈ હોત તો કાનજી કદાચ મળવા માટે ઊભો પણ થાત.

કાનજીને પણ આ મળવાનું આમ ટળી ગયું એ ઠીક લાગ્યું; કારણ કે એમાં એને છેતરપિંડી જેવું લાગતું હતું. જીવી સાથે આડો સંબંધ કે એવું કંઈ ન હતું એ ભલે, પણ એમ છતાંય દિયર-ભોજાઈનો સંબંધ તો નહોતો જ. એ મન સાથે બબડ્યો : 'ભલેને લોકની પેઠે ભાભીય વહેમાતાં પણ આમ– ભગત કે'તા'તા એમ દુનિયાને છેતરવી સારી પણ પોતાની જાતને તો નથી જ છેતરતો ને ?'

પણ બીજી બાજુ કાનજીને જાણે ભગત ન પૂછતા હોય એમ ઊંડે ઊંડે કોઈક પૂછી રહ્યું હતું : 'શું કામ ભલા માણસ બનાવટ કરે છે ?– હીરાને તો કદાચ– ખરુંખોટું તો ભગવાન જાણે પણ લોક વાતો કરે છે

*રા= નણંદ, દિયર, વેવાઈ વગેરેને 'રા' કહી સંબોધે છે.

એમ એના બાપને ને નાનીકાકીને– ને નાનીકાકી તો અત્યારેય હીરા ઉપર પેટના દીકરા જેટલું હેત ક્યાં નથી રાખતી ? એટલે એને (હીરાને) તો કદાચ ધૂળિયાની લાગણી થાય પણ તારે ને ધૂળિયાને શું હતું તે એની દયા ખાઈને બૈરું કરાવ્યું ?– બીજો કોઈ નહિ તો જીવી નજર આગળ રે' એટલોય સ્વાર્થ તો ખરો જ ને ?'

અને ભોજા-વેળુની છેલ્લી લીટી યાદ કરતાં એક ભારે શ્વાસ લેતાં હસીને બબડ્યો :

'ભોજો પરણ્યો'તો વનને વગડે
અમે મનમાં કાઢી'તી જાન !'

અને આ પછી– કોણ જાણે કેમ પણ એક મણનો નિઃશ્વાસ સરી પડ્યો.

૮. 'લાવ્યાપણું રાખજે...'

સ્ત્રીના અંગમાં યૌવનના ઉછાળા આવ્યા ન આવ્યા ને શાન્ત બની જાય છે, એવું જ ધરતીને માટે પણ બન્યું હતું. ચોમાસાનાં ઝાપટાં અને તોફાનો શમી ગયાં હતાં. ધરતીએ ધારણ કરેલા લીલા સાળુનો રંગ પણ જાણે ફરકવા માંડ્યો હતો અને એમાંય શિયાળુ પાક માટે ખેડીને તૈયાર કરેલાં છૂટાંછવાયાં ખેતરો જોતાં તો વચ્ચે વચ્ચે જાણે થીંગડાં ન માર્યાં હોય એમ જ લાગતું હતું.

પરંતુ સ્ત્રીના ઠરેલા યૌવનની પણ કોઈ અજબ ખુમારી હોય છે. એવી જ ખુમારી કૂવાનાં પાણી પીને ઊછરેલી ઘઉંની વાવણી ઉપર દેખાતી હતી. ઉગમણી દિશાથી મંદ મંદ વહેતા પ્રભાતના શીળા વાયરામાં એ આખીય વાવણી મરક મરક હસતી દેખાતી; તો વળી ઝાકળ-બિંદુઓમાં સૂર્ય નચવતી ઘડી પછી ધીરગંભીર બની બેસતી; બપોરને સમયે જાણે વહેવારોની લાયમાં પડી હોય એમ ફિક્કી જણાતી; તો સાંજે એ બધી લાયોને ભૂલી હસવા પ્રયત્ન કરતી, પરંતુ સંધ્યા સમયે તો પિયુ-મિલનની અધીરતા અને અકળામણ વધી ન પડ્યાં હોય એમ લાલગુલાલ થઈ ઊઠતી; અને મધરાતના ઠંડા સમીરમાં તો જાણે સુસકારા કરતી પિયુની સોડમાં ન લપાતી હોય એમ ઝાકળભરી આ આખીય વાવણી ધરતી તરફ ઢળ્યા કરતી હતી.

ખેડૂતોએ પણ ચોમાસાના ઊંચા ઊંચા માળા છોડી ધરતી પર જ પાથરણાં પાથર્યાં હતાં. સાગનાં પાનાંથી છાયેલી ઝૂંપડીને ઠેકાણે ઘાસના

પૂળા બાંધીને જ ઝાકળિયું બનાવ્યું હતું. ચોમાસાની મેઘલી રાતમાં વાગતા પાવા કે વાંસળીને ઠેકાણે કોઈ કોઈ ઝાકળિયેથી એકતારાના મીઠા સૂર સંભળાતા હતા.

કાનજીને પોતાનો કૂવો ન હતો; જ્યારે હીરાને કૂવો હતો. પણ કોસ હાંકનાર કે પાણી વાળનાર કોઈ બીજો સાથી ન હતો એટલે છેલ્લાં કેટલાંક વર્ષથી આ બે જણ શિયાળુ વાવણી ભાગમાં જ કરતા હતા. વળી શરૂઆતમાં તો હીરાને એક બીજું પણ સુખ હતું– કાનજી એકલો– ફક્કડ હતો એટલે ઝાકળિયે વારાફરતી સૂવાનો પ્રશ્ન જ આપોઆપ ઊડી ગયો હતો. પણ હવે તો હીરો બે બચ્ચાંનો બાપ બની ચૂક્યો હતો. ઘરની અશાન્તિ કરતાં ઝાકળિયાની કડકડતી ટાઢ એને હવે વધારે ગમતી હતી. પરંતુ ત્યાંય કોઈ વાર કાનજી અશાન્તિ કરી મૂકતો : 'તું અહીં સૂવા આવે એની ના નથી;– મારે તો એકથી બે ભલા, પણ ઘેર કંકુભાભી મારી પત્તર ફાડે એની કંઈ તને ખબર છે ?'

હીરો હસીને જવાબ આપતો : 'કોક દન પત્તર ફાડી હશે પણ હવે તો એ દન ગયા, કાનજી. હવે તો ઊલટો ઘેર સૂઈ રહું છું એમાં પત્તર ફડાય છે !'

આમ કહેવા છતાંય કોઈક વખત તો અડધી રાતે કાનજી હીરાને ઘેર ધકેલતો. હીરો ઘણોય ગુસ્સે થતો, લાચારી પણ એટલી જ કરતો પણ કાનજી માને તો ને ? ન છૂટકે હીરાને ત્યાંથી તો નીકળવું પડતું. અત્યારે કોઈ ઘેર જતો જોઈ જાય તો શું કહે ? એ બીક ઉપરાંત મોટી મુશ્કેલી તો ઘેર કમાડ ઉઘડાવવા ઘાંટા પાડવા પડે એ હતી. એટલે ઘણી વાર તો એ કોક બીજે ઝાકળિયે જ ગોથું મારી જતો. બીજે દિવસે કાનજીને આ વાત મળતી ત્યારે એ પેટ પકડીને હસતો.

આ સાલ પણ કાનજીને પેલી જૂની મશ્કરી યાદ આવી અને એક વાર તો અમલમાં પણ મૂકી. પરંતુ બીજી વાર જ્યારે આવું થયું ત્યારે હીરાને વહેમ પડ્યો : 'આ ભાઈસાહેબ ક્યાંય પેધ્યા તો નથી !' અને જો એવું જ હોય તો કયા ઠેકાણે હોઈ શકે એનો એને ઝાઝો વિચાર કરવો પડે

એમ ન હતું. ધૂળાંના ઘર તરફની દિશામાં જ ખેતર પણ હતું.

આ બાબતની ખાતરી કરવા ટાઢે ઠૂંઠવાતો અને રાતભર આડીઅવળી આંખો તાણતો હીરો એક બાજુ સંતાઈ રહ્યો. પણ ન તો ઝાકળિયાની દેવતા બુઝાણી કે ન કોઈ જતું દેખાયું, 'આ ડુંગરી ફરીને તો નહિ ગયો હોય ?' એવી શંકા થતી ત્યાં તો કાનજી શિયાળવાં નસાડવા ઊઠતો કે કોઈ વાર ચલમ ભરતો દેખાતો. વહેલી પ્રભાતે ઘર તરફ વળતાં પોતાના વહેમી સ્વભાવ ઉપર બબડ્યો : 'અરે મૂરખ ! જરા એટલો વિચાર તો કર કે એવું હોય તોય કાનજી આવી વાત તને કર્યા વગર કદી રહે ખરો ? તે દિવસે જ એણે સોગન ખાઈને કહ્યું હતું : દિવાળી ગયાને જેટલા મહિના થયા એટલા જ મહિના જીવી સાથે બોલ્યાને થયા છે. એનું પૂરું મોઢું જોયે પણ ઘણા દન થઈ ગયા.'

કાનજીના આ કથનમાં જરાય ખોટું ન હતું. ધારીને મળવાની વાત તો દૂર રહી પરંતુ, 'રખેને ક્યાંય અચાનક ભેટો થઈ જતો !' એવી બીક સાથે એ હંમેશાં ચેતતો જ ફરતો. જીવીએ રતન સાથે બાંધેલી ભાઈબંધી પણ એને ખૂંચ્યા કરતી હતી; એટલેસ્તો એણે રતનનું જવું-આવવું પણ બંધ કરાવી દીધું હતું.

એક દિવસ ફળિયામાં રમતી રતનને છાશ લઈને આવતી જીવીએ પૂછ્યું : 'કેમ રતન, હવે મારે ઘેર નથી આવતી ? લે હેંડ–'

'ના, નથી આવવું જા !' રતને મોં ચડાવીને કહ્યું.

'હું તને ગોળ આપીશ, તું હેંડ તો ખરી ?' કહી જીવીએ રતનનું બાવડું ઝાલ્યું.

રતને બીકભરી નજરે ઘર તરફ જોયું. ખેતરો તરફથી આવતા રસ્તા તરફ પણ જોઈ લીધું અને છેવટે જીવી તરફ દયામણી નજરે જોતાં બોલી : 'ના, માલા કાકા માલે !'

ક્ષણમાં જાણે કમળો ન થઈ ગયો હોય એમ જીવીનું મોં સાવ ફિક્કું પડી ગયું. ન માનતી હોય તેમ પૂછ્યું : 'તારા કાકાએ ના પાડી છે કે તારા બાપાએ ?'

'ના માલા કાકાએ.' કહી રડવા જેવી સૂરતે રતન જીવી સામે તાકી રહી.

રખેને ભૂલ થતી હોય ! અને ત્રીજી વાર એ સવાલને ઉથલાવ્યો : 'તારા કાનાકાકાએ ?'

'હાં આં !' કહેતાં રતને માથું હલાવ્યું.

તરત જ જીવીએ એનું બાવડું છોડી દીધું, હોઠ ચાવતી ચાવતી ઘર તરફ ચાલતી થઈ.

અત્યાર સુધી તો જીવી કાનજીનું આ– પોતાનાથી છેટે રહેવાનું– વર્તન લોકોને દેખાડવા પૂરતું જ છે એમ માનતી હતી; પરંતુ આજે જ્યારે રતનને 'ના, મારા કાકા મારે' કહેતી સાંભળી ત્યારે જ એની આંખ ઊઘડી. એક વાર તો એ ધૂંધવાઈ ઊઠી : 'આમ જ કરવું હતું તો શા માટે મને અહીં લાવ્યા ? કયો માજણ્યો ભાઈ બૈરા વગર રહી જતો હતો કે વચન માગીને મને બાંધી લીધી હતી ?' અને અત્યારે જો કાનજી એને સામે મળ્યો હોત તો કદાચ વાટ વચ્ચેય એની સાથે ચડભડી ઊઠત !

ઘરમાં પેસતાં જ સાસુને બોલતાં સાંભળ્યા : 'ઓ હો હો ! છાશ લેવા પરગામ ગઈ હતી કે શું 'લી !'

આખો દિવસ ઘંટી-ટંકારની પેઠે ટકટક કર્યા કરતી સાસુ માટે 'હશે ! એ તો એમને ટેવ પડી છે' એમ કરીને ચલાવી લેતી જીવીને આજે રીસ ચડી : છાશના વારિયાને રસોડા બહાર કોઠીઓ આગળ મૂકતાં બોલી : 'એવું હતું તો તમે જતાં ?'

'જાણ્યું એ તો તેં ધાડ મારી એ; પણ વારિયાને ઠેકાણે તો મૂક !' નાનીડોશીએ કહ્યું અને જીવીને, 'મૂકો મૂકવું હોય તો !' કહી ઘંટીવાળી ઓટલી પર બેસતી જોઈને, જમણા ખભા પર માથાનો ઝોક આપતાં બોલ્યાં : 'વાહ ! બધુંય હું કરીશ ને તમે તો મારે ઘેર પાટલે બેસવા આવ્યાં હશો ?'

'એ તો બેસાડ્યાં તમે પાટલે !' બોલી જીવી સફાળી ઊભી થઈ. કોઢમાંથી ટોપલું લીધું અને કાખમાં ઘાલતીકને ઘર બહાર નીકળી પડી.

પાછળ ડોશી બરાડતાં જ રહ્યાં : 'પણ મારે છાણાંમાં દેવતા તો નથી મેલવી તો ? આ હમણાં ઘડી કેડ તો કોશ છૂટશે ને ખાવાનું તો હજુ ઠેકાણું નથી.'

પણ જીવીએ તો 'કરો કરવું હોય તો.' એ બબડાટ સાથે ખેતરનો જ રસ્તો લીધો.

સાસુ પણ, 'આ રાંડને આજે થયું છે શું !' એમ બબડતાં રાંધવામાં ગૂંથાયાં.

કાખમાં ટોપલું રાખી ખેતરોમાં ફરતી જીવી છાણાં વીણતી હતી એ ખરું, પરંતુ એ બધું યંત્રવત જ બનતું હતું. અડધું ટોપલું ભરાતાં એક જગ્યાએ ઢગલો કરીને આગળ વધતી. પંરતુ એવા એવા કેટલા ઢગલા કર્યા અને ક્યાં ક્યાં, એનું એને જરા પણ ભાન નહોતું. મોડેથી જ્યારે જાળું ચણવા બેઠી ત્યારે યાદ કરી જોતાં જણાયું કે એકને બદલે બે જાળાં ચણાય એટલાં છાણાં એણે વીણ્યાં હતાં. વેળા પણ બહુ થઈ હતી અને તેમાંય સાસુની ઉપરવટ થઈને આવેલી હતી. પણ એનું એને કંઈ ભાન જ ન હોય એમ એ જ ઠંડી રીતે જાળું ચણ્યું. ચડામણની રાહ જોઈને બેસી રહી. થોડીક વાર થઈ હશે ને બાજુના વહેળામાં પાણી ભરવા આવતી એક બાઈને જોઈ જીવીએ બૂમ મારી એને બોલાવી. માથે જાળું લઈ ઘર તરફ વળી ત્યારે સૂર્ય પણ બપોરી ગાળીને ઊઠ્યો હોય એમ આથમણી દિશામાં સહેજ ઢળ્યો હતો.

ધૂળો જાણે એની રાહ જોઈને બેઠો હોય એમ ચોપાડમાં હુક્કો પીતો બેઠો હતો. જીવીને જોતાં પહેલો જ સવાલ એણે એ કર્યો : 'કુણ કુણ છાણાં લેવા ગયાં'તાં ?'

જીવીએ કશો જવાબ ન આપ્યો. ચોપાડની એક બાજુ નેવામાં છાણાં નાખી ટોપલું લઈને એ ઘરમાં પેસવા જતી ત્યાં તો ધૂળાએ વળી પૂછ્યું : 'કેમ ? કાનોમાં કંઈ પૂમડાંબૂમડાં ઘાલ્યાં છે કે શું ?'

જીવી ત્યાં જ થંભી ગઈ. ધૂળા તરફ ડોક ફેરવતાં બોલી : 'શું છે ?' અને બેઠી નજરે એના સામે તાકી રહી. મોં પરની રેખાઓમાં ડરનું

નામનિશાન ન હતું, બલકે એક જાતની કઠોરતા હતી. ધૂળો ધમધમી ઊઠ્યો.

ધૂળો ધાક બેસાડવાનો આ પહેલો પ્રસંગ જતો કરે એમ ન હતું. ઊલટો એ તો આવા પ્રસંગની રાહ જોતો હતો. એકદમ એ ખાટલા પરથી ઊઠ્યો. સટાક દેતાકને જીવીને તમાચો ખેંચી કાઢ્યો. ઉપરથી એક લાત પણ લગાવી દીધી. બરાડા તો ચાલુ જ હતા : 'તારી માની રાંડ મારું ! તું હજી મને ઓળખતી જ નથી. આજ તો આટલેથી જતી કરું છું પણ બીજી વખતે જો ક્યાંક એકલી બહાર ફરકી છે કે જો ડોશીનું કહ્યું નથી માન્યું, ત્યારે તારી વાત છે.... !'

જાણે કશું જ ન બન્યું હોય એમ ટગૂર ટગર જોતી જીવી હજુય ત્યાં ઊભી હતી. ધૂળાએ વળી બરાડો પાડ્યો : 'તું મારા મોઢા આગળથી જતી રે', નકર હમણાં જોયા જેવું કરીશ હા !' અને જીવી જાણે એ 'જોયા જેવું' જોવા ન ઊભી હોય એમ હજુય ઊભી હતી.

ખાટલામાં બેઠેલો ધૂળો છેલ્લી ચેતવણી આપવા જાય છે એટલામાં તો ઘરમાંથી નાનીડોશી આવી પહોંચ્યાં. જીવીને ઘર તરફ હડસેલતાં ધૂળાને લડવા વળ્યાં, 'એટલામાં હાથ ન ઉગામ્યો હોત તો ન'તો ઓળખાવાનો કે શું ?'

પરંતુ ખરું પૂછો તો ધૂળાને લોકો આગળ પોતાની જાતને ઓળખાવવાનો જ વિચાર હતો. જીવી આવી ત્યારથી લોકો એની મશ્કરી કરતાં હતાં : 'રૂપનો કટકો લાવ્યા છો ધૂળાભાઈ, પણ સાચવવો ભારે પડશે હાં કે !'

ધૂળો મૂછો આંબળતો જવાબ આપતો : 'ભારે ભારે શું કરો છો ? જો થોડા દનમાં સીધી દોર ન કરી નાખું તો મારું નામ ધૂળિયો ન'તું. એની દેન નથી કે જરાય આડીઅવળી ચાલે !'

અને જ્યારે લોકોએ આજના પરાક્રમની વાત પૂછવા માંડીઃ 'સાંભળ્યું છે કે ઘેર ટપાટપી કરી, ધૂળા ?' ત્યારે એને થોડીક શરમ પણ આવવા લાગી. ડોકું હલાવી ગંભીરતાથી ધૂળો જવાબ આપતો : 'હજુ તો થઈ ક્યાં

છે ? હવે થશે !' કારણ કે ધૂળાને સંતોષ થવાને બદલે– જીવીએ ન તો બારણા વચ્ચે બેસીને પોક મૂકી કે ન તો રિસાઈને નીકળી એટલે ઊલટો એનો અસંતોષ વધ્યો હતો. ગામલોકોએ આડોશીપાડોશીના કહેવાથી જાણ્યું એમાં તે શું રંધાણું ? હા, જ્યારે જીવીના વિલાપો સાંભળીને જાણે કે ધૂળાએ મારી છે, ત્યારે જ માર માર્યોય લેખે લાગે ! અને આવા વિચાર સાથે મન સાથે બબડતો : 'ઠીક છે, ફરીથી લાગમાં આવે ત્યારે તારી વલે કરું છું–!'

અને ફરી પાછો ક્યારે લાગ મળે ને ક્યારે એનું પાણી ઉતારું એ વિચારમાં તે દિવસની જીવીની નિશ્ચલ મૂર્તિ યાદ કરતાં એ કચવાતો : 'જાહ રે જાહ ! મીં જ ભૂલ ખાધી એની હવે વાત શી ! નહિ તો એ વખતે જ મારે એને સીધી દોર કરી નાખવી જોઈતી હતી !– ઠીક છે હવે જો લાગ મળે તો દેખ તમાશા !'

અને ચોથા દિવસની સાંજે જ ધૂળાને આ લાગ મળ્યો. કૂવાવાળા ખેતરમાં બેઠો હતો ત્યાં એનો પડોશી રેશમો ક્યાંકથી વાત લાવ્યો કે જીવી ગઈ કાલે દન આથમ્યા વેળાએ ગાય ખોળતી ખોળતી કાનજીને ઝાકળિયે ગઈ હતી. ઉપરથી રેશમાએ ઉમેર્યું : 'જોનાર ધણી કે'તો'તો કે ખાસી પાલી મકાઈ દળાય ત્યાં સુધી ઝાકળિયામાંથી ન'તી નીકળી.–'

આ સાંભળી ધૂળો આગ આગ થઈ ઊઠ્યો. એક બાજુ કાનજીની એને બીક લાગતી હતી. બીજી બાજુ એનું ધણિયાપું લાજતું હતું. 'થનાર હોય એ થાય ત્યારે !' બબડતો ઘેર આવ્યો. જીવીને ખોળી વળ્યો પણ ઘરમાં ક્યાય ન દેખાઈ. ડોશીને પૂછી જોતાં જાણ્યું કે પાણી ભરવા ગઈ છે.

'આવવા દો; આજ એની ખેર નથી !' બબડતો ચોપાડમાં આવ્યો.

'શું છે પણ ! વળી પાછું તને શું ભૂત ભરાયું છે !' પાછળ આવતાં ડોશીએ પૂછ્યું.

'ભૂત તારી વહુને ભરાયું છે ! તે દન આટઆટલું કર્યું તોય રાંડ–'

ડોશી વચ્ચે બોલ્યાં : 'હાથે કરીને લોકોમાં ફજેતી કરાવ્યા વગર જરા ધીમું બોલ !' અને ખાટલા પર બેઠેલા ધૂળાનાં પગ આગળ બેસતા

બોલ્યાં : 'આજ પાછું થયું છે શું ?'

ધૂળાએ ધીરેથી પણ ગુસ્સામાં જ સાંભળેલી વાત કરી ઉમેર્યું : 'આ રાંડ કાંઈ મને થોડી પેણી છે ? એ તો પેલા છોગાળાને–'

ડોશી વળી વચ્ચે બોલ્યાં : 'છાનોમાનો લોકોને વાદે ચડ્યા વગર રે' ! લોક તો ચેંથરાનો વાઘ ઊભો કરે એવાં છે, ને એમાં એમના બાપનું શું જવાનું છે ? મારઝૂડ કરીશ ને નાસી જશે તો એમને ઊલટી વાતો કરવાની મળશે. બૈરા વગરનો ડાંડિયા પીટતો ફરીશ તો તું ફરીશ, એમાં એમનું કંઈ જવાનું છે ? લે તું હવે ખેતરમાં જા ને. ઢોર વેળા થઈ છે ને કોકનું ઢોર પેસી જશે તો પાંચ મણની મેંડી મેલશે– ઊઠ ઊભો થા !' કહી ડોશીએ બબડી રહેલા ધૂળાને ઊભો કરી ખેતર તરફ રવાના કર્યો. પાછળથી વળી સંભળાવ્યું : 'લોકોને વાદે ચડશો તો ભીખ માગતા થશો. આજકાલનો સમો તો એવો છે કે નજરે ભાળ્યું હોય તોય ખોટું પડે છે.'

ડોશીએ ધૂળાનું ખાવાનું પણ નાના છોકરા મારફતે કૂવે જ પહોંચાડ્યું.

બીજે દિવસે તો ધૂળાનો ગુસ્સો પણ, ઠીક છે, આટલો ફેરો તો જતી કરું છું પણ હવે પછી તું આવું ફેર કરી જોજે ! એ કાનિયા સામે જોવાની જન્મારાની ખો ન ભુલાવી દઉં તો વળી યાદ કરજે કે ધૂળિયો શું કે'તો'તો ?–' અને એણે ડોશીને પણ ચેતવી દીધાં : 'આટલી ફેર તો ગમ ખાઈ જાઉં છું પણ જો હવે કાંઈ એલફેલ જાણ્યામાં આવ્યું તો જીવતી જ નહિ મૂકું હા !–'

બીજી બાજુ ગામમાં પણ આ વિષે જાતજાતની વાતો થઈ રહી હતી, પણ આમાં ખરું શું હતું એ તો જીવી તથા કાનજી બે જણ જાણતાં હતાં. જીવી ગઈ હતી તો ગાય ખોળવા જ, પણ સામે કાનજીનું ઝાકળિયું જોતાં એનાથી ગયા વગર ન રહેવાયું.

કાનજી ઝાકળિયામાં બેઠો બેઠો તંબૂરાના તૂટેલા તાર બદલતો હતો. જીવીને જોતાં જ ચમકી ઊઠ્યો. આસપાસ નજર કરી. એક બાજુ સંધ્યાના ગુલાબી રંગ કાળા પડતા હતા. બીજી બાજુ ગામને ઘેરી વળેલો ધુમાડો પણ જામતા અંધારામાં ઉમેરો કરતો હતો. કાનજીથી બોલી પડાયું :

'કોણ ? તું ક્યાંથી– આવી વેળાએ ?'

'ગાય ખોળવા નીકળી છું.' ઝાકળિયાની વળી ઝાલતાં જીવીએ કહ્યું. તંબૂરા તરફ નજર રાખી હસતાં હસતાં બોલી : 'બાવા થવાની તૈયારી કરો છો કે શું ?'

'તું મહેરબાની કરીને– કાં તો અંદર આવ કે પછી હેંડતી થા. નાહક–'

કાનજીનું પડી જતું મોં જોઈને જીવી વધારે હસી. અને એને પજવવાને ઇરાદે જ ઝાકળિયામાં પેસતાં બોલી : 'એમાં આટલા બધા ગભરાઓ છો શું કરવા ? લો ને અંદર આવી.'

'પણ.... પણ તું અત્યારે અહીં આવી શું કામ ? તારી ગાય કાંઈ અહીં ઝાકળિયામાં તો–'

જીવીને સહેજ દુઃખ તો થયું પણ એણે એનો રમૂજી સ્વભાવ ન છોડ્યો : 'દરપણ હોય તો તમારું મોઢું જુઓ જરા !' અને જાણે સ્વગત બોલતી હોય તેમ કાનજીની દયા ખાતી બબડી : 'ક્યાં પેલું ભરવાડી વાછરડા જેવું મોં ને ક્યાં આ ગરીબ ગાય જેવું !' કાનજી તરફ તાકતાં સહેજ ગુસ્સા સાથે ઉમેર્યું : 'આમ હાંફળાફાંફળા થઈ જતાં લાજ નથી આવતી ? શું છે તે તમે આટલા બધા બીઓ છો ? કેમ કોઈ બૈરું કોઈને ખેતરે જતું જ નહિ હોય !'

'ના ના, હું કાંઈ મારી લાય નથી કૂટતો.' કહેતો કાનજી જાણે ભાનમાં આવ્યો હોય– પોતાના આગલા વર્તન માટે પસ્તાતો હોય તેમ હસ્યો. બોલ્યો : 'હું તો તારી લાયે– પેલા વાંદરાના જાણ્યામાં આવે તો વળી પાછો મારઝૂડ કરે એટલે, મને કંઈ બીજી–'

'પણ એમાં તમે કેમ ગભરાઓ છો ? હું તમારા આગળ ફરિયાદ કરતી આવું તો કે'જો. આ તો મારે જરા તમને એક વાત પૂછવી હતી એટલે મીંકું આટલે આવી છું ત્યારે લાવ ઝાકળિયે–'

'શી વાત હતી ?' કહી પાછળ હાથ ટેકવી કાનજી જીવી તરફ તાકતાં હસી રહ્યો.

કેટલાય દિવસ પછી જીવીને આ હાસ્ય જોવા મળતું હતું. એ કાનજી તરફ તીરછી નજરે જોતી ઊભી રહી. કાનજીએ પોતાની આંખો હટાવી લીધી. વચમાં પડેલો તંબૂરો ઉઠાવીને એક બાજુ મૂકતાં વળી પૂછ્યું : 'શી વાત પૂછવી હતી એ તો તેં કહ્યું નહિ ?'

'ધૂળ ને ઢેખાળા ! શું વાત પૂછવાની હશે ? અમસ્તી હું તો–'

'કેટલી ખંધી છે !' કહી કાનજીએ ઝાકળિયાનો ડાંડો ઝાલી બદનને ઝોલો આપવા જતી જીવીને કહ્યું : 'ક્યાંય વળી ભાંગી નાખીશ !'

'જોય,' કહી જીવીએ વધારે વજન આપ્યું. કાનજી બોલી ઊઠ્યો :

'અરે ગાંડી છે કે શું ?.... હમણાં ઊઠીશ તો કાં તો !– ચાળા ન કર હો.... ઠીક કહું છું !–'

'નહિ તો શું કરશો ?' કહેતી જીવીની સૂરત– એ તીરછી આંખોમાં ઊભરાતો મદ, મરક મરક કરતા હોઠ, ગાલોમાં આછા આછા પડતા ખાડા અને એ બધા ઉપરાંત એના આખા અંગનો મરોડ વગેરે જોતાં કાનજીને વળી બોલવું પડ્યું : 'તુ હવે જઈશ અહીંથી ? વાત કહેવી હોય તોય ફેર કોઈ દન મળજે. જા અત્યારે તું.'

'પણ મારે જવું જ નથી ત્યાં ! બહુ કરશો તો આ બેઠી.' કહેતાં તો જીવી બેસી પણ પડી. બોલી : 'નથી જવાની જાઓ ! તમારાથી થાય એ કરી લો.'

'મારે તો કશુંય નથી કરવું ! હું તને ભાઈસા'બ કહું છું તું જા !' કહી કાનજી કોઈ અકથ્ય મૂંઝવણ થતી હોય એમ જોરથી શ્વાસ લઈ હોઠ ચાવવા લાગ્યો. વળી બોલ્યો : 'ઊઠ જીવી, ઠીક કહું છું ! મારાથી હવે–' પણ તે પહેલાં તો એ ઊભો પણ થઈ ગયો હતો. ગાંડા માણસની પેઠે એ જીવી તરફ વળ્યો. 'જો ત્યારે....' કહી હાથ પહોળા તો કર્યા પણ બીજી જ ક્ષણે એના ઉરપ્રદેશ પર હળવો હડસેલો મારતાંકને એની જાતને જાણે ન ઊંચકી જતો હોય તેમ ઝાકળિયા બહાર નીકળી ગયો.

થોડોક છેટે જઈ ઊભા રહેતાં કાનજીએ, મીઠા ડોળા ઘુરકાવતી જીવીને કહ્યું : 'ત્યારે તારનો હું ના ન'તો કે'તો ? હજુય ઠીક કહું છું.

બા'ર નીકળ.' અને છતાંય જીવી, 'નથી નીકળતી જાઓ !' કહી મોં ચડાવી આડું જોઈ ગઈ, ત્યારે કાનજીએ એક બાજુ જ માપવા માંડ્યું. જતાં જતાં બોલ્યો : 'એ ત્યારે બેસી રે' એકલી.'

ઝાકળિયામાં પણ ન સમાય એવો ભારે નિઃશ્વાસ નાખી જીવી બહાર નીકળી, ઊંધું ઘાલીને જ ગામને પંથે પડી. કાનજીએ એને બે વાર બોલાવી ત્યાં સુધી તો ન ઊભી રહી પણ ત્રીજી વખત બોલાવી ત્યારે સહેજ થંભી.

કાનજીનું મોં ભારે થઈ ગયું હતું. જોરથી શ્વાસ લઈ નીચી દૃષ્ટિએ જ બોલ્યો : 'જો જીવી, મારે તને ક્યારનીય એક વાત કે'વી હતી. હું તને અહીં લાવ્યો એમાં એક ભારે ભૂલ કરી છે– પણ એ હવે સુધરે એમ નથી. પણ એટલું તો ખરું કે આજથી આપણ એકબીજાને જાણે ઓળખતાં નથી એમ કરી નાખવાનું. એમાં જ તારું ને મારું બેયનું ભલું છે !' કહી ચૂપ થઈ ગયો.

જીવીનો નિઃશ્વાસ સાંભળતાં વળી બોલ્યો : 'તને શું શું નહિ થતું હોય એ બધુંય જાણું છું પણ.... મારા દિલની જ વાત હું તને કહું ? પણ હવે તો–' વળી વાક્ય ફેરવી નાખ્યું : 'આજ તું અહીં આવી એ આવી, હવે ફરીથી આ બાજુ–'

'નહિ આવું' કહી કાનજી તરફ એક આગભરી નજર નાખી ન નાખીને પીઠ ફેરવી ગઈ.

બગલમાં હાથ રાખી જીવીની પીઠને બેભાનપણે તાકી રહેલો કાનજી કેટલીય વાર સુધી ત્યાં જ ઊભો રહ્યો. ભાન આવતાં ખેતરને ચારે ખૂણે નજર નાખી લઈ ગામ તરફ વળ્યો. મગજમાં કંઈ હજારો વિચારો ઊઠતા હતા. જાતજાતના સવાલ જવાબ થઈ રહ્યા હતા. એમાંનો મુખ્ય તો એ જ હતો : 'હું એને અહીં લાવ્યો જ શું કામ ?' અને પસ્તાવારૂપે બબડ્યો : 'નજર આગળ લાવીને તો ઊલટું દુઃખ જ વહોર્યું છે !' તો વળી એમ પણ થયું : 'ધૂળિયો જખ મારે છે ! મિયાંબીબી રાજી તો ક્યા કરે કાજી ? છોને લોક વાતો કરી ખાતું; ને આમેય ક્યાં નથી કરતું ?' પણ આમ છતાંય એનો જીવ તો ચણચણતો જ હતો : 'ના, ના, તે દન ભગત

કહેતા હતા : કાનજી, જીવીને લાવ્યો તો છે પણ લાવ્યાપણું રાખજે !....'

ગામમાં પેસતાં જ કાનજીએ પોતાનાં મૃત માતાપિતાના કસમ ખાતાં મન સાથે નક્કી જ કરી નાખ્યું : 'ભલેને ધરતીનું પડ ફરી જાય, પણ હું કોઈ દન જીવ તો નહિ બગાડું. આજથી એની તરફ નજર પણ નહિ નાખું.'

પણ કાનજીનાં આ વિચાર અને મંથન કંઈ લોકના જાણવામાં થોડાં હતાં ! એમણે તો ન હોય એવી વાતો કરી. ભગતને કાને આવતાં એમણે પણ કાનજીને વાતવાતમાં કહ્યું : 'ખોળિયું બગડે એ તો સમજ્યા મારા ભાઈ. મોડીવહેલીય નવી ચામડી આવે; પણ જીવ બગડે તો તો એ લાગેલો ડાઘ બીજા અવતારમાંય નથી જવાનો–'

'ખરી વાત છે ભગત !' કહી કાનજી વિચારમાં પડી ગયો. ભગતે પોતાને માટે જ આ દાખલો મૂક્યો છે એ સમજતાં એને વાર ન લાગી. તે દિવસથી વળી એણે ગાંઠ ઉપર ગાંઠ મારી : 'આજથી જીવીને મારે છેલ્લા રામરામ !' અને મનમાં મનમાં ભગતને કહી રહ્યો : 'આજથી જો એનું નામ સુધ્ધાં લઉં તો આ કાનજીને 'ફટ' કે'જો ભગત !–'

અને તે દિવસથી કાનજીએ જીવી ઉપરથી જાણે મન જ ઉઠાડી લીધું. કોઈ વાર સરખાસરખીની ટોળીમાં બેઠો હોય ને જીવી જો આવી ચડતી તો ઘણે ભાગે તો એ ઊઠીને ચાલ્યો જતો, અને બેસી રહેતો તોપણ એની જોડે વાત તો શું, પણ જોતો સુધ્ધાં નહિ. બનતા સુધી તો એ એના તરફ પીઠ જ રાખતો.

બીજાઓ સાથેની વાતમાંથી 'આડકતરી રીતેય પોતાને કંઈક કહે છે !' આવી સતત ઝંખના રાખ્યા કરતી જીવીને સાવ નિરાશ જ થવું પડતું.

અને કાનજી તરફથી થતી આવી અવગણનાથી તો જીવીનું દુઃખ કંઈ અનેકગણું વધી ગયું. મનમાં મનમાં બબડતી પણ ખરી : 'આવું મનેખ તો ક્યાંય ન ભાળ્યું ! ગામમાં કુણ કેટલા પાણીમાં છે એ કેમ કંઈ કોઈથી છાનું છે ? પણ કોઈય આટલું બધું વેગળું તો નથી રે'તું !' અને

જાણે ક્યારે કાનજી મળે ને ક્યારે કહું : 'આમ સામે જોતાંય અભડાઈ જતા'તા તો અડધી રાતે તેડવા– શું જખ મારવા આવ્યા હતા ?'

પણ કાનજી સામો મળે તો કહે ને ? જીવીને એટએટલામાં જોતો તો કાં તો પાછો ફરી જતો કે કાં તો આડી વાટે ચડી જતો. જીવી મન સાથે બબડતી : 'છાંયડો પડી જતો હશે !' અને એક દિવસ કંઈક વાત નીકળતાં પાંચસાત જણની વચ્ચે જ કહી નાખ્યું : 'મોટી મોટી વાતો કરો છો એટલું જ હોં કે હીરાભાઈ, મોઢે મૂછો મરદની છે પણ કાળજું તો હોલાનું જ લાગે છે !' જીવીએ ઉદ્દેશ્યો તો હીરાને પણ જોયું હતું તો કાનજી તરફ જ, પણ કાનજી તો જાણે બહેરો હોય એમ મૂંગો જ રહ્યો; ન હસ્યો કે ન જીવી તરફ જોયું. જીવીને ખૂબ દાઝ ચડી, પણ શું કરે? ધૂળાનો માર અને સાસુનો કકળાટ એ સહી શકતી હતી, પરંતુ કાનજીની આ ઉદાસીનતા એના હૈયાને કોરી ખાતી હતી.

કાનજીને દૂરથી જોતી ને એનું હૈયું જાણે બબડી ઊઠતું : 'બીજું તો કંઈ નહિ– ન બોલે તોય ચાલ્યું, પણ આંખ ઉઠાવીને કોક ફેરા સામું તો જો ! મીં એવો તે તારો શું ગુનો કર્યો છે !–' અને આજકાલ તો એની આંખ પણ ભરાઈ આવતી હતી.

૯. વિજોગની વેદના

ઘઉંનાં વાવેતર પર ગુલાબી કિરણ પાડતો શિયાળાનો સૂર્ય ઊંચે અને ઊંચે ચડી રહ્યો હતો. રાતના અંધારામાં છોડની ટોચે આવી બેઠેલાં ઝાકળબિંદુઓ આસ્તે આસ્તે લોપ થઈ રહ્યાં હતાં. માથે માણ તથા બગલમાં ઘડો રાખી સાડલાના સોડિયામાં હાથ છુપાવતી પનિહારીઓની હાર પણ કૂવા તરફ ચાલુ થઈ હતી. છૂટાંછવાયાં ખેતરોમાંથી કોસના, 'ચિકરૂક ચિકરૂક' અવાજ પણ આવવા લાગ્યા.

કાનજી તથા હીરો હજુ ઝાકળિયામાં જ હતા. વચ્ચેના તાપણામાં એક જાડું લાકડું બળી રહ્યું હતું. બેઉ બાજુ કરેલા પરાળના સાથરા ઉપર પાથરેલી ગોદડીઓ હજુ એમ ને એમ જ હતી.

ગોદડીઓમાં વીંટાઈને બેઠેલા આ બેઉ જણ હુક્કાની આપલે કરી રહ્યા હતા. એકાએક નજીકના કોસનો અવાજ કાને પડ્યો.

'લે ઊઠ હેંડ હીરા, મને કોસ જોડી આપીને પછી જા ઘેર જવું હોય તો. એટલામાં તો હું આ એક પાંખડી પૂરીય કરી દઈશ.' કહેતો કાનજી ઊભો થયો. બોલ્યો. 'હું પેલી પાંખડીનું નાકું–'

'અરે તું એક વાર કોસ જોડ ને. આ અધૂરી પૂરી કરી આપીને જ હું ઘેર જઈશ. પછી તું તારે એકલો એકલો મથ્યા કરજે.' કહેતો હીરો પણ ઊભો થયો.

'એય ઠીક છે.' કહી કાનજી ઝાકળિયા બહાર નીકળ્યો.

બગાસા સાથે હાથ ઊંચા કરીને આળસ મરડતાં હીરો બોલ્યો :

'ઓહોહો ! દન તો ખાસો ચડી ગયો છે ને કાંઈ !'

'ના ત્યારે ! તારી વાટ જોતો બેસી રે'શે !' કહી હસતો હસતો કાનજી જમણી બાજુ વળ્યો. ખેતરને શેઢે વહેલી પરોઢે પળાવેલા (લાંબી રાશ બાંધી ચરવા મૂકેલા) બે બળદ લાવી કોસે જોતરી દીધા. બળદ, કદમાં ભલે નાના હતા પણ લોહીમાં તો વનમાં ફરતા લીલ જેવા જ હતા. એટલે જ તો કાનજીના આ બળદો માટે ગામમાં કહેવત જેવું થઈ પડ્યું હતું : 'બળદ જોવા હોય તો કાના ખુશાલને ત્યાં.'

કાનજીએ કોસ ભરી બળદોનાં પૂછડાં પર બેઉ હાથ મૂક્યા. ભોંયની લગોલગ મોં રાખીને ચાલતા બળદોએ જાણે ખાલી કોસ ન કાઢતા હોય એમ સડસડાટ કોસને ખેંચી કાઢ્યો. બીજો કોસ કાઢ્યો પણ ત્રીજે કોસે તો એણે બળદોને ઊભા રાખ્યા. અલાણી (પૈયા)ની બાજુમાંથી એક પાનાનું પડીકું લઈને પૈડાની ધરીમાં થોડી થોડી ભૂકી ભરી દીધી અને પછી તો એ પૈડામાંથી ઊઠતા મધુર અવાજ સાથે કાનજીએ દોહરા ગાવા પણ શરૂ કર્યા.

કોસમાં ગવાતા દોહરાનો ઢાળ જ એવો છે કે ઢાળના મહાવરાવાળો કોઈ પણ માણસ ગદ્યનું પદ્ય બનાવતોકને ગાઈ શકે. આવી રીતે ઘણાય જુવાનો મનને ઉઠાવે દોહરા ગાતા. પણ જ્યારે કાનજી ગાતો ત્યારે તો ઘણા લોકો માની જ શકતા ન હતા કે એ એની ગાંઠના ગાય છે. ઘણા તો શીખવા માટે આજીજી પણ કરતા. કાનજી કહેતો : 'એ તો ભાઈ, એ વખતે પાનો ચડ્યો હતો એટલે ગાઈ નાખ્યું : બાકી આમ મને મુઢે થોડા છે કે હું તમને શિખવાડું !' છતાંય એ લોકો ન માનત પણ જ્યાં રોજના નવા નવા જ નીકળવા માંડ્યા ત્યારે તો માનવું જ પડ્યું. કોઈ વહેમીલાએ તો કાનજી પાસેથી ગજરામારુ, સદેવંત સાવળિંગા, રાજા રિસાળુ તથા ભજન વગેરેની ચોપડીઓ લઈ જઈને ભગત પાસે વંચાવી જોઈ, પણ અંદર એમાંના દોહરા હોય તો મળે ને ? અને જે કાંઈ હતા એ તો આ લોકના જાણીતા હતા. પણ કાનજીના આ દોહરાની ખરી મજા તો જ્યારે એ પૂરેપૂરા રંગમાં હોય ત્યારે જ આવતી.

હીરાનું આ ખેતર પાણિયારાથી ઠીક ઠીક દૂર હતું. પણ ત્યાં રહ્યે રહ્યે ગામનો ઢાળ ઊતરતી પાણિયારાની આખી કેડી અને કૂવો બધુંય દેખાતું હતું. પાણીની હેલ ભરી ચાલી જતી યુવતીને નજીકથી જોવા કરતાં દૂરથી જોવામાં જ ખરી મજા તો રહેલી છે. સામેથી આવતી યુવતી સાથે વાતો કરતી ઘડીભર થંભે, તો કોક વાર વળી ખભે નાખેલા દોરડાનો ચાબુક મારી, સામેથી પ્રહાર ઝીલે, – એકલી હોય તો આસપાસ નજર નાખે. પણ આ બધું તો જોનાર વ્યક્તિ દૂર હોય ત્યારે જ જોવા મળે !

પાણિયારાની આ હરીભરી વાટ જોઈને ઘણે દિવસે કાનજી આજ વળી પાછો રંગમાં આવ્યો હતો :

'ગોઠિયા હો ! શિયાળુ વાયરે
કાળજાં કંપી જતાં,
પણ 'લ્યા ! જોબનને વાયરે તો,
કાળજાં ક્યાં નથી કરતાં.'

એક બાજુ શેઢે પાણી વાળતા હીરાએ ટાપશી પૂરી : 'એ વાયરા તો કોઈ જુદા જ છે, ભાઈ !'

'હેંડો મારા વીરા !' કહી કાનજીએ કોસના 'ચિકરૂક ચિકરૂક' અવાજમાં વળી એનો છૂટો સાદ ભેળવ્યો :

'ગોઠિયા ભાઈ મૂઠી જેવડા
જનમારામાં આ શું વળી ?
બંધવા ! વિજોગની ઘડીઓ
જુગ જેવડી ક્યમ લાગતી ?'

હીરો બબડ્યો : 'એવું ન લાગે તો પછી વિજોગ શાના !'

સવારથી લલકારે ચડેલા કાનજીના આ છેલ્લા દોહરાએ તો પાણી ભરવા આવેલી જીવીના હૈયામાં ઉલ્કાપાત મચાવ્યો.

પાણિયારીઓમાંથી એકે તો કહ્યું પણ ખરું : 'કાનોભાઈ કેમ કાંઈ આટલા બધા ખીલ્યા છે ?'

'તને જોઈને સ્તો !' બીજીએ મશ્કરી કરી.

'ના રે ભાઈ ! આપણાં શાં એવાં રૂપ બળ્યાં છે કે કોઈ મોહી પડે ને તેય વળી દો'રા ગાય ?' જીવી સામે કતરાતી આંખે જોતાં પહેલી બોલી.

પરંતુ જીવીનો જીવ આજ કોઠામાં ન હતો. કોક એને જાણે ખેંચી રહ્યું હતું, ઘાંટો પાડીને કોક એને બોલાવતું હતું. કહેતું હતું :

'ગોઠિયા ! આંખડી મારી ચોટલા ભાળી
પૂંઠે પૂંઠે ફરતી;
વીરા ! લાંબેરી વેણ્યોની,
એક દી એવી ખાંતો હતી !'

જીવીએ ખાલી બેડું એક બાજુ મૂકતાં હીરાની બહેન નાથીને કહ્યું : 'હું જરા ચીલની ભાજી વેણી આવું.'

'ક્યાંથી વેણશો ?'

'આ ખેતરમાંથીસ્તો !'

એ નાથીને જાણે ભગવાને બોલાવી હોય એમ બોલી : 'એના કરતાં તો મારા ખેતરમાં જ જાઓને. ઘડીકમાં વેણતાંકને આવતાં રહેશો.'

'અહીં જોઉં તો ખરી; નહિ મલે તો પછી ત્યાં જઈશ.' કહેતી જીવી બાજુના ખેતરમાં પેઠી.

'હું ત્યારે આ એક બેડું રેડી આવું એટલામાં.'

'ભલે પણ હેંડજો ઝટ પાછાં.' કહેતાં જીવી ખેતરમાં પ્રવેશી.

અને પછી તો નીચાં વળી ચીલ તોડતી અને ખોળે ઘાલતી જીવી નાકની દાંડી સામે સીધી જ જઈ રહી હતી. 'કોક જોતું હશે ? શું કહેશે ?' એવી ફડક હતી એ પણ હવે ઊડી ગઈ હતી. ઘડીક પછી તો દોહરાના ભાવાર્થમાં જ એનું અંગેઅંગ, હૃદયના ધબકારા અને એનો સમસ્ત આત્મા પરોવાઈ ગયાં હતાં. આગલા દોહરાના અનુસંધામાં એનું દિલ જાણે બોલતું હતું– દ્રવતું હતું : 'લાંબી વેણ્યોની એને ક્યાં વળી ખાંતો હતી !' અને બીજા દોહરાને કાન માંડીને સાંભળ્યો :

'બંધવા ! વાટે જતાં વેણ્યો મળી,
પણ એ તો ભારે પડી !
ગોઠિયા ! લાંબી રે વેણ્યો તો,
કાળજે વીંટાઈ વળી !'

જીવીને ક્ષણભર તો શંકા થઈ, 'કોણ જાણે કોની વાત હશે !' પરંતુ ઊંડે ઊંડે તો એને ખાતરી જ હતી કે આ બધું કાનજી આજ પોતાને જ કહી રહ્યો છે. દિલનો ઊભરો ઠાલવી રહ્યો છે. જીવી વળી મન સાથે બબડી : 'કાળજે વીંટાઈ વળી હતી તો પછી શા માટે એ વેણ્યો વહોરી નહિ ? કોણે ના પાડી હતી ?–' ત્યાં તો વળી કોસ ચાલુ થયો, દોહરો સંભળાયો :

'ગોઠિયા !– ને કાજળવાળી મારી આંખમાં
જાણે ફૂલ પડ્યાં,
બંધવા ભાઈ ! વેણ્યો ને ખાંતો
બધાંય આજે ધૂંધળાં ધૂંધળાં.'

અને જાણે આ શોકમાં ડૂબી ગયા હોય એમ બળદોને ધીમા પડેલા જોઈને કાનજીએ, 'હેંડો મારા વીરા....!' કહી પૂછડે હાથ દીધા. કોસ કૂવામાં ઉતારતાં વળી પાછું પાણિયારા તરફ જોયું. જીવીને એણે છેટેથી જ ઓળખી લીધી હતી. હવે તો એ છેક ખેતરને શેઢે આવી પહોંચી હતી. હવામાં ફરફરતા એના આસમાની પોમચાને એ ઘડીભર જોઈ રહ્યો. બેઉ નજરો આજ ઘણા દિવસે ભેગી થઈ. કાનજીની નજર શરમની મારી નીચે ઢળી ગઈ. જ્યારે જીવી તો હજુય, એની અણિયાળી આંખ વડે ઠપકો વરસાવી રહી હતી; મનમાં જાણે થતું ન હોય : 'ક્યાં ફરી ગયો છે ? એનો એ જ તો છે !' ભાન આવતાં વળી પાછી ચીલ વીણવા માંડી.

કોસ ચાલુ થયો, પણ આ વખત કાનજીથી દોહરો ન ગાઈ શકાયો. હમણાં અહીં આવશે એવી આશામાં એણે ત્રીજો કોસ પણ ઠાલો કર્યો, પરંતુ જીવી તો હજુય ત્યાં જ અટવાતી હતી. ત્યાંથી કદાચ બારોબાર પાણિયારા તરફ પણ ચાલતી થાય પણ એ ડર લાગતાં કાનજી બોલ્યા વગર રહી જ ન શક્યો : 'કેમ બારોબાર જવા વિચાર છે કે શું ?' કોસ

ભરતાં કાનજીએ પૂછ્યું.

ઉપાડેલી ચીલનાં મૂળિયાં તોડતાં જીવી બોલી : 'હાસ્તો ! તમારી આંખોમાં તો હવે ફૂલ પડ્યાં, બધું ધૂંધળું દેખાય, પછી પાસે આવીનેય શું ?'

ભરેલા કોસને બીજી વાર ખેંચી જોતાં કાનજીએ કહ્યું : 'એ ખરું પણ અમીનો કૂંપો મૂયલાં સજીવન કરે છે તો એનાથી મારું આટલું ફૂલેય નહિ મટી જાય કંઈ ?'

'જેનાથી ફૂલ પડ્યું એનાથી તો ફૂલ ઊલટું વધે કે ઓછું થાય ?' કહી કાનજી તરફ જોતાં જીવીએ ફિક્કું હાસ્ય કર્યું.

કાનજીએ વળી પાછો વરત ખેંચ્યો. બોલ્યો : 'પણ તને ખબર છે ? વીંછી કરડે તો એના ઉપર એ જ ડંખ ઘસીને ચોપડતાં તરત બધું ઝેર ચુસાઈ જાય છે. આય એવું જ છે !' કહી જીવી સામે જોઈ હસી રહ્યો. ભાન આવતાં બળદોનાં પૂછડાં પર હાથ મૂકતાં બોલ્યો : 'હું વળતો આવું છું.'

ચીલ વીણતી વીણતી જીવી પણ અલાણીની બીજી બાજુ આવી ઊભી રહી. કાનજી પણ વળતો આવી ઊભો. પણ આ વખતે બેઉ જણ મૂંગાં બની ગયાં હતાં. કૂવામાં ડૂબકી ખાતા કોસના અવાજ સિવાય બધું શાન્ત હતું, બેઉને બોલવું હતું પણ પહેલી શરૂઆત કોણ કરે ?

પોતાના તરફ તાકતા અને બેભાનપણે કોસને ડબકડોયાં કરાવી રહેલા કાનજીને જોઈ જીવીથી હસી પડાયું. બોલી : 'મારી સામે શું ટગરટગર તાકી રહ્યા છો?' અને ખોળામાંની ભાજી ઠીકઠાક કરતી જાણે જવાની તૈયારી ન કરતી હોય એમ બોલી, 'લો બોલો, ઊભી રાખીને શું કેતા'તા ?'

જીવીના અંગ પર તરસી છતાંય એક જાતની તૃપ્તિભરી નજર નાખતાં કાનજી હસ્યો, બોલ્યો : 'બસ આટલું જ. તને ધરાઈને જોવી હતી. બે વેણ સાંભળવા મળ્યાં તો બચારા જીવને જરા....' કાનજી હસી પડ્યો.

પણ એ હાસ્ય જોઈને તો જીવીને ઊલટું દુ:ખ જ થયું.

કોસની સૂંઢે બાંધેલી રાશને ગરગડી પર ઊછાળતાં કાનજી બબડ્યો : 'આથી વધારે કહુંય શું– કહેવા જેવું મેં રાખ્યુંય શું છે ?' અને જીવી તરફ જોયા વગર જ બળદોને હાંકી દીધા.

પરંતુ જીવી તો હજુય ઊભી હતી. પાછા ફરેલા કાનજીને પૂછ્યું : 'કેમ કંઈ મારા પર બહુ રીસ ચડી છે ?' અને જવાબની રાહ જોતી હોય એમ બાજુમાં ઊભેલા ઢીંચણ સમાણા ઘઉંથી રમત કરવા લાગી.

'રીસ ચડવા જેવું તેં શું કર્યું છે કે રીસ ચડે ? રીસ તો ઊલટી તને ચડવી જોઈએ !' કહી કાનજીએ જોરથી શ્વાસ લીધો.

'ત્યારે કેમ આટલા દનથી મોઢું ફેરવીને ફર્યા કરો છો ?' અને કાનજીને ચૂપ જોઈ વ્યંગમાં પૂછ્યું : 'લોકોની બીક લાગતી હશે, નહિ ?'

કાનજીએ બળદોની રાશ છોડી દીધી. અલાણીમાંથી બહાર નીકળતાં, 'એય ખરુંસ્તો !–' કહી હીરાને હાક મારી : 'હીરા, લે જરા તમાકુ ભરીએ.'

'એવું હતું તો રાત માથે લઈને તેડવા ન'તું આવવું !' જીવીએ આજ કહી જ નાખ્યું. અને આછા ગુસ્સાથી કાનજી તરફ તાકી રહી.

ખિસ્સામાંથી તમાકુ કાઢતાં કાનજીએ કહ્યું : 'એ બધુંય ખરું, પણ ભૂલ કરી બેઠા એનું હવે શું ?' કહી તમાકુનો ભૂકો કરતાં કરતાં ઉમેર્યું : 'ને હજુય જો તારાથી સુધરે એવી હોય તો સુધારી લે.' કાનજી પણ કંઈક ગુસ્સામાં હતો.

'એમ કે !–' કહી જીવીએ ડોક ફેરવી પાછળ જોયું, હીરો હજુ ત્યાં જ ગડમથલ કરી રહ્યો હતો.

એણે કાનજી સામે તાકતાં પૂછ્યું : 'એટલે હું પાછો ચોથો ધણી ખોળું એમ જ ને ?'

'કેમ ચોથો ?–' કાનજીએ પૂછતાં તો પૂછ્યું પણ તરત જ ઉમેર્યું : 'ગોઠતું ન આવે તો ચાર છોડીને પાંચેય કરવા પડે– હા, એમ કરવા જતાં જો ધૂળિયો કાંઈ વાંધો ઉઠાવે તો એ મારે ઊજવવો; એને માટે–'

આંગળી ઉપર ઘઉંની પાનઠ વીંટતી જીવીએ એકદમ ઊંચે જોયું. 'તમારી ડાગળી તો નથી ખસી ગઈ ને ?' તેજભરી આંખે કાનજી સામે જોઈ બોલી : 'જીવી કાંઈ ધણીઓની ભૂખી નથી, સમજ્યા ને ? ધણી ખોળવા હોત તો એનેય ખોળતાં તો આવડતા હતા.' સહેજ થંભી ઉમેર્યું :

'પણ એ તો એમ કો' કે એને કોકની લગની લાગી'તી ! નહિ તો....'

'લે હવે બહુ થયું !' જાણે આ અસહ્ય થઈ પડ્યું હોય એમ કાનજી બોલ્યો અને દૂર આવતા હીરાને કહ્યું : 'બીડી તો એં બળી હશે તો !'

'ઓહુંય શું રહ્યું છે ત્યારે !' બબડી જીવીએ ચાલવા માડ્યું.

ઘઉંની પાનઠો તોડતી તો વળી એના કકડા કરતી ડગ ભરી રહેલી જીવી તરફ તાકી રહેલા કાનજીની નજરે એ મૂર્તિ ઝાંખી થવા લાગી, બીજી પળે તો નજીકનો કૂવો દેખાતો પણ બંધ થઈ ગયો.... કાનજીને ભાન આવ્યું, ઝટપટ આંખો સાફ કરી જુએ છે તો બાજુમાં ચલમ લંબાવતો હીરો ઊભો હતો. મૂઠીમાંથી તમાકુ આપતાં કાનજીએ કહ્યું : 'લે મેલ હેંડ, દન તો આવ્યો માથા પર. હજુ તો–'

પરંતુ હીરાથી પૂછ્યા વગર ન રહેવાયું : 'એ તો થશે બધું પણ.... પણ તું આમ કેમ થઈ–'

'કશું નહિ રે !' કહી કાનજી હસ્યો. ઉમેર્યું : 'તું જરા ઉતાવળ કરને ! જો આટલું આજ પાઈ રે'વાય તો.'

'નહિ પાઈ રે'વાય તો જ કાલે પવાય ના ?' કહી હીરો ચલમ ભરવા તો વળ્યો પણ આજના દૃશ્યે– કાનજીની આંસુભરી આંખોએ એને ગંભીર બનાવી દીધો હતો. 'આજ તો નહિ પણ એક દન મારે એને સોગન દઈને પૂછવું પડશે કે, તારા પથ્થર જેવા કાળજામાં આ બધું શું થઈ રહ્યું છે ? – માયાથી વેગળા રહેનાર ગીતાના ભગતને વળી આ માયા શી ?' –અને ચલમ મોંએ માંડતાં, ઊંધું ઘાલી પગના અંગૂઠાથી ધૂળ ખોતરતા કાનજી તરફ જોઈ રહ્યો. મન સાથે બબડ્યો : 'માન ન માન હીરા, પણ આમાં કાંક કાઠું કૌતક લાગે છે ! નકર દુ:ખના ડુંગરા આવી પડે– અરે પોતાનો બાપ મૂઓ ત્યારે પણ જેના ધણીની આંખમાં એક આંસુ ન'તું આવ્યું, એ આમ ધોળે દને તે ટપટપ આંસુ પાડતો હશે ?'

૧૦. વ્યર્થ પ્રયાસ

તે દિવસે કાનજીને મળ્યા પછી થોડાક દિવસ સુધી તો જીવીએ સૂનમૂન થઈને ફર્યા કર્યું . પરંતુ છેવટે તો આ શૂન્યતા પણ એને ડંખવા લાગી. 'એમને મારા વગર ચાલે છે તો શા માટે મારે એમના વગર નહિ ચાલે ?' આવા કંઈક વિચાર સાથે પહેલાંના કરતાંય વધારે પ્રમાણમાં લોકોથી હળવાભળવા લાગી અને જ્યાં કાનજી હોય ત્યાં તો વળી ખાસ જતી. જુવાનોની મશ્કરી પણ કરતી.

આજે પણ જીવીએ એમ જ કર્યું. કાનજી, મનોર વગેરે જુવાનો હીરાને ત્યાં બેઠા હતા, જીવી પણ ત્યાં જ જઈ ચડી.

વાતમાં લાગ મળતાં જ જીવી બોલી : 'મનોરભાઈ, મોઢું તો રૂપાળું છે, પણ કાળજે તો કાળા જ છો હોં કે....' તો વળી એક બીજા જુવાનને વાતમાં વણ્યો : 'ઓહોહો ! તે દન ભજનોમાં શું ખીલ્યા'તા રા ! આમ તો ભોળાભલા દેખાઓ છો પણ પખાજમાં તો જાણે તમે જ ગોપીઓ સાથે રાસ ન રમતા હો; કેવા ઊછળી ઊછળીને ભજન કે'તા'તા–!'

અને આ સાંભળતાં કોણ જાણે કેમ પણ કાનજીએ કરડી નજરે જીવી તરફ જોયું. પણ જીવીની તો એની તરફ પીઠ જ હતી. કાનજીની ચીડ વધી પડી. અને મનોર વગેરેને જીવીથી વાતે વળેલા જોઈને તો એ ત્યાં વધુ વાર બેસી પણ ન શક્યો. જતાં જતાંય એણે જીવી તરફ જોયું પણ જીવીએ ન તો પાંપણ ઊંચી કરી કે ન તો વાત કરતી રોકાઈ. મન સાથે એ બબડ્યો પણ ખરો : 'હાળી આ તો સાવ નફફટ લાગે છે.

નક્કામો હું જીવી જીવી કર્યા કરું છું. ઠીક છે ! હવે જો ક્યાંય ડહાપણ કરવા આવે ત્યારે વાત છે ! એવી તો સુણાવું કે બોલતી બંધ થઈ જાય.'

અને આ લાગ તો એને તે જ દિવસે મળ્યો. સાંજની વેળાએ કાનજી તથા હીરો ખેતર તરફ જઈ રહ્યા હતા. સામેથી જીવી પણ પાણી ભરીને આવી રહી હતી.

નજીક આવતાં હીરા સામે મલકાઈને જીવીએ કહ્યું : 'ઓહોહો ! શાના ઉપર આટલી બધી છાતી કાઢી હેંડો છો, હીરાભાઈ ?'

કાનજીથી બોલ્યા વગર ન રહેવાયું. જીવી સામે એક કઠોર નજર નાખતાં કહ્યું : 'અમારી જાત ઉપર. કાંઈ કોઈના ઉપર–'

કાનજી સામે જોયા વગર જ જાણે સ્વગત ન બબડતી હોય એમ મોં ચડાવીને જીવી બોલી : 'પૂછ્યા વગર જ્યાં હોય ત્યાં વચ્ચે બોલવાની માણસને શી ટેવ પડી હશે !' અને આછા તિરસ્કાર સાથે મોં મચકોડતી ચાલતી થઈ.

ધૂંવાંપૂવાં થઈ ઊઠેલા કાનજીએ હીરાને કહ્યું : 'વળી આ ગાંયજણ હમણાં હમણાંની બહુ ફાટી ગઈ છે, હીરા !'

હીરાને જોકે આમાં ફાટી ગયા જેવું કશું લાગતું ન હતું. ગામની બીજી યુવતીઓ અને યુવાનો જેમ બોલતાંચાલતાં ને હાંસીમશ્કરી કરતાં એવું જ જીવી પણ કરતી હતી. પરંતુ કાનજીને ટોણો મારવાનો મળેલો લાગ એણે સાચવી લીધો : 'અમે તો પે'લેથી કે'તા'તા કે બૈરાની જાતનો ભરોસો નહિ. રૂડુંરૂપાળું પહેરવા-ઓઢવા મળે ને મનમાન્યું ખાવા મળે પછી તારી કે મારી કોઈનીય એને શી પરવા ?–'

'ત્યારે અહીં કોને પરવા છે ? એના જેવી તો કંઈક જોઈ નાખી !' કાનજી હજુ પણ ગુસ્સામાં હતો અને તે એટલે સુધી કે જો બીજી વાર જીવી સામે મળી હોત તો એને ન સુણાવવા જેવુંય સુણાવી દેત.

'ત્યારે એનેય ક્યાં તારી પરવા છે !' કહી હીરો હસ્યો.

કાનજી માટે આ વાક્ય અસહ્ય થઈ પડ્યું. હોઠે આવીને ઊભું રહ્યું : 'પરવા ન હોય તો અડધી રાતે પાછળ પાછળ આવત નહિ, સમજ્યો ને ?'

પણ તરત જ એણે પોતાની જીભને સંભાળી લીધી અને 'હાસ્તો !' કહીને જીવી માટેની રહીસહી લાગણીનો સદાયને માટે અંત આવી જાય એમ ઇચ્છતા હીરાના મનોરથોને એણે ધૂળ-ભેગા કરી નાખ્યા.

હીરાએ વળી વાતને ઉખેળી : 'તોય પાછો બે દન કેડે તું જ એના ઉપર દોહરા જોડવા મંડી પડીશ.' ને કાનજીને ચૂપ જોઈ ઉમેર્યું : 'પછી ન ફુલાતી હોય તોય ફુલાય જ ને ?'

જબાબમાં કાનજીએ એક ભારે શ્વાસ લીધો. ફિક્કું હસતાં બોલ્યો : 'તુંય વાત કરે છે તે ! એની લાયે કાંઈ દોહરા ગાવાય છોડી દઈશ ? તેં કેમ જાણ્યું કે હું એને જ ગાઉં છું ? એ તો આ ચાર મહિનાથી અહીં આવી છે, પણ એ પે'લાં હું કોના દોહરા ગાતો'તો ?' કહી સહેજ તિરસ્કાર સાથે હસ્યો, બબડ્યો : 'શી વાત કરે છે ?'

હીરાએ ચીડ સાથે કહ્યું : 'અરે ભાઈ, પણ ગાજે ને; દોહરા ગાવાની કોણ ના પાડે છે ? ને હું તો કહું છું કે એના નામનાં ગાણાં જોડને ! એમાં કોઈનુંય શું જવાનું છે ?' કહી કાનજી સામે રિસાળ આંખ માંડતાં બોલ્યો : 'આ તો લોક વાત કરે છે એ હું તને કહું છું, હું કાંઈ થોડી મારા ઘરની ઉપજાવીને કહું છું ?'

કાનજી જરાક ધીમો પડ્યો. હીરા સામે તાકતો બોલ્યો : 'જો ત્યારે હું તને ચોખ્ખું કહી દઉં–' અને આંગળી ઊંચી કરતાં ઉમેર્યું, 'હું લોકથી કે લોકોના બાપથીય નથી બીતો, ને બીવાનો પણ નથી.–' બે ડગ ભર્યા પછી થંભ્યો, ગુસ્સાભરી નજરે હીરા સામે તાક્યું. બોલ્યો : 'આ તો ઠીક છે કે હું એના દોહરા જોડું છું પણ કાલ ઊઠીને ઘરમાં ઘાલું તોય તમે બધા શું મારાં નાકકાન કાપી નાખવાના હતા ?'

હીરાને થયું : 'મારું બેટું આ તો અવળું વેતરાયું !' બોલ્યો : 'પણ ઘરમાં ઘાલવી હોય તો એય કરી નાખને, કોણે તને રોક્યો છે ?'

'તો તું ભૂલ ખાય છે, હીરા ! એય દેખાડત પણ– જરા વિચાર આવી જાય છે ! આ વાંદરા સાથે લૂગડાં ન પે'રાવ્યાં હોત તો એય વળી કરી દેખાડત !'

'તો પછી બસ!– આમ નાહકનું થૂંક શું કામ ઉડાડતો હોઈશ ?' કહી હીરો બબડ્યો : 'ને હિંમત હોય તો ઘરમાં ઘાલ્યા વગરેય– પણ ભાઈ, એ તો કોઠી પરનાં કોઠાં ! એમ ઝંઝેડ્યે (હલાવ્યે) તે પડતાં હશે કે ?'

'પાકું થયેલું તો એય પડે હાં કે !' કાનજી બોલ્યો.

'તો પછી પાડીને ખાને !' હીરાએ કહ્યું. અને કાનજીને ચૂપ જોઈ ઉમેર્યું : 'પણ તારે તો ખાવુંય નથી ને એનો કેડોય નથી મેલવો. એમાં રંધાણું શું ?'

હીરાના કહેવાનો બધોય ભાવાર્થ કાનજી સમજતો હતો. ભારે શ્વાસ લેતાં એ એટલું જ બોલ્યો : 'એમાં શું દન વળ્યા, હીરા !'

'તો પછી એનો કેડો મેલ.'

કાનજીએ ફિક્કું હસતાં કહ્યું : 'કેડો તો, લીધો એના દનથી મેલેલો જ છે ને ?'

ઠીક ઠીક વાર શાંતિ છવાઈ.

હીરો જાણે વિચારમાંથી જાગતો હોય તેમ બોલ્યો : 'મને તો એ થાય છે કે તું આવડો બધો ભગત ક્યારનો થઈ ગયો છે ?'

'ભગત થઈ ગયો એમ કે' કે ગમે તે કે' પણ આજે વાત નીકળી છે તો તને કહી દઉં કે જો કરીશ તો પૂરું કરીશ– ઉઘાડે છોગે એને ઘરમાં રાખ્યા પછી જ એની સામુંય જોઈશ, ને નહિ તો આસમાનજમીન એક થઈ જાય તોપણ હું ઉબેટે (આડે રસ્તે) તો નથી જ ચડવાનો.' કહી કાનજી એક ભારે શ્વાસ લઈ હોઠ ચાવવા વળ્યો.

'તુ જાણે ત્યારે !' હીરો પણ કંઈક વિચારમાં ડૂબી ગયો.

બીજે દિવસે હીરો ભગતને ઝાકળિયે ગયો. ઓળો પાડીને બેઉ જણ ફોલતા બેઠા. હીરાએ વાત ઉપાડી : 'માનો ન માનો ભગત, પણ કાનજીને કાંઈ થઈ ગયું છે. પેલીએ કાંક કરી દીધું હોય એમ મને તો લાગે છે !'

ભગતની જગ્યાએ બીજો હોત તો ચણાનો કણ હાથમાં જ રહી ગયો હોત, અને હીરાની શોકભરી સૂરત જોઈને તો સવાલ ઉપર સવાલ પૂછ્યા હોત : 'પેલીએ એટલે કોણે વળી ? કાંક તે શું કરી દેવાની હતી ?

ને કાનજીને શું થયું છે વળી ? ઘોડા જેવો તો છે ?' વગેરે. પણ ભગતના પેટનું તો પાણીય ન હાલ્યું. હીરા સામે એક નજર નાખી હસ્યા. મોંમાં ઓળાનો કણ નાખતાં બોલ્યા : 'તું બોલ્યો એમાં કાંઈ સમજાયું નહિ, હીરા.' અને એ જ રીતે ઓળો ફોલતા રહ્યા.

હીરાને સહેજ ખીજ ચડી : 'આમ અજાણ્યા થઈને ન બોલતા હો તો, ભગત !– તે દિવસે તમે નહોતા પૂછતા : આજકાલ કાનજીએ કેમ મારે ત્યાં આવવાનું બંધ કરી દીધું છે ? ને આજ પાછા–'

'હા, હા, પણ એનું છે શું ? તું પેલી પેલી કરે એમાં મને શું સમજ પડે ?' ભગતે હીરા સામે જોઈને કહ્યું. વળી પાછા ઓળો ખાવા વળ્યા.

હીરાને થયું : 'સાંભળ્યા વગર શું તમારું કપાળ કે' !' પણ એમ રીસ કરે તોપણ ભગત તો હસવાના જ હતા. ઝાકળિયા બહાર એક નજર નાખતાં હીરો ભગત પાસે જરા સરક્યો, કહેવા લાગ્યો : 'આ પેલી ગાંયજણની વાત સ્તો. તમે ભલે જાદુમંતરમાં ન માનતા હો ભગત, પણ હું તો માનું જ છું. મને તો લાગે છે કે એ રાંડે કાનજી ઉપર– ગમે તેમ પણ મોયણી (મોહિની) જ કરી દીધી છે !'

ભગતને હસવું આવ્યું : 'એ તેં કેમ જાણ્યું ? કોઈ ભૂવાને દાણાબાણા ભાળ્યા'તા કે શું !'

'એમાં ભૂવો શું કે'તો'તો ભગત ? હું મારી સગી આંખે જોઉં છું એ નહિ ?'

ભગત જાણે બધુંય જાણતા હોય તેમ હીરા તરફ જોતાં પૂછ્યું : 'શું જુએ છે તું, કે' જો ?'

'શું તે કાનજીને આ જીવલીથી જીવ લાગ્યો છે. પણ એમાં–'

'કેમ જાણ્યું ? લોક કે' છે એ ઉપરથી ને ? પણ મને તો લાગે છે કે લોકોની આ વાત જરાય સાચી–'

'અરે સાચી વાત હોત તો તો મૂઉં સ્તો– એમનું પાપ એમને પૂછત. પણ આ– ઘડીમાં જીવ એક ને ખોળિયાં જુદાં એવું, તો ઘડીમાં વળી એકમેકનો છાંયડોય ન લે, એવું તો ન ચાલત ને ?.... આનું આપણે

સમજવું શું ?'

ભગત હસતી સૂરતે હીરા સામે થોડી વાર તાકી રહ્યા. આંખોનાં ભવાં ઉલાળતાં પૂછ્યું : 'તને શું સમજાય છે ?'

'મેં તો તમને કહ્યું ને કે જીવીએ કાનજીને કાંક કરી દીધું છે. એ વગર– આ તો શું પણ આનાય માથાની અમે જોઈ કાઢી છે, ભગત. કોક ઠેકાણે હું પલળી ગયો હઈશ, પણ ધન છે કાનજીને ! એક રતીભાર આઘોપાછો નથી થયો. આમ હસીમશ્કરી કરે– અને ઠેકાણું ને વખત બધુંય નક્કી કરે, પણ પછી જવું આવવું રામરામ.'

અને ભગતના હાસ્ય સાથે હાસ્ય મેળવતાં હીરાએ ઉમેર્યું : 'તમે જ કો' ભગત, એવો માણસ આમ જાત નહિ, ભાત નહિ, ને એનામાં આંધળો થઈને ફરે, એ કશું કર્યા વગર તે બને ?'

ઊંધું ઘાલીને ઓળો ફોલતા ભગતને નકારમાં માથું હલાવતા જોઈને વળી હીરો બોલ્યો : 'તમે માનતા નથી ભગત, પણ ડાકલું વગડાવી જુઓ જો ખાતરી કરી જોવી હોય તો ! જો કાનજી ઉપર કામણટૂમણ કરેલું ન નીકળી તો કો' એવા લેખ કરી આપું. બોલો, છે વિચાર ?' કહી હીરો ભગત તરફ તાકી રહ્યો.

'તારી બધીય વાત ખરી, પણ આ કામણની વાત તો સાવ ખોટી છે.' કહી હીરા તરફ હાથનો ચાળો કરતાં બોલ્યા : 'અરે ગાંડા ભાઈ ? બૈરાંના નેણને તું શું સમજે છે ? મહાદેવ સરખા ગોથાં ખાઈ ગયા તો કાનજી જેવાના તે શા હિસાબ !' ભગતની આંખમાં આછું આછું તેજ ચમકતું હતું.

'ના, ના પણ ભગત–'

'નહિ !' ભગતનાં ભવાં જરા તંગ થયાં– 'એ બધી વાત ખોટી છે. બૈરાને કદી મોહિની કરવાની જરૂર જ નથી રહેતી. એ તો જાતે જ મોહિની છે.' કહી જરા ધીમા પડતાં બોલ્યા : 'તું ને કાનજી જાણતા હશો કે ભગત કશુ નથી જાણતા; પણ હું બ....ધું જાણું છું. એ મારે ઘેર કેમ નથી આવતો.... હમણાં હમણાં તો વળી તંબૂરાની લતે ચડ્યો છે. એ બધું

તો એ પોતે (કાનજી)ય ક્યાં છુપાવી શકે છે ? પછી ભલેને જીવીની સામેય ન જોતો હોય. પણ તોય ગામમાં કોઈનાથી છાનું રહ્યું છે ?'

અને હીરા સામે સહેજ તાકી રહ્યા પછી ભવાં ઉલાળતાં બોલ્યા : 'તું તો આને કામણ કે' છે પણ હું તો એનાથીય મોટું દુ:ખ કહું છું કે જેની કશી દવા જ નથી. હા.... એ બે જણ ભેગાં થાય તો જુદી વાત છે. પણ તો તો હેઠે સ્વર્ગ ઊતર્યું એમ જ સમજો ને ! બાકી તે સિવાય તો આમ ઈઝરાઈને દન કાઢવા સિવાય આની બીજી કોઈ દવા જ નથી.' કહી કોઈ ચમત્કારની વાત ન કરી હોય એમ માથું હલાવતાં હલાવતાં હૈયામાં શ્વાસ ભરી ઉમેર્યું : 'આ કંઈ તારાં કામણટૂમણ નથી, આ તો એકબીજાથી જીવ મળ્યા છે !' કહી ભગત જાણે હસતા ન હોય એમ મોં ઉપરનું તેજ ચમકી રહ્યું હતું.

'એમાં તમે આમ રાજી શું થાઓ છો. ભગત ? એનો કોઈ રસ્તો કાઢો ને. જીવ મળ્યા છે એ તો અમેય જાણ્યું. પણ કાંઈ છૂટ્યાબારી દેખાડો ત્યારે જાણીએ કે ના ના, ભગતનાં પાસાં સેવ્યાં–'

'અરે ના રે ભાઈ, એમ ભગત પાસે રસ્તા હોય તો ભગત પોતે જ અત્યારે સ્વર્ગનું સુખ–' પણ તરત જ ભગતે વાક્ય બદલી નાખ્યું : 'હીરા, આનું નામ જ જીવતર છે ! શું કામ તું નાહકનો એ લોકની આડે આવે છે ! થાય એ થવા દે ને જોવાય એટલું જો ! એમનાથી નહિ વેઠાય ત્યારે એ જ એમની મેળે રસ્તો–'

હીરાને ભગત અત્યારે ગાંડા જેવા લાગ્યા. ચીડ સાથે બોલ્યો : 'અરે કાંઈ તમે તે ગાંડા થયા ભગત ! ધારો કે રસ્તો લીધો– બેય જણે ઘરસંસાર માંડ્યો પણ પછી નાતજાત, સગુંવહાલું એ બધાનું શું ? ને પાછળ એમનાં છોકરાંનું–'

'પણ ભલા માણસ ! તું ભગવાનમાં તો માને છે ને ? તો પછી એ બધું એના ઉપર જ છોડી દેને ! નાહક–'

'અરે છોડ્યા છોડ્યા ભગત ! લો રે'વા દો તમારું ડહાપણ ! તમે તો ઊલટો સીધાને બદલે અવળો રસ્તો દેખાડો એમાંના જ છો ! લોક કે'

છે એમાં ખોટું નથી. આજથી તમારા ભેગું બેસવું જ નહિ ને–' કહી હીરાએ પોતાનું કાળું શાહી મોં એક બાજુ ફેરવી લીધું.

ભગતની જગ્યાએ બીજો કોઈ હોત તો, 'લે ઊઠ ઊઠ હવે ન બેસવાવાળી ! તને નોતરું દેવાય કોણ આવ્યું હતું ?' આવું કંઈક કહીને હીરાને સુણાવી દીધું હોત; પરંતુ આમ કરવાને બદલે ભગત તો હસતા જ હતા. હીરાની જાણે દયા ખાતા હોય એમ બોલ્યા : 'આ તું શું બોલે છે, હીરા ! તારું કે કાનજીનું ભૂંડું થાય એમાં હું રાજી છું એમ ?– તમારા બેનું જ શા માટે, કોઈ વાટે જતાનુંય ભૂંડું ઇચ્છ્યું હોય તો મને દેખાડ !'

'એવું તો કશું નથી પણ તમે કો' છો કે જેમ થતું હોય એમ થવા દે ! તે તમ જેવા ભણેલાગણેલા માણસથી આમ બોલાય ખરું ?'

'ભણેલોગણેલો છું એટલે જ તો આમ બોલું છું, હીરા !' કહી વળી ભગત હસવા લાગ્યા.

'કંઈ નહિ ભગત ! તમે એકલદંડી માણસ રહ્યા એટલે જેમનું બોલો ને જેમનું કરો એ બધુંય પોસાય. પણ અમારા જેવા–'

'એટલે કાનજીની લાગણી તને છે ને મને નથી એમ ને ?' ભગતનું મોં હજુય વિલાયલું જ હતું.

'એવું તો કશું નથી પણ તોય તમે તો– પણ તમે બોલો છો એવું તે ભગત !' કહી હીરો ભગત સામે જોઈ હસી પડ્યો.

'ભલો માણસ છે તું તો ! જો જે પાછો ભડકતો–' કહી હીરાને ચેતવતાં ઉમેર્યું– 'પણ જો તારે ઠેકાણે હું કાનજીનો ભાઈબંધ હોત તો અત્યારે જ જીવીને લઈ જઈને એના ઘરમાં બેસાડી દેત !'

ગુસ્સે થવા જેવું તો રહ્યું ન હતું છતાંય હીરો છણકો કરવાથી તો ન જ ગયો : 'તમે હવે બોલ્યા વગર છાના રે'શો ભગત ?' કહી જાણે સ્વગત બબડતો હોય એમ બબડ્યો : 'મારા ક્યાં ભોગ લાગ્યા તે વળી તમારા આગળ વાત કાઢી !'

૧૧. કયા સંબંધે ?

હીરાએ તો કાનજીને રાતે કશી જ વાત ન કરી પણ સવારમાં એને એક જણે કહ્યું : 'કાંઈ સાંભળ્યું કાનાભાઈ ? રાતે ધૂળિયાએ એની વહુને ટીપી એ નથી જાણતા ?'

'કેમ, શું કરવા ?' કાનજીનું મોં તંગ થઈ ગયું.

'શું કરવા એ તો ભગવાન જાણે, પણ– બે દન પર કોઈ ઠેકાણે– તમે બધા બેઠા'તા ! કે' છે કે જીવલી ત્યાં આવીને બધાથી હસીમશ્કરી કરતી'તી. ધૂળિયાને કાને કાલે વાત આવી હશે તે કે' છે કે અચ્છી તરહથી પીટી છે !'

'ફૂટશે હાળાં કપાળ, આપણે શું ?' બબડી કાનજી ઘેર જવા ઊઠ્યો.

નેળિયાને પેલે નાકે આવતી જીવીને જોઈ એને કંઈક પૂછવાની– ગઈ રાતના માર વિષે સ્તો– ઇચ્છા થઈ પણ તરત જ 'બાઈય ક્યાં ઓછાં છે ? માર ખાય એવા દાવનાં જ છે !' આમ વિચારી મૂગા મૂગા ચાલ્યા જવાનો વિચાર જ કરી રાખ્યો. મનમાં વળી એમ પણ થતું હતું : 'એને કે'વાની ગરજ નથી તો પછી મારે એને પૂછવાની શી ગરજ પડી છે?'

પરંતુ સામી બાજુ જીવી તો કાનજીને જોતાં બિલકુલ ઢીલી જ પડી ગઈ હતી. આંખોમાં આછાં નવાણ ફૂટવાં શરૂ થઈ ગયાં હતાં. પગ પણ સાવ ઢીલા પડી ગયા હોય તેમ, 'હમણાં કાં તો ગોથું ખાઈ જઈશ !' આમ થયા કરતું હતું. જો નેળિયામાં છીંડું હોત તો પછી ભલેને ઉકરડા તરફ કેમ નથી જવાતું, પણ જીવી એક વાર તો એ છીંડામાંથી જરૂર

બહાર નીકળી જાત. આંખમાં ઊભરાઈ આવતાં આંસુ રોકવા એણે ઘણાય હોઠ ચાવ્યા, કાનજીને મોં ન દેખાય એમ સાલ્લાનો છેડો પણ ખેંચ્યો પણ બધુંય વ્યર્થ ગયું–

અબોલા કાનજીથી પણ પૂછ્યા વગર ન રહેવાયુ : 'કેમ, કાલે રાતે શું હતું ?'

જીવીથી એક આછું ડૂસકું નખાઈ ગયું. આંખમાંથી ટપોટપ કરતાં આંસુ પાછળ ધાર વછૂટી. પણ એ બોલી તો કશું જ નહિ ઊભી પણ ન રહી.

કાનજીને વટાવી આગળ ડગ ભરે છે ત્યાં તો એક કઠોર અવાજ કાને પડ્યો : 'ઊભી રે' !'

છતાંય જીવીએ ડગ ભર્યાં, પરંતુ ત્રીજું ડગ ભરવાની એની હિંમત ન ચાલી, ત્યાં જ થંભી ગઈ. કાનજીએ પાછળ ફરતાં વળી પૂછ્યું : 'કાલે રાતે શાની ધાંધલ હતી ?'

આંખોને પાંપણો આડે રાખવાનો પ્રયત્ન કરતાં જીવી માંડ બોલી શકી : 'કશું ન'તું.' અને વળી પાછો પગ ઉપાડ્યો.

'કશું ન'તું કેમ ? ઊભી રે', જે હોય તે મને સાચેસાચું કહી દે.'

કાનજીની આંખમાં આગ હતી. આગળ પાછળ આવતી પનિહારીઓનું પણ એને ભાન ન હતું, જીવીને બહેરી બનેલી જોઈને એણે ઘાંટો જ પાડ્યો : 'કેમ સાંભળતી નથી ? ઊભી રે' કહું છું !'

જીવી વળી થંભી. આંસુભરી આંખે એની તરફ જોવા પ્રયત્ન કર્યો. રુદન અને શબ્દો બેઉ સાથે જ ભળ્યાં: 'બધાંય ભેંગા થઈને ચારે પાથી શું કામ.... મારી ફજેતી–' અને એક ડૂસકા સાથે ચાલતી થઈ.

કાનજીએ ગામ તરફ પગ ઉપાડ્યો. ઊભે રસ્તે બબડતો જતો હતો : 'ઠીક છે બેટમજી, આજ હું તમારી (ધૂળાની) ખબર લઉં છું. મારા મનથી કે મરશે, મરશે, પણ એમ ભાઈસાહેબ પાછા ઊંચા ચડતા જાય છે !....' ગામમાં તો એ ચૂપ જ હતો પણ એની ચાલ એના ગુસ્સાને છતો કરતી હતી. એકબે જણે તો પૂછ્યું પણ ખરું, પણ કાનજીએ ઉડાઉ જવાબ આપીને જ ચૂપ

કરી દીધા. એ સીધો ધૂળાના ઘર તરફ જ જઈ રહ્યો હતો.

હીરો, ઘરના મુખ્ય બારણાની બાજુમાં અંદરના ભાગમાં ઢાળેલા ખાટલા પર રાશનો સાંધો કરતો બેઠો હતો.

આંગણામાં થઈને જતા રસ્તા ઉપર કોઈને ઝડપથી પસાર થતું જોયું. પીઠ ઉપરથી હીરાને વહેમ પડ્યો : 'અરે કાનજી કે કોણ જાય ?'

'હા કેમ ?' કાનજી બે ડગ પાછાં ભરતાં બોલ્યો. એની આંખો લાલ હતી. મોં ગુસ્સાભર્યું હતું.

'કેમ આમ ? હીરાથી બોલી જવાયું. હસીને કહ્યું : 'લે આવને, ભગત હજુ ખેતરમાંથી આવ્યા નહિ હોય.' કહી ઊભા થતાં ઉમેર્યું : 'લે હુક્કો ભરીએ.'

કાનજીએ ઊભે ફળિયે નજર નાખી. ધૂળાના ઘર તરફ કતરાતી આંખે જોયું. એક ભારે શ્વાસ લઈ હોઠ ચાવતો બારણા તરફ વળ્યો. બારણા તરફ મોં રાખીને પગ લટકતા રહે એમ ખાટલા પર બેઠો. હાથની હથેળી પર હડપચી ટેકવી વળી પાછો નીચેનો હોઠ ચાવવા લાગ્યો.

હીરાની વહુ કંકુ માટે કાનજીની ગંભીર મુખમુદ્રા અને તેમાંય આટલી હદે– એ તો નવાઈની જ વસ્તુ હતી. 'કેમ કાનાભાઈ, શા વિચારમાં પડ્યા છો ?' કંકુએ ધાવતા બાળકને બીજી બાજુ ફેરવતાં આછા ડર સાથે પૂછ્યું.

'કશાય નહિ !' બબડી કાનજીએ હીરાને પૂછ્યું : 'લે તું તો હુક્કો ભરતો'તો ને ?'

દોરડા સાથે ગડમથલ કરતા હીરાએ કહ્યું : 'ભરું છું આ આટલું મેળ ખવડાવીને, તારે એટલી બધી ઉતાવળેય શી છે ?'

'ઠીક છે, જે છે એ ! તું એક ફેરા હુક્કો ભરને.' કહી કાનજી બારણા બહાર તાકતાં નાનકડી મૂછોને આમળવા લાગ્યો.

'પણ તોય ! ખેતરમાં કોઈનું ઢોર પેસી ગયું'તું કે શું ?'

'ના ભાઈ ના.' આછી ચીડ સાથે કાનજી બોલ્યો.

'ત્યારે આમ રીસભર્યો ક્યાં જતો'તો ?'

પાછી કાનજીની સૂરત તંગ થઈ. બોલ્યો : 'ક્યાં તે પેલા ભંગિયાની ખબર લેવા. એ હાળું ડાબોટું (હજામ) સમજે છે શું એના મનમાં ?'

'પણ થયું છે શું ?' કહી દોરડાને બાજુમાં નાખી ભીંતે મૂકેલો હુક્કો લેતાં હીરાએ પૂછ્યું : 'તને કાંઈ બોલ્યો–'

'મને શું બોલવાનો હતો ? તો તો ત્યાં ને ત્યાં ચીરી.... પણ આ પેલીને હેંડતાં ને ચાલતાં મારે છે તે એના મનમાં સમજે છે શું ?'

'એમાં આપણે શું, ભલા માણસ ! એનું માનવી છે તે વાંક પડે તો મારેય– ને આપણાથી આમ સામે લડવા જવાતું હશે ? કોઈ જાણે તો–'

'તું અત્યારે મારા આગળ બોલ્યા વગર રે'જે હીરા, ખરું પૂછે તો આ બધું તેં જ કરાવ્યું છે ! હું કે'તો'તો, કે આ અદકપાંસળિયું એક ટકાનું માનવી છે; બિચારી ઊલટી દુઃખી થશે. પણ–'

'અરે, પણ ભલા માણસ, એય કે'વું હશે તો કે'વાની રીતે કે'વાશે; આમ ઉપરાણું લઈને લડવા તે જવાનું હશે ? કોક વાટે જનારાયે કે', ભાઈ આને શું હશે તે– આપણે ન મળે નાતજાત કે ન મળે કશો સંબંધ. ઊલટો–'

'કેમ સંબંધ નથી ? એને અહીં લાવનાર તો તું ને હું બે જ જણા ને ? એ બાઈની કકળતી આંતરડી અત્યારે શું કે'તી હશે ? તું તો, 'ન મળે નાતજાત' કહીને વેગળો થઈ રે' પણ મારાથી એવું નહિ થાય.' અને જાણે ગુસ્સાનો ઉછાળો આવ્યો હોય એમ ટટાર થતાં બોલ્યો : 'લાવને એક ફેર મને જરા હુક્કો આલને, હું એની ખબર લઉં છું તો હમણાં !'

હીરાએ હુક્કો આપતાં કહ્યું : 'તું જરા ટાઢો પડ ટાઢો. એ બધું કે'નારા તો અમે બેઠા છીએ. નાહકની હાથે કરીને ફજેતી કરાવવી ?'

કાનજીએ હુક્કો પીવો પડતો મૂક્યો. હીરા તરફ ડોક મરડતાં બોલ્યો : 'એવી નાગી ફજેતીથી હું બીતો નથી, હીરા, સમજ્યોને ? ઊલટી હું તો આ કોકની છોકરીની– બિચારી ન રહી પિયરની કે ન રહી સાસરાની– એની ફજેતીને રોઉં છું. પણ મારાથી આ હવે નથી દીઠું જતું !' કહી હુક્કાની ફૂંક ખેંચી હીરાને આપતાં બોલ્યો : 'લોકની બીક લાગતી હોય

તો તું ન બોલતો, હું તો એને કહેવાનો જ છું. ને જો એડી તેડી કરશે તો હાળાને મારીશ એમાં ભૂલેય નહિ.'

કંકુ તો સડક જ થઈ રહી હતી. એણે તથા હીરાએ થઈને માંડ માંડ કાનજીને ઠંડો પાડ્યો.

'ઠીક છે આજ તો, પણ હવે જો ફરીથી પેલીને મારી છે– હા, જો એનો વાંકગુનો હોય ને લાપોટઝાપોટ કરે એ જુદી વાત છે; પણ આમ હેંડતે ને ચાલતે, વગર ગુનાએ મારશે તો એનું સારું ફળ નહિ આવે, હીરા. કહેવું હોય તો કહી દેજે.' કહી કાનજી ઊઠ્યો.

મોડેથી કંકુએ ધૂળાને ઠપકો આપ્યો. હીરાએ પણ ધૂળાને દમ દેવાય એટલો દીધો. ઉપરથી ઉમેર્યું : 'ઊનો રોટલો મલે છે તો ખા ને છાનોમાનો. જો ફરી આવું કરીશ તો કાકો (કાનજી) આ વખત તો તને માર્યા વગર નથી છોડવાનો. ને હું ઠીક કહું છું, એની રીસ છે ભૂંડી, મને તો લાગે છે કાં તો તારા ભેગી તારી રાંડનેય મારશે ને એય ભેગો મરશે. ને આમાં ઝાઝા કાંદા (ફાયદો) નહિ કાઢો–'

ધૂળાને જોકે કાનજીની ઘણી જ બીક લાગતી હતી, પરંતુ બીજી બાજુ એને મુખીની અને રાજના અમલદારોની ઓથ પણ હતી. હરવખત પાણી ચડાવનાર અને પેટની વાત સાંભળનાર રેશમો પણ પડોશમાં જ હતો. વળી કાનજીને ઠેકાણે જો બીજો કોઈ જુવાન હોત તો એણે અમલદારોની ઓથનો ઉપયોગ કરી એને ટાઢો પણ પાડી દીધો હોત; પરંતુ એ જાણતો હતો કે કાનજી મુખીથી તો શું પણ અમલદારોથી પણ દબાય એમ નથી. ગઈ સાલ જ એણે એક પોલીસવાળાનું મોં દબાવીને ગાળો ભાંડવાની જનમારાની ખો ભુલાવી દીધી હતી. એ બાબતમાં પૂછપરછ કર્યા પછી અમલદારોએ પણ– થોડોક દમ અને ઝાઝી શિખામણ આપીને– એનું નામ મેલ્યું હતું.

પણ ધૂળો જાણતો હતો કે જો કાનજી કોઈ કાયદામાં સપડાઈ જાય તો તો પછી રાજના અમલદારો એના પર ચડી જ બેસે, પણ આવા કોઈ કાયદામાં સપડાય તો ને ?– હીરાની શિખામણથી ચેતવાને બદલે એને રીસ

ચડી : 'હુંય જોઉં છું ને એ કેવો મારે છે તે !– આટલો વખત અમલદારોના પગ દબાવેલ કામેય શું આવશે ?–' અને ધૂળાની આ ઓથ ભલે કાનજી ન ગણકારતો હોય તોપણ હીરો તો એનો પરચો સારી પેઠે જાણતો હતો. રાતે એણે કાનજીને ઘણી ઘણી શિખામણ આપી. અને કાનજી પણ વહેવારમાં ક્યાં કાચો હતો ? હીરા આગળ લાચાર અવાજે કહ્યું :

'હું બધુંય જાણું છું હીરા, પણ આમ એને માર પડે એ મારાથી નથી દીઠું જતું !' સહેજ વાર થંભી, 'મનેય બીક લાગે છે, કાં તો હું કોકને મારી બેસીશ, કાં તો–' કહેતો કાનજી ચૂપ થઈ ગયો. પણ હીરો સમજી ગયો કે કાનજી 'કાં તો હું એને મારા ઘરમાં ઘાલીશ.' આમ જ કહેવા ઇચ્છે છે.

હીરાનો વહેમ તે દિવસ ભગતથી ચર્ચા કર્યા પછી જરા નરમ તો પડ્યો હતો પણ પથ્થર હૈયાવાળા કાનજીને આમ લાચાર દશામાં જોઈને તો એને ખાતરી જ થઈ ગઈ કે માન ન માન પણ જીવલીએ આને કાંક કરી દીધું છે– ભલે ને ભગત ન માને પણ જરૂર કાંક મોહિની લગાડી દીધી છે ! અને પછી મન સાથે બબડ્યો : 'ફૂટો કપાળ બધાંય ભેગાં થઈને. વઢાઈ મરશો તોય મારે શું ?'

૧૨. પાપછૂટી વાત

હીરાની તથા કંકુની શિખામણ પછી તો ધૂળાનો મિજાજ વળી વધારે બગડ્યો. ત્યારથી જીવીને એ જાણે આંખે નહોતો દેખાતો પણ તે દિવસ પૂરતું જ. પણ જીવીય કંઈ સ્વમાનવિહોણી ન હતી એટલે ધૂળાની રાત પણ બગડતી ! ખરું પૂછો તો એ જીવી ઉપર જેટલો દિવસે દોર જમા તો એટલો રાતે જમાવી શકતો ન હતો. જીવીએ એકાદ વખત છાતીમાં લાત લગાવી દીધી હોય તો એ તો એ બે જણ જાણે. પણ રાતના વખતે ધૂળો એનાથી ગભરાતો હતો એ તો ચોક્કસ. એક રાતે બહાર ચોપાડમાં સૂઈ રહેલાં નાની ડોશીએ તો ધૂળાને કાનમાંથી કીડા ખરી પડે એવી ગાળો ભાંડતો પણ સાંભળ્યો. અને અંદર ધમાધમ સાંભળીને તો એમણે બારણું પણ ઉઘડાવ્યું. આબરૂ ખોવા બેઠેલાં આ બે જણને બેઠે સાદે ભંડાય એટલી ગાળો ભાંડી, ધૂળાને બહાર સુવડાવ્યો અને પોતે ઘરમાં ગયાં.

જીવીને પાસે બેસાડીને, 'જોવનાઈ તો અમારેય હતી ભા !' કહી શિખામણની શરૂઆત કરી.

પછી તો ધૂળાને પણ નિંદ્યો અને જીવીના મગજમાં બેઉ કુળની આબરૂ એના હાથમાં છે એ લાંબા ભાષણ સાથે ઠસાવવા પ્રયત્ન કર્યો. સવારમાં ધૂળાને પણ શિખામણ સાથે ઠપકો આપતાં કહ્યું : 'આમ મારપીટ કરે એ તો કંઈ ચાલે ? એક આંખે ડરાવે ને એક આંખે હસાડે એનું નામ આદમી તો !'

'ઠીક છે એ તો.' બબડી ધૂળો ચૂપ રહ્યો. પણ મનમાં તો થતું હતું : 'જો

રાંડને ને પેલા છોગાળાને ખબર ના પાડું તો મારું નામ ધૂળિયો ન'તું !'

અને આ બાબત પાછળ ધૂળો એટલો બધો પડ્યો હતો કે ગામના બેચાર જુવાન ઠાકરડાઓ– ગામના ચોકિયાતોને સ્તો– ક્હ્યું કે જો કાનજીને કાયદાની કલમમાં આવે એવી રીતે પકડી આપો તો એમને ઇનામમાં એક ભેંસ આપશે.

પણ કાનજીને ગામમાં જેટલા દુશ્મન હતા એના કરતાં મિત્રો ઘણા વધારે પ્રમાણમા હતા. એને કાને આ વાત આવી ત્યારે એ બહુ જ દુ:ખી થયો. એક દિવસ તો એણે ધૂળાને જ પોતાના ઝાકળિયે હીરાના નામથી બોલાવ્યો. જો પોતાના નામથી બોલાવે તો તો ધૂળો આવતો હોય તોય ન આવે. અને તેય ઘેર હોય તો વળી જુદી વાત છે, પણ આમ બહાર ખેતરમાં તો જાય કદી ?

હીરાને બદલે કાનજીને જોતાં જ ધૂળાનું લોહી ઊડી ગયું. હસવાનો પ્રયત્ન કરતાં માંડ બોલ્યો : 'કાનાભાઈ, હીરોભાઈ ક્યાં ગયો ? મને બોલાવ્યો'તો તે શું કામ હતું ?'

કાનજીને ખાતરી હતી કે જો ના કહીશ તો તરત જ પીઠ ફેરવી જશે ને ત્યાર પછી જો બોલાવીશ તો ભલું હશે તો 'મારી નાખ્યો રે....' કહી બૂમબરાડા પાડતો ગામ તરફ દોડવા જ માંડશે, એટલે હસીને બોલ્યો : 'હમણાં આવતો હશે, પેલીપા છીંડું પૂરવા ગયો છે. બેસ ને.' કહી કાનજીએ ચલમ ભરવા માંડી.

'મારેય છીંડાં તો પૂરવાં'તાં,' કરતો ધૂળો ઝાકળિયાને મોખરે જ બેઠો.

એકબે વાર ચલમની આપલે કર્યા પછી કાનજીએ ક્હ્યું : 'જો ધૂળા, આજે તું આવી લાગ્યો છે તો મારે તને એક વાત કરવી–'

'તો કો'ને કાનાભાઈ– એક છોડીને એકવીસ કો'ને; એમાં શું છે !'

કાનજીએ સીધો જ સવાલ કર્યો : 'હું તારી વહુની સાથે હળેલો છું એમ તું માને છે એ ખરી વાત ?'

કાનજીને બિલકુલ શાંત જોઈ ધૂળાને પણ હિંમત આવી. બોલ્યો :

'હું તો એવું કાંઈ નથી માનતો કાનાભાઈ, પણ હાળું લોક વાતો કરે છે. બાકી મારા–'

'લોકના બાપનું કપાળ ! હું તો તારી વાત કરું છું– તું એવું માને છે ખરો ? ને જો માનતો હોય તો તેં અમને ક્યાં અને શું કરતાં ભાળ્યાં'તાં એ બતાવ.' ધૂળાના મોંને કરમાતું જોઈ એણે ઉમેર્યું : 'જો, બીવાની કે શરમ રાખવાની જરાય જરૂર નથી. જે હોય તે આજ તું મને ચોખ્ખેચોખ્ખું કહી નાખ. તારા મનની વાત તું કે' ને મારા મનની વાત હું કહું.'

પરંતુ ધૂળાએ તો લોચા જ વાળ્યા કર્યા : ફલાણી બાઈએ આમ ક્હ્યું ને ઢીંકણાભાઈએ આમ ક્હ્યું, કરીને ગલ્લાંતલ્લાં જ કર્યાં– કાનજી જરા આડે પડખે થયો. કોણીને ટેકે માથું અધ્ધર રાખતાં પૂછ્યું : 'ને તેં ગામના ચોકિયાતોને જો મને પકડી આલે તો એક ભેંસ આપવાની કહી છે એ ખરી વાત ?' કાનજીને તો હસવું જ આવતું હતું.

'એ વાત ખરી કાનાભાઈ– પણ એય– મારે એમ કરીને–'

'તારા મનથી ગમે તે હોય. પણ જો, આજ હું તને પાપછૂટી વાત કહી દઉં. આ વાત કે'વા જ મેં તને બોલાવ્યો છે.' કહી કાનજી બેઠો થયો ને બોલ્યો : 'ધૂળા ! મારે જો અવળો ધંધો કરવો હશે તો તું સાત પે'રા રાખીશ તોય કરીશ; પણ મારા મનમાં એવું છે જ નહિ. મારે એવું કરવું જ નથી. હા, હું એને લાવ્યો એ વખતે મારા મનમાં કંઈ પાપ હશે કે નહિ હોય એ તો ભગવાન જાણે, પણ એક દન ભગત જેવા માણસે મને ટકોર કરી ત્યારથી તો હું ગાંઠ જ વાળી ગયો છું. મારે ને એને અત્યાર સુધી કોઈ આડો વહેવાર થયો જ નથી ને ભવિષ્યમાં થવાનોય નથી, આટલો તો તું વિશ્વાસ રાખજે ધૂળા ! હા, મનેખ છે તે હસીએ બોલીએ, પણ મેં તો એની સાથે એય નથી કર્યું, ને મારે કરવુંય નથી ! માટે છાતીએ ધડાવ રાખીને રે'. પેલા રેશમા જેવા લોકને વાદે ચડીને આમ હરતેફરતે મારવા પીટવાનું છોડી દે !' કહી એક ઘેરો શ્વાસ લઈ કાનજી આગળ બોલ્યો :

'મને મારી વાતો થાય એની કશી ફિકર નથી પણ વગર લેવાદેવાએ એની વાતો થાય એ મારાથી નથી વેઠાતું !– માટે જો મારું ક્હ્યું માનીને

સુખી થવું હોય તો આ બધા વે'મ જવા દેજે, મારા તરફની કાંઈ એલફેલ સાંભળે તો તું મને કે'જે. વાંક હશે તો હું મારો ગાલ ધરી રહીશ પણ એને મારવાપીટવાનું તો તું છોડી જ દેજે.'

'આજથી છોડી જ દીધું છે, કાનાભાઈ.'

ઊઠવાની તૈયારી કરતા ધૂળાને વળી કાનજીએ કહ્યું : 'એટલો તો ખ્યાલ કર ધૂળા, કે અડધી રાતે બિચારી આપણી પાછળ પાછળ આવી છે. એને આમ મારીએઝૂડીએ તો એની આંતરડી શું નહિ કે'તી હોય !' કહી કાનજીએ વળી એક શ્વાસ લીધો. ખિસ્સામાંથી તમાકુ કાઢી ચલમ ભરતાં બોલ્યો : 'માટે આજથી બધું જવા દેજે. ને જો તું તારી વહુ જોડે સંપીને રહીશ તો એના જેવી બાઈ તને સાત ભવમાંય નહિ મળે હોં ધૂળિયા ! બાકી આવા નિતના કજિયાકંકાસમાં તો કાં તો બિચારીને એને કૂવો-હવાડો કરવો પડશે કે પછી– પણ ટૂંકામાં મારા ભાઈ, આ બધો બખેડો થઈ જશે. મારાથી પણ આ બધું ઝાઝા દન નહિ વેઠાય એય હું તને ભેગાભેગી કહી નાખું .' કહી ચલમ પીવા વળ્યો.

ધૂળો અત્યાર સુધી 'હાસ્તો, બરાબર છે, ખરી વાત છે કાનાભાઈ' આમ જ કર્યા કરતો હતો. બીજી બાજુ ક્યારે કાનજી વાત પૂરી કરે ને ક્યારે પોતાને ઊઠવા મળે એમ પણ થતું હતું; કારણ કે એને બીક હતી કે કાનજી ગુસ્સે થઈ ઊઠે તો આ ઝાકળિયામાં પોતાનું કોણ રણીધણી હતું ? ચલમ પૂરી કર્યા પછી એ ઊભો થયો. વળાવતી વખત વળી કાનજીએ કહ્યું : 'શું કહ્યું, ધૂળા ? મનમાં કાંઈ વે'મ હોય તો હજુય કાઢી નાખજે.'

'અરે ના રે કાનાભાઈ, હવે શાનો વહેમ વળી ?' ધૂળો ગામ તરફ ચાલતો થયો. ખેતર વટાવતાં સુધી તો એને ફડક હતી. પૂરી નિરાંત તો ખેતર વટાવ્યા પછી જ વળી.

જાણે હૈયાનો સમસ્ત ભાર ઓછો ન થઈ ગયો હોય એમ કાનજીને પણ એક જાતની નિરાંત વળી.

કાનજી આમ લટી પડ્યો એ જોઈને ધૂળો તો જરા મૂછે હાથ દેતો થયો હતો. પણ આ વાત સાંભળીને રેશમાએ પાછો ઠંડો પાડી દીધો :

'જા, જા, ભલા માણસ ! છેનાળવા માણસની તને શી ગમ ? એવા માણસ તો દીવો ઉપાડે તોય એનો ભરોસો ન કરાય. જોજે એની વાતમાં આવી જતો !'

'ના, ના રેશમા, વાત તો એણે પાપછૂટી કરી હતી. એણે કબૂલ કર્યું હતું– એ બે જણાનો જીવ એક દન–'

રેશમો વચ્ચે જ હસી પડ્યો, બોલ્યો : તું બૈરાવાળો થયો પણ ભોળો તો એટલો ને એટલો જ રહ્યો હોં ધૂળિયા !' અને ધૂળાનું બાવડું હલાવતાં ઉમેર્યું, 'આ બધી વાતો કેમ કરવી ને ક્યાં જતી સોગઠી મારવી એ તો એના જેવા હોય એ જ જાણે. તને એ નહિ સમજાય !'

ધૂળો રેશમાને સારી પેઠે ઓળખતો હતો. એને તો ખાતરી હતી કે આવી બાબતમાં કાનજી કરતાંય રેશમો ચડે. એટલે જ તો રેશમાના કહેવા ઉપર એ વિચારમાં પડી ગયો હતો ને ?

અધૂરું હોય તેમ છૂટા પડતાં બોલતો ગયો : 'પાપછૂટી વાત સાંભળીને તો આવ્યા છો પણ જો એક દન એ પાપ બાંધેલી વાત ન સાંભળે તો રેશમાને વળી યાદ કરજે, દોસ્ત !'

ધૂળાને પણ વાજબી લાગ્યું. અને 'લાવ મુખીને તો વાત કરું. કાનજીએ જીવ લાગ્યો છે એ તો કબૂલ જ કર્યું છે ને ?' વિચારતો મુખીના ઘર તરફ ચાલતો થયો.

૧૩. પારખાં

મુખી અને ગામમાં રહેતા તલાટી વગેરેએ ધૂળાને પૂરતી મદદ આપવાનું વચન આપ્યું. પણ, આટલા ઉપરથી તો કશું જ બની શકે એમ નથી, એવું પણ સાથે કહી દીધું. વળી ઉમેર્યું હતું : 'કાનજી તને મારવા આવે તો આવવા દેજે. પછી અમે છીએ ને એ છે !–'

અને આમ જે વાત અત્યાર સુધી યુવાન-યુવતીઓમાં જ ઘોળાતી હતી એ વાત હવે વૃદ્ધોમાં પણ ઘોળાવા લાગી.

કાનજીને કાને પણ આ વાત આવી હતી. એને ઘડીકમાં હસવું આવતું તો ઘડીકમાં વળી દુ:ખ પણ થતું. ઘડીકમાં, 'જોઉં છું જો બધા ભેગા થઈને શું કરે છે મને !' આવા વિચારે એની આંખ લાલ થઈ આવતી તો વળી કોઈ વાર જીવન ઉપર વૈરાગ્ય પણ આવી જતો. કોઈ વાર જીવીને કહેવાનું મન થઈ આવતું : 'ચાલ હેંડતાં થઈએ !'

અને એમ ને એમ એક માસ વીતી ગયો.

જ્યારે જીવી ! માર ખાઈ ખાઈને માણસ કાં તો ઢોર થઈ જાય છે કે કાં તો હેવાન બને છે, પણ જીવી હજુ એકે બાજુ ઢળી ન હતી. ઘરમાં હોય ત્યારે– દિવસે ઢોર લાગતી તો કોક રાતે ધૂળાને હેવાનિયતનો પરચો દેખાડી પણ બેસતી. પરંતુ ઘર બહાર તો હજુયે એ હસતી રહી શકતી હતી. સહાનુભૂતિ દેખાડનાર લોકો આગળ, 'હોય ત્યારે, ઘર છે તે રગડાઝઘડા ચાલેય !' આમ કહીને ગામના દાખલા ટાંકી ઉમેરતી : 'એ તો એમ જ ચાલે, કોઈને ત્યાં ઓછું. તો કોઈને ત્યાં વધારે !'

આમ કરતાં હોળી પણ પસાર થઈ ગઈ. ઉનાળાના નિરાંતિયા દિવસો આવી લાગ્યા. સાથે સાથે નવરાં માણસો ખોળતી 'ભમતી માતા'એ પણ ઉધડિયામાં દેખા દીધી. પાણિયારે ગયેલી એક યુવતી માર્ગમાં જ કંપી ઊઠી. બેડું ભોંયભેગું થયું. બૈરાં ગભરાઈ ઊઠ્યાં. પાણી ભરવા આવેલ બેત્રણ પુરુષોએ પેલીને બાવડે ઝાલી ગામમાં લીધી. 'ખમ્મા ! મારી મા ! ખમ્મા માતાજીને !' આમ બોલતાં બૈરાં પણ પાછળ આવતાં હતાં.

ગામના ચોરામાં લોક એકઠું થઈ ગયું. માતાના અને ભક્તિના ઉપાસક ઠાકરડાઓ હાજર થઈ ગયા. ધૂપદીપ કરીને માતા આગળ ફાળિયાં ઉતારી સવાલ કર્યા : 'બોલો મારા ધણી, આપ કુણ દેવ છો ? અમ ગરીબને આંગણે આપનાં સોનાનાં પગલાં કેમ પાડવાં પડ્યાં, મા ?'

કેટલીય વાર ધૂણ્યા પછી પેલી યુવતી બોલી : 'અમે તો 'લ્યા મોતીછડા દેવ છીએ ! હું આગળથી નોતરું મેલવા આવી છું. મારા બીજા ગોઠી પાછળ આવે છે. ગામમાં પાટ પૂરો; પખાજ ચડાવો : અમારે રમવું છે ! બે દન રમીને અમે અમારે પંથે પડીશું 'લ્યા.... ગામમાં કોઈ રોગદોગ હોય– જે કાંઈ હોય એ બધું એ વખત કે'જો 'લ્યા ! અમે નવારણ કરશું.'–

'ભલે ભલે મારી મા ! એવાં અમારાં ક્યાંથી ભાયગ કે વગર તેડ્યે ને વગર બોલાવ્યે આપ પધારો ?' જીવા ભગત કરીને એક ઠાકરડાએ કહ્યું. પછી નાળિયેર વધેરતાં વચન આપ્યું કે, 'કાલે ગામ તરફથી પાટ પૂરીને પખાજ ચડાવશું, આપ આપના ગોઠીઓ સાથે ખુશીથી પધારજો.'

'ભલે 'લ્યો !' કહેતી પેલી બાઈ જમીન પર ઢળી પડી.

બીજે દિવસે પ્રભાતમાં ગામમાંથી સુખડું શેકવા તથા દીવો બાળવા માટે ઘી, આટો વગેરેનું ઉઘરાણું ચાલ્યું. ચોરામાં મોદનો પડદો તણાયો. અને પખાજ ખખડતાં પહેલાં તો લગભગ વીસ માણસ– ખાસ કરીને યુવાન અને કિશોર– ધૂણતાં થઈ ગયાં.

ત્રીજા વર્ષ ઉપર આ જ મોતીછડો દેવ આવ્યો હતો. તે વખતે ગામલોકોને જેટલી બીક લાગી હતી એટલી આ વખતે લાગી ન હતી.

આટે વખતે કાનજી વગેરે જુવાનોને ઠેકાણે આઘેડો'અને તેય ખાસ કરીને ગામના ઠાકરડા જ આ 'પાટ'નું સૂત્ર સંભાળતા. એક પછી એક એમ છસાત ઠાકરડા આવી લાગ્યા. કંકુ, ગુલાલ તથા હળદરના સાથિયા પુરાયા: પાટલા પર લાલપીળું કપડું પાથરી ચોખા તથા ઘઉંની ઢગલીઓ કરી, ઉપર લોટા મૂક્યા. લોટા ઉપર નાળિયેર મૂકી, ત્રાડાછડીનો હાર પ્રહેરાવ્યો. બેઉ બાજુ બે ઉઘાડી તલવારો મૂકવામાં આવી. દીવડીએ ઘીના દીવા પ્રગટાવ્યા. અને આ બધાયની આગળ દેવતાભર્યું કૂંડું મૂકવામાં આવ્યું, જીવા ભગતે હોઠના ફફડાટ સાથે ધૂપ મૂકવો શરૂ કર્યો.

અંદરના ભાગમાં– આ પાટ આગળ બેઠેલી પાંચસાત વ્યક્તિઓને જોતાં જોનારને સહેજ બીક જેવું લાગતું. એ બધાયનો પોશાક લગભગ એકસરખો– ઢીંચણ સુધીનું પોતિયું, લાબા વાળ ઉપર બેત્રણ આંટા પાડેલું ફાળિયું એમ સરખો જ હતો. જ્યારે જીવા ભગત તો એક પોતિયાભેર જ હતા. એમની આઘીપાછી ઘેરાયેલી આંખો બીક પમાડે એવી હતી.

પરંતુ ખરી ધમાલ તો આ મોદ બહાર– બારણાથી માંડીને તે મોટા ચોક સુધી મચી રહી હતી. બારણા આગળ બીજા ભગતો સાથે પચ્ચીસેક જુવાનો પખાજ અને કાંસીજોડાની રમઝટ જમાવતા બેઠા હતા. એક બાજુ મુખી અને ગામના બીજા પંદરવીસ માણસોએ પણ જમાવ્યું હતું. બીજી બાજુ બૈરાં અને છોકરાંની ઠઠ જામી હતી. અને સામેના મેદાનમાં વીસથી પચ્ચીસ માણસ કોઈ હાથ હલાવતાં તો કોઈ આખાયે અંગને ધ્રુજાવતાં જાણે દારૂ પીધો હોય એમ લથડિયાં ખાતાં 'હુસ....હુંસ કરી ધૂણી રહ્યાં હતાં. કોઈ વળી જમીન ઉપર પાણી છાંટી રહ્યાં હતાં.

એવામાં એકાએક એક જબરદસ્ત કિલકારી થઈ. એક માણસ ઊછળતોકને ચાર ફૂટ દૂર જતો પછડાયો, બીજી જ ક્ષણે એક ભયંકર હોકારા સાથે એ ઊભો થઈ ગયો. ધરતી ધ્રુજાવતો પેલા ટોળાને ઘેરતો, ગોળ ફરવા લાગ્યો. એ રેશમો હતો. એનામાં આવેલો દેવ આ બધી ફોજનો કોટવાળ હતો એમ પેલા ભગતોમાંના એકે કહ્યું. ટોળાને કૂંડાળામાં રાખતો અને અડદના દાણા આમતેમ ફેંકતો રેશમો એટલા બધા ઝૂઝથી

ફરતો હતો કે જો કોઈ અડફેટમાં આવી જતું તો ધૂળ ભેગું થઈ જતું.

ઠીક ઠીક રમવા દીધા પછી રેશમાને અને બીજા બે મોટા ગોલ્લાને (જેને દેવ પ્રસન્ન થયો હોય એ માણસ) પાટ આગળ લાવવામાં આવ્યા. ત્રણે જણા એટલા બધા જોરથી ઝૂઝતા હતા કે કાચાપોચાનાં કાળજાં તો એમને જોવાની હિંમત પણ નહોતાં કરી શકતાં. ઠીક ઠીક વાર ધૂણ્યા પછી રેશમાએ પખાજ વગેરે બંધ કરાવ્યું, પૂછ્યું : 'અલ્યા કાંઈ દાદફરિયાદ ?– બોલી નાખજો હોય તે.... દુખિયાનાં દુઃખ નવારણ કરી નાખું, 'લ્યા !....'

'તમે નહિ કરો ત્યારે બીજું કુણ કરશે, મારા ખાવન !' જીવા ભગતે કુંડામાં ધૂળની ચપટી નાખતાં કહ્યું. બારણા આગળ લોકોની ઠઠ જામી. કાનજી વગેરે જુવાનો પણ અંદર આવી ગયા હતા.

'બોલ ત્યારે; બોલી નાખ !.... બોલી નાખ તારાં દુઃખ.' કહી રેશમો વળી જોરથી ધૂણવા લાગ્યો. વળી પેલા બે જણાએ પણ અનુકરણ કર્યું : 'હા 'લ્યા, તારાં દુઃખ હોય એ ગાઈ નાખ !'–

'મારાં માબાપ, અમારાં દુઃખ તમારાથી શું છાનાં છે ? તમે તો–' પણ દેવને તો કંઈક બબડતા સાંભળી જીવો ભગત ચૂપ થઈ ગયો.

રેશમો બોલવા લાગ્યો : 'અલ્યા મારાથી તો શું છાનું હોય ?....' તું કે' તો તારા ગામનો ગોટાળો પકડી આલું; તું કે' તો એંણા કરમના કરનારને.... ઘડી બે ઘડીમાં પરચો દેખાડું !....'

'હોય માબાપ ! કાળા માથાનું માનવી છે, ભૂલેય કરે– ભૂલ ન કરીએ તો અમે માણસ શેના ?' બીજા એક વૃદ્ધ ઠાકરડાએ કહ્યું.

'પણ 'લ્યા.... એક માતેલો બીજા દૂબળાને ખાઈ જાય– એની ઈજ્જત પર હાથ નાખે એ તે ક્યાંનો ન્યાય ?' કહી દાંત કચકચાવતા રેશમાએ સોટાની પેઠે એના અંગને વીંઝવા માંડ્યું.

આ સાંભળતાં જ કાનજીના કાન સરવા થયા. પેલી બાજુએ કુંભીને અઢેલી ઊભેલા ભગત પાસે એ ગયો. હસતાં હસતાં બોલ્યો : 'ભગત, આ દેવ તો જબરા લાગે છે !–' એટલામાં દેવને બોલતા સાંભળી ભગતે એને ચૂપ કર્યો. દેવ બોલતા હતા : 'અલ્યા, તમને ગામનાંને ખબર નથી

એટલી મને ખબર છે !'– કહી 'હાક !....હાક....' આમ કરી જાણે કોઈ મહાવ્યથાથી ન પીડાતો હોય એમ અંગના કકડા કરી નાખતો રેશમો ધૂણવા લાગ્યો. સહેજવાર પછી ઉમેર્યું : 'બોલ 'લ્યા ભગત !' જીવા ભગતને જ કહેતો હતો – 'બોલી નાખ ! એવાં લુચ્ચાં લોકોને શિક્ષા કરું કે જતાં કરું ?– બોલી નાખ !–'

કાનજીની આંખ તંગ થઈ, 'આય કોઈ અજબ દેવ લાગે છે !' બબડી બોલ્યો : 'જતાં શું કામ કરવા, મારા ધણી ? એય જાણે તો ખરો ! પરચો દેખાડવો જ–'

'અલ્યા, અલ્યા, પણ– એમાં રંગ નહિ રે' હોં !' રેશમાએ વળી જોરથી ધૂણવા માંડ્યું. કોઈ પંપ જાણે હવા ન ખેંચતો હોય એમ મોંએથી 'સૂહૂહૂ....' થયા કરતું.

કાનજી આગળ આવી લાગ્યો હતો. બોલ્યો : 'નહિ કેમ રે', ભલેને એક વાર એ પાપીને શિક્ષા થતી, પણ ભેગો તમારોય પરચો તો મળશે ? ને એવા ધંધા કરનાર બીજાંનેય બોધ મળશે.'

જીવા ભગતે તથા મુખી વગેરેએ કાનજીને ચૂપ રહેવા કહ્યું પણ કાનજી હવે ચૂપ રહે એમ ન હતું. દેવને ઝૂઝ કરવા વળેલા જોઈને વળી એણે કહ્યું : 'જો તું સાચો દેવ હોય તો આજ પારખાં આપી દેજે, આ બધી સભાના દેખતાં; આણા પાટની આગળ જ !'

'ભગત ! કુણ છે આ ? એને કહી દો કે મારાથી ટક્કર લેવામાં નથી લાભ : – આજ મને ન છંછેડ ! દેવથી ટક્કર લેવી જવા દે !' અને આ વાક્ય પૂરું કરતામાં તો રેશમાએ એક ભયંકર હોંકારો કર્યો. પાછળ પેલા બે જણાએ એનો પડઘો પાડ્યો. એમનાં પગલાં તો એટલા જોરથી પડતાં હતાં કે દૂર ઊભેલાં માણસોને પણ પગ નીચે ધણધણાટ લાગતો હતો. ઘંટીમાં કાંકરા ભચેડાતા હોય એમ દાંત કટકટાવતાં રેશમાએ બરાડો પાડ્યો : 'કુણ છે એ દેવ સામે બાખડી બાંધનાર (હામ ભીડનાર) ? આવી જાય મારી આગળ. હાય રે હા....ય– કેટલી વાર, 'લ્યા ?....'

લોકોનાં જાણે કાળજાં થંભી ગયાં. બાળકો માતાઓની સોડમાં લપાઈ

ગયાં. બૈરાં તો ઊભાં હતાં ત્યાંથી જાણે નાસવાની તૈયારી ન કરતાં હોય તેમ આગળથી પાછળ જઈ જઈને ઊભવા લાગ્યાં. કઠણ હૈયાવાળા ભગતો પણ એકબીજાની સામે જોવા લાગ્યા.

કાનજીને ઘણોય ઝાલ્યો, ઘણો ઘણો સમજાવ્યો પણ એનેય જાણે દેવ ચડ્યો હોય એવા શૂર સાથે રેશમા આગળ જઈ ઊભો. શરીર પણ આછું ધ્રૂજતું હતું. શાન્ત આંખોમાંથી જાણે અંગારા ઝરતા હતા. બોલ્યો : 'આ આવ્યો દેવ; મારેય આજ જોવું છે કે જીવતા મનેખને તમે કેમ કરીને ખાઈ જાઓ છો !'

'હજુય કહું છું 'લ્યા, દેવની સાથે બાખડી બાંધવામાં નથી માલ.... મને તારી દયા આવે છે !' રેશમાએ સહેજ ઠંડા પડતાં કહ્યું.

પણ કાનજીએ આજ જાણે મરવાનું જ ન ધાર્યું હોય એમ બોલ્યો : 'દયા ખાવી હોય તો દુનિયામાં ઘણાંય દયાનાં માગનારાં પડ્યાં છે. મને તારી દયા ન ખપે. હું તો આ બેઠો– મારે તો આજ તારાં પારખાં જોવાં છે !'

અને કાનજી દેવ આગળ બેસવા જાય એ સાથે જ એના ભાઈ આવી લાગ્યા. બાવડે ઝાલીને ઊભા કરવાનો નિરર્થક પ્રયત્ન કરતાં બોલ્યા : 'ઓ અક્કરમી ! શું કામ પાછળ બીજાનેય હેરાન કરવા બેઠો છે ?' હીરો તથા બીજા જુવાનો પણ આવી લાગ્યા હતા.

'છોડી દો તમે બધા મને. મારે આજે સાચાજૂઠાનો તાગ કાઢવો છે– આ ઠાકરડામાં કયો દેવ ભરાયો છે એ મારે જોવું છે.' કાનજીએ કહ્યું, પણ વાક્ય પૂરું થતાં પહેલાં તો એ બારણા સુધી ધકેલાઈ આવ્યો હતો.

'પણ તારે તાગ કાઢવો હોય તો એય કાઢીશું. હમણાં તો તું ઘેર હેંડ. હજુ તો બે દન રમવાના છે.' હીરાએ કહ્યું.

કાનજી શાન્ત પડતાં બોલ્યો : 'પણ એમાં તમે મને અહીં શું કામ ખેંચી લાવ્યા ? મારે પેલા દેવને એ કહેવું છે કે જો સાચો જ દેવ હોય તો ધીખધીખતી સાંકળ પહેરી લે.'

'હા હા, પણ તે હવે સાંજના એ બધું કરીશું. હમણાં તો ઘેર ખાવા હેંડ.' અંદરથી બહાર નીકળતા ભગતે કહ્યું. મુખીએ પણ એમ જ કહ્યું. ને

એમ એક પછી એક બધાય બહાર નીકળ્યા.

ચોગાનમાં ધૂણતાં માનવી પણ આ ધમાલમાં શાન્ત પડી ગયાં. ઘડી કેડ તો જીવા ભગતના બેત્રણ સાગરીતો વગેરે સૌ કોઈ જમવા માટે વેરાઈ ગયા.

બધાં ખાવા તો ગયાં પણ ભાગ્યે જ કોઈએ પેટ ભરીને ખાધું હશે. જ્યાં જુઓ ત્યાં એ જ વાત થતી હતી. કોઈ કહેતું હતું : 'આજ કાં તો ગમે તે નવાજૂની થાય, દેવ કાં તો કાનજીને ગાંડો જ કરી નાખે !'

તો આ બધી બાબતથી અણજાણ એવાં લોક આંખો ફાડીને પૂછતાં હતાં : 'શું કો' છો ? કાનજીએ દેવ સામે બાખડી બાંધી એમ ! મૂઓ શું કામ હાથે કરીને દેવતામાં પડતો હશે ?–' અને ઘણાંખરાંએ તો એને સમજાવ્યો પણ ખરો : 'કાના, શું કામ હાથે કરીને મોતનો કોળિયો થાય છે ?'

કાનજી હસીને જવાબ આપતો : 'મોતનો કોળિયો તો હું થઉં છું કે દેવ થાય છે એ તો સાંજના દેખાડું છું. કાં તો દેવને આ ગામમાંથી સમૂળગો કાઢું કે કાં તો હું મરું. પણ આજ તો હું છોડવાનો નથી જ !' અને બબડતો : 'મારાં હાળાં ઢોંગી !'

'અલ્યા, પણ આ નાનાં છોકરાં ધૂણે છે એય ઢોંગ, કાના ? જરા તો વિચાર કર. આ પેલો મથુરો ને લાલો એ તો તારી ટોળીના ને પેલો ધૂળિયો ગાંયજો કોઈ દન ગાણામાં ફરતાંય ન આવડે એ તે વળી શું ધૂણતો'તો ?– પણ એય કાંક દેવનું તતપર હશે ત્યારે જ ને ?–'

પણ આ બધાનો જવાબ તો કાનજી પાસે રોકડો હતો : 'એ તો હાળાં પખાજ-કાંસીજોડાના તાનમાં ધૂણે છે. એવા નાગા દેવમાં હું માનતો નથી. હા, જો તપાવેલી સાંકળ ગળામાં નાખે તો હું માનું.'

વળી કાનજીની ભોજાઈ તો રડી પણ ખરી : 'તમારે શું બાવા માણસને ? દેવ રૂઠે ને મારો એકાદ બળદ કે ભેંસ મારી આલે તો ભીખ માગતી તો હું થાઉં ને ?'

'તમારી ભેંસે કે બળદે તો કાંઈ દેવનો કસૂર નથી કર્યો ને ? કર્યો

છે તો મીં કર્યો છે ને હું તો એ માટે તૈયાર જ બેઠો છું.–'

આમ બોલતા કાનજીને ચૂપ રાખતાં મોટાભાઈ બોલ્યા : 'ના ભાઈ, ના, આપણે તો કશું નથી કરવું. ઢોંગ હશે તોય ફૂટશે કપાળ. આપણે શું એમાં ! તું તારે ખાઈને જાને, પેલાં પૂળિયાં છે તે ખળામાં ફેંદી નાખને. હું પાછળ બળદ લઈને આવું છું.'

'તમે આટલા બધા કેમ ગભરાઓ છો, મોટાભાઈ ? એ કાંઈ હાળો વાઘ તો નથી તે ખાઈ જવાનો છે ! ને સાચા દેવ તે વળી આમ ગુસ્સે થતા હશે ? એમનું તો દરિયાવ દિલ હોય–'

'દરિયાવ દિલ નથી એટલે જ તો બીવાનું છે ! આપણે તો પખાજમાંય નથી જવું ને એ પારખાંય નથી લેવાં. તું તારે ખળામાં જા ને.'

આજે પહેલી જ વાર કાનજીએ મોટાભાઈ આગળ ગુસ્સો કર્યો : 'તમે તૂટી જશો તોય આજ હું નથી છોડવાનો. કાં તો એ દેવ સાચો ઠરે કે કાં તો હું સાચો ઠરું. મારે એની ખાતરી કરવી જ છે.'

અને આમ કાનજી એકનો બે ન થયો તે ન જ થયો. ઘેરથી ઊઠીને એ ભગતને ત્યાં ગયો. ગામલોકના માનસને ઓળખનાર ભગતે પણ એને સલાહ આપી : 'મરવા દે ને કાનજી. આજ કેડ ગામમાં કાંઈ થશે– ને આપણે બધા લાંબા જીવવાળાં રહ્યાં. માણસને નહિ તો છેવટે ઢોરનેય કાંક થાય એ તો દેખીતું છે. પણ આ લોકો તો એને દેવનો કોપ ગણી કાઢશે ને નાહક આપણા ઉપર બદનામી મૂકશે.'

'પણ ભગત, એમાં બદનામી મૂકવા જેવું થશે શી રીતે ? ગામલોકના દેખતાં જ એ દેવવાળાના હાથમાં દેવતા પકડાવું છું ને ? સાચો હશે તો દેવતા ઝાલશે ને એમ પારખાં આપ્યા પછી મને– થડને છોડીને ડાળે જતો ઓછો વળગશે; એય હાળો દેવ છે કે મૂર્ખો છે ?'

'ખરી વાત છે વળી.' એક જુવાને કહ્યું અને પછી તો બીજા બેચાર જુવાનો પણ સાથ આપવા તૈયાર થયા. પણ કાનજીએ એ બધાને કહ્યું : 'ના રે ભાઈ ! તમે તમારે જે થાય એ જોયા કરજો, વચમાં કશું બોલતા નહિ. હું તો એકલો છું તે ગમે તે કરું, પણ તમારે તો પાછળ રોનાર છે !–' કહી

હસવા લાગ્યો.

બીજી બાજુ મુખીને ત્યાં પણ આ જ વાત ચર્ચાતી હતી. પેલા ભગતો મુખીને કહેતા હતા : 'દેવને છંછેડવામાં ગામનું કાંઈ ભલું નહિ થાય, મુખી. માટે છોકરાંને વાદે ચડ્યા વગર છાનામાના બે ઘડી રમાડીને સાંજના વળાવી દો.'

મુખી તથા ગામના બેચાર જણાને પણ આ યોગ્ય લાગ્યું. કાનજીને બોલાવવા મોકલ્યો પણ એણે જવાબ આપ્યો : 'હું ત્યાં ચોરામાં આવું છું. જે કે'વું હોય તે ત્યાં કે'જો. મારે કોઈની પંચાત નથી સાંભળવી !'

થાકીને મુખી ભગતને ત્યાં આવ્યા પણ એમનેય છેવટ નિરાશ થવું પડ્યું, નિરાશ એટલા માટે કે જો કાનજી એકલો હોત તો તો કદાચ બહુમતી આગળ એની જીદ ઢંકાઈ જાત. પણ અહીં તો આઠ દસ જણા હતા અને એમાંય વળી ભગત ભળ્યા હતા.

હારીને ઊઠેલા મુખીએ ભગતને એક બાજુ બોલાવીને સમજાવ્યા. અને પછી પેલા છોકરાઓને ઘેર આંટો મારતા : 'દેવ સામે ઊઠ્યો તો છે તમારો છોકરો, પણ ગામમાં કંઈ થાય ત્યારે છે તો !' આવી ધમકી દેખાડતા અને બીક ઘાલતા ચોરે આવીને બેઠા.

મુખીની આ તરકીબ બરાબર કામયાબ નીવડી. દરેકે દરેક જુવાનના ઘરમાં– કોઈ કોઈનું તો આખું કુટુંબ ભગતને ત્યાં આવ્યું હતું. અને એ બધા જુવાનોને કોઈ લડીને તો કોઈ સમજાવીને પોતપોતાને ઘેર લઈ ગયા. ચોરામાં જવા દીધા તે પણ પાકું વચન લીધા પછી જ.

બાકી રહ્યો કાનજી. પણ એને તો હવે વળી વધારે હિંમત આવી હતી. સમજાવવાની શરૂઆત કરતા ભગતને 'તમેય શું ભગત! જાણો છો તોય આમ ન બોલતા હો તો !' કહી એકલા હાથે ઝૂઝવાની ખુમારીથી એ ઊઠ્યો. ભગતને કહ્યું : 'તમે તમારે સૂઈ રો' ભગત, ત્યાં આવશો તો નાહક તમારે કાં તો બોલવું પડશે ને નહિ બોલો તોય તમારે માથે અપજશનો ટોપલો તો આવશે જ.' કહી, 'હીરો ગયો કે છે ?' બબડતો એના ઘર તરફ વળ્યો.

'એ તો ઠીક મારા ભાઈ પણ.... તું જા ને, હું પાછળથી આવું છું.' વિચારમાં પડેલા ભગતે કહ્યું અને વળી પાછા હુક્કો પીવામાં ગૂંથાયા.

કાનજીને તો જાણે કશું જ થવાનું નથી પણ ભગતને વધારે ધાસ્તી તો 'છાંટા ઊડ્યા' એમ માની બેસનાર ગામલોકની હતી. આ ઉપરાંત ભગતને મોટી ધાસ્તી તો એ હતી કે આમાંથી કાં તો પેલા દેવભક્તો સાથે મારામારી ઊભી થાય ને સામસામી કાં તો તલવારોય ખેંચાય !.... એટલામાં એમની નજર ઘર બહાર નીકળતી જીવી ઉપર પડી. ભગત એકદમ ઊભા થયા. થૂંકવાને બહાને નેવામાં આવી જીવીને પૂછ્યું : 'ક્યાં ચોરામાં જાય છે ?'

'હોવ !' કહીને જીવીએ લાજનો છેડો જરા વધારે ખેંચ્યો.

ભગત આગળ ચાલવા લાગ્યા.

'શું થયું પછી, ભગતકાકા ?' જીવીએ પૂછ્યું.

'શાનું ભા ?' ભગત જરા ધીમા પડ્યા.

'દેવોના ગળામાં કાંક સાંકળ નાખવાની વાત થતી હતી ને ?'

'બધાને તો એમનાં સગાંવા'લાં સમજાવીને લઈ ગયાં પણ પેલા અક્કરમીને કુણ સમજાવે ? સમજાવનારું એને છેય કુણ ? નાહક આખા ગામની આંખનો કણો થઈ પડવાનો છે. જોને હજુ તો હીરાને ત્યાં માથાં કૂટતો સંભળાય છે પણ એ કાંઈ કોઈનું માને એવો છે !' કહી ભગતે ઉમેર્યું : 'તું જા તો ખરી ત્યાં, સાંભળી તો જો શું કે' છે !' કહી ચૂપ રહેલા ભગતે કહી જ નાખ્યું : 'તું કે'જે તો ખરી, જો માને તો ઠીક છે ! મને ખાતરી છે કે એ તારું કહ્યું તો માનશે જ.'

જીવી તો બિચારી દેવોમાં માનવાવાળી હતી. એટલે જ તો કાનજીને મળવાનો લાગ ખોળતી હતી ને ? કોઈની પરવા રાખ્યા વગર જ હીરાના ઘર તરફ વળી. પણ ત્યાં એ બધાની હાજરીમાં કહેશે શી રીતે ? આ વિચારે એ હીરાના ઘરની પછીતે જ, જાણે હૈયામાં લાગેલો આ દુઃખનો કાંટો પગને તળિયે આવતો ન ફૂટ્યો હોય એમ કાંટો કાઢતી ઊભી રહી.

એટલામાં કાનજીને બોલતો સાંભળ્યો : 'તારે ન આવવું હોય તો ભલે હીરા, પણ હું તો જવાનો જ !' અને બીજી ક્ષણે તો બારણા બહાર

નીકળ્યો. જીવીને જોઈ સહેજ અચકાયો ન અચકાયો ને આગળ વધ્યો.

'ક્યાં જાઓ છો ? ઊભા રહો. મારે તમને કાંઈ....' જીવીએ વાતની શરૂઆત કરી.

'મળજે કોક દન–' કહી કાનજી મક્કમ ડગલે આગળ વધ્યો.

'એ તો ઠીક પણ આજ ચોરામાં જો સાંકળફાંકળની કશી ધમાલ કરી છે તો તમને મારા સોગન છે– મારું લોહી પીઓ તો એવી કશી ધમાલ કરો !' જીવીએ કાનજી સામે તાકી રહેતાં કહ્યું. અને હીરાના ઘર તરફ ચાલતી થઈ.

કહેવાની જરૂર નથી કે કાનજી મન સાથે બબડ્યો તો ઘણુંય પણ પેલી સાંકળની તો કશી જ વાત ન ઉપાડી. બલ્કે પછી તો એણે હાથમાં પખાજ લીધી. હથોડીથી ઠીકઠાક કરીને છૂટા હાથે વગાડવા માંડી. આસપાસ બેઠેલા જુવાનોને કહ્યું : 'અલ્યા, તા્નમાં એક ને એક રાગમાં ભજન લેજો. પછી જુઓ કે માતાના આ ગોલ્લા ત્રણ દન લગી ખાટલામાં પડી રે' છે કે નહિ !'

કાનજીએ ભજન ઉપાડતાં પહેલાં ધૂણનારા તરફ નજર નાખી. સવાર કરતાં લગભગ અડધી સંખ્યા જોઈ અને રેશમાને ન જોતાં તો એનાથી બોલ્યા વગર ન જ રહેવાયું : 'કેમ, મોટા દેવ નથી જણાતા કાંઈ ?'

'એ તો ગયો ખળે, ઘેર ભેળાતું હોય ને અહીં આખો દન તે શી રીતે રહી શકે ?' રેશમાના સીરવી (ખેડૂત રાખનાર ધણી) મનોરે કહ્યું.

લગભગ અડધાં માણસો હસી પડ્યાં. કાનજીએ પખાજને ઠોકતાં કહ્યું : 'આવ્યો હોત તોય હવે કાંઈ સાંકળ નાખવાની ન હતી.' અને પછી જાહેર કર્યું : 'અલે ભાઈ, કોક બીકને લીધે દબાઈ રહ્યાં હો તો એવું ન કરતાં. સાંકળફાંકળ કોઈ નાખવાનું નથી. માટે મન કરીને– બે ઘડી છે તો રમી લેજો.' કહી આસપાસના જુવાનો ઉપર વળી એક નજર ફેરવી દીધી. કાંસીજોડા લઈને બેઠેલા એક છોકરાને કહ્યું : 'રામા, હમણાં એ કાંસીજોડાં આ મનોરાને આપ, પછી તું વગાડજે.' અને પછી પખાજની એક ગત વગાડી.

કાનજીના હાથ બોલતા હતા કે પખાજ એ કહેવું મુશ્કેલ હતું. મીઠા સાદે ભજન ઉપાડ્યું :

'મારા વા'લા રે ! મોરલીઓ વાગી રે સરવા સૂરની
મારા વા'લા ઓ ! મોરલીએ મન મોહ્યાં, અમે નથી રે'વાતાં !
નથી રે'વાતાં, નથી કે'વાતાં ! મારા વા'લા રે....'

મનને કાબૂમાં રાખનાર ભલભલા માણસને પણ તાન ચડી જાય એવી કાનજીની હલક હતી. મૃદંગનો ઠેકો તો છેક હૈયે જતો વાગતો હતો. નાચવા માટે પગ જાણે સળવળતા હતા. જેમ ભજન જામતું ગયું તેમ તેમ ગાનારાઓ પણ રંગમાં આવતા ગયા. કોઈ કોઈ તો ઊછળીને ધૂણવા પણ મંડી ગયા. ઘડીકમાં તો દસને બદલે પાછું વીસ માણસ ધૂણતું થઈ ગયું.

ભજન પૂરું થતાં કાનજીએ ભગતને કહ્યું : 'કો' તો આ છે એટલા બધાયને ધૂણતા કરું, ભગત !'

'મરવા દેને !' ભગત પાસે બેઠેલા મુખીએ હસીને કહ્યું. એમને તો આજ ખાતરી થઈ ગઈ હતી કે ભગતના આ શાગિર્દ પાસે ગમે તે પણ કોક પાકી વિદ્યા છે. એ વગર દેવો સામે આટલી ટક્કર લેવાની હિંમત જ ન કરે ને !

પરંતુ મોદની અંદર બેઠેલા જીવો ભગત અને બીજા સાત આઠ ઠાકરડા કંઈક મંત્રણા ચલાવી રહ્યા હતા. આજે આ દેવોના ભેગી એમની માતાનું– અને સાથે સાથે બાનાની પણ પત જતી– અરે ગઈ જ હતી ! એટલે જ તો રેશમાને બોલાવવા એક જણ દોડાવ્યો હતો ને ! જીવો ભગત પણ ધૂપ ચડાવતા ગંભીર બનીને બેઠા હતા. બહાર થતી વાતચીત સાંભળીને તો એમના કાળજામાં તેલ રેડાતું હતું. એટલામાં રેશમો આવ્યો. મોદની પાછળ થઈને અંદર ગયો. જીવા ભગતે એને ઊધડો લેવા માંડ્યો : 'બોલ ફાડ્યા ! તારામાં ધૂણતો'તો એ શું દેવ હતો ?'

થોડાંક ગલ્લાંતલ્લાં કર્યા પછી રેશમાએ કહ્યું : 'મારી માતા હતી, જીવાકાકા !'

'તો આવવા દે તારી માતાને. અમેય અમારા દેવનું સમરણ કરીએ

છીએ. આ ગામલોકને આજ દેખાડી દઈએ કે દેવ સાથે ટક્કર લેવી એ નાનાં છોકરાંનો ખેલ નથી !'

કાનજીએ મુડદાલનેય તાન ચડે એવું બીજું ભજન ઉપાડ્યું હતું :

'રણુજાના શેરમાં ગાયો કપાણી પીર ! વા'રે આવો રામદે !'

અને જ્યાં બીજી લીટી ઉપાડી :

'ધોળે ઘોડીલે ચડ્યા પીર રામદે (૨) ખમા કરો રામદે !'

ત્યાં તો તંબૂમાં શોર મચી ગયો. ધરતી પોતે જ જાણે ધૂણતી ન હોય એમ ધણધણતી હતી. કાનજીને કાળજે સહેજ ફડક તો પડી. 'આજ કાં તો ધેંગાણું મંડાય !' પણ એના ઉપર ઝાઝું લક્ષ ન આપતાં ચાલુ જ રાખ્યું. બારણા આગળ લોકોની વળી પાછી ઠઠ જામી. બહાર મેદાનમાં ધૂણતાં માણસોમાં પણ નવું ચેતન આવ્યું હોય એમ લાગતું હતું.

તંબૂમાંથી અવાજ આવ્યો : 'ક્યાં ગયો 'લ્યા મુખી ? ક્યાં ગયો પેલો પારખાંનો લેનાર ?– આવી જાય મારી આગળ !' જીવો ભગત બબડતા હતા. મુખીએ ભગતને આગળ કરતાં કાનજીને કહ્યું : 'તું તારે ભજન ચાલુ રાખજે.'

અંદર જઈને જુએ છે તો સાડાપાંચ હાથ ઊંચો જીવો ભગત અને એની પાછળ રેશમા સાથે બીજા ત્રણેક જણ વાળને વીંઝતા ધમપછાડા મારી રહ્યા હતા. મોંના 'હાઉસ....હાઉસ'ના અવાજથી તો શાંત બળતી દીવાની જ્યોતિ પણ ધ્રૂજતી હતી !

બહાર ભજન ઝીલનારાઓના અવાજ કંપતા હતા. કાનજી પણ આછો આછો ધ્રૂજતો હતો– બીકનો માર્યો નહિ, પણ ગુસ્સાનો માર્યો. એનું ચિત્ત પણ ભજન ગાવામાંથી ખસીને અંદરથી આવતા બરાડા ઉપર ચોંટ્યું હતું. કોઈ કોઈ વૃદ્ધ વળી કહેતા હતા : 'ભાઈ, પખાજ વગાડવી બંધ રાખો હવે. દેવ શું કે' છે એ સાંભળવા દો જરા.'

'સાંભળવું હોય તો જાઓને અંદર; પખાજ શું કામ બંધ રાખે !' હીરાએ કહ્યું.

પણ ત્યાં તો કાનજીના કાને અવાજ પડ્યો : 'ના 'લ્યા મુખી ! મારે

કશું નથી સાંભળવું. લાવ પે'લાં માનો ભોગ – લાવ – પારખાના લેનારને બોલાવ 'લ્યા– મારી આગળ ખડો કરી દે !' અને બીજાઓએ પણ 'હા 'લ્યા લાવી દે.' કહી જીવા ભગતના કથનને ટેકો આપ્યો.

મુખી બોલતા હતા : 'હશે મારાં માબાપ, છોકરું હતું ને ભૂલ થઈ ! આટલો ગનો ખમા કરો, દેવ ! તમે તો–'

એક ભયંકર કિલકારી કરી જીવો ભગત બરાડ્યો : 'હા.... 'લ્યા, આજ તારું માન નહિ રે' મુખી ! મારો ભોગ લાવ– ધરી દે અહીં– મારે એના દાંત ગણવા છે !' અને કરરરરકટ કરતો દાંત ભચડી રહ્યો.

આખીય મેદની ઘડીકમાં તો દેવવાળા તંબૂ તરફ તો ઘડીકમાં કાનજી તરફ જોઈ રહી હતી. માતાઓને, પોતાની સોડમાં લપાઈને રડી રહેલાં બાળકોનું ભાન ન હતું. સૌ કોઈની આંખો અને મોં ફાટી ગયાં હતાં, જાણે કાળજાં થંભી ન ગયાં હોય !

'મારે એના દાંત ગણવા છે' એ અવાજ કાને પડતાં જ કાનજીએ મૃદંગને એક બાજુ સરકાવી દીધી. સફાળો ઊભો થતાં બોલ્યો : 'તારી માના દેવ મારું ! કેવાક મારા દાંત ગણે છે જોય !' અને લાલઘૂમ આંખો સાથે તંબૂ તરફ વળ્યો. કોઈ કોઈને તો કાનજીને પણ દેવ ચડ્યો હોય એમ લાગવા માંડ્યું. ચાર-છ બૈરાં તો બોલી ઊઠ્યાં : 'કાનાભાઈ ! અલ્યા કોઈ ઝાલો તો ખરા !' –અને જુએ છે તો કાનજીને એક બાવડે જીવી વળગી છે, બીજે બાવડે હીરો તથા કાનજીના મોટાભાઈ ચોંટ્યા છે. પણ કાનજીને એનું ભાન ન હતું. કોઈ મરદનો હાથ વળગ્યો છે જાણીને જેવો છોડાવવા જાય છે ત્યાં તો બૈરું ભાળ્યું. જીવીને ઓળખતાં વાર ન લાગી. એનું (જીવીનું) મોં ફાટી ગયું હતું. અને એની ફાટેલી આંખો જોતાં તો લાગતું હતું : 'હમણાં એં થઈને જીવ નીકળી જાય કાં તો !'

'તું જ મારા જીવની તરસી છે !' કાનજી બોલી ઊઠ્યો, 'લે છોડી દે હેંડ ?' કહેતો દેવ તરફ એક કરડી નજર નાખી પાછો ફરી ગયો. હીરો તથા મોટાભાઈ પણ એની પાછળ ઘર તરફ ચાલવા માંડ્યા.

પોતે શું કરી બેઠી છે એનું ભાન આવતાં જીવીને ધરતી મારગ દે

તો સમાઈ જવાનું વહાલું લાગ્યું. ઘર તરફ ચાલવા તો લાગી, પરંતુ દુનિયામાં ભાગ્યે જ કોઈને અનુભવ થયો હોય એવો અનુભવ એને થઈ રહ્યો હતો. પાછળથી ગામલોકોની આંખો જાણે ભાલાની અણી ન ઘોંચાતી હોય એમ ઘોંચાઈ રહી હતી.

બહાર ઊભેલાં બૈરાં પણ જાણે બધું પતી ન ગયું હોય– આવવાનું પરિણામ આવી ચૂક્યું હોય– એમ વેરાવા લાગ્યાં. પણ મોદમાં તો ધમાલ હતી એથી વધી પડી હતી. કાનજીનું સ્થાન ભગતે લીધું. પણ તે ઠંડા પેટે જ. દેવને કહેતા હતા : 'અહીં બોલાવીને શું કામ છે ? તું તો વાયરો છે, ધારે એટલે વેગળેથી ધાર્યું કામ કરી શકે છે.'

'કુણ છે આ વળી ?' જીવો ભગત બરાડ્યા, 'લાવ 'લ્યા, મારું ખડ્ગ લાવ ! એની ખબર લઈ નાખું.'

જેના પેટનું કદી પાણી ન હાલે એવા ભગતે ચપ બે ડગ ભર્યાં. જીવા ભગત આગળ જઈ તિરસ્કાર વરસાવતાં કહ્યું : 'જીવા ભગત, દેવને તો ખડ્ગની જરૂર જ ન હોય, સમજ્યા ને ? ખડ્ગ તો માનવી વાપરે. માટે છાનામાના રમવા આવ્યા છો તો રમીને બાંધી મૂઠીએ ચાલતા થાઓ તમારે પંથે,' કહી પીઠ ફેરવતાં બોલ્યા : 'લો, ઊઠો મુખી, બે ઘડી ભજન ગાવાં હોય તો ગાઈને વળાવી મૂકો. એ તો દીઠા દેવ ને પહોંચી જાત્રા !' કહી તંબૂ બહાર નીકળી ગયા.

ભગતની બોલવાની રીત અને સૂરત એવાં હતાં કે મુખીને એકલાને નહિ પણ લગભગ આખાય ગામને એક પ્રકારની હિંમત આવી હતી. વાતો પણ કરતા હતા : 'ભગતને કાંઈ થોડી કોઈના બાપની પરવા છે ? એ કાંઈ ડાંખળેપાંખળે વળગી રે'નાર ઓછા છે ?'

'એમણે ઝાલ્યું છે સતનામ– એક ભગવાનનું થડ. એના ધણીને આ દેવદેવીઓ તે શું કરી શકવાની હતી ?'

તો વળી ત્રીજો કહેતો હતો : 'ભાઈ, એય કાંઈ વિદ્યાના જોર વગર કોઈના સામું નથી થવાતું ! ભગત બોલ્યા એટલે કેવા પેલા દેવ ટાઢા પડી ગયા ? આના ઠેકાણે જો કાનજી હોત તો જોયા જેવું થઈ બેસત.'

તો એકે વળી તાત્પર્ય કાઢ્યું : 'એય એની રગ પારખતાં આવડવી જોઈએ. એમ રૂપિયાનું દોઢ મણ બોલ્યે શું દા'ડા વળે !'

થોડીક વાર મૃદંગ ઝૂડીને બધાંને ઠેકાડ્યા કેડે ગામલોક ઊઠ્યા અને પાંચ નારિયેળ વધેરી રમવા આવેલા દેવને ગામને સીમાડે જઈ હવામાં રમતા મૂકી આવ્યા. સૌ કોઈને લાગતું હતું કે આ વરસ ન તો દેવોના આવ્યામાં ભલીવાર આવ્યો, ન કંઈ ગાયામાં વૈભોગ પડ્યો !

બધે સીધેસીધું જ ઊતરી ગયું હતું. છતાંય ઘણાને લાગતું હતું કે કંઈક અવળું જરૂર વેતરાયું છે– કોકનાં પારખાં તો જરૂર થયાં છે !

૧૪. 'ભલે જતો'

ચૈત્રનો બાળ-રવિ હજુ તો ઘોડિયામાં જ કહેવાય. પણ એટલામાં તો એણે 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ કહેવત અનુસાર આગના તણખા ઉડાડવા શરૂ કરી દીધા હતા. લોકોએ ઢોરોને કોઢ બહાર કાઢી આંગણામાંના ઘાસના માળાઓની નીચે બાંધી દીધાં હતાં. માણસવાળાને ઘેર પાણીનાં બેડાં આવવાં શરૂ થયાં હતાં, તો વળી એકલદોકલને ત્યાં તો હજુ વાસીદાં જ વળાતાં હતાં. મરજીમાં આવે ત્યારે દૂધ દેવાની ટેવવાળી ભેંસોમાંની કોઈ કોઈ બીજી વારનું ખાણ ખાતી માળાઓ નીચે ઊભી હતી અને એમની ધણિયાણીઓ ખાણ પૂરું થતાં પહેલાં જ વારિયું ભરી લેવાની ઉતાવળમાં 'દરૂળ દરૂળ' કરતી શેડ ખેંચી રહી હતી.

ભર્યે બેડે આવતી હીરાની બહેન નાથીએ ઘરમાં પેસતાં પેસતાં જીવીને જોઈ; ઘાંટો પાડી પૂછ્યું : 'જીવીભાભી, પાણી આવો છો કે ?' જીવીનો 'હોવ' અવાજ તો ન સંભળાયો પણ એને માથું હલાવતી તો જોઈ શકી. 'લો હેંડો ત્યારે' કહી નાથી ઘરમાં ગઈ અને બેડું ઠાલું કરતીકને પાછી બહાર આવી. ઠીક ઠીક વાર સુધી રાહ જોયા પછી વળી ઘાંટો પાડ્યો : 'જીવીભાભી.... કેટલી વાર ?'

જવાબ આપવાને બદલે જીવી પોતે જ બેડા સાથે બહાર નીકળી. બેઉ જણ કૂવા તરફ ચાલવા માંડ્યાં.

નીચી આંખે ચાલવા છતાંય જીવી જોઈ જાણી શકતી હતી કે ગામનું દરેક માણસ પોતાની તરફ– કોઈ જોઈને તો કોઈ વળી વગર જોયે જ

તિરસ્કાર વરસાવતું હતું. માણસ તો ઘણી વાત, પણ એક કૂતરા સામે જોવાની પણ એની હિંમત નહોતી ચાલતી. ગામ બહાર નીકળી ત્યારે તેને સહેજ નિરાંત વળી, પણ એટલામાં તો સામેથી આવતી પનિહારીને એણે સહેજ ખચકાતી જોઈ. જીવી સમજી ગઈ કે એણે પાછળની પનિહારીને પોતાને વિષે જ કંઈ કહેલું. બળતી ઓસમાતી (સંકોચાતી) જીવી એ લોકને ટાળો આપતાં ઊંધું ઘાલીને જ પસાર થઈ.

ખૂબીની વાત તો એ હતી કે કાલે જે યુવતીઓ માથે ભરેલું બેડું હોવા છતાંય પાલી મકાઈ દળે ત્યાં સુધી જીવી સાથે વાતો કરતી ઊભી રહેતી, એમાંની એક પણ આજ એની સામે નજર સરખી કરતી ન હતી. કાળી તો એની ખાસ બહેનપણી જેવી હતી પણ એણેય આજ છેટેથી જ ટાળો દીધો. જીવીને આ વખતે ખૂબ લાગી આવ્યું. કહેવાનું મન પણ થયું : 'અલી, મેં તારાં માબાપ તો નથી માર્યાંને કે આમ ટાળો દઈને જાય છે ?' પણ એ ન બોલી શકી.

પરંતુ જો કોઈ જબાનનું છૂટું કહેનાર નીકળ્યું હોત : 'ઓ હો હો હો ! એમાં શું થઈ ગયું ! કાનજી મોતના મોઢામાં જતો'તો તે એનાથી ન દીઠું ગયું ને કદાચ વાળવા ગઈ તો એમાં શું બગડીય ગયું ? કાંઈ ભૂંડું કામ તો નથી કર્યું ને તે બધાં એના ઉપર મોઢું ચડાવીને ફરો છો ?' તો જરૂર આ આખુંય વાતાવરણ ફરી ગયું હોત. જોકે કાળીને આવી જબાનની છૂટી કહી શકાય, પણ એય કેમ કંઈ ન બોલી એ એક સવાલ તો જરૂર હતો.

આગળ ચાલતી નાથી જરા ધીમી પડી, એક વાર આસપાસ જોઈ લીધા પછી હાસ્યથી છલકાતી આંખોમાં ઈંતેજારી ભરી પૂછ્યું : 'હેં જીવીભાભી ! કાલે તમને એ શું સૂઝ્યું ?– એટલા મનેખમાંય કાનાભાઈને વળગી પડ્યાં ?'

આટલા દુઃખમાંય જીવી હસી. તીરછી નજરે નાથી તરફ જોતાં એ ફક્ત આટલું જ બોલી : 'એ બધું સમજવાની તમારે હજુ વાર છે, બુન !'

'ના ના, પણ તમને જરા વિચારેય ન આવ્યો ? આમ બાજુમાં જ ધૂળોભાઈ ઊભો'તો !' કહી ઠપકાભરી નજરે નાથી તાકી રહી.

'વિચાર આવ્યો હોત તો પછી આવું થાતેય શાનું ?' અને નાથી તરફ જોતાં ઉમેર્યું : 'ખરું કહું છું નાથીબુન, એ વખત મને કાંઈ ભાન જ ન'તું. આ બધું થઈ ગયા પછી મને ભાન તો આવ્યું.'

જરાક થંભી વળી નાથીએ પૂછ્યું : 'ધૂળાભાઈએ ઘરને ખૂણે મારઝૂડ તો કરી હશે, નહિ ?'

'તમે સાંભળ્યું નહિ હોય ?' કહી જીવી ફિક્કું હસી.

'ના હું તો સૂઈ ગઈ'તી. મારી ભાભી મોડા લગી જાગતાં'તાં પણ એમણેય કશું સાંભળ્યું તો નથી.'

'મારઝૂડ થયા વગર શું સાંભળે ?'

'ભાભીય એ જ કે'તાં'તાં. પણ ધૂળોભાઈ અત્યાર લગી માર્યા વગર શેં સરખો રહ્યો છે ?'

'એ તો આપણને શી ખબર પડે, બુન !' કહી સહેજ થંભી. 'ખરાદીને ત્યાં દંડો ઉતારવા નાખ્યો હોય તો વારેય લાગે !' અને હસવા લાગી. ભારે શ્વાસ લેતાં પાછી બોલી : 'પછી કાંક બીજુંય ગોઠવતા હોય !' નાથીની સવાલ પૂછતી આંખો જોઈને વળી બબડી : 'હોય વળી કાંક !'

'બીજું શું એનું કપાળ હોય ?– તમને જીવથી મારી નાખે એમ ?' અને જીવીને 'એમેય હોય !' કહેતી સાંભળી નાથીએ ઉમેર્યું : 'તો તો પછી ધૂળોભાઈ તમારું બારમું ખાવા રે' કે ?'

'કેમ ?' નાથીનો જવાબ સાંભળવા એનું થડકતું હૈયું જાણે ઊભું ન રહ્યું હોય ?'

'કેમ શું ? કાલે મારા ભાઈ વાત કરતા'તા કે જો આણી વખત જીવીભાભીને મારઝૂડ કરી છે તો કાળનો ભર્યો કાનજી આ વખત એને છોડવાનો નથી.'

જીવીને આથી વધારે સારું સાંભળવુંય શું હતું ? છતાંય એક ભારે શ્વાસ લેતાં બબડી : 'આપણા માટે એવી પારકી લડાઈ કુણ લેતું હશે, બુન ?'

નાથી, 'લો હવે રે'વા દો છાનાંમાનાં !' આમ છણકો કરીને છાની ન રહી હોત તોપણ જીવીના ગળાની આગળ બોલી શકાય એવી સ્થિતિ

રહી ન હતી. બોલવાને બદલે કદાચ રડી જ પડત.

પાણી ભરીને પાછાં ફર્યાં ત્યારે બેઉ જણ ચૂપ હતાં. છૂટાં પડવાની વેળાએ નાથીએ મૌન તોડ્યું : 'ભાભી, જો પેલો કંઈ મારઝૂડ કરે તો મને ક'જો હોં ? આ વખત તો કાં તો મારો ભાઈ જ એને લાટીપાલી કરી નાખશે. કાનાભાઈનો ખપેય નહિ પડે.

આભારની એક નજર નાખતાં જીવી છૂટી પડી.

ધૂળાએ જીવીને કેમ ન મારી એ એક સવાલ હતો. બાકી એના મનમાં તો નાડીના ધબકારે ધબકારે જાણે આમ જ થયા કરતું હતું : 'મારી હાળી રાંડે તો મારું નાક લીધું ! ને તેય ભર્યાં મનેખમાં ?' અને રખેને આનું કોઈ મહેણું મારતું એ બીકે તો એ આસપાસનાં ખળાંમાં તમાકુ પીવા પણ નહોતો જઈ શકતો.

બીજો દિવસ પણ એણે ખળામાં જ પસાર કર્યો. ત્રીજી રાતે પણ એ ખળામાં જ સૂતો.

ચૈત્ર તેરસનો ચંદ્ર સહેજસાજ ઢળ્યો ત્યાં સુધી તો ધૂળાને ઊંઘ આવી ન હતી. ધૂંધવાતા મગજમાં વચ્ચે વચ્ચે આમ પણ થઈ આવતું : 'મને ઊઠવા દે ને ! રાંડને માર મારી મારી....ને અધમૂઈ જ કરી નાખું !' પણ બીજી જ ક્ષણે દેવોનાં પારખાં લેવા તત્પર થયેલો લાલઘૂમ આંખોવાળો કાનજી નજર સમક્ષ ખડો થતો. ધૂળો ઘણોય મન મનાવતો : 'મારી બૈરી છે ને હું એને ગમે તે કરું એમાં તું કુણ વચ્ચે બોલનાર ?' પણ પરિણામે તો એના પગ જ ભાંગી જતા. બીજી બાજુ ગુસ્સો પણ જોર પકડતો. કંઈ કેટલા વિચારોને અંતે– જીવીને શિક્ષા કરવાને સ્તો– ધૂળો ઊઠ્યો. ગોદડીનો લોચો કરીને ઝાકળિયાના ખૂણામાં મૂક્યો. દબે પગે જવાની કંઈ જરૂર ન હોવા છતાંય આસપાસ જોતો અને એમ સાવચેતી રાખી બીજાં ઝાકળિયાં વટાવતો બેએક ખેતરવાને છેટે બળતા તાપણા તરફ ચાલવા લાગ્યો.

પગરવ કાને પડવાથી જાગી ગયો હોય કે પછી જાગતો પડ્યો હોય, પણ તરત જ 'કુણ છે 'લે ?' કરતો રેશમો બેઠો થઈ ગયો. ધૂળાને જોતાં જ એની છાતી થડકી ઊઠી : 'હાળો કાંઈ નવાજૂની કરીને– રાંડને

મારી નાખીને તો નથી આવ્યો !' અને તરત જ પૂછ્યું : 'કેમ અત્યારે ? ઘેરથી આવે છે કે શું ?'

ઝાકળિયા નીચે પેસતાં ધૂળાએ કહ્યું : 'ધીમો બોલ !' અને આ સાંભળીને તો રેશમાના અંગે પસીનો વળી ગયો. 'પણ હાળા છે શું ? અહીં મારી પાસે કેમ આવ્યો ?'

ધૂળો તો ઝંખવાણો પડી ગયો : 'કેમ કાંઈ તમાકુ પીવાય ન આવું ? ખળામાં દેવતા હોલાઈ–'

'તે તું આજ ખળામાં સૂવા આવ્યો છે ?' અને ધૂળાને હા ભણતો જોઈને રેશમાએ બેચાર ગાળો ચોપડાવતાં કહ્યું : 'ત્યારે પે'લેથી ભસતાં શું થાય છે ?' ધૂળાને તમાકુ આપી નિરાંતથી શ્વાસ લેવા વળ્યો. ધબૂકી ઊઠેલું કાળજું તો હજુય રાગે પડ્યું ન હતું. થોડી વાર પછી બોલ્યો : 'મને તો ફાળ પડી કે હાળું કાંઈ આડુંઅવળું કરી બેઠો છે કે શું ?'

ચલમ ઉપર અંગારો ચડાવતાં ધૂળાએ પૂછ્યું : 'શાનું ?'

'શાનું તે તારી વહુનું સ્તો. મીકું ગળું દબાવી માર્યું કે શું ?'

ધૂળાએ મોંએ અડાડેલી ચલમ દૂર કરી. રેશમા સામે જોઈ ગુસ્સા મિશ્રિત લાચારીની સાથે બોલ્યો : 'ગળું દબાવવા જેટલી હિંમત હોય ત્યારે વળી જોઈતું'તું જ શું–' અને વાત કરવાનો મળેલો લાગ જાણે તરત જ ઝડપી લીધો : 'તો તો આ અડધી રાતે તારી પાસે આવતેય શું કામ, રેશમાભાઈ ?'

'મને થયું તો ! ગાંયજાભાઈ ગરજ વગર આવે નહિ તો.... લાવ ચલમ લાવ.' કહી ઊભા રાખેલા ઢીંચણ ઉપર કોણીઓ ટેકવી ચલમ ખેંચવા વળ્યો. ધૂળા સામે તાકેલી આંખો ઉલાળીને જ સવાલ પૂછ્યો. પણ ધૂળાને ચૂપ જોઈને એને હોઠેથી ચલમ ખસેડવી પડી : 'બોલને તે; એવું તે શું કામ પડ્યું છે ?'

ધૂળાએ વળી બહારની બાજુ નજર ફેરવી. બોલ્યો : 'બોલું તો ખરો પણ એક વાર તું વચન આપે તો, રેશમાભાઈ ? સગા ભાઈનેય વાત ન કરે તો.'

'લે આ મારા બાપનું વચન છે.' કહીને રેશમાએ ધૂળાના જમણા હાથનાં આંગળાં સાથે પોતાનાં આંગળાં અડાડ્યાં અને ચલમ હોઠે અડાડતા પહેલાં ઉમેર્યું : 'શર જાય તો શું થયું પણ તારી વાત બહાર નહિ જવા દઉં.'

'એ તો મને વશવા છે તારો.' કહી વળી ધૂળાએ આસપાસ જોયું, જોતાં જોતાં જ રેશમાની નજીક ખસ્યો અને ધીમેથી કાનમાં બબડ્યો : 'પેલી રાંડ ઉપર તારે મૂઠ વાવરવાની છે. આટલું તો–'

રેશમો ભડકી ઊઠ્યો : 'પણ કઈ રાંડ ઉપર ? ખુદ તારી બૈરી ઉપર ? આ તું શું બોલે છે ? તારી ડાગળી તો નથી ચસકી ગઈ ?'

ધૂળાનો ચહેરો કાળમીંઢ પથ્થર જેવો લાગતો હતો. બોલ્યો : 'ડાગળી ખસવા જેવું છે ત્યારે જ ને, રેશમાભાઈ !'

'અલ્યા પણ કાનિયાની ઉપર વાવરવાનું કે'તો હોય તોય ઠીક છે, પણ ખુદ ઘરના બૈરા ઉપર ?'

'એ ખરું, પણ એને તો દેવોના દેવ આવે તોય કશું કરી શકવાના નથી; એ તો મેં કાલે જોઈ લીધું. પણ મારે તો આ બૈરી જ મારી નાખવી છે. એ મારા ઘરમાં જ ન જોઈએ.'

'અલ્યા પણ એવું હોય તો કાઢી મેલ.'

ધૂળાએ મોં આગળ લીધેલી ચલમ વળી ખસેડી. બોલ્યો : 'કાઢી મેલું તોય રાંડ કાં તો !– પણ એના કરતાં આ શું ખોટું ? એય જાણે તો ખરી કે મળ્યો'તો માથાનો !'

એક વાર તો ધૂળિયાને લાત મારી ઝાકળિયા બહાર કાઢવાનું રેશમાને મન થઈ આવ્યું, પણ એવામાં બીજો કંઈક વિચાર આવ્યો. પૂછ્યું : 'પણ તેં કેમ જાણ્યું કે હું મૂઠચોટ જાણું છું ?'

'એ તો કંઈ છાનું રે'તું હશે ? તીં જ તે દન મને વાત કરી'તી– હું પેલા કાનિયાના છૂમંતરથી બીતો'તો તે દન તીં જન'તું કહ્યું કે એવા એવા છૂમંતર તો કંઈક મારા ગજવામાં પડ્યા છે !' અને હસીને ઉમેર્યું : 'ને આજ પાછો ફરી કેમ જાય છે ?'

રેશમાને સમજ ન પડી : 'આ માણસને ગાંડો કહેવો કે ડાહ્યો ?– આના પર હસવું કે ગુસ્સે થવું ?' અને ઉઘાડે અંગે બેઠેલા ધૂળિયાના જમણા હાથ પરના ચાંદીના કડા તરફ તાકતાં કંઈક વિચારમાં ડૂબી ગયો.

પાધર બની રહેલાં ખેતરોમાં પથરાયેલી ચાંદની સાવ ઉદાસ હોય એમ ઝાંખી દેખાતી, ખળામાં પડેલા ઘઉંના ગોતાના ઢગલા પર પોતાનું અસ્તિત્વ દેખાડવા પૂરતી જ તકતકતી હતી. બાજુમાં આવેલું ગામ લાંબી સોડ તાણીને સૂતું હતું. આથમણી દિશા તરફ ઢળતો ચંદ્ર જાણે રેશમા અને ધૂળા વચ્ચે થતો કોલકરાર સાંભળવા એક કાને ન થયો હોય એમ થંભી ગયેલો દેખાતો હતો.

રેશમાના ઝાકળિયાથી થોડેક છેટે જ કાનજીનું ઝાકળિયું આવેલું હતું. ગઈ રાતની પેઠે આજે પણ એ જાગતો જ પડ્યો હતો. જીવીના બરડા પર જાણે ઘંટીનાં પાટિયાં ન પડતાં હોય એમ હર પળે એને લાગ્યા કરતું હતું. આજે પણ એને થયા કરતું હતું : 'હમણાં ધૂળિયો બેઠો થઈ જશે, હમણાં જીવીની ચીસ સંભળાશે.' એક વાર તો જીવીની ચીસ જેવો ભ્રમ થતાં એણે લાકડી પણ સંભાળી. બીજી ચીસ સાંભળવા કાન માંડ્યા પણ એ જ અઘોર શાન્તિ જોઈને લાકડી એક બાજુ ફેંકી દેતાં હસ્યો, પોતાની આ મૂર્ખતાથી એને કંટાળો આવ્યો : 'મારી નાખે તોય એમાં તારે શું ? તારે ને એને શું કે તું આમ પક્ષ લઈને દોડવા તૈયાર થઈ જાય છે ?–' પણ બીજી બાજું એનું દિલ જાણે ડુંગરે ચડીને પોકારતું હતું : 'ના ના, ખરું તો મારે ને એને જ છે. ધૂળિયાને તો કશું જ નથી; એ તો ફક્ત ખોળિયાનો જ માલિક છે, પણ એનો જીવ તો–' પરંતુ આ વિચારોથી પણ કાનજી કંટાળી ગયો. એક ભારે શ્વાસ લેતાં બબડ્યો : 'ના ના, કાના ! આ મારી ને પરાઈ કરવામાં કાંઈ જ ભલીવાર પડવાના નથી. દુનિયા તો તને જ મૂર્ખો કે'વાની. તો,' – અને એની વહેવારિક બુદ્ધિએ એને ગામ છોડીને– વધારે નહિ તો થોડો વખત પણ કોઈ બીજા મુલકમાં ઊતરી પડવાનું સુઝાડ્યું.... નિર્ણય કરી નાખ્યો.

બીજે દિવસે એણે પોતાનો આ નિર્ણય હીરાને પણ જણાવ્યો :

'હીરા, મારો વિચાર છે કે હું– આ ઉનાળાના નવરા દન છે તો બે મહિના ક્યાંક નોકરી કરી આવું !'

'વાત તો ઠીક છે પણ તને નોકરી મળશે ક્યાં ? કે ક્યાંય ખોળી કાઢી છે ?' હીરાએ પૂછ્યું.

'ખોળી તો નથી કાઢી પણ આપણી નાતના પેલા કુબેરભાઈ છે ને એમની પાસે જઈશ, ગમે ત્યાં લગાડી દેશે. ને આપણા ગામવાળો નાનો કટારોય ક્યાં નથી ?' કહી હસતાં હસતાં ઉમેર્યું : 'ઓહોહો, અલ્યા આટઆટલાં માણસ જાય છે એમને નોકરી મળે છે ને મને નહિ મળે ?'

હીરાને થયું કે ભલે નોકરી ન મળે પણ એ રીતે કાનજી થોડો વખત છેટો થાય તોયે સારું જ છે. અને આ છૂટી પડતી બેલડીના શોકમાં એક ભારે શ્વાસ લેતાં બબડ્યો : 'હા હા ભલે ! બે મહિના જઈ આવ.'

ત્યાર પછી મોટાભાઈને પાછા એણે આ બધી વાત કરી ઉમેર્યું : 'બે પૈસા મળે તો વળી પેલા વાણિયાને દિવાળી સુધી ધકાવાય.'

પૈસાની વાત આવતાં ભાભીને તો ચટ ગમી ગયું પણ મોટાભાઈને આ ઠીક લાગતું ન હતું. ઘરની મજૂરી કરતાં પરદેશની મજૂરી કંઈ વધારે આકરી ન હતી, બલકે છાંયડે છાંયડે કામ કરવાનું હતું. છતાંય એમને થતું હતું : 'ગમે એમ પણ પરદેશ તો ખરો જ ને !'

મોટાભાઈ જેમ શરીરે અશક્ત હતા તેમ હૈયાના પણ એટલા જ દૂબળા હતા. કાનજીને હા તો પાડી પણ પાછળ જ ડબડબ કરતાં આંસુ ખરી પડ્યાં. તે દિવસના જીવીવાળા પ્રસંગ પછી એ કાનજી ઉપર ખૂબ જ નારાજ થઈ ગયા હતા. કાનજીને ઠપકો ઠીક ઠીક આપ્યો હતો પણ આજ એ પસ્તાતા હતા. એમને વહેમ પડ્યો હતો કે કાનજીને પોતે વઢ્યા એટલે એ રિસાઈને જઈ રહ્યો છે; પૂછ્યું : 'તું મારા પર રિસાઈને તો નથી જતો ને, કાના ?'

કાનજીનો અવાજ પણ નરમ પડી ગયો : 'ના રે મોટાભાઈ, તમારા ઉપર શું કામ રિસાઉં ? પણ આ તો મને થયું કે નવરા દન છે ત્યારે જે બે પૈસા મળ્યા એ ખરા. બીજું કાંઈ નહિ તો લૂગડાં તો સાજાં થશે,

મોટાભાઈ.' કહી કાનજીએ હસવા પ્રયત્ન કર્યો.

ત્યાર પછી પણ મોટાભાઈએ થોડાક આડાઅવળા વાંધા ઉઠાવ્યા પણ એમ કરતાં એમને લાગ્યું કે 'કાનજીનું દિલ દુભાય છે. એને જ્યારે આઠે અંગે જવાનું જ મન છે તો ભલે જતો.' આમ વિચારી બોલ્યા : 'પણ તું કાંઈ આજ ને આજ તો નથી જતો ને ?'

'આજ તો નહિ પણ કાલે કપડાં ધોઈ આવીને પરમ દિવસે નીકળું. આમેય જવું જવું ને શું કામ દન ભાગવા ?'

'ભલે.' કહી મોટાભાઈ ચૂપ તો રહ્યા, પરંતુ એમના મનનો વહેમ હજુ નહોતો ગયો. મનમાં ગણતા પણ હતા : 'નોકરીમાંથી રળી લાવે એટલા તો એ ભાડે ગાલ્લું ફેરવે તોય કૂટી કાઢે. હર સાલ એમ જ કરે છે ને ?' –અને આવા આવા વિચારને અંતે આખર એમણે ભગતને મળવાનો વિચાર કર્યો.

ભગતને પણ કાનજીએ આવી જ વાત કરી હતી, પણ ચતુર ભગતને સમજતાં વાર લાગે એમ ન હતું. કાનજીના એ વિચારથી એ ખુશ તો થયા પણ કારણ તો એમને દુ:ખી જ કરી રહ્યું હતું. દરેક બાબતનું પરિણામ કુદરત ઉપર છોડીને પ્રયત્ન કરવામાં જ માનનાર ભગતને કાનજી આ યોગ્ય કરી રહ્યો છે કે અયોગ્ય એની કંઈ સમજ ન પડી, એના પર ઝાઝો વિચાર પણ ન કર્યો. પણ 'જોઈએ, શું થાય છે !' એમ બબડી થવા ઉપર જ છોડ્યું. કાનજીને એમણે આડકતરી રીતે હિંમત પણ આપી : 'ગમે તેવા દુ:ખને પણ ઘોળી પીવું એ જ ખરા માણસનાં લક્ષણ છે. દુ:ખ જ માનવીને ઘડે છે– એમાંથીય તને કાંક શીખવા મળશે.'

કાનજીના મોટાભાઈને પણ એમણે એ જ કહ્યું : 'ભલેને જતો, પૈસા નહિ લાવે તો અનુભવ તો લેતો આવશે ને ?'

'એની તો કુણ ના પાડે છે, ભગત ! પણ એ જાય છે શું કામ ? મને લાગે છે પેલી તે દનવાળી–' અને ધૂળાના ઘર તરફ આંખ ઉલાળતાં આગળ બોલ્યા : 'એ વાતને લીધે તો નથી જતો રે'તો ને ?'

'અરે ના રે ના !' હસીને ભગત બોલ્યા : ' એમાં શું થઈ ગયું ? ને

લોકલાજે જવું પડે તો એને (જીવીને) જવું પડે, એમાં કાનજીને શું હતું ? એ તો કાંઈ એને કે'વા ન'તો ગયો ને કે મને વારવા આવજે.' કહી મોટાભાઈને ચૂપ જોઈ ભગત વળી બોલ્યા : 'ના ના, કાનજીને ને એને એવું શું છે જ ? ને આ બાઈના મનમાંય એવું પાપ જેવું તો કશું નથી. હા, પે'લા પે'લામાં એને અહીં લાવવા વગેરેમાં કાનજી વચ્ચે રહેલો એટલે એક જાતની માયા ખરી !– અને બિચારીને પિયરની તો વાટ ભાંગી ગઈ એટલે હવે પિયર ગણો કે મોસાળ ગણો, જે ગણો એ પણ એક તમારું કે આ બાજુ હીરાનું.... આ બે જ ઘર ને ?'

'હા હા વળી, કેમ નહિ !' કહી તે દિવસ જીવીને ભાંડેલી ગાળો યાદ આવતાં મોટાભાઈનું મોં સહેજ વિલાઈ ગયું. પસ્તાતા હોય એમ બબડ્યા : 'કુણ જાણે તે દન મનેય શું સૂઝ્યું ? નકામી બાપડીને ગાળો દીધી. તમેય એને કે'જો ભગત, કે એ બાજુ આવે જાય.' વળી બબડ્યા : 'ખરું સ્તો ! એને બિચારીને છેય કુણ ?'

ભગત આ ભલાભોળા માનવી ઉપર હાસ્યની ઝારી છાંટતા હોય એમ મુગ્ધ ભાવે હસી રહ્યા.

મોટાભાઈએ ઊભા થતાં વળી પૂછ્યું : 'ત્યારે કાનજી જાય એમાં બીજો કશો વાંધો તો નથી, કેમ ભગત ! ભલે જતો ત્યારે, તમારી વાત તો ખરી છે. એ બા'ને છોને શે'રમાં ફરી આવતો. ઘેર રહીનેય આ નવરા દનમાં શું વહાણની કમાણી કરવાનો હતો ? ભલે જતો.' અને આમ બબડતા ઘર તરફ ચાલતા થયા.

૧૫. આબરૂયે સાચવી

પૂનમ પછીની રાત હતી. ભગત, હીરા અને બીજા મિત્રો સાથે આજ છેલ્લી વાતો કરીને કાનજી અડધી રાતે ઝાકળિયે આવ્યો હતો. ખળામાં તો કશું હતું નહિ. ઘઉંનું ગોતું પણ આજે ઘેર લઈ ગયો હતો– તો પછી ઘેર સૂવાને બદલે શા માટે એ ઝાકળિયે આવ્યો ? પણ આની તો કાનજી પોતાને પણ ખબર ન હતી. મોટાભાઈએ ઝાકળિયેથી ગોદડીઓ લઈ આવીને ચોપાડમાં સૂઈ રહેવા કહ્યું હતું, પરંતુ એણે ના પાડેલી. આનું કારણ આટલું જ હતું : લગભગ આ આઠ માસથી સીમમાં સૂનાર કાનજીને ઘેર સૂતાં મૂંઝવણ જેવું લાગતું હતું. ચારે બાજુ દૂર દૂર ડુંગરા સુધી પથરાયેલી ચાંદની જોવી, તો વળી અંધારિયામાં તારાઓથી ભર્યું ભર્યું આભલું નીરખવું, આભમાં વિહરતી કોઈ એકલ વાદળી સામે તાકી રહેવું, તો ગર્જના કરી સીમાડા ગજવતાં કાળાં કાળાં વાદળાંના રંગરાગ જોવા. અને આ સિવાય ખરતા તારાઓ, તો વળી ચમકારા મારતા આગિયાઓ, ઘુવડના ઘુઘવાટો તો સામેના ડુંગરે વસતા વનરાજની ત્રાડો ! અને આવી આવી કંઈક વિચિત્રતાઓ સાથે દોસ્તી બાંધી ચૂકેલા કાનજીને ઘર આગળ ઊંઘ આવે જ શી રીતે ? ગામમાં તો જોકે ગાવાનું મન જ ન થાય અને કોક વાર થાય તોપણ કંઈ ગવાય છે ઓછું ? કાનજીને કવિ ન કહો તો ભલે પણ એના હૃદયને તો કવિહૃદય કહેવું જ રહ્યું. અને આવા કવિહૃદયને શરીર સાથે જેટલો લોહીનો સંબંધ છે એટલો જ સંબંધ નિર્જન વાતાવરણમાં ધબકારા લેતી કુદરત સાથે હોય, તો એમાં નવાઈ જેવું પણ શું છે ?

પરંતુ કાનજીને આજે આભની ટોચ નીચે ઊભેલો ચંદ્રમા નહોતો બોલાવતો કે નહોતાં તેડતાં ચાંદનીથી રસી રહેલાં ખેતરો. મહેલ કરતાંય રળિયામણા લાગતા ઝાકળિયાનો એને આજે મોહ ન હતો. આજે તે આવ્યો હતો આ બધાંને છેલ્લા રામરામ કરવા– એકલા એકલા થોડુંક રડી લેવા.

ઝાકળિયામાં આવી કાનજીએ ફાળિયું ઉતારીને એક બાજુ નાખ્યું, સાથરો બારણા સુધી ખસેડ્યો. અને ગોદડીને ખંખેર્યા પછી ફાળિયાનું ઓશીકું કરી બીડી ભરીને નિરાંતથી બેઠો.

કાલે તો જવાનું હતું.

નોકરીને પારકી તાબેદારી કહી ધિક્કારનાર કાનજી નોકરિયાત માણસને ઘણી વાર કહેતો : 'તમે શે'રના માનવી ગામડા ગામની હવામાં શું સમજો ? અહીં તો ઉઘાડામાં એ.... રૂપાળું ફરવાનું !'

પણ આજે એને જ આ– 'એ.... રૂપાળું ફરવાનું !' છોડવું પડતું હતું ! પરંતુ એનો એને જેટલો રંજ હતો એના કરતાં અનેકગણો તો જીવીનો હતો : 'એ બિચારી એક મારા જીવની ખાતર અહીં આવી હતી, અને આજ હું એને છોડીને જઈ રહ્યો છું. એની આંતરડી શું કે'શે ?' આ વિચાર સાથે એણે બીડીને બાજુમાં ઊંધી પાડી. મોં વાટે એક ભારે શ્વાસ લીધો, ને નાક વાટે બહાર ફેંકતાં બબડ્યો : 'કોને ખબર હતી કે આવું થશે ?'

ઝાકળિયાના તાપણામાં પડેલાં છાણાંમાંથી નીકળતા ધુમાડાના બેચાર પાતળા દોરા એકધારા આભ તરફ ચડી રહ્યા હતા. ચંદ્રમા પણ ઘડીકમાં ત્યાંનો ત્યાં તો ઘડીકમાં રાશવા છેટે જઈ ઊભો હોય એમ લાગ્યા કરતો હતો. રડતી સિકલ સાથે આડા પડેલા કાનજીને પોતાની નિર્બળતાનું ભાન આવતાં ઝટ બેઠો થયો. બાજુમાં પડેલી ચલમ ઉઠાવી, તમાકુ ભરતાં ભરતાં મન સાથે વાતો કરવા વળ્યો : 'ખરી વાત છે ! આ બધી માયા જ છે.' પરંતુ આ ગીતાવાળા 'માયા' શબ્દનો અર્થ તો અહીં 'પ્રેમ !' થતો હતો અને એ તળપદા અર્થનો વિચાર આવતાં હાસ્યના ઠપકા સાથે કાનજી બબડ્યો : 'માયા લાગી છે એની જ તો રામાયણ છે !....'

તમાકુ પણ બેધ્યાનપણે પૂરી કરી. વળી એના હૃદયમાં બેચેનીની ચટપટી થવા લાગી : 'અંગમાં જાણે ટૂંટણી થતી હોય એમ આડા પડ્યેય ફાવતું ન હતું તેમ બેઠા પણ રહેવાતું ન હતું. હમણાં કાં તો રડી પડાશે. આવું થતાં એણે એના વહાલા ચંદ્રમા તરફ જોયું. પરંતુ એય જાણે રડતો હતો. કાનજીએ રડવાને બદલે ગાવાનું શરૂ કર્યું :

'શાને રોવે રે ઘેલા ચંદ્રમા !
શીદ સીમાડા ભરતા આંખ;
ધરતીમાતા ! કાં ડૂબી શોકમાં,
તારે કાળજડે શી ઝાંખ ?'

પરંતુ આ દોહરા પછી કાનજીએ પોતે જ એનો વિરોધ કર્યો :

'નથી રોતો રે કાંઈ ચાંદલો,
પેલે સીમાડે ઊંઘ ઘેરાય,
ધરતી માતા તો ભર-નીંદમાં,
(આ તો) તારાં હૈયાં પછાડો ખાય !'

ત્યાર પછી કાનજી જરાક થંભ્યો પણ તરત જ ગૂંગળાતા હૈયાને જાણે વહેવાનો મોકળો માર્ગ ન જડી ગયો હોય તેમ વહેવા લાગ્યું. આવા નબળા હૈયા માટે એણે ભગવાનની લાખ લાખ ખૂબીઓમાં એક ભૂલ ખોળી કાઢી.

'ભલાં રચ્યાં રે ઊંડાં આભલાં
દન દનના જુદા ચાંદ,
ફરતો મેલ્યો રે ગગન-દીવડો,
મારી ધરતીનાં લઉં રે ગુમાન.'

'સર્જ્યું એમાંય ભલ્લું માનવી,
તારી કલાની કલગી સમાન,
(પણ) શીદ મેલ્યું 'લ્યા ઝરમર કાળજું ?–
ભૂલ્યો ભૂલ્યો ભલા ભગવાન !'

માથું હલાવતાં અને હાથનો ચાળો કરતાં છેલ્લી લીટી કાનજી બીજી વાર બોલ્યો :

'ભૂલ્યો ભૂલ્યો ભલા ભગવાન !'

આજ જો ભગવાન કાનજીની હડફેટમાં આવી ગયો હોત તોપણ ઘણી વાર ભગત સાથે ચર્ચાતો ને મૂંઝવણ ઊભી કરતો સવાલ : 'અરે, ભગવાન ! આ અમે તાપમાં મજૂરી કરીએ તોય ભૂખ્યાં ને પેલા વાણિયા છાંયડે બેસી રે' તોય લે'ર કરે, એનું કાંઈ કારણ ?' આ સવાલ તો એ ન જ પૂછત. ભગવાન ન દેખાય છતાંય જે પૂછી રહ્યો હતો એ ભગવાનની હાજરીમાં પણ પૂછત :

'પેદા કર્યાં તો ઈશ ભલે કર્યાં,
ભલે રાખ્યાં ખાન ને પાન;
પણ શી રે જરૂર હતી પ્રીતની ?
(અરેરે ભૂંડા !) કાચે તાંતણે બાંધ્યા જાન !'

એક ભારે શ્વાસ લઈ કાનજી બોલ્યો : 'એક ઠેકાણે માયાથી વેગળા રાખે છે તો વળી બીજી પા પ્રીતનાં આકરાં પાણી પાઈ પાઈને હૈયાને બંગડી જેવાં કરી મૂકે છે.' અને સહેજ થંભી 'હશે, તારા ગોટાળા તું જાણે રામ !' કહી હસ્યો, પણ તદ્દન ફિક્કું. પછી ચંદ્રમાની વિદાય લેતો હોય એમ એની સામે ઠીક ઠીક વાર તાકી રહ્યો. પથારીમાં લાંબા થતાં વળી પાછું થવા લાગ્યું : 'કુણ જાણે ! આણા મલકમાં હું પાછો એને ક્યારે જોઈશ ?'

એકલપંથી ચંદ્રમા પશ્ચિમની પાધર જગ્યામાં જઈ પહોંચ્યો હતો. ધરતી પણ જાણે છેલ્લી ઊંઘ તાણી લેતી હોય એમ શાન્ત હતી. ઊંઘમાંથી ઝબકી ઊઠતા કૂકડા પણ, 'હજુ તો વાર છે,' કહી પાછા ધબી જતા હતા. કાનજીની મીંચાયેલી આંખો જોતાં એ પણ ઊંઘી ગયો હોય એમ લાગતું હતું. પણ ખરી રીતે તો એ તંદ્રામાં જ અટવાતો હતો. ઘડીકમાં એને ચગડોળ દેખાતો તો ઘડીકમાં વળી આંબા નીચે બેઠો હતો. પણ જ્યાં જતો ત્યાં જીવી તો આગળની આગળ જ હતી–

એકાએક ઉગમણી દિશાએ આવેલા ગામમાંથી ચીસ સંભળાઈ : 'મારી નાખ્યો રે ! એ જા....ય ! ચો....ર, ચોર હાજો....'

કાનજી પથારીમાંથી કૂદ્યો. ઝાકળિયાએ બાંધેલી વળી ખેંચતોકને બૂમ આવી હતી એ બાજુ– ધૂળાના ઘર તરફ– ચારે બાજુ કાન અને આંખો રાખતો તેતરની ચાલે દોડ્યો, ને ધૂળાના ઘરને કરે આવેલી આંબલી આગળ લપાઈને નાકું સાચવતો અને આસપાસની વાડમાં નજર ખૂંપાવતો ઊભો રહ્યો. એટલામાં પાછળથી આવતાં પગલાં સાંભળ્યાં, મુખી તથા બીજો એક જણ ભર્યા-શ્વાસે આવી રહ્યા હતા. કાનજી ઉપર નજર પડતાં પૂછી પડ્યા : 'કિયો છે 'લે ?' અને, 'રખેને છટકી જતો !' એવી સાવચેતી રાખતા પણ ડરતા ડરતા કાનજી તરફ ડગ ભરવા લાગ્યા.

'એ તો હું છું, મુખી. આ મીકું અહીં ઊભો રહું. જો કોઈ આવતું હશે તો–'

'એમ કે ?' કહી મુખીએ તીરછી આંખે સાથેના આદમી તરફ જોયું અને પછી જાણે આ પહેલાં પોતે કશા વિચારમાં જ ન હોય એમ ફળી તરફ વળતાં બોલ્યા : 'પણ આ ચીસ પાડી કોણે ?'

પાછળ ચાલતા કાનજીએ કહ્યું : 'સાદ તો રેશમાનો હોય એમ લાગ્યું !'

ધૂળાના ઘરમાં કલશોર સાંભળતાં જ કાનજીના પેટમાં જાણે કકડતું તેલ રેડાયું. ક્ષણભરમાં તો કંઈ કેટલાય વિચાર આવી ગયા. ઘરમાં પેસતાં જ નાની ડોશીને પૂછ્યું : 'આ બધું શું છે નાનીકાકી ?'

'જો તો ખરો ભા આ રેશમાને વાગ્યું છે એ : મોડા સુધી તો અમે બે જણે પડસાળમાં વાતો કરી છે. ને કુણ જાણે તે કુણ આવ્યું ને કયા ભવનું વેર–'

કાનજીની ધીરજ ખૂટી ચાલી. વચ્ચે જ પૂછ્યું : 'પણ એને તો પડસાળમાં વાગ્યું કે અહીં–'

'હાય હાય પડસાળમાં ત્યારે ! એનો ખાટલો તો જો, લોહીથી તરબોળ–'

કાનજીના ગુસ્સાનો પાર ન રહ્યો : 'ત્યારે તમે એને ઘરમાં શું કામ લાવ્યાં ?' કાનજીના ઠરડાયેલા અવાજે ગામના બેચાર જણનું ધ્યાન ખેંચ્યું.

એકે તો કહ્યું પણ ખરું : 'અલે ભાઈ, ઘરમાં લાવ્યા તે શું બગડી ગયું ? એં પરસાળમાં કોઈની સારીએંણી નજર પડે એટલે અમે એને ઘરમાં લીધો. એમાં આટલો બધો બરાડી શું કામ ઊઠે છે ?'

'જખ મારવા શું કામ તે ! કાકો (સરકાર) પૂછે એ વખત જવાબ આપજો હવે ?– અહીં લાવ્યા ત્યારે એના જ ઘરમાં–'

'ઉતાવળમાં આ પાસે પડતું'તું તે અહીં લાવ્યા.'

બીજાએ ઉમેર્યું : 'ને નાનીકાકીએ ના પાડી હોત તો ડોસા પાસે કમાડ ઉઘડાવીને ત્યાં લઈ જાત.' અને વ્યંગમાં પૂછ્યું : 'પણ એમાં તું શું કામ આટલો બધો આકરો થાય છે ?'

કાનજીની જીભે તો કંઈ કંઈ આવી જતું હતું પણ એ માણસ પોતાના સગામાં અને જરા વડીલ જેવો હતો એટલે એટલું જ બોલ્યો : 'તો આ પ્રમાણે ફોજદારને કે'જો પાછા.'

નાની ડોશી તો રડવા જેવાં થઈ ગયાં : 'હા ભાઈસા'બ, મને શી ખબર કે આવું થશે ? અધૂરામાં પૂરો ધૂળિયોય ઘેર નથી.' અને બબડતાં બબડતાં મુખીની શોધમાં આમતેમ ફાંફાં મારવા લાગ્યાં. પણ મુખી તો ફોજદારને ખબર કરવાની વેતરણમાં બહાર ગયા હતા. પાછાં એ કાનજી પાસે આવ્યાં. ગભરાયેલા અવાજે બોલ્યાં : 'એં કાના, મૂવું જે થનાર હતું તે થઈ ગયું. એ તો હું જરા રાખ નાખીને સોજું કરી લઈશ– પણ એને હવે મનોરાને ઘેર લઈ જાઓ છો ?'

'જે થવાનું હતું એ તો થઈ ગયું. હવે શું ?' બબડી કાનજીએ ઉમેર્યું : 'એનો કશો વાંધો નથી. આ બધા સાક્ષીમાં તો છે ને ? છોને અહીં જ રહ્યો.' કહી કાનજી નીચે સુવડાવેલ રેશમા તરફ વળ્યો.

રેશમાના નાક આગળ વહેતું લોહી જોતાં કાનજી બોલી ઊઠ્યો : 'અરે પણ બધા જોઈ શું રહ્યા છો ? થોડુંક રૂ લાવો ને બાળીને ઘામાં પૂરી દો ને.' બેચાર જણ કાનજીના કથન ઉપર વિચારવા વળેલા હોય એમ તાકી રહ્યા હતા. તો બીજા વળી કાનજીના કથનનો પડઘો જ પાડતા હતા. 'હા 'લ્યા ભાઈ, કોઈ રૂ તો લાવો.' પણ ખરું પૂછો તો કોઈને કશી સૂઝ જ

પડતી ન હતી. કાનજીએ બાજુમાં ઊભેલાં નાની ડોશીને કહ્યું : 'નાનીકાકી, જરા રૂ લાવો ને.'

બીજી બાજુ મુખી પોલીસથાણે ખબર મોકલાવવાના બંદોબસ્તમાં પડ્યા હતા. એમાંથી પરવારીને પાછા આવતા હતા ત્યાં આંગણામાં એમના કાકાના દીકરા ભીમાએ ધોતિયાની ફડક તાણી. મુખીને કંઈક વહેમ પડ્યો. ભાઈની પાછળ ચાલતા બોલવા લાગ્યા : 'આ ચોકિયાતો મરી ક્યાં ગયા ? થાણે ખબર કરવા કહ્યું પણ હજુ તો ભલું હશે તો તમાકુ પીવા વળ્યા હશે.'

વાડના ખળામાંથી નીકળતા ભગતે આ બેઉ ભાઈઓને પોતાને ઘરને કરે ઊભેલા જોયા. કંઈક ગુસપુસ કરતા હોય એમ વહેમ પડતાં એક વાર તો પાછા ફરી જવાનો વિચાર થયો– સંતાઈને સાંભળવાની લાલચ પણ જાગી. પરંતુ બીજી ક્ષણે જાણે કશું જ ન હોય એમ નીચી નજરે ચાલતાં ખોંખારો ખાધો.

મુખીને ઉતાવળે બોલતા સાંભળ્યા : 'તમે જાઓને ભાઈ, એ બેય જણને થાણે મોકલોને– મારું બેટું આ તે શું ગજબ કે'વાય, ભગત ! આટલી ઉંમર થઈ પણ આવું તો ક્યારેય નથી સાંભળ્યું. તમે જરા પાટો બાંધોને હું પેલા ચોકિયાતને કાઢીને આવું છું–' કહી ગામ તરફ જતાં બબડતા હતા : 'આવો ગજબ તો ક્યારેય ન'તો જોવા મળ્યો.–'

પાટો બાંધીને પરવાર્યા પછી બહાર નીકળતાં ભગતે કાનજીને કહ્યું : 'આને ઘરમાં લીધો એ એક રીતે ઠીક તો નથી કર્યું, કાનજી.–'

ભગતના ઘર તરફ જતાં જતાં કાનજીએ પણ એ જ બળાપો કર્યો. ભારે શ્વાસ લેતાં બબડ્યો : 'સાક્ષી છે એટલે વાંધો તો નથી પણ તોય ન જાણતાને વહેમ તો રહી જાયને ?'

ફોજદારની રાહ જોતું ગામ પોતપોતાને ફાવતી ટોળીમાં ભળીને જાતજાતના તર્ક બાંધતું હતું. ભગતની ચોપાડમાં પણ ઠઠ જામી હતી. જો ભગત, કાનજી અને હીરો એ ત્રણ જણ હોત તો તો એ પણ એમના તર્ક દોડાવી જોતા. આ બધાના દેખતાં એક બાજુ જઈને ગુસપુસ કરવી યોગ્ય ન લાગતાં અત્યારે તો એમના મગજમાં આસપાસની ગણતરી કરી રહ્યા હતા.

દિવસ ઊગતાંની સાથે જ ગામમાં ઘોડાના ડાબલા વાગવા લાગ્યા. ફોજદાર, કારકુન અને બેત્રણ પોલીસવાળાને જોતાં ગામલોકના હૈયા પર એક જાતનો પથ્થર ચડી બેઠો. બૈરાં તો બબડતાં પણ હતાં : 'કુણ જાણે મારો પીટ્યો આવ્યો છે તે હવે કેટલાંનો ઘાણ ઘાલે છે.' દરેક વખત એક જ ગુનાના કરનાર ચારપાંચ જણ તો નીકળતા જ. પછી પાછળથી ભલે એક– ને કોઈ વાર તો સમૂળગો એક પણ ન નીકળતો !

ખાટલામાં પડેલા રેશમાની જુબાની લેવામાં આવી. રેશમાને જાતજાતના પૂછેલા સવાલોના જવાબમાંથી આટલું નીકળતું હતું : "મારો પાડોશી ધૂળો બીજે ગામ ઘરાકોની હજામત કરવા ગયો છે. રાત ત્યાં રહેવાનો છે એવું એણે મને કહ્યું હતું. 'ડોશીની ઊંઘનું કંઈ ઠેકાણું નથી.' એમ કહીને આંગણામાંના માળા ઉપર નાખેલા મકાઈના ડોડા સાચવવા એણે મને ભલામણ કરી હતી. એ મુજબ મેં મારો ખાટલો બેઉ ચોપાડની વચ્ચે રાખ્યો હતો. હું ઊંઘમાં હતો. મારા માથા આગળથી મને કોઈકે ઘા કર્યો. શાનો હતો એની મને ખબર નથી. ઘા કરનાર કંઈ ઓળખ્યામાં નથી આવ્યો. ઊંચો હતો, ડિલે ભરાવદાર ખરો. શું શું પહેર્યું'તું એની મને બરાબર ખબર નથી. પણ બધાં લૂગડાં પેર્યાં'તાં એવી ઝાંખી ઝાંખી ખબર છે. માળા નીચે થઈને એ બારોબાર ખેતર તરફ નાઠો'તો. એના નાઠા પછી જ મને બૂમ પાડવાનું ભાન આવ્યું. ત્યાર પછી લોક ભરાઈ ગયાં." –વગેરે.

આટલી જુબાની લીધા પછી ફોજદારે રેશમાને બરાબર તપાસી લીધો, થોડાક બીજા સવાલ ઊભા થયા પણ એટલામાં મુખીએ દર્દીની બગડતી હાલતનું ભાન કરાવતાં કંઈક કહ્યું. ફોજદારે ખાટલો તૈયાર કરાવ્યો.

આઠ જુવાનોને ચૂંટી કાઢ્યા. જેમા કાનજી, હીરો, મનોર વગેરે પણ હતા. એમાંના ચાર જુવાનોએ રેશમાનો ખાટલો ખાંધે લીધો અને પંદર ગાઉ ઉપર આવેલા સરકારી દવાખાને રવાના થઈ ગયા.

મુખીને ત્યાં ચાપાણી કર્યા પછી ફોજદાર ચોરા ઉપર ગયા. આખુંય ગામ– ઘર દીઠ એક્કેક પુરુષ– આવીને બેઠું હતું. ખાટલા પર આડા થયેલા ફોજદારે હુક્કાની ટોટી હાથમાં લેતાં કહ્યું : 'ગામમાં મામલો બન્યો

છે માટે ગામ થઈને ગુનેગારને પકડી આપે.'

'એ તો ખરું જ તો સા'બ ! ગામનો મામલો ગામ જ ઉકેલે તો !' કાનજીના મોટાભાઈ બોલતા થયા.

'પણ સા'બ, ગામને નાકે ઘર છે– કોક બહારનો આવીને–' આમ બોલતા મનોરના ડોસાને, 'ચૂપ સાલા સુવ્વર ! બહારકા કાયકુ આયગા ? ઉસકી પાસ ક્યા હીરે-મોતી થે, સુવ્વર કહાંકા ?' આમ કહીને ચૂપ કરી દીધા. સાથે આખાય ગામને આ ઇલમી જબાન તથા ચહેરાએ મૂંગું બનાવી મૂક્યું.

ગામ છે તે અવારનવાર મામલા બન્યા કરતા. પરંતુ આવો મામલો તો કોઈ દિવસ બન્યો ન હતો. કોણ કોને ગુનેગાર ઠરાવે ? જો ગુનેગાર હાથમાં આવ્યો હોત તો છેવટે બેચાર જણ વચ્ચે પડીને– ફોજદારને ખોળાપાઘડી કરીનેય પાંચપચીસ રૂપિયામાં સમજાવી દેત. એટલે આખો દિવસ આઘાપાછીમાં જ ગયો.

છેવટે મુખીએ ગામ તરફથી અરજ કરી : 'સા'બ, જે થનાર હતું એ થઈ ગયું. ગામમાં થયું તે ગામ દંડ ભોગવે, પણ ગમે તેમ કરીને આ મામલાને અહીં જ દાટી દો.'

'નહિ થઈ શકે મુખી, પેલા માણસને જો દવાખાને ન મોકલ્યો હોત તો વળી જુદી વાત છે; પણ હવે તો એનું નામ સરકારી ચોપડે ચડી ગયું. છતાંય હું જોઈશ. પણ એક વાર મારે જાણવું તો પડશે જ કે આ મામલો શો છે. બચાવવા જેવું હશે તો એમ કરીશું.'

'તો પછી સા'બ, રાજને જ આ મામલો હાથ લેવો પડશે, અમને તો કોઈને કશુંય સૂઝતું નથી. આપ કો' એ ગુનેગારને અમે તો આગળ કરી આલીએ– અમારાથી બીજું શું થાય ?'

બીજે દિવસે ફોજદારે મામલો હાથમાં લીધો. એક ઓરડીમાં ખાટલો ઢાળ્યો. તપાસની શરૂઆત થઈ. બહારગામથી આવી ગયેલા ધૂળિયાને જ પહેલો બોલાવવામાં આવ્યો. બૈરી ક્યારે અને કેવી રીતે લાવ્યો– એ સવાલથી માંડીને તે છેક આજદિન સુધીની એની ચાલચલગત, એને માટે

થયેલા ઝઘડા વગેરે પૂછવામાં આવ્યું.

આ પહેલાં મુખીએ એને એક જ વાક્યમાં કહી દીધું હતું : 'ધૂળિયા, લાગ મળ્યો કે મળશે; જિંદગીભરનો કાંટો નીકળી જાય છે, માટે જે છે એ બધુંય કહી નાખજે.'

મૂર્ખ ધૂળિયાએ ઊગ્યા-આથમ્યાની બધી વાત કહી નાખી. એના પછી રેશમાને ઘરમાં ખસેડનાર લોકોની પણ ઝડતી– જબાનથી સ્તો– લેવામાં આવી.

દર્દીને વીસ ગાઉ ઉપર આવેલા દવાખાને મૂકીને બીજા દિવસે પાછા આવેલા કાનજીને સિપાઈએ ભાણા ઉપરથી ઉઠાડ્યો. લગભગ આખુંય ગામ હેબતાઈ ગયું હતું. કાનજીને તો તે રાતે મુખીએ એને સંતાયેલો જોયો ત્યારથી જ ભરોસો હતો, કે આ મામલો આમ જ– પોતા તરફ જ ફંટાવાનો–

'ખેર, જોઈએ છીએ શું થાય છે. જેવા પડશે એવા દેવાશે !' વિચારતો કાનજી ફોજદાર પાસે પહોંચ્યો.

ફોજદારની આંખથી ગભરાયા વગર જ કાનજીએ– સાચું કહ્યા વગર હવે છૂટકો જ ન હતો એટલે હતું એ– ધૂળાને બૈરું કરાવ્યું એ તથા પોતાને ને જીવીને બોલચાલ હતી એ પણ એણે કબૂલ કર્યું. છેવટે ઉમેર્યું : 'પણ સા'બ, મારે ને એને બીજો કોઈ સંબંધ નથી. કો' તો કેશરનું પડીકું ઉપાડું.'

'કેશરનું પડીકું તો તારા ગામ આગળ ઉપાડજે. અહીં તો કાયદાના મોઢામાં આવ્યો એટલે બસ. સાચું કે જૂઠું, પણ પછી તું બચવાનો નથી. માટે વિચાર કરીને જવાબ આપજે. જુબાનીઓ બધી તારી વિરુદ્ધમાં પડી છે.'

કોણ જાણે કેમ પણ કાનજીને જોતાં જ ફોજદારને એના માટે મનમાં એક જાતનો પક્ષપાત ઊભો થયો હતો અને એટલે જ તો ચોપડ્યા વગરનું વાક્ય બોલ્યા ! નહિ તો જેમ અંગ્રેજીમાં નામ આગળ આર્ટિકલ વાપરવાનો રિવાજ છે એવો જ રિવાજ આ ફોજદારી ખાતાને– અને તેય રજવાડામાં તો ખાસ– ગાળો વાપરવાનો હોય છે. ગુસ્સો ચડે ત્યારે તો સામટી ચારપાંચ ગાળો પણ વાપરી નાખે, બાકી ઠંડો મિજાજ હોય ત્યારે તો ખીચડીમાં

દાળના પ્રમાણ જેટલું જ ગાળનું પ્રમાણ રહ્યા કરે.

એમાંથી કાનજી જેવો સાધારણ માણસ– અને તેય ગુનેગાર જો બચી જાય તો એનાં સદ્ભાગ્ય જ લેખવાં.

કાનજીએ એ રાતનો આખોય ઇતિહાસ કહી સંભળાવ્યો. પણ જ્યાં પોતે ચીસ સાંભળી અને દોડી આવ્યો એ વાત આવી કે ફોજદારની આંખ ફાટવા માંડી. ફોજદારને એ વાતની તો ખાતરી જ હતી કે રેશમાને વાગ્યું છે તો બૈરાના મામલામાં જ. એ વગર કોઈ નાક ઉપર ઘા કરવા જાય નહિ. ધૂળાના ઘરમાં રેશમાને પાછળથી સુવરાવ્યો હતો એ વાત એમના માન્યામાં આવતી ન હતી. આ વિષે મુખીને પૂછી જોયું હતું અને એમણે પણ કાને હાથ દેતાં કહ્યું હતું : 'ભગવાન જાણે સા'બ; પણ હું આવ્યો ત્યારે તો એ ઘરમાં જ હતો.–' આ ઉપરાંત ગામમાં આવેલી માતા વખતે કાનજી સાથે રેશમાની થયેલી અણબણ, ધૂળા તથા કાનજીનો ખટરાગ અને ધૂળા સાથે રેશમાની મૈત્રી વગેરે આડીઅવળી બાબતો પણ મુખી ભરડતા ઊઠ્યા હતા.

ફોજદારે કાનજીને કહ્યું : 'જો તું ધૂળિયાના ઘરમાં પેસવા ન ગયો હોય તો છેવટ ચોકી કરવા ગયો હોઈશ ! સાચેસાચું કહી નાખ. આ મામલો તારી, ધૂળિયાની અને રેશમાની ત્રણ જણની વચ્ચે થયો છે. એમાં ધૂળિયો તો જાણે બહારગામ હતો. પુરાવા મળશે એટલે એ તો છૂટી જશે. હવે તારું શું ? તું ખળેથી જ સીધો આવતો હતો એનો કોઈ પુરાવો છે ?'

'હા સા'બ, મુખીએ ને વાલાભાઈએ મને જોયો'તો.'

મુખીને બોલાવવામાં આવ્યા. એમણે કહ્યું : 'આપણે તો સા'બ, દીઠું એવું કહેવાનું છે. કાનજીની વાત કે'વી તો સાચી છે, પણ મીં તો એને આંબલીના થડમાં ઊભેલો જોયો હતો.'

'ખળામાંથી આવતાં નહિ જોયેલો ?'

'ના સા'બ.' કહી મુખીએ કાનજી સામે જોઈ ઉમેર્યું : 'જોયું હોય એ કે'વાય; મારાથી જૂઠું તો–'

'પણ તમને જૂઠું બોલવાનું કે' છેય કુણ ?' કહી કાનજી હસ્યો.

વાલાએ પણ મુખીના જેવી જ જુબાની આપી.

હવે ધૂળાની બૈરીને બોલાવવાનો વારો આવ્યો. ગામલોક ફોજદાર આગળ કરગરી પડ્યા : 'સા'બ, બૈરા માણસને ચોરે બોલાવે એ તો ગામનું નાક જાય.'

'અચ્છા અબી દેખતે હૈં !' કહી ફોજદારે કાનજી તરફ હાથ કરતાં સિપાહીને કહ્યું : 'ઇસકુ પે'રેમેં બેઠાઓ.' આ વખત એમની આંખ ફરેલી હતી.

'પે'રામાં બેસવાની મારી ના નથી, સા'બ. પણ મારી એક અરજ છે.'

'બોલ ક્યા હૈ ?'

'સા'બ, આ વગર બીજી તપાસેય થવી જોઈએ. જો ધૂળિયાના ઘરનો મામલો નીકળશે તો સરકારને હું મારી જાત લખી આપું, પણ એ પે'લાં–'

'અચ્છા, અબી તું જા ઇધરસે.' ફોજદારે છાશિયું કર્યું. અને ઘડીએક હુક્કો પીધા પછી વળી મુખીને બોલાવ્યા. રેશમા ને બીજા કોઈને ક્યારેય તકરાર થઈ હતી એ વિષે સવાલ પૂછ્યા.

મુખીએ યાદ કરતાં કહ્યું : 'છ મહિના પર ખેતરમાં ઢોર પેસી ગયાની બાબતમાં થઈ'તી સા'બ. દાનો કટારો એને તલવાર લઈને મારવા આવ્યો'તો.'

અચ્છા, બોલાવ દાના કટારાકુ.'

પછી તો દાના કટારાની તલવાર પણ મંગાવી. કમનસીબે તલવારની અણી પણ લોહીવાળી નીકળી. દાનાએ કહ્યું : 'સા'બ, એ તો ઘો મારી'તી !' એના સાક્ષી પણ મળ્યા છતાંય દાનો તો પહેરા હેઠળ જ રહ્યો.

રાતે પણ બેઉ જણને પહેરા હેઠળ જ રહેવું પડત– પણ ગામલોકોએ અને એમાંય ખાસ કરીને ભગતે ફોજદારને સમજાવ્યા :

'સા'બ, જો જતા રે'શે તો અમે– આખું ગામ છે ને ! આમાં તો સા'બ, ગામનું ખોટું દેખાય !'

દિવસ ઊગતાં પહેલાં હાજર થવાની તાકીદ સાથે ફોજદારે રજા આપી.

કાનજીને ધૂળાના ઘર તરફ વળતો જોઈને મોટાભાઈથી બોલ્યા

વગર ન રહેવાયું : 'હજુય નથી ધરાયો તે પાછો !–'

કાનજી વચ્ચે જ બોલ્યો : 'તમે તમારે જાઓને, મારે થોડુંક પૂછવું છે તે પૂછીને આવું છું.' અને હોઠ ચાવતો ચાવતો ધૂળાના ઘર તરફ ચાલવા લાગ્યો. જીવીને ઓળખતો હતો– એટલે જ તો એને વહેમ પડ્યો હતો, 'કદાચ રેશમો અહીં જ ઘૂસ્યો હોય અને વીફરેલી જીવીએ જ એનો ઘાટ ઘડ્યો હોય તો ?–'

બારણા આગળ ઊભાં ઊભાં છીંકણી સૂંઘતાં નાની ડોશીની દરકાર કર્યા વગર જ એણે ચોપાડમાં ખાણ પૂરતી બેઠેલી જીવીને નેવાં પાસે ઊભા રહીને બોલાવી. કાનજીને જોતાં જ જીવી ઊઠી. જરાય અચકાયા વગર એની પાસે જઈ ઊભી. ધીમે અવાજે કાનજી બોલ્યો : 'જે હોય તે મને સાચેસાચું કહેજે. જરાય ગભરાતી નહિ. હું બેઠો છું ત્યાં સુધી તને ઊની આંચ પણ નહિ આવવા દઉં. પણ જે હોય–'

'તે તમારાથી તો કંઈ છાનું નહિ રાખું ! પૂછોને બેધડક–' જીવીનો અવાજ સહેજ ઢીલો પડી ગયો.

'હું કહું છું આ ધીંગાણું તારા ઘરમાં તો નથી થયું ને ?'

સાધારણ દિવસ હોત તો જીવીને કદાચ ખોટું લાગત પણ આજના પ્રસંગની ગંભીરતા એ સમજતી હતી. આડાઅવળા સવાલ ન પૂછતાં એણે જવાબ આપ્યો : 'ના, એ માટે બેફિકર રે'જો. એમાંનું કશું જ નથી.'

'એ વખત તું જાગતી'તી ?'

'તમે ગાતા'તા ત્યાં લગી તો હું જાગતી'તી. ઘડીક આંખ મીંચાઈ હશે ને આ બૂમ સંભળાઈ.'

'બહાર કાંઈ કડાઝૂડ સાંભળેલી ?'

'એવું કંઈ સાંભળ્યું નથી.'

'એમ ને ?' કહી કાનજીએ ઉમેર્યું : 'જખ મારે છે હવે તો.'

અત્યાર સુધી ધડધડ જવાબ આપતી જીવીની આંખમાંથી ફરફર કરતાં ફોરાં ટપકી પડ્યાં. બોલી : 'તમને.... જેલમાં–'

જીવીની પીઠ પર હાથ ફેરવવાનું, એને હૈયે લગાડી હિંમત આપવાનું

મન તો ઘણુંય થઈ આવ્યું પણ કાનજીએ મનને પકડી લીધું. બોલ્યો : 'ના રે ના, કોની મગદૂર છે કે મને વગર ગુનાએ જેલમાં–'

આનંદ અને શોકમાં ગોથાં ખાતી જીવી બોલી ઊઠી : 'મારા સમ ખાઓ જો ! તમારા હાથે તો એમાંનું કંઈ નથી થયું ને ?'

'અરે કાંઈ ગાંડી થઈ ! ને જો મારે હાથે થયું હોત તો હું જ સીધો ફોજદાર પાસે ન જાત ઊલટો–'

'પણ ત્યારે તમને–'

'તું તારે જોને. આખર સત તરશે. ને નહિ તરે તો ક્યાં જશે ? આ કાનજીને તું રેંજીપેંજી ન સમજતી. બે દનમાં તો એ મારનારો ને માર ખાનારો બધાયને કાંડાં ઝાલી ઝાલીને–' પણ તરત જ એણે વાત બદલી, 'તું તારે તારું સંભાળજે. મારી કશી ફિકરચિંતા ન કરતી.' કહી ઘર તરફ વળ્યો. કંઈક યાદ આવતાં વળી પાછો ચોપાડમાં ગયો અને બારસાખ ઝાલી હજુય કંઈ કૌતુક જોઈ રહ્યાં હોય એમ ઊભેલાં નાની ડોશીને થોડાક સવાલ પૂછ્યા. જતાં જતાં કહેતો ગયો : 'નાનીકાકી, તમારા છોકરાએ બહુ સારું કર્યું હાં ! ભલાઈનો બદલો આવો આપશે એવી તો મને સ્વપ્નેય આશા ન હતી !'

'ના ના, કાનાભાઈ ! જરા સાંભળ તો ખરો. મને પૂરી વાત તો કર–' ધૂળાએ શી જુબાની આપી છે એ હજુ ડોશી જાણતાં ન હતાં.'

'તમારા છોકરાને જ પૂછી જોજો ને !' કહી કાનજી સીધો ઘર તરફ જ ચાલતો થયો.

ભગતે એને બોલાવ્યો. પણ એમનેય, 'ખાઈને આવું છું.' કહીને શાંત રાખ્યા.

અત્યારે એનું મગજ કોઈ જુદી જ રીતે કામ કરી રહ્યું હતું.

નાની ડોશીએ જીવીને પૂછ્યું : 'શું હતું, વહુ ? કાનો શું કે'તો'તો ?'

જીવીનું મોં તંગ હતું. સાસુ સામે એક આકરી નજર નાખતાં બોલી : 'તમારા દીકરાનાં પરાક્રમ– શું તે ? એને જેલમાં કાઢીને હવે તો બધાં રાજી થયાં ને ?–' જીવી શું બોલતી હતી એનું એને જ કદાચ ભાન નહિ

હોય. સાસુને પણ એમ જ લાગ્યું : 'આ શું બોલે છે, વહુ ? કોને જેલમાં કાઢ્યો ને શી વાત–?'

'જેલમાં જવામાં હવે બાકીય શું રહ્યું છે : દુનિયામાં ડંકા તો વાગી ગયા કે ફલાણાને પે'રામાં બેસાડ્યો.'

નાની ડોશીથી ન જીરવાયુ : 'અલી, પણ એમાં તારા ભાનું શું ગયું ? ને તને એટલી બધી લાગણી હોય તો જાને, છોડાવી લઈ આયને ? હજુય શું બગડી ગયું છે ?' કહી બબડ્યાં : 'લાજ જરા લાજ ! 'લાજ મેલી લગડે ને હેંડી ઊભે વગડે' એના જેવું તે શું કરે છે, મારી બાઈ ! બોલવામાં જરા વિચાર તો રાખ.–'

જીવીને થતું કે જો આ ડોશી ટકટકારો નહિ છોડે તો પોતાનાથી એથીય આગળ વધીને કંઈક બોલી જવાશે. ખાણ આગળ બેસતાં બોલી : 'છાનાંમાનાં ઘરમાં જાઓ ને, તમે બધાં લાજવાળાં છો તે મને ખબર છે !'

ડોશીને પણ દાઝ તો ઘણીય ચડી હતી પણ 'કોક જાણશે તો કે'શે શું હશે ?' એ ડરથી, 'બોલ ભા બોલ. આજકાલ તારા દન છે !' એમ બબડી ઘરમાં ચાલતાં થયાં.

ધૂળાએ કાનજી વિરુદ્ધની જુબાની આપી છે એ તો આખું ગામ જાણતું થઈ ગયું હતું. કોડિયાના ઝાંખા અજવાળામાં રોટલા ખાવા બેઠેલું ગામ લગભગ એક જ વાત કરતું હતું : 'ખરુંખોટું તો ભગવાન જાણે, પણ ધૂળિયાએ ભેગી કરી રાખેલી બધીય દાઝ આજ કાનજી ઉપર વાળી છે !–' પરંતુ જીવીના ગુસ્સાનો આજ પાર જ ન હતો. ઘરમાં જો નાનો દિયર કે ડોશી ન હોત તો ખાવા માગતા ધૂળાના માથામાં હાંલ્લું ફોડત એમાં ભૂલ નહિ. આજ એને એનું મોં જોવું ગમતું ન હતું. મનમાં મનમાં બબડતી હતી : 'મારા કપાળમાં આવો ભૂંડો તે કુણ જાણે ક્યાંથી ઢૂંકી રહ્યો'તો ?'

બીજી બાજુ ભગતને ત્યાં ભગત, કાનજી અને હીરો ત્રણે જણ મળીને તર્ક દોડાવી રહ્યા હતા. મામલો જાણે બૈરીની બાબતમાં બન્યો છે એનો તો કોઈનેય શક નહોતો રહ્યો. પરંતુ કોને ત્યાં બન્યો એ કળવું ઘણું

ભારે હતું. ત્રણે જણ વિચારમાં પડી ગયા હતા. કાનજી પણ ગામની એકેએક યુવતીની ચાલચલગત સાથે રેશમાની ગણતરી ગણવામાં પડી ગયો હતો. ભૂતકાળના લીંપણ નીચે દટાયેલા પ્રસંગો એક પછી એક છતા કરતો હતો. એકાએક એનો ચહેરો જાણે હસી ઊઠ્યો. આંખો જાણે કહેતી હતી : 'બેસી ગયું છે, બરાબર એ જ !'

કાનજીએ આજુબાજુ એક નજર નાખી લીધી. ધીમેથી બોલ્યો : 'જો હીરા, ગળું જાય તો ભલે જાય પણ વાત ન જાય હોં !' કહી ભગત સામે જોઈ ધીમેથી બોલ્યો : 'હેં ભગત, ભીમાના ઘર ભણી તો નહિ હોય !'

ભગતે હસીને પૂછ્યું : 'કેમ જાણ્યું ?' પણ એમની સિકલ તો કહેતી હતી : 'બરાબર છે, કાનજી.'

અને પછી તો ભગતની બુદ્ધિએ ફોજદારી સંભાળી. કાનજીએ પણ તડોતડ જવાબ આપ્યા.

આ બધું બેસી ગયેલું જોઈને હીરાની નવાઈનો તો પાર જ ન હતો. ભગત અને કાનજી આજ તેને બહુ કાબેલ માણસ લાગતા હતા.

બીજે દિવસે પંચ સાથે ફોજદાર ધૂળાને ત્યાં આવ્યા. ડોશી તથા જીવીની તો ખૂબ ખૂબ ઊલટતપાસ કરી પણ એણે તો 'હું તો ઘરમાં હતી. બૂમ સાંભળી ત્યારે જાગી, સાસુએ કમાડ ઉઘડાવ્યું ત્યારે જ જાણ્યું.' આ જ જવાબ આપ્યા કર્યો; ગાળો દેવા છતાંય પરિણામ તો એનું એ જ. વધારામાં જીવી રોઈ પડી એટલું જ.

ફોજદારે ચોરામાં આવીને મુખીને બોલાવ્યા. કહ્યું : 'મુખી, મામલો તો આવેલો વેરાઈ જાય છે !– કાનિયા તો સાલા છૂટ જાતા હૈ.'

'એ તો આપ જાણો, સા'બ ! પણ મીં તમને કહ્યું ને કે એ બાઈના તમે કટકા કરશો તોય કાનજીનું નામ નહિ લે.' કહી મુખી પણ જમીન ખોતરતા કંઈક વિચારમાં પડી ગયા હતા.

'મગર હમકું તો પક્કા પુરાવા મંગતા. યે મામલા કોઈ દૂસરા માલૂમ હોતા હૈ.' ફોજદાર જાણે સ્વગત બબડતા હોય એમ બોલ્યા.

'બીજા મામલા તો ક્યા હોય સા'બ, જે છે એ આ છે.' કહી મુખી

ફોજદાર તરફ સરક્યા. હસીને લાચારી કરતાં કહ્યું : 'એં સા'બ ! આ મામલાને દાબી દો તો ? પેલો માણસ છે તો પરહદનો, ને આપ જો કે'તા હો તો એને દવાખાનામાંથી બારોબાર એની હદમાં ઉતારી પાડીએ.' કહી ફોજદારને વિચારમાં પડેલા જોઈ ઉમેર્યું : 'ગરીબનું કહ્યું માનો તો તો એમ જ કરો સા'બ, ગુણ નહિ ભૂલીએ.'

'ગુણ યાદ રખકે ક્યા કરેગા ?' હસીને ફોજદારે મુખી સામે જોયું.

'પાનસોપારી મળે એ સા'બ.' અને 'તો બી ?' કહી તાકી રહેલા ફોજદારના હાથમાં આંગળાં દબાવતાં બોલ્યા : 'આટલા– અમારા ગજા પ્રમાણે સા'બ.'

'એટલા બેટલા કુછ નહિ મુખી, ઇસકા ડબલ હો તો વાત કરના, નહિ તો સારે ગામકું કોર્ટમેં ઘસીટૂંગા.'

'ઠીક છે સા'બ, આપ માલિક છો.' કહી આ ખુશખબર સંભળાવવા મુખી બહાર આવ્યા.

ગામલોકોએ હિસાબ ગણ્યો : 'મરશે ત્યારે, ઘરદીઠ રૂપિયો રૂપિયો આવશે એ જ ને ? આમેય ફોજદાર સા'બ બેચાર દન વધારે રહ્યા હોત તો ખર્ચાનાય ચચ્ચાર આના તો આવત જ ને ?' તો કોઈએ વળી માંહોમાંહે વાંધો ઉઠાવ્યો : 'ગામલોક બધાય પૈસા શાના આલે ? અડધા આલે કાનજી.'

'વાત તો ખરી છે. પૂછી જોઈએ એના મોટાભાઈને.' કહી મુખીએ મોટાભાઈને એક બાજુ બોલાવ્યા. ભગત સમજી ગયા. એ પણ ત્યાં જઈને ઊભા, અને મોટાભાઈને, 'ગામ એમ કે'તું હોય તો એમ. કેમ ભગત, આપણાથી કાંઈ–' આમ બોલતા સાંભળતાં જ ભગત બોલી ઊઠ્યા :

'કંઈ નહિ બને મુખી, કાનજી એક કાવડિયોય નહિ આપે. આ તમને કહ્યું.' મોટાભાઈ સામે જોઈને જ કરડાકીથી કહ્યું : 'ક્યાંથી લાવીને આપવાના છો ? આ પેલાને પરદેશ જવું છે તો ભાડું તો પૂરું મળતું નથી. છાનામાના બોલ્યા વગર રહેતા હો તો ?' અને પછી પીઠ ફેરવતાં પહેલાં ઝંખવાણા પડેલા મુખીને વળી સંભળાવ્યું : 'જવા દો મામલો આગળ.

પરદેશ જવાને બદલે જેલમાં રહી આવશે તોય આ ઉનાળાના દનમાં શું સુકાઈ જવાનું છે ? લો ચાલો.' કહી મોટાભાઈને આગળ કરી ભગત પાછા ચોરામાં આવ્યા.

મોટાભાઈ તો બિચારા ભગતના ચહેરા તરફ તાકી જ રહ્યા હતા. એમના છેલ્લા વાક્યે તો ભારે મૂંઝવણ કરી હતી. 'ભગત શું બોલતા હશે આ ? કે' છે જેલમાં રહી આવશે ! શી વાત કરતા હશે ?–'

મુખીએ પેલા વિરુદ્ધમાં પડેલા માણસોને વળી સમજાવ્યા : 'અલે ભાઈ, કાનજી ઉપરથી તો કેસ ઊડી ગયો છે ને એક ચાર આના સારુ શું કામ ગામની પત્તર ફાડવા બેઠા છો ?'

છેવટે બધા કબૂલ થયા.

ઘરદીઠ અક્કેક રૂપિયો નાખવા છતાંય પાંચ રૂપિયા ખૂટતા હતા. એક જણ બોલી ઊઠ્યો : 'એટલા પાંચ રૂપિયા આલે ધૂળિયો ને મનોરિયો બે જણ.'

તરત જ મનોરના ડોસા બોલી પડ્યા : 'હોવે લો મનોરિયો આલે ને લેઈ પાડો ! મનોરિયાનો છોકરો કુંવારો ખરોને તે આલી પાડશે !'

ત્રીજો માણસ બોલ્યો : 'ના ના, એમ ખોટી વાત તો કેમ કે'વાય ? એક તો મનોરના ખેડૂતને વાગ્યું ને ઉપરથી એ દંડ આપે એ તો કાંઈ બનતું હશે ?' ધૂળિયાને કો' તો એ હજુ માન્યામાં આવે.'–

પરંતુ પેલી બાજુ કાનજી અને ભગત વચ્ચે વળી ત્રીજી જ વાત ચાલતી હતી. કાનજીને છૂટા થવાનો જરા પણ હર્ષ નહોતો, બલકે એ તો ભગત આગળ વિરોધ જ કરી રહ્યો હતો : 'ના ભગત, ફોજદારને લાંચ આપો એ બધુંય ખરું. પણ આ મામલાની ચોખવટ તો થવી જ જોઈએ.'–

'અરે ભલા માણસ, પણ ચોખવટ કરાવીને તારે હવે શું કામ છે ?'

'કેમ શું કામ છે ?' કહી ભગત સામે તાકતાં કાનજીએ ઉમેર્યું : 'આમાં અમારા ઉપર તો કલંક કાયમનું જ રહ્યું ને ?'

'ભલો માણસ છે ! ફોજદારે મુખીને બોલાવીને કહ્યું તો ખરું કે આમાં કાનજી નિર્દોષ છે પછી તારે શાનું કલંક રે' છે ?'

'મારું રયું પણ બાઈનું તો ખરું જ ને !' અને વિચારમાં પડેલા ભગતને કાનજીએ વળી કહ્યું : 'મુખી ફોજદાર સા'બને કે'તા'તા એ મેં જાળિયામાં રહ્યે રહ્યે બધું સાંભળ્યું છે. એમનો વિચાર છે કે પેલા રેશમાને નસાડી મૂકવો. ને એમ આ આખોય કેસ ઊડી જાય એ તો જાણે બરાબર. પણ પેલી બાઈનું કલંક તો રે'જ ને ? લોકને શી ખબર પડે કે આ તો ધૂળિયાને ત્યાં નથી થયું પણ કોક ત્રીજાને ત્યાં થયું– માટે એક વાર ચોખવટ તો થવા જ દો. પછી તમારે ભીનું સંકેલવું હોય તો ભલે સંકેલી લેજો.'

ભગત કંઈ બોલ્યા નહિ પણ મનમાં તો કબૂલ કરવું જ પડ્યું : 'વાત તો ખરી છે. જીવલીને કલંક ચોંટે એ એનાથી વેઠાય જ કેમ ?'

અને પછી તો ભગતે મુખીની કે ગામલોકની પરવા ન કરતાં ફોજદાર આગળ મામલાની ચોખવટ માટે અરજ કરતા કાનજી ભેગો સૂર પણ પુરાવ્યો, 'કાનજીની અરજ ખરી છે સા'બ, ગામનું પંચ એક વાર તપાસ કરી આવે પછી વહેમ પડતી જગાએ આપ તપાસી આવજો.' વગેરે સલાહ આપી પંચ પણ ઊભું કર્યું.

મુખી અને ન સમજતાં ગામલોકો પણ કચવાતાં હતાં પણ કાયદામાં આવેલા ફોજદારના હુકમ આગળ કોઈનુંય શું ચાલવાનું હતું ? પંચમાં ભગત અને મુખી તો જાણે ખરા જ; તે સિવાય ઠાકરડામાંથી ધના ડોસાને લીધા અને બાકીના બે જણ માટે કાનજીને તથા મનોરના બાપાને ગામલોકોએ આગળ કર્યા.

બે કલાકમાં પંચ પાછું ફર્યું. વહેમ પડતાં ત્રણ મકાન નીકળ્યાં હતાં. એમાં એકને ત્યાં તો બારણાએ પડેલા લોહીના ડાઘ માટે સવાલ કરતાં ફોજદારને જણાયું કે બળદને કીડા પડ્યા હતા ને એનું લોહી થયું હતું.

પંચ સાથે ફોજદાર અને બીજા સાતઆઠ જણ ભીમા પટેલને ત્યાં આવ્યા. પંચને નામે કાનજીએ દેખાડેલા પથ્થર, ખૂંટો, બારસાખ વગેરે જોયા પછી ઘરમાં પડેલા ખાડાઓ તરફ લગભગ એ પચ્ચીસેય આંખો (એક જણ એક આંખે કાણો હતો) તાકી રહી.

ભીમા પટેલની જુવાનજોધ છોકરી સૌ કોઈના મગજમાં ફરકી ગઈ.

'આ તો સા'બ, ઢોરિયું* ઘર તે ખાડા તો હોય જ ને ?' મુખી બોલી પડ્યા. 'ઘરમાં કોઈ પૂરનાર નહિ એટલે–'

'ઇસકે ઘરમેં કિતને ઇન્સાન હૈ ?' ફોજદારે ભગતને જ પૂછ્યું.

'બે સાહેબ. એક ભેમો પટેલ પોતે– આ પેલા ઊભા એ ને બીજી એની સાસરવાસણી છોકરી.'

'મારા કાકાનો છોકરો-ભાઈ થાય, સા'બ !' મુખીએ ફોજદાર જાણે ન જાણતા હોય તેમ આગળ આવતાં કહ્યું અને વળી બોલ્યા : 'ને આવા ખાડા તો સા'બ ગામમાં ઘણાંય ઘરોમાં હશે. આપ પધારો તો દેખાડું વળી.'

'કોઈ ઢોરકું કીડા પડે થે, મુખી ?' ફોજદારે પૂછ્યું.

'હા હા સા'બ. પડ્યા'તા ને આપણે.... હા કેમ વળી–' અને ભીમા સામે જોઈ– 'આપણી ચાંદરી ભેંસને તો હમણાં જ રુઝાયા છે ને ?'

ફોજદારે આસપાસ જોતાં ગામલોકોને પૂછ્યું : 'ક્યું રે, સચ યે બાત હૈ ને ?'

લગભગ બધાય એકબીજા સામું જોતા હતા.

અકળાયેલા મુખીથી બોલી જવાયું : 'બોલોને ભાઈ ! કોક તો હા ભણો ! શું કામ બધા થઈને મારું નાક લેવા બેઠા છો ?....'

'હા હા સા'બ, ભેંસને કીડા હતા તો ખરા.' કાનજીના મોટાભાઈએ શરૂઆત કરી અને પછી તો બીજા પણ બેચાર જણે ડોકું હલાવ્યું.

કાનજીને મોટાભાઈ ઉપર એટલો બધો ગુસ્સો આવ્યો હતો કે એવો તો એને કદી દુશ્મન ઉપર પણ નહિ આવ્યો હોય.

'અચ્છા. તો જબાની લેનેકી ક્યા જરૂરત હૈ !' કહી ફોજદાર પીઠ ફેરવવા ગયા. ત્યાં કાનજી બોલી ઊઠ્યો : 'પણ સા'બ, આ ખાડા ઢોરના પડ્યા હોય એમ મનાય શી રીતે ? પડે તોય કોઢના નાકા આગળ પડે. પણ અહીં ઠેઠ રસોડા આગળ શી રીતે પડે ?'

*ઢોરિયું= ઢોર હોય તેવું.

ફોજદારને લાચાર બની ઊભા રહેવું પડ્યું.

'હા સાહેબ, એ જરા વિચારવા જેવું તો છે !' ખાડા તરફ તાકી રહેલા ભગતે કહ્યું.

'અલે ભાઈ, આ પાણિયારું છે તે ત્યાં ઢોર પાણી પીવા નહિ જતાં હોય ? તુંય કાનજી, આમ ગાંડી વાત ન કરતો હોય તો ?' મુખીનું મોં દયા આવે એવું હતું.

'ભાઈ, મેલને માથાકૂટ, કાનજી !' બેચાર જણ બોલી ઊઠ્યા. અને ફોજદાર સામે જોઈ કહ્યું, 'હા સા'બ, અમારે તો અડધાં ઢોરને ઘેર જ પાણી પીવાનું. કોઈ પાણિયારા આગળ પાય, તો કોઈ–'

'બરાબર હૈ,' ફોજદારે કહ્યું. કાનજી સામે કતરાતી આંખે જોતાં પૂછ્યું : 'અબ તો બરાબર હૈ ને !'

કાનજીને રીસ તો ચડી હતી, પેલા જગાને ઘેર ગોદડીઓ ને બધું જોયું ને અહીં કેમ 'બરાબર હૈ, બરાબર હૈ,' થઈ રહ્યું છે ! તો બીજી બાજુ ભગતને પણ થતું હતું : 'આ તો છેક આરે આવેલું નાવ ડૂબે છે ને !' અને ગામલોકો તરફ સહેજ આંખ ફેરવતાં બોલ્યા : 'તમેય શું હામાં હા મેળવતા હશો ? ખાડાનું પ્રમાણ તો જરા જુઓ ? આટલા ઊંડા ખાડા તો કોઢમાં નથી પડતા તો વળી ઘરમાં તો પડતા હશે ?'

બીજો કોઈ હોત તો ફોજદારે એને ધમકાવી કાઢ્યો હોત; વળી ગામલોકોએ પણ 'હવે એ તો અમે બધુંય કળી ગયા છીએ ભગત. પણ ગળફા ઉપર તો ધૂળ વાળવી કે ઊલટો ઉઘાડો કરવો ?' આમ બોલીને અત્યાર સુધી જે થોડીઘણી ધૂળ હતી એ પણ ખસેડી નાખી અને આ બધું અધૂરું હોય તેમ કાનજીએ પૂરું કર્યું : 'ને ઢોરની ખરીએ ખાડો પડે એ માન્યું સા'બ, પણ એવા ખાડા તો તાંસળાની પેઠે ઢળતા હોય કે આ– તપેલીની પેઠે ઊભી કોરે હોય ?'

નછૂટકે ફોજદારને કાગળિયાં કરવાં પડ્યાં. બીજા એક ઘરની તપાસ કરવાની હવે જરૂર ન લાગવા છતાંય ફેરો તો મારવો જ પડ્યો. પણ ગામમાં તો ડંકો વાગી ગયો કે આ મામલો ધૂળિયાને ત્યાં નથી બન્યો પણ

ભીમા પટેલને ત્યાં બન્યો છે. પછી તો, 'ઉકલ્યો કોયડો કોડીનો' એ હિસાબે લગભગ બધાંયની આંખ આગળથી પાટા ખસી ગયા– બુદ્ધિ ઉપર દેવાયેલું ઢાંકણું ઊઘડી ગયું : 'ખરી વાત છે !' ભેમાની છોડી દિવાળીને ને રેશમાને ગટરપટર ચાલતું હતું હોં ?'

અને નાની ડોશી તો એટલાં બધાં ખુશ થઈ ઊઠ્યાં હતાં કે કાનજી નજરે ચડ્યો હોત તો એના પગ ધોઈને– પીત નહિ તોપણ પીવા જેટલી તત્પરતા તો દેખાડત જ. એકલાં એકલાં બબડતાં હતાં : 'કાનાએ મારા છોકરાનું ઘર તો માંડી આલ્યું પણ આજ તો નાકેય રાખી આલ્યું !'

આખા ગામમાં કાનજીની બુદ્ધિ અને હિંમતનાં તથા ધૂળા ઉપરની એની આ ભલાઈનાં વખાણ થઈ રહ્યાં હતાં. પરંતુ ધૂળો તો કાનજી ઉપર બળી જ રહ્યો હતો. મનમાં થતું પણ હતું : 'એને કોણે ડહાપણ કરાવ્યું તે મારી આબરૂ સાચવવા દોડી આવ્યો ?– પેલા ભવનો વેરી છે તે જ્યાં જુઓ ત્યાં આગળનો આગળ નડે છે !–'

જ્યારે જીવીના આનંદનો તો પાર જ ન હતો અને એ આનંદ પોતે કલંકમાંથી બચી એનો જેટલો ન હતો એનાથી અનેકગણો તો કાનજી જેલમાં જતો બચી ગયો એનો હતો. એ માટે એણે કંઈક તો બાધાઓ રાખી હતી. દૂધ ઘી ન ખાવાની આખડીઓ પણ લઈ લીધી. એનું ચાલતું હોત તો આ સમાચાર સાંભળતાં જ કાનજીનાં ઓવારણાં લેવા– એને ગળે વળગી પડવા– દોડી ગઈ હોત. ઘરમાં પેસતાં કાનજીને એણે વધાવી લીધો હોત. પરંતુ આ હાલતમાં તો, કાનજી હવે ભગતને ત્યાં આવે ત્યારે છેટે રહ્યે રહ્યે નજરેથી જ એનાં ઓવારણાં લેવાં રહ્યાં. આંખની અમીથી જ વધાવવો રહ્યો.

૧૬. વિદાય

માનવીના મનનું– એની લાગણીઓનું કશું જ ઠેકાણું હોતું નથી. ઘડી પહેલાં જેને માટે તિરસ્કાર વર્ષાવતો હોય એને જ માટે એ પાછો આંસુ સારવા મંડી પડે છે. ઘડી પહેલાં લાગતી અનીતિ ઘડી કેડે એને કોઈ આદર્શ નીતિ થઈ પડે છે.

કાનજી માટે પણ આમ જ બન્યું હતું. ગામલોકો એનાં વખાણ કરવા મંડી પડ્યાં હતાં : 'આ કાનજીએ આટલું ઉપરાણું ન લીધું હોત તો બિચારા ધૂળિયાનું કુણ બેલી હતું ? એ તો કાનજી જ એક એવો નીકળ્યો કે મુખી સામે જનમનું વેર બાંધ્યું ને વાઘ જેવા અમલદારની સામેય બાખડી બાંધી.'

લોકનાં વખાણ સાંભળતાં કાનજીને હસવું આવતું : 'મારી નાખ્યા કેડ છાંયડે નાખવા જેવી વાત કરે છે ને !' અને પરદેશ જવા ડગમગતા જીવને કહ્યું : 'ચાલ જીવ ! આપણે તો જવું છે. એ જ ખરું છે !'

ભગતને ત્યાં થતી કાનજીના જવાની વાત સાંભળી હતી ત્યારથી જીવીના જીવને ચટપટી લાગી હતી : 'મને મળ્યા વગર જશે ?– ક્યાં મળું ? કોની મારફત કહેવડાવું ?–' તો વળી એમ પણ થતું હતું– પોતાની જાતને પોતે જ સવાલ પૂછતી : 'તારે એને શું કામ મળવું છે ? મળીને શું કહીશ ? પરદેશ જતો રોકવો છે ?–' અને ગળગળે હૈયે મનને સમજાવતી : 'ના ના, શું કામ બાપડા દુઃખી જીવને વધારે દુઃખી કરે છે ? પરદેશ જવાથી એ સુખી થતો હોય તો ભલેને જતો– તું

બોલીશ નહિ, જીવી ! ના કહીને એને અપશુકન કરાવીશ નહિ– ભલે જતો !'

પરંતુ આ મળવાની બાબતમાં કાનજીને શાં શાં મંથનો થતાં હતાં એ જીવી બિચારી શું જાણે ? એ મંથનોમાં જ તો એણે બે દિવસનું મોડું કર્યું હતું ને ? શા માટે મારે એને મળવું ને મળું તોય કયું મોંઢું લઈને ? મારા એક વચનમાં જ આવવા તૈયાર થનાર એ જુવાન છોડીએ શા શા ઘોડા નહિ દોડાવ્યા હોય ? પણ અહીં એના આવ્યા પછી મીં કોઈ દન એની સાથે નિરાંતની વાતેય નથી કરી. આટઆટલો એને માર પડે છે પણ કોઈ દન બોલાવીને મીં એને દલાશાના બે શબ્દેય નથી કહ્યા ! ને આજ હું હવે કયે મોંઢે એને મળવા બોલાવું ? હું અહીં હતો તોય એને શું લાભ કરી આપ્યો તે ? ઊલટું મારા લીધે બેચાર વાર માર ખાધો ને ધણીધણિયાણીનાં આંખ વઢણ થયાં એ તો છોગાનાં. આટલું અધૂરું છે તે એને મળવા બોલાવીને વળી પૂરું કરું એમ ને ?' અને આવા વિચારોને અંતે કાનજીએ જીવીને મળવાનું માંડી જ વાળ્યું.

પરંતુ નીકળતી વખત જીવીને જોયા વગર તો એનાથી ન જ રહેવાયું. 'કુણ જાણે પાછા ક્યારે અવાય– ત્યાં સુધી કુણ જીવ્યું ને કુણ મર્યું !– જતાં પે'લાં એને એક વાર જોતો તો જઉં જ– ભેગા ભેગી ભગતનેય એમને ઘેર જ મળી લેવાશે–' અને આ વિચાર સાથે કાનજી મોટાભાઈને દિલાસો આપ્યા કેડે ભગતને ભેગો થવા ઊપડ્યો.

થોડીક વાર પહેલાં જ જીવી છાશ લેવાને બહાને ગામમાં ફરી આવી હતી. કાનજી ઘડી કેડ ઊપડવાનો છે એ વાત પણ જાણી લાવી હતી. અને એના ઘર આગળથી પસાર થતાં એને સાફો બાંધતો પણ જોઈ આવી હતી. ઘેર આવી તોય એની આંખો તો ભગતને ત્યાં જ મંડાઈ રહી હતી. ચોપાડમાં ઘડીકમાં વાસીદાનાં ટોપલાં ભેગાં કરે તો ઘડીકમાં વળી બહારના ખૂંટેથી દામણાં છોડી વાળવા વળે, ને આમ કરીને એ આઘાપાછી થવા લાગી. હાથમોં ધોયાં હતાં છતાંય પાણીનો લોટો ભરી નેવાં આગળ બેઠી. અને હાથમોં ધોવાનું પતી જતાં એની નજર

માળા નીચે પડેલા પોદળા ઉપર પડી. ટોપલું લાવી એ બેચાર પોદળા ભરીને ઉકરડે નાખવા ગઈ. ભગતની ચોપાડ તરફ નજર કરી તો ભગત એકલા હુક્કો પીતા બેઠા હતા. જતાં તો ન બોલાયું પરંતુ વળતી વખતે તો એણે પૂછી નાખ્યું : 'તમારા ભાઈબંધને ભેગા થવા ન ગયા કે, ભગતકાકા ?' અને જરા વધારે લાજ તાણી ભગતના આંગણામાં છાણનો પોદળો ઉઠાવવા નમી.

'કોની ? કાનજીની વાત કરે છે ને ? પણ મને લાગે છે હજુ એ નીકળ્યો નહિ હોય ! ભલું હશે તો તો એ જ મને ભેગો થવા આવશે.'

'તો તો ખરી વાત !' કહી જીવી ઘેર આવી. પાછો પાણીનો લોટો લાવીને હાથ અને બલોયાં ધોવામાં ઠીક ઠીક સમય પસાર કર્યો. ઊઠીને પીઠ ફેરવવા જાય છે ત્યાં તો ફળિયાને પેલે નાકે મંડાયેલી એની નજર હસી ઊઠી; કાનજીનું લાલ છોગું ફરકી રહ્યું હતું.

ભગત જોડે વાત કરતા કાનજીની, અને ઘરમાં સવાલ પૂછતાં ડોશીને જવાબ આપતી જીવીની – બેઉની – મનોદશા અત્યારે વિચિત્ર હતી. કોણ શું પૂછે છે ને પોતે શો ઉત્તર વાળે છે એનું એમાંથી એકેયને ભાન ન હતું. કાનજીને ભગત પૂછતા હતા : 'ક્યાર સુધીમાં પાછો આવવાનો છે ?'

'માલિક લાવે ત્યારે ખરો !' કાનજીએ જીવી તરફ જોયું.

ફાળિયું બાંધતાં બાંધતાં ભગતે વળી પૂછ્યું : 'કાગળબાગળ તો લખીશ કે એય ભૂલી જવાનો ?'

કાનજીએ ભારે શ્વાસ લેતાં કહ્યું : 'ભુલાતું હોત તો વળી શું જોઈતું'તું ભગત !' અને ફિક્કું હસતાં આગળ બોલ્યો : 'મારાથી તો નહિ ભુલાય પણ તમે તો મને ભૂલી જ જજો !' કહેતાં જીવી તરફ વળી એક નજર નાખી ભગત સામે મોં મલકાવતાં બોલ્યો : 'તમારા જેવા ભગત માણસને અમારી માયામાં પડીને શું કામ નાહક ખરડાવું ?'

આ બધું સાંભળતી અને મૂંગી મૂંગી મૂંઝાયા કરતી જીવી કાનજીને જાણે આ બીજી વાર જોતી હોય એમ એકી નજરે તાકી રહી હતી; અને

ખરું પૂછો તો આ વેષમાં તો કાનજીને આ બીજી જ વાર જોતી હતી. પહેલી વાર મેળામાં મળ્યાં ત્યાર પછી બીજી વાર અત્યારે તે દિવસની પેઠે આજે પણ એ એને છોડીને જતો હતો.

જીવીએ ભગત પાછળ ચાલતા કાનજીને પોતા તરફ જોતો ને બોલતો સાંભળ્યો : 'જોગીપરાની વાટે જઈશ તો ઠીક પડશે ભગત, કેમ ?'

ચોપાડમાં ઊભે ઊભે કાનજીની પીઠને જીવી તાકી જ રહી, પહેલી વાર મળ્યો ત્યારે પણ પોતાના મનને, 'એનું ગામ કઈ બાજુ આવ્યું કોણ જાણે ! કોણ જાણે હવે ક્યારે મળાશે ? કદાચ આ ભવમાં ફરી નય મળાય !– પરદેશીની તે વળી પ્રીત શી ?' આવી જ ગડમથલમાં મૂકીને એ ચાલતો થયો હતો. આ છ મહિનાના લોહીઉકાળા પછી આજે પણ જીવીને એમ જ થતું હતું, 'કોણ જાણે ક્યાય મલકમાં જતો હશે; ફરી પાછો કદાચ નય આવે.' –અને તે દિવસની પેઠે જ એની આંખમાંથી ડબડબ કરતાં આંસુ ખરી પડ્યાં.–

એકાએક જીવીને કાનજીનું છેલ્લું વાક્ય, 'જોગીપરાની વાટે–' એ યાદ આવ્યું. એ વખત કાનજીએ પોતા તરફ આંખ ઉલાળી હોય એવો પણ એને વહેમ પડ્યો; મોં સાફ કરતાં એકદમ એ ઘરમાં ગઈ. બોલી : 'રોટલા થાય એટલામાં હું બેચાર લૂગડાં છે તે ધોઈ આવું બાઈ, લાવો તમારો સાલ્લોય આલો, લેતી જઉં.' કહી હાથ આવ્યાં એ લૂગડાં તથા ધોકણું લઈ નદી તરફ ચાલતી થઈ.

ધૂળો, આ ઠંડા પહોરમાં ઘરાકોની હજામત કરવા નીકળી પડ્યો હતો– જોકે ઘેર હોત તોપણ સાસુ એને રજા તો અપાવત જ, કારણ કે આજકાલ વહુ ઉપર એમના ચારેય હાથ ઊતર્યા હતા.

કાનજીને વિદાય આપવા બહુ લોક ભેગું થયું હતું. અને તેમાંય એની ભાભી, મોટાભાઈ, હીરો તથા ભગત તો છેક ગામની ભાગોળ સુધી આવ્યાં હતાં. રતન, કાકાના ખભેથી ઊતરવાની જ ના પાડતી હતી. અને મોટાભાઈ પણ હજુ એનું એ જ કહેતા હતા : 'માની જાને કાના ! વરસાદ આડો હવે મહિનો જ રહ્યો છે ને શું કામ એટલા સારુ

જાય છે ? ને જો ચોમાસામાં નહિ આવે તો મારી પૂરી ફજેતી લૂંટાશે. અડધા અંગે હું એકલો જ–'

'અરે પણ કેમ નહિ આવે, ભલા માણસ ! આ આટલો મહિનો છોને ફરી આવતો.' કહી ભગતે મોટાભાઈને શાન્ત પાડવા પ્રયત્ન કર્યો.

'તમારી કે'વી વાત તો ખરી છે ભગત, પણ એ પરદેશમાં એણે તો ખાધું છે કે ભૂખ્યો છે, નોકરી મળી કે ન મળી– ને એ તો શહેરનો મામલો, ભગત !–' કહેતાં મોટાભાઈનું ગળું ભરાઈ આવ્યું. માંડ બોલી શક્યા : 'મૂઓ ઘેર એક પૈસોય ન લવાય તો, પણ તું તારી દેઈ(દેહ)ને દુઃખ ન પાડતો ભાઈ !– ગાયના શકન થાય છે એટલે વાંધો તો નથી.–' કહી મોટાભાઈએ બાજુમાંથી પસાર થતી ગાયને હાથ અડાડી માથે ચડાવ્યો.

ભાભીની જીભ ભલે લાંબી હતી પણ તોય એક રીતે કાનજી એમને કમાઉ દીકરા જેવો હતો, પછી આંખમાંથી આંસુની ધાર છૂટે તો એમાં નવાઈ શી !

'લો હવે મળી લો, પાછો તાપ ચડે છે.' કહી ભગત ઊભા રહ્યા.

ભાઈ-ભોજાઈને ભેટતાં કાનજી છૂટા મોંએ રડી પડ્યો. જાણે પહેલે આણે છોકરી સાસરે ન જતી હોય ?

અત્યાર સુધી હિંમત દાખવતા ભગત પણ કાનજીને ભેટતાં ઢીલા પડી ગયા અને તે એટલે સુધી કે છેવટે કાનજીને રડતાં રડતાં કહેવું પડ્યું : 'આ શું ભગત ! તમે તો સાધુ જેવા છો ! તમારી આંખમાં આંસુ તે વળી શોભતાં હશે ?'

'શરીર સાચવજે, કાગળ લખજે, પાછા વહેલા આવજો ભાઈ !' વગેરે વાક્યોથી ત્રણેય જણે કાનજીને વિદાય આપી.

ભેટતી વખતે ખભેથી માંડ નીચે ઉતારેલી રતન કાનજીના હાથને એવી તો વળગી રહી હતી કે એની બાએ જ્યારે મારવા લીધી ત્યારે જ છૂટી પડી. કાનજીએ એને બચીઓથી અકળાવી નાખી, માંડ બોલી શક્યો : 'આવજે રતન !' અને યોગ્યાયોગ્યની પરવા કર્યા વગર જ કહી નાખ્યું : 'આને એની નવી કાકી (જીવી) પાસે જવા દેજો ભાભી, ત્યાં એને ઠીક

ફાવશે.' અને ડૂસકે ચડેલી રતનને વળી બેત્રણ બચીઓ કરી, પીઠ ફેરવી ગયો. હીરો હજુ સાથે જ હતો.

ભાભીને વહેમ પડ્યો : 'હીરોભાઈયે જાય છે કે શું ?'

'ના રે, એ તો પણે સુધી વળાવવા. એ બિચારો જંજાળી માણસ તે ક્યાં જતો હશે ?' ભગતે કહ્યું, અને ત્રણે જણે ગામ તરફ પીઠ ફેરવી.

કાનજી તથા હીરો બેઉ જણ ચુપચાપ ચાલતા હતા. હીરાના હાથમાં ચલમ હતી પણ કાનજીને આપવાનું ભાન જ ન હતું. બેઉ જણને ઘણું ઘણું કહેવું હતું. ઘણું તો આ પહેલાં કહેવાઈ ચૂક્યું હતું; છતાંય હજુ જાણે બહુ બાકી હતું. આખરે ગામની નદી પણ આવવા થઈ. કાનજી, એક વડ નીચે થોભતાં, 'લે તમાકુ મેલ, હોય તો.' કહી નીચે બેઠો. ખભાની પોટલી ખોળામાં લીધી. હીરો ચલમ ભરવામાં ગૂંથાયો.

કાનજીએ બોલવાની શરૂઆત કરી : 'હીરા ! તું તો મારા ભાઈ જેવો છે, તને શું કહું ? બીજું ગમે તેમ થાય પણ મોટાભાઈનું જરા ધ્યાન રાખતો રે'જે, ચોમાસામાં અવાયું ન અવાયું !–'

'આ તું શું બોલતો હોઈશ, કાનજી ? ચોમાસામાં ન આવે એ તે કંઈ ચાલે ? ને હીરો ઘણીય મદદ કરવા તો જાય પણ એ તો એનું સંભાળે કે તારું ?' કહી દમ લગાવી ઉમેર્યું : 'આવું ગાંડપણ જોજે કરતો ! નકર તારા મોટાભાઈ હાડના તો ભાંગેલા છે એ છે, પણ હામેય ખોઈ બેસશે, ને મથીને ગામની હારમાં ઘર રાખ્યું છે એ બધુંય રંડેફંડે થઈ જશે.'

'ના ના, હું આવીશ તો ખરો, પણ આ તો–'

'એ પણબણ કંઈ નહિ. મને પૂછે તો આમેય નીકળ્યો છે ત્યારે સગાંવહાલાંમાં પંદર દન ફરી આવવું હોય તો ફરી આવ, ને હજુય ઠીક કહું છું, આ નોકરીફોકરીનું તૂત તો જવા જ દે !'

કાનજી ફિક્કું હસ્યો : 'અરે ભલા માણસ, પણ હું નોકરી કરવા જ ક્યાં જઉં છું ? આ તો ઠીક છે મહિનો માસ જે ટૂંકો થયો એ, આ લાયોમાંથી જેટલું વેગળા રે'વાય એટલું સારામાં.' કહી મોંએ બીડી

અડાડવા જતા કાનજીને તે પહેલાં એક ભારે શ્વાસ લેવો પડ્યો. ત્યાર પછી વળી બેઉ જણ ચૂપ થઈ બેઠા. આખરે કાનજી ઊઠ્યો. ભેટતી વખતે બેઉ જણ રડી પડ્યા.

શા કારણથી કાનજી ગામ છોડીને જાય છે એ તો હીરો પણ જાણતો હતો. એટલે જ તો એને અત્યારે જીવી ઉપર દાઝ ચડી રહી હતી ને ? એવામાં આંખો સાફ કરતા કાનજીને બોલતો સાંભળ્યો : 'હીરા ! જીવીના તરફ જરા ધ્યાન રાખજે હો ! એનું બિચારીનું હવે.... તારા વગર બીજું કોઈ નથી !–' અને આંખમાંથી સરસર કરતી વહી રહેલી ધારોને સાફાના તલાથી સાફ કરવા વળ્યો.

આ શબ્દોએ હીરાના હૈયાને વળી રોતું કરી મૂક્યું : 'કશો વાંધો નથી; તું તારે બેફિકર રે'જે. લે જા હવે, દન હમણાંથી જ માથા ઉપર આવ્યો છે.'

બેઉ જણ છૂટા પડ્યા. હીરાએ ગામ તરફ ડગ ભર્યાં, કાનજીએ નદી તરફ. પરંતુ નદીનો કાંઠો ઊતરતાં ઊતરતાં તો કાનજીએ કંઈ દસેક વાર– પાછળ તો વળી આસપાસ દૂરદૂર સુધી નજર દોડાવ્યા કરી, એક લાલ લૂગડું જોતાં થોડી વાર થંભ્યો પણ ખરો પરંતુ એને અવળી દિશામાં જતું જોઈને હતાશ જ થયો. એક ભારે નિશ્વાસ નાખતાં બબડ્યો : 'અરે ભૂંડા ! હવે મળે તોય શું, ન મળે તોય શું ?' અને આમ ભારે હૈયે નદીનો ઢાળ ઊતરવા લાગ્યો.

પણ નદીમાં પગ મૂકતાં જ એની નજર જીવી પર પડી. આનંદનું માર્યું કાળજું જાણે ઠેકવા માડ્યું. ઢોર પાવા આવેલાં છોકરાંની દરકાર કર્યા વગર જ એની તરફ વળ્યો. કપડું નિચોવતી જીવી ઝટ ઊભી થઈ ગઈ. બોલી : 'પેલી કણજી નીચે હું આવું છું.'

કાનજી ત્યાં જઈને કણજીની ડાળ ઝાલી ઊભો રહ્યો. એને ખાતરી હતી કે જીવી ચોધાર આંસુએ રડતી જ આવશે અને એ હિસાબે એને દિલાસો દેવા શબ્દો પણ ગોઠવી રહ્યો હતો.

પરંતુ જીવીએ તો કોઈ બીજો જ નિર્ણય કર્યો હતો : 'જતી વખત

આંસુ પાડીને અપશુકન તો નહિ જ કરાવું.' અને આ નિર્ણય કરતાં જ એણે રડાય એટલું રડી લીધું હતું.

પાસે આવતાં આવતાં હસમુખી જીવી પૂછતી હતી : 'જવું હતું ત્યારે જરા વહેલું નિકળવું હતું ને ! માથે તાપ શું કામ લીધો ?'

કાનજીને કહેવાનું મન તો થઈ આવ્યું : 'હૈયાના તાપ આગળ માથાનો તાપ તો કંઈ વિસાતમાં નથી, જીવી !' પણ એ ન બોલતાં વહેવારિક વાત જ કરી : 'નિકળ્યો'તો તો વે'લો, પણ બધાંથી છૂટા પડતાં મોડું થઈ ગયું.'

હજીય જીવી હસી રહી હતી, એણે પણ કણજીનું ડાળું પકડ્યું, પાંદડાં તોડતાં પૂછ્યું : 'પાછા ક્યારે આવશો ?'

'શું કહેવાય ?'

'તોય વરસાદ પડતાં આવશો જ ને ?'

'જોઉં છું.' કહી જીવી સામે જોતાં બોલ્યો, 'એ કંઈ મારા હાથની વાત નથી,' અને કઠોર લાગતા પ્રિયજનના હૈયા ઉપર ઘા કરવાની મનોવૃત્તિથી પ્રેરાઈને જ હશે, 'એમ એટલામાં પાછા અવાય એવું હોત તો ઘર ને ગામ છોડત જ શું કામ ?' કહી જોડાની અણીથી નદીની રેતમાં લીટીઓ દોરી રહ્યો.

'ખરું !' એના હોઠ ધ્રુજી રહ્યા હતા. નજર ઝાંખી પડતી હતી.

જીવીની સૂરત સામે જોતાં કાનજીએ ફેરવી વાળ્યું : 'ના ના, એવું તે હોય ? માણસ બધુંય છોડી શકે, પણ એનાથી પોતાનું વતન તે કેમ કર્યું છૂટવાનું છે ?'

'બીજા કોઈથી ન છૂટે પણ તમારાથી તો એય છૂટે !–' અને કણજીની ડાંખળી ચીરતાં આંસુભરી આંખે કાનજી તરફ જોઈ ઉમેર્યું : 'તમારું કાળજું કંઈ મનેખનું ઓછું છે ?'

કાનજીએ વળી એક લાંબો શ્વાસ લીધો. નીચી દૃષ્ટિ રાખીને જ બોલ્યો : 'એ તો એક હું જાણું છું ને મારો જીવ જાણે છે !– મનેખનું કાળજું ન હોત તો આજે ઘરબાર છોડીને જવાની જરૂર જ નો'તી !' કહી

આંખનાં આંસુ મોં વાટે ન નીકળવાનાં હોય એમ નીચલા હોઠને દાંત વચ્ચે લઈ જોરથી દબાવ્યો.

બેઉ જણ ચૂપ હતાં. દૂર દૂર નદીમાં નાહતાં છોકરાંનાં અવાજ અને પક્ષીઓના કિલકિલાટને શાન્તિ જાણે ભરખી ન જતી હોય એમ આ બે જણની આસપાસનું વાતાવરણ શાન્ત અને ભયંકર લાગતું હતું.

આખરે જીવી બોલી : 'શું કામ મોડું કરો છો ?'

કાનજી એની ધૂનમાં જ બબડતો હતો : 'હાસ્તો ! હું જાઉં એમાં જ ઠીક છે. એ વગર તારું કે મારું કોઈનુંય ભલું થવાનું નથી.'

જીવી મનમાં મનમાં વિચારી રહી હતી કે બોલતી હતી એનું તો એને પોતાને પણ ભાન ન હતું : 'કુણ જાણે તે, એ તો ભલું થાય છે કે ભૂંડું થાય છે !'

એકાએક કાનજી ટટાર થયો, એની આંખમાં કોઈ જુદી જ જાતનું તેજ હતું. જીવી પાસે એક ડગલું ભરતાં પૂછ્યું : 'મારું એક કહેવું માનીશ ?– ચાલ, આપણે બેય જતાં રહીએ ! છે હિંમત ?'

ક્ષણેક તો જીવી ખુશ થઈ ઊઠી. ફાટી આંખે કાનજી તરફ મંડાતી એની નજર જાણે પૂછતી હતી : 'સાચી વાત ?' કાનજીની કોટે વળગી પડવા જેટલો ઉછાળો આવ્યો. પણ બીજી જ ક્ષણે એ ઢીલી પડી ગઈ. ભારે આંખોને નીચી ઢાળતાં માંડ બોલી શકી : 'ના ના, તમે તમારે જાઓ ! મારાથી–' સાલ્લાના પાલવમાં મોં સંતાડી તરત જ પીઠ ફેરવી ગઈ. પથ્થરો સાથે અફળાતા એના પગ જોઈને લાગતું હતું, જાણે એને પીઠ પર લબડાવીને કોઈ ઢસડી ન જતું હોય !

જીવી તરફ તાકી રહેલા કાનજીએ ભાન આવતાં પગ ઉપાડ્યો. જીવી તરફ એક નજર નાખી પીઠ ફેરવી ગયો. પરંતુ એની પણ એ જ દશા હતી. ઠાણમાં જવા મથતા ટાંગાના ઘોડાને જાણે અવળી દિશામાં ન દોરતો હોય એમ એ પોતાના જીવને ફટકો મારતો સીધે રસ્તે ચડાવી રહ્યો હતો.

નદીનો કાંઠોય ચડ્યો ને ત્યાર પછી બે ખેતરવા રસ્તો પણ કાઢ્યો.

પરંતુ હજુય એને, આખી નદી જાણે વિલાપે ન ચડી હોય એમ સંભળાતું હતું : 'આવું કરવું હતું તો મને અહીં શું કામ લાવ્યો ? શું કામ મને ભૂંડા ધણીને પનારે નાખી ?–'

કાનજીની આંખમાંથી ડબડબ ખરી રહેલાં આંસુમાંથી એકબે જોડાની ઠોકરે ચડતાં તો વળી કોઈ ધૂળમાં જ સમાઈ જતાં. ભાન આવતાં ફટ કરતીકને આંખો સાફ કરી નાખી, પાછળ એક છેલ્લી નજર નાખી. સામે કાંઠે ખેતરોમાં જઈ રહેલી એક લાલ આકૃતિને જોઈ રહ્યો. નિઃશ્વાસની એક અંજલિ આપી, ડોકને સામે રસ્તે વાળતાં બબડ્યો : 'મૂઠી એવડા જનમારામાંય કેટકેટલી ભવાઈઓ ભજવવી પડે છે ?'

૧૭. વ્યર્થ પ્રતીક્ષા

ઘરદીઠ રૂપિયા રૂપિયાની પાનસોપારી લીધા પ્રમાણે ફોજદારે કામ પણ કર્યું હતું : લગભગ સાજા થવા આવેલા રેશમાને દવાખાનામાંથી નસાડી દેવામાં મુખીને ઠીક ઠીક મદદ કરી હતી, અને પછી તો કેસ એની મેળે જ દબાઈ ગયો.

પરંતુ આ બનાવે ગામલોકોને આ નવરા દિવસોમાં વાતો કરવાનો ઠીક ઠીક મસાલો પૂરો પાડ્યો હતો. કોઈ કહેતું હતું : 'મીં રેશમાને જોયો'તો. શિક્કો (સિકલ) તો એવો ફરી ગયો છે કે ક્યાંય વગડામાં એકલો મળ્યો હોય તો જોઈને બીક લાગે. નાક તો જાણે ગારનો લપકો ન મૂકી રાખ્યો હોય એવું દેખાય છે ! એક આંખનો તો ડળિયોય નીકળી ગયો છે–'

પણ ધૂળાને તો રેશમાની આંખ, નાક કરતાંય એના પેલા ચાંદીના કડાની જ વધારે પડી હતી. એક દિવસ નવરાશ મેળવીને પાંચ ગાઉ પર રહેતા રેશમાને મળ્યો પણ ખરો– પણ રેશમાએ તો એને સૂકું નારિયેળ જ આપ્યું : 'અરે કંઈ ગાંડો થયો ? કડું તો ગયું પેલી વિધિમાં.'

અને આ સાંભળી ધૂળાની મુશ્કેલી વળી વધી. લાચાર અવાજે કહ્યું : 'મૂઉં કડું ગયું એ તો રેશમાભાઈ, પણ પેલી મૂઠ તો હજી– ન મારી હોય તો ન મારતો, ને મારી હોય તો હવે પાછી વાળી લેજે, ભાઈસા'બ !'

ધૂળાની મૂર્ખાઈ ઉપર હસતા રેશમાએ ટૂંકમાં જ પતાવ્યું : 'ભલે.'

ધૂળાએ ઊઠતાં ઊઠતાં પણ, 'પેલો તો ગયો છે હવે, માટે આ તો વાળી લેજે, ભાઈસા'બ ! એ રાંડને તો હું હવે ઠેકાણે લાવી દઈશ.' આમ

કહીને એની પાસેથી વચન પણ લઈ લીધું.

કોણ જાણે કડું ખોયું તેથી, કે રેશમો પેલી મૂઠ નહિ વાળી લે તો બીજું કડું ખોતાંય પત્તો નહિ ખાય એ વિચારથી, ગમે તે કારણ હોય પણ એ મનમાં ખૂબ ધૂંધવાઈ ઊઠ્યો હતો. આ બધાયના મૂળમાં એને જીવીનો જ દોષ દેખાતો હતો. એના આવ્યા પછી, પોતે આબરૂમાં ને પૈસેટકેય ઘસાતો જતો હતો એમ પણ એને લાગવા માંડ્યું. મનમાં થતું હતું : 'રાંડ આવી છે, ત્યારથી જ બળાપા લઈને આવી છે.'

ઘેર પહોંચતાં પહોંચતાંમાં તો એનો ગુસ્સો પણ ટોચે જઈ પહોંચ્યો હતો–

અને જો જીવી ઉપર એણે મોકળા મને હાથ ઉપાડ્યો હોય તો તે આજે જ. વાંક એટલો જ હતો– જીવીએ એને માટે પાણી ગરમ નહોતું રાખ્યું.

જીવીને છોડાવવા આવેલાં ડોશીએ કહ્યું પણ ખરું : 'પણ ભાઈ, અમને શી ખબર કે તું અત્યારે આવવાનો છે ? ને એમાં મારે છે શું કામ ધૂળિયા ? તું હુક્કો પીશ એટલામાં તો–'

પણ ધૂળાએ તો 'ત્યારની મારે દાવે આવી હતી ! મરશે મરશે કરીને જતી કરી એટલે ?–' આવા બરાડા સાથે દીધે જ રાખી.

એક લાકડી ડોશીને પણ વાગી ગઈ. ડોશી ઊકળી ઊઠ્યાં : 'તારું નખ્ખોદ જાય તે, જરા જો તો ખરો !–'

'તમે જ રાંડને આમ કરીને બગાડી છે તો !' કહી વળી પાછો જીવી તરફ ફર્યો : 'તે દન કયો ધણી પરદેશ જતો'તો તે નદી સુધી વળાવા ગયાં'તાં ?' ધૂળો બબડ્યો.

આ સાંભળીને તો ડોશી પણ, 'ઓ મરો ત્યારે ભય જણ ભેગાં થઈને !' આમ બબડતાં બબડતાં બહાર નીકળી ગયાં. મનમાં થતું હતું : 'ઠીક છે, એમ પડશે ત્યારે જ રાંડ તો સીધી થશે. મીંકું આ તો પાંશરી થઈ ગઈ છે પણ બાઈના તો આવા ચાળા ભાળું !'

જીવીની આંખ હવે ફરી ગઈ હતી; જાણે જગદંબા. ધૂળાના હાથમાંથી

એક જ આંચકે લાકડું ઝૂંટવી ખૂણામાં ફેંકતાં બોલી : 'પોંચ (શક્તિ) તો મળે નહિ ને મારું પીટ્યું અહીં મારવા આવ્યું છે !'

અને ધૂળાની આ કારમી મુસીબતમાં– કારમી એટલા માટે કે એક બાજુ વીફરેલી જીવીનો એને ડર લાગતો હતો. બીજી બાજુ જો જીવીને દબાવી ના પાડે તો એનું પૌરુષ લાજતું હતું !– સામેથી ભગત આવી ગયા. ધૂળાની ધૂળ કાઢી નાખી; ડોશીનાં પળિયાંમાં પણ ચપટીએક ભભરાવી અને જીવીને પણ કાળના મોંએ કહી નાખ્યું : 'રોજના ફજેતા થાય છે ત્યારે ક્યાંય ઝેરેય નથી મળતું ?'

કાનજીના ગયા પછી ભગતના જીવને આ બધી લાયો જ હતી ને ? ગણીએ તો હીરાને પણ લાય તો ખરી જ. પરંતુ એને તો 'જીવી ડાકણ છે– કાનજીને મોહની કરી દીધી છે.' એવો વહેમ હતો એટલે એક રીતે, 'માગે જ છે.' એવું કંઈક ખરું; ઉપરાંત એનું ઘર પણ થોડુંક છેટે એટલે અડધી ધાંધલ તો સંભળાય પણ નહિ.

ભગતે કહેલું– 'ક્યાંય ઝેરેય નથી મળતું !' એ વાક્ય જીવીના મગજમાં ઠીક ઠીક દિવસ સુધી ઘોળાયા કર્યું. પોતાના પિયરમાં જ એક છોકરી.... ને રોટલામાં નાખીને ખાઈ ગઈ હતી. બે ઘડીકમાં જ દુઃખના ડુંગરા રાખરૂપ થઈ ગયા હતા; જીવીને આ બધું યાદ આવ્યું. એ પ્રમાણે કરતાં એનેય વાર લાગે એમ ન હતું. પરંતુ એને થતું હતું : 'હવે મહિના માટે ? એક વાર એને (કાનજીને) જોઉં, છેલ્લું મળી લઉં; પછી મરવું તો છે જ ને ?'

કાનજીના દુઃખે તો,– રખેને ક્યાંય ઊડતી ઊડતી વાત ત્યાં પરદેશમાં જાય ને એમનો જીવ બળે એ દુઃખે તો– એ મારપીટની ગામમાં ઝાઝી વાત પણ કરતી ન હતી. એમાં હવે તો એને મરવું જ હતું. ફક્ત એક મહિનાની– કાનજીના આવવા જેટલી જ વાર હતી.

એક તો ઉનાળાના દિવસ અને એમાંય જીવીના તો કારમા દિન હતા. છેક પાછલો કૂકડો બોલતો ત્યારે ઊઠતી. પાલી બે પાલી મકાઈ દળતી, છતાંય રાજદરબારના ઠાઠથી આવતા સૂરજનાં ઠેકાણાં પડતાં ન

હતાં. સહેલાઈથી વાળી– ચડાવાય એટલું વાસીદું ભરીને નાખી આવતી. પાણીનાં ચારપાંચ બેડાં લાવતી, એ પણ જાણે ગણી ગણીને ડગ ભરતી હોય એવી ચાલે. છતાંય સૂરજ તો હજુ માંડ બે વાંસવા ચડ્યો હોય ! પેટને પેટિયું આપ્યા પછી ખાંડણું કાઢતી પણ એય સૂરજના ઢળતા પહેલાં તો ખંડાઈ જતું. રતન પણ થોડાક દિવસ આવીને પછી બંધ થઈ ગઈ હતી. નહિ તો એની સાથે વાતો કરવામાંય સમય પસાર કરત. અને આ ઉનાળામાં વાઢણું-નીંદણું તો હતું નહિ એટલે છેવટે છાણે નીકળતી. એક એક છાણું કરીને ટોપલું મોળે થઈ જતું, પણ સૂરજ તો હજુય આથમણા મેદાનમાં અટવાતો હતો ! વળી પાછી વાડાની વાલોળ વગેરેમાં પાણી રેડીને જેમ તેમ કરી બે બેડાંનો જોગ કરતી. વાછડાં ખોળવા ગામમાં બે આંટા મારી આવતી. અને એમ માંડ માંડ એક દિવસ પૂરો કરતી.

પરંતુ કમબખ્ત રાત પણ એની તો વેરણ બનતી. દિવસે તો આછાપાતળા કામમાં જીવને વળગાડી રાખતી, પરંતુ રાતે શું ? ઘણી વાર તો આઠમના મેળાવાળી છેલછબીલી મૂર્તિ (કાનજીની) જાણે ઢીંચણમાંથી ભાંગી ન ગઈ હોય એવી લાચાર બની ગયેલી દેખાતી. જીવી કહેતી : 'મીં જ તારી આવી દશા કરી છે.' જ્યારે પેલી મૂર્તિ બહેરી હોય, ગાંડપણમાં લવતી હોય એમ બબડતી : 'તું મને ભૂલી જા ગાંડી ! મને માફ કરી દે, ને આ–' કહી એક ઠીંગણું અંગ તથા પહોળું મોં– આવા માણસ તરફ હાથ લંબાવતી બોલતી : 'આનામાં જીવ લગાડ !– એનું બોલાવ્યું જ તારે બોલવાનું છે. એની જિવાડી જ તું જીવીશ– તારે મારે કશું જ નથી. તારા જીવને મારામાંથી વાળી લે !' આવાં તાયફામાં રાત અડધીક તો નીકળી જતી. ઘડીક આંખ મીંચાતી ત્યાં તો ખેતરવા છેટે આવેલા છાપરામાંથી ખોડીલો કૂકડો, પેલા ભવનો વેરી હોય એમ જીવીના કાનમાં જ જાણે બાંગ પોકારતો. ત્યાર પછી જીવીની આંખ મીંચાતી તોય ન મીંચાયા જેવી જ– એમ બીજો દિવસ વળી પાછો ઘંટીથી શરૂ થતો.

જેઠ મહિનો અડધો પસાર થઈ ગયો હતો. લોકોના વાડામાં બળતણના ગંજ ખડકાઈ ગયા હતા. પણ કાનજીનો વાડો તો જીવી ખાલી

જ દેખતી હતી. ગામના ઉકરડા પણ ખેતરે પહોંચી ગયા હતા. પરંતુ એનો ઉકરડો તો હજુ પણ ભરેલો જ હતો. કાનજીના મોટાભાઈ કરતાંય જીવીની ફાળ અનેકગણી વધારે હતી : 'નહિ આવે કે શું ?–' અને એક દિવસ એવો જ કાગળ આવ્યો. આખાય ગામમાં ભણેલા ગણો કે વગર ભણ્યા પણ એવા એક ભગત જ રહ્યા હતા. કાનજી તો પરદેશ હતો અને વાણિયાને આંવા 'નવરા' કાગળ વાંચવાની ફુરસદ ન હતી. કાગળનું નામ સાંભળતાં જ લગભગ ચોથા ભાગનું ગામ ભગતને ત્યાં એકઠું થયું હતું. ગામના અવતાર મધ્યે જો કોઈ પરદેશ ગયું હોય તો તે કાનજી જ હતો. હા, એક ઠાકરડો ગયો હતો પણ એનો બાપ ખિસ્સામાં ઘાલીને કોણ જાણે કઈ ઘડીએ ગામમાં આવતો ને કઈ ઘડીએ વંચાવી જતો. આમ મોટાભાઈની પેઠે હાથમાં રાખીને– કોઈ ન પૂછે તો પણ 'કાનાનો કાગળ આવ્યો છે ભાઈ, ભગતની પાસે વંચાવા જઉં છું. કુણ જાણે મહીં શું લખ્યું છે ?' –આમ બોલતો બબડતો ઓછો જતો હતો ?

આખું ગામ ભલે સાંભળે પણ– જો જીવી સાંભળવા જાય તો તો થઈ જ રહ્યું ને ? પોતાનાં નેવાં આગળ ઊભી ઊભી ભગતના ઘર તરફ એવી રીતે જોતી હતી જાણે : 'કાગળેય દેખવા મળે છે ?' એના કાન પણ છેક ભગતનાં નેવાં સુધી જાણે પહોંચી ગયા હતા. અને જો માણસોની આડ ન હોય તો શાન્તિ તો એટલી બધી હતી કે એ જરૂર સાંભળી શકત. ભગતના ધ્યાનમાં પણ એ નહિ હોય, નહિ તો ઉતાવળે વાંચવાનું એમને કહેવું પડે એમ ન હતું.

કાનજીએ અડધા ગામનાં નામ લખ્યા પછી પોતે ચોમાસામાં આવવાનો નથી ને મોટાભાઈને ખેડૂત રાખવા માટે લખ્યું હતું. નોકરી વિષે પણ મોઘમ જ લખ્યું હતું : 'હીરા તથા ભગતને માલૂમ થાય કે ઊંચા આસને બેસીએ છીએ, લાંબી લેખણે લખીએ છીએ. લાખ થાપીએ છીએ ને લાખ ઉથાપીએ છીએ' એવી નોકરી મલી છે.

મોટાભાઈને બબડતા સાંભળીને જીવી એટલું તો સમજી શકી– બીજું તો એના કામનું પણ શું હતું !– કે કાનજી નથી આવવાનો.

ગામલોક પણ કોઈ કાનજીને નીંદતાં, તો કોઈ વળી 'સારી નોકરી મળી હશે ત્યારે જ ને ? અહીં ખેતીમાં શા કાંદા કાઢવાના હતા ?' આમ અટકળ કરતાં વેરાવા લાગ્યાં.

મોટાભાઈનો અવાજ સાંભળીને જીવી પણ ભાનમાં આવી. અકળાયેલા મોટાભાઈ બોલતા હતા : 'ભગત, આજ ને આજ કાગળ લખી દો કે મારે તો ખેડૂતેય નથી રાખવો ને તારા રૂપિયાય નથી જોઈતા, માટે બેઠો હોય ત્યાંથી ઊઠીને સીધો ઘેર ચાલ્યો આવ.–'

જીવીને થયું : 'હુંય લખાવું ? કે જીવી મરવા પડી છે માટે મોઢું જોવું હોય તો આવે.' અને કાનજીનાં જાણે પગલાં ન સાંભળતી હોય એમ એનું કાળજું ધબકી ઊઠ્યું. પરંતુ બીજી જ ક્ષણે એને ભાન આવ્યું કે નથી તો પોતે લખાવી શકવાની ને નથી એ આવવાનોય. એની આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ ખરી પડ્યાં, એ તરત જ ઘરમાં ચાલી ગઈ. એનું રડી રહેલું હૈયું જાણે બોલતું હતું : 'આટલો બધો નકાળજો ?.... આવડો નમેરો !'

પરંતુ મોટાભાઈની પેઠે જીવીને પણ વિશ્વાસ હતો કે હજુય કાનજી આવશે. બીજી બાજુ વખત પણ એનું કામ કર્યે જતો હતો.

ઠરેલા યુવાનીના મદમાં ડગ ભરતી પનિહારી પેઠે પશ્ચિમમાંથી વાદળો આવતાં અને એ જ ચાલે પૂર્વક્ષિતિજનો ઢાળ ઊતરી જતાં હતાં. તો વળી કોક વાર બેચારના ટોળામાં ભેગાં પણ થતાં અને આભને આવરી લેવાની વાતો કરતાં કરતાં કોક વાર બેનાં ચાર થઈ છૂટાં પડતાં, તો વળી ભેગાં ને ભેગાં કોઈ બીજા પ્રદેશમાં ચાલ્યાં જતાં. કોઈ કોઈ વાર તો દિવસ અને રાતભર આમ ચાલ્યા કરતું તો વળી કોઈ દિવસ આભમંડળ આયના જેવું સાફ જણાતું. રડીખડી કોઈ વાદળી ક્યાંય આવી ચડે તો આભલા સામે તાકનારનાં વળી સદ્ભાગ્ય !

પરંતુ જીવીને આભલા સાથે નિસબત ન હતી. એને તો પેલી વાટ સાથે જ લેવાદેવા હતી. એનું ફિક્કું પડી ગયેલું અંગ અને ઊંડી ઊતરેલી આંખો જોતાં લાગતું હતું જાણે એ યુવાનીનો ચમકારો, આંખોનાં પેલાં

ઝબકારા મારતાં તેજ, બધુંયે એ વાટ ઉપર ખર્ચાઈ ન ગયું હોય !

આઠમની સાંજે ઈશાન ખૂણામાંથી એક રૂપેરી વાદળું નીકળ્યું. વધતું વધતું આભલે પહોંચ્યું. પડખામાંથી ફૂલવા લાગ્યું અને પછી તો વાદળામાંથી વાદળું અને એમાંથીય વાદળી ફૂટી. બેય દિશાઓ આવરી લીધી. લોકોનો આનંદ પણ વધી પડ્યો, 'આજ એના ઘરમાંથી ચડાવો કાઢ્યો છે, નક્કી પડવાનો !' આવા ઉદ્‌ગારો પણ નીકળવા લાગ્યા. અને એવું જ બન્યું : જાણે કોઈ માયાવી રાક્ષસ માથું હલાવી માયા ન ઉપજાવતો હોય, એમ ઊંડી ઊંડી ગર્જના સાથે આભલું ઘેરાવા માંડ્યું. રૂપેરી રંગમાંથી રાખોડિયો થયો અને જોતજોતામાં તો આખુંય આભલું કાળા રંગમાં પલટાઈ ગયું. હેઠે ઊતરેલાં અંધારાં ધરતીને વીંટળાઈ વળ્યાં. ઘુઘવાટ કરતો મેઘ હાંકારે ચડ્યો. વીજળીએ તાંડવ શરૂ કર્યાં અને આ ચડાઈથી મૂંઝાતી ધરતીનો ઉકળાટ માણસને પણ પસીને રેબઝેબ કરી રહ્યો.

લોકો ઊંઘના ખોળામાં પડે ન પડે ને આભમાંથી આછા આછા કણ પડવા માંડ્યા. બીજી ક્ષણે, દિશાઓને આંજી નાખતી એક વીજરેખા સીધી ધરતી પર ઊતરી આવી અને આભ ફાટ્યું હોય એવા કડાકા સાથે પાછી ઉપર ચડી ગઈ. વાદળા જાણે તૂટી પડ્યાં. અને તે ત્યાં સુધી કે ચોપાડમાં બેઠા બેઠા આનંદ અનુભવતા કોઈ કોઈ ખેડૂતે તો ઘાંટો પાડી પાડોશીને કહ્યું પણ ખરું : 'ફલાણાભાઈ, પે'લે ધડાકે જ ડાંગર વવરાવે કાં તો !'

ભલે આ રાત આખા ગામ માટે આનંદભરી હતી પણ મોટાભાઈને તો આ શોક અને મૂંઝવણની જ હતી. જ્યારથી કાનજી હળ હાંકતો થયો ત્યારથી કોઈ દિવસ એમણે– નથી તો નેંગોળ કરી કે નથી કોઈ દિવસ છોડી. તેથી જ તો આજે એ મૂંઝાતા હતા. અને એટલે જ તો કાનજી માટે બબડ્યા : 'કોના ભાઈ ને કોનું કાંઈ ! શે'રની સડકો ઉપર ફરવું મેલીને અહીં કાદવ ચૂંથવા તે કુણ આવતું હશે ?–'

પાછલી રાતનો વરસાદ બંધ થઈ ગયો. આભમાં મંડાયેલા ઘમસાણથી નાસી ગયેલા તારાઓ, શાન્તિ છવાયેલી જોઈને, 'ધરતી ઉપર શું શું ગુજરી ગઈ, જોઈએ તો ખરા !' આ વિચારથી બીતા બીતા ડોકિયાં ન

કરતા હોય એમ દેખાતા હતા. સવાર પડતાં પડતાં તો માથા ઉપરનું આખુંય નાટક વેરાઈ ગયું હતું.

ધરતીના રંગ પણ આજે પલટાઈ ગયા હતા : પક્ષીઓએ પણ વહેલાં ઊઠીને પ્રભાતિયાં ગાવાં શરૂ કરી દીધાં હતાં. શાન્તિ ભંગ થવાની બીકે પવન પણ થંભી ગયો હતો.

વળી આજની પ્રકૃતિ જોતાં તો લાગતું હતું જાણે તુરતમાં સ્નાનથી પરવારેલી– છૂટા કેશમાંથી પાણી ટપકાવતી લલના ભક્તિભાવથી લળી પડતી સૂરતે મૂક પ્રાર્થના કરતી ઊભી ન હોય ! ઉગમણે ઝરૂખે આવી ઊભેલો સૂર્ય પણ ધરતી પર ભરાઈ રહેલાં પાણીમાં ડબકડોયાં કરતો હતો. જ્યારે ધરતીના હૈયાની તો વાત જ શી કરવી ? આખુંય વાતાવરણ કોઈ અનેરા પમરાટથી ભરી દીધું હતું.

વહેલી પ્રભાતે મુખીને ત્યાં ગામલોકો એકઠા થયા. અમલ કસુંબા લઈને નવા વર્ષની ઉદ્‌ઘાટનક્રિયા કરી સૌ કોઈ ઘેર આવ્યા. નેંગોળ તૈયાર કરી, ગાયના કે કુમારિકાના શુકન લઈ, કોટે બાંધેલા ઘૂઘરાના અને ઘંટડીઓના ઘેરા મંજુલ રણકાર કરતા બળદોને આગળ કરી સૌ કોઈ ખેતરોને પંથે પડ્યા.

મોડા પડેલા મોટાભાઈએ પણ નરસિંહ મે'તાના વેલડા પેઠે– જોકે બળદ તો રાતામાતા હતા પણ છતે ઘૂઘરેય એમની કોટો તો ખાલી જ હતી– નેંગોળ તૈયાર કરી. રતનના નાજુકડા હાથે ચાંલ્લો કરાવી નાડાછડી બંધાવી. અને એવા જ શુકન લઈ પથ્થરો સાથે અફળાતી હાલના, 'ઘરર ખડિંગ' અવાજ સાથે ખેતર તરફ ચાલવા માંડ્યું. અપશુકનની બીકથી રોકી રાખેલાં આંસુ ખેતરમાં હળ જોતરતાં ફરફર કરતાં ખરી પડ્યાં.

પાણિયારાવાળા ખેતરે જ પહેલું મુહૂર્ત કર્યું હતું એટલે પાણી ભરવા આવેલી જીવીની નજર એમના ઉપર પડે એ સ્વાભાવિક હતું. ક્ષણભર એને થયું પણ ખરું : 'એમના (કાનજીના) હાથે ધરતી ધ્રુજાવતા ચાલતા બળદોની ચાલ ક્યાં અને આ મોટાભાઈના હાથે ગણીગણીને ડગ ભરતા બળદોનું હેંડવું ક્યાં ? બે દિવસ સુધીમાંય આટલા ખેતરને પૂરું કરે તો

ભાગ્ય વળી !' ઠીક ઠીક વાર સુધી તાકી રહ્યા પછી જીવીને ભાન આવ્યું. એક ભારે શ્વાસ લેતાં પોતાના જલતા જિગરને કહેતી હતી : 'આદમીનો અવતાર હોત તો તેય એકાદ દન હળ લઈને મદદમાં જાત, પણ તારો તો બૈરાનો અવતાર પડ્યો. આમ જીવ બાળ્યે શું વળવાનું છે !–' બેડું ભરીને નીકળતાં વળી મોટાભાઈ તરફ જોયું અને બેઠો નિઃશ્વાસ નાખતાં મનમાં બબડી : 'બીજા કોઈની તો ઠીક છે ભૂંડા, પણ તારા મોટાભાઈની દ્યા તો તાકતો !'

છતાંય જીવીએ શ્રદ્ધા છોડી ન હતી : 'આ વરસાદ જો ત્યાં પડ્યો હશે, તો તો કાલે આવ્યો જાણને ?'

અને કાલને આવતાં તે કંઈ વાર હતી ? પણ માણસનેય આશાના તાંતણાને બીજી કાલ ઉપર વળગાડતાં ક્યાં નથી આવડતું ? એવી રીતે જ તો માણસ જીવે છે ! જિંદગી ખુટાડવાનો એ સિવાય બીજો રસ્તો પણ કયો છે ?

પરંતુ જ્યાં હળનો ખરો મોકો વહી ગયો, ડાંગરો પણ વવાઈ ચૂકી, ત્યારે તો જીવીને કાનજીના આવવાની આશા છોડવી જ પડી.

કોઈ કોઈ વાર તો એને એવું થઈ આવતું– હમણાં કાં તો કાળજું થંભી જશે; હમણાં બહાર કૂદી આવશે ! પણ જ્યારે એમાંનું કશું જ બનતું ન હતું ત્યારે એ પોતાની જાત ઉપર વળી ચિડાતી : 'મૂઈ તું ! મરી જતી હોય તોય છૂટકો મટે !'

અને જોકે એ મરી તો ન ગઈ. પરંતુ ત્યાર પછી એ જાણે મોતને પંથે જ પડી રહી હતી. કોઈની જોડે ન બોલવું કે ન ચાલવું. કોઈ વાર હસતી તો તે ન છૂટકાનું જ.

ધૂળાને તો આ જોઈને પેલી મૂઠની અસર જ લાગતી હતી. એટલે એ પણ શૂન્યમનસ્ક થઈને 'શું કરવું ?'ના વિચારમાં ફરતો હતો.

જ્યારે આજકાલ આ બે જણનું વર્તન જોઈને નાની ડોશી વળી ત્રીજી જ લાયમાં પડ્યાં હતાં. એમના મનમાં તો ઠસી જ ગયું હતું કે આ બે જણનાં મન એકમેકથી હવે સાવ ઊંચાં થઈ ગયાં છે. આડોશપાડોશમાં વાત પણ

કરતાં : 'મૂઆં વઢતાં ઝઘડતાં હોય તોય ! એમ કરીનેય એકબીજાને બોલે તો ખરાં ને ? પણ આ તો, બેય મોઢું ચડાવીને ફર્યા કરે છે.'

કોઈ ડોશી અનુભવની વાત કરતી : 'પણ તુંય આખો દન ઘરકૂકડી થઈને ઘરમાં જ ભરાઈ રે' છે તો ! બે ઘડી બહાર નીકળતી હોય તો ધૂળાને છેવટ ખાવાનુંય માગવું પડે; ને પેલીનેય આલ્યા વગર કાંઈ છૂટકો છે ?'

નાની ડોશીએ એમ પણ કરી જોયું, પરંતુ પરિણામ તો એનું એ જ; ન તો ધૂળાએ ખાવાનું માગ્યું કે ન જીવીએ વગર કહ્યે પીરસ્યું.

પૂછી જોતાં ડોશીને માલૂમ પડ્યું કે એણે હાથે લઈને જ ખાઈ લીધું છે. ડોશીનો મિજાજ જીવી ઉપર ઊતરી પડ્યો : 'એ તો ઠીક છે કે હું જીવું છું, પણ કાલ ઊઠીને મરી ગઈ તો તમારો ઘરસંસાર ચાલશે શી રીતે ?'

ચડેલે મોંએ જ જીવીએ જવાબ આપ્યો : 'ચાલશે, ચાલવાનો હશે તો !'

'કેમ આમ બોલે છે 'લી ? તું તો ઘર માંડવા આવી છે કે પછી આમ ઉલાળિયું કરવા ?' કહી કેડે હાથ દઈ જીવી સામે તીરછી આંખે ડોશી તાકી રહ્યાં.

પરંતુ જીવીમાં જાણે લડવાની પણ શક્તિ ન હતી, કંટાળા સાથે બોલી : 'મે'રબાની કરી મારો છાલ (પીછો) છોડો, ભાઈસા'બ !'

પણ આમ કરવાથી તો સાસુનો મિજાજ વળી ઓર ગયો : 'હાસ્તો ! બાપડીને અહીં કોદરાના રોટલા ખાવા પડે છે તે–'

જીવી ઊઠીને બહાર જતાં બબડી : 'એ બોલ્યાં કરો ત્યારે એકલાં એકલાં !'

'હું જોઉં છું જો તું કેવી નથી કરતી ? આટલા જરા તલ વવાઈ જવા દે, પછી જોને મારા પિયરમાં બે મહિના જઉં છું કે નથી જતી ? પછી કઈ સાસુ રાંધી આલનારી છે ? હુંય જોઉં તો ખરી ?' આમ બબડતાં બબડતાં રસોડામાં ગયાં અને પછી ત્યાં તો અવ્યવસ્થાની કચાશ જ શી હતી કે જીવીને લડવા માટે કંઈ બહાનું ખોળવાની જરૂર પડે.

પરંતુ એમનો એ કકળાટ જીવીના કાન ઉપર અથડાઈને જ પાછો ફરતો હતો. કાનનાં દ્વાર બંધ હતાં– જીવ જાણે ખોળિયામાં ન હતો. ડોશીને આજ તો પૂરી ખાતરી થઈ ગઈ કે વહુને માથે પાડ્યા વગર કામમાં કે ઘરમાં એનો જીવ જ નથી લાગવાનો.

એવામાં જ ડોશીને ઘર બહાર નીકળવાનો લાગ મળી ગયો. જીવીના બુઢ્ઢા બાપ મરી ગયા. ડોશીએ કાણે જવાની તૈયારી કરી.

બાપની કાણ કરવા જીવીએ જવું જોઈએ, પરંતુ સાસુને એક બીજી બીક પણ હતી : 'એક તો ઓરમાન માની મરજી ન'તી ને એમાં એનો અહીં જીવ નથી લાગતો. બૈરાં માણસને ફોસલાવતાં વાર શી ? કોઈ બીજે ઠેકાણે વળાવી દે તો નાતરિયા નાતમાં મહેણી જેવુંય શું હતું ? ને અમે પૈસા ખર્ચીને કે સાટે છોકરી આપીને લાવ્યાં'તાં કે નાતમાં ફરિયાદ કરવાય જવાય ?–' એટલે આ હિસાબે સાસુ આડાં ફાટ્યાં : 'ના ભાઈ ના, તારે જવાની કાંઈ જરૂર નથી. એ તો હું જઈશ એટલે બધુંય આવી ગયું.' આમ કહીને જીવીને ઠંડી પાડવા ઉમેર્યું : 'એક વાર મને ત્યાં જઈ આવવા દે, તારી માનેય જરા ટાઢી પાડતી આવું. પછી તું તારે જજે ને મહિનો પંદર દન રહી આવજે.'

જીવીએ નછૂટકે– કારણ કે ન માને તોપણ ઘરમાંથી પગ જ કોણ બહાર નીકળવા દેનાર હતું જ ? એટલે જ માનવું જ પડ્યું.

નાની ડોશીને તો એક પંથ ને દો કાજ જેવું જ હતું : ભાઈનું ઘર પણ એ બાજુ જ હતું. 'થોડાક દિવસ ત્યાં પણ ગાળી અવાશે. અને એ રીતે વહુ-દીકરો એકલાં પડશે એટલે જખ મારીને એકમેકથી બોલશે.' અને આ વિચાર સાથે ડોશીનું બોખું મોં જરા મલકી ઊઠ્યું. મનમાં મનમાં બબડ્યાં પણ ખરાં, 'પછી તો ડોશીનો કોઈ ભાવેય નહિ પૂછે. ધૂળોભાઈ હમણાં તો નથી ખાતા, પણ પછી તો માના હાથનું કાં તો ભાવશેય નહિ !'

જોડે જવા હઠ લઈને બેઠેલા નાના છોકરાને પણ ડોશીએ, 'એય ભલે આવતો. અહીં એનું કામેય શું છે ?' આ વિચારે સાથે લઈ જવાની હા પાડી. વહુદીકરાને જુદી જુદી જ શિખામણ– બેઉની વચ્ચે સંપ વધે તે

રીતની– આપી એક પ્રભાતે ડોશી રવાના થયાં.

રસ્તામાં આવતા ખેતરે જવા સાસુ જોડે નીકળેલી જીવીને પોતાની સખીઓને– ઓરમાન છતાંય પોતાની મા હતી, ભાંડુ હતાં– એ બધાંયને ઘણુંઘણું કહેવડાવવું હતું પણ કશું ન કહી શકી. ખેતર આગળ ખચકાતાં એટલું જ બોલી : 'મારી માને, મારાં ભાંડુઓને બધાંને કે'જો કે.... જીવી તમને ઘણું ઘણું....' અને રુદનને રોકવા મહા પ્રયત્ન કરવા છતાંય 'સંભારે છે' એટલું તો એ ન જ બોલી શકી.

સાસુના ગયા પછી તો જીવીને ઘર વનવગડાથીય ભૂંડું લાગવા માંડ્યું. એટલું સારું હતું કે, વળી પાછી રતન આવતી-જતી થઈ હતી. પણ એનેય એક દિવસ ધૂળાએ બંધ કરી દીધી. રતનનું બાવડું ઝાલીને ઘર બહાર ધકેલતાં પા પા શેરના ડોળા કાઢતાં બોલ્યો : 'ખબરદાર, જો ફેર આ ઘરમાં આવી છે તો !'

જીવીથી બોલ્યા વગર ન રહેવાયું : 'એમાં એ છોડી ઉપર શું વેર વાળો છો ?'

ધૂળાને આ વાક્ય ભાલાની અણી જેવું લાગ્યું. પણ કોણ જાણે કેમ જીવીને મારવાની એની હવે હિંમત જ ચાલતી ન હતી. આવેલા ગુસ્સાને દબાવતાં એટલું જ બોલ્યો : 'વેર તો હજુ વળ્યાં છે ક્યાં ? હવે વળશે.' અને જીવીના દિવસે દિવસે ગળી રહેલા અંગ ઉપર કરડી નજર નાખતાં બબડ્યો : 'ઉતાવળી શું કામ થઈ છે ?'

એને તો ખાતરી જ હતી કે જીવીને પેલી મૂઠ જ લાગી છે. જીવીનું શરીર પણ સાવ ફરી ગયું હતું. ધૂળાને તો એનું હલનચલન પણ ભૂતના ઓળા જેવું જ લાગતું હતું. મનમાં થતું : 'ઘરમાંથી રાંડનો જીવ જ ઊડી ગયો છે ને !' અને ઘણી વાર તો એ મૂઠનાં વંતરાંને ઉદ્દેશી બબડતો પણ ખરો : 'હાળાં, ખાવી હોય તો ખાઈ જાઓને, એટલે નજર આગળથી દીસતી રે' !'

૧૮. જીવતરનાં ઝેર

શ્રાવણ માસની ભરી ભરી વાદળીઓ આવતી અને સરવડે વરસતી ચાલી જતી. ઘડીકમાં સૂરજ દેખાતો અને વળી પાછો વાદળીઓમાં સંતાઈ જતો. પાણીથી તરબતર થઈ ગયેલા ગામની શેરીઓમાં કીચડના ગારા જામ્યા હતા, તો બીજી બાજુ હર્યાભર્યાં ખેતરો પવનના સુસવાટા સાથે આમથી તેમ લહેરખાં લઈ રહ્યાં હતાં. બંધાતા દાણા ઉપર તરાપ મારવાને ઈરાદે સૂડા અને કાગડા પણ અલકમલકમાંથી આવી ખેતરો ઉપર લાગ ખોળતા ઊડવા લાગ્યા હતા.

એ જ એ મહિનો હતો અને જીવીના જીવનનો પેલો યાદગાર દિવસ પણ આજ આવી ઊભો હતો. પરંતુ આજના ને ગઈ સાલના દિવસમાં આસમાનજમીનનો તફાવત હતો. ગઈ સાલના આ દિવસે એની આશા ઊગી હતી, પરંતુ આજે તો એ આશાની રાખ જ ઊડતી હતી. આજનો આખોય દિવસ એણે ગાંડા માણસની પેઠે જ– ઘડીકમાં ચકડોળના મીઠા મીઠા વાયરા ખાતી તો વળી ઘડીકમાં આંસુ ટપકાવતી, ઘડીકમાં કાનજી સાથે વાતો કરતી તો વળી પાછી મૂક બની જતી– એવી જ હાલતમાં પૂરો કર્યો. મોડી રાતે મેળામાંથી પાછી ફરેલી યુવતીઓનાં ગીત સાંભળીને તો બહાર પણ નીકળી આવી. પરંતુ કાનજી આવ્યો હોય તો દેખાય ને ? આખીય રાત એની રડવામાં જ પસાર થઈ.

સવારમાં વાસીદું નાખવા જતી હતી ત્યાં તો સામેથી આવતું કોઈ શે'રનું માનવી જોયું. ગુલાબી સાફો બાંધ્યો હતો. રંગીન ખમીસ ઉપર

શિકારી કોટ ચડાવ્યો હતો અને ધોતિયું તો જાણે ફૂંક મારતાં ઊડી જાય એવું ઉજાસમાં પણ બગલાની પાંખ જેવું હતું. ચોમાસાના દિવસમાંય એણે બૂટ પહેર્યા હતા. હાથમાંની છત્રી પણ કળવાળી હતી અને મોંમાં ઘાલેલી બીડી તો પૈસાની એકવાળી (સિગારેટ) જ હતી. જો શરીરના બાંધામાં ફરક ન હોત તો આનંદનું માર્યું જીવીનું હૈયું કૂદકા મારવા મંડી પડ્યું હોત પણ અત્યારે તો એક નિઃશ્વાસ જ સરી પડ્યો.

બૂટના 'ચરડ ચરડ' અવાજ સાથે ચાલ્યા જતા જુવાને જીવી તરફ એક ખુમારીભરી નજર નાખી અને ઊભે ફળિયે આગળ વધ્યો. જે કોઈ એને જોતું એ સમાચાર પૂછવા મંડી પડતું. જીવી કાન દઈને સાંભળતી હતી : 'નાના, આવી ગયો ભાઈ ? છે તો રાજીખુશી ને ? કાનજી ને તું બેય એક જ ગામમાં છો, નહિ ?' પેલો જુવાન હસીને જવાબ આપતો અને વચ્ચે સિગારેટનો દમ લગાવતો બીજા ફળિયામાં વળી ગયો.

પરંતુ જીવીના જીવને તો ચટપટી લાગી : 'ક્યારે એને મળું ? ક્યાં મળું ? જરૂર મારે માટે કાંઈ સમાચાર લાવ્યો હશે ! નહિ મોકલાવ્યા હોય તો બળ્યું, પણ મને એમના સમાચાર તો જાણવા મળશે ?–' અને આવા આવા વિચારતરંગોમાં કઈ ઘડીએ ઘરમાં પેઠી અને કેટલી વારમાં છાણનું ટોપલું ભરતીકને બહાર નીકળી એ જો કોઈ નોંધ લેનાર હોત તો જીવી પોતાને હાથે જ ભરીને નીકળે છે એમ નજરે જોયા વગર કોઈ કાળે માનત જ નહિ.

પરંતુ આમ ચોકી તે કેટલો વખત રાખે ? ચૂલા ઉપર દાળ મૂકી હતી, પાણીનાં બેડાં ખાલી ખમખમતાં હતાં, મૂંઝવણમાં પડેલી જીવીને વિચાર કરતાં પોતે જ મૂર્ખ લાગી : 'પરદેશથી આવ્યા છે તે કંઈ આમ ઊચમૂચ તો નહિ જતા રે' ને ? એય મહિનો પંદર દિવસ તો રે'શે જ ને ?' છતાંય પાણી ભરતાં ભરતાં નજરને તો એ આડાઅવળી દોડાવ્યા જ કરતી હતી.

બીજે દિવસે તો નાનો ખુદ ભગતને ત્યાં આવીને બેઠો હતો. કાનજીને મળેલી વીસ રૂપિયાની નોકરીની, પોતાની પચ્ચીસની અને એ પછી શહેરી જીવનની વાતો કોઈ જોરશોરથી કરતો હતો.

બિચારી જીવી ! કાળજાની કોરના, આંખની કીકીઓના સમાચાર પણ પૂછી શકતી ન હતી. એક વાર તો આંગણામાં વાછડું બાંધતી હતી તેવામાં નાનાને બોલતો પણ સાંભળ્યો : 'આ પેલું જ ધૂળિયાનું બૈરું કે ? જીવી કે શું નામ છે ?' અને પોતાની નજર મળતાં એણે પૂછ્યું પણ ખરું : 'કેમ જીવીભાભી, ધૂળો ઘેર નથી કે શું ?'

'ના,' કહી જીવી મલકાઈ. ભગતને બેઠેલા જોતાં જ ભાન આવ્યું. સાડલાનો છેડો ખેંચી લાજ કાઢતી ઘરમાં ચાલતી થઈ.

કંઈ ચોથે દિવસે જતાં નાનાને મળવાનો પત્તો ખાધો. ભગતને ત્યાંથી એને ઊઠતો જોઈને જ જીવી પણ પાઠળ પાછળ ખેતરો તરફ ચાલવા લાગી. અડધે નેળિયે જતાં એને પકડી પાડ્યો. પણ ખરી રીતે તો નાનો પોતે જ ધીમો પડ્યો હતો. જીવીએ જ વાત કરવાની શરૂઆત કરી : 'શે'રમાંથી આવ્યા છો તે કાંઈ નવાજૂની વાત તો કરો, નાનાભાઈ !'

'તમને નહિ કરું તો બીજા કોને કરીશ, જીવીભાભી ! એટલા સારુ તો હું તમને મળવાનો લાગ ખોળતો હતો.' કહી જીવી સામે જોઈ હસ્યો. જાણે બહુ જૂની ઓળખાણ ન હોય !

જીવી હૈયા પર હાથ દેતી બોલી ઊઠી : 'મને મળવા માટે ! આપણે જનમ ધરીને બોલીએ છીએ તો આ પહેલી જ વાર ને–'

'એ ખરું પણ તમારી ઓળખાણ તો અહીં આવતાં પહેલાંની પડેલી છે.' કહી, 'શી રીતે ?' એમ પૂછતી જીવીને જાણે સાંભળતો જ ન હોય એમ નરમ અવાજે બોલ્યો : 'જીવીભાભી ! કાનજી તમને ઘણો જ સંભારે છે. અહીં આવવા નીકળ્યો એની આગલી રાતે જ એણે મને તમારી વાત કરી.'–

'શી ?' પૂછતી જીવીનું હૈયું જાણે થંભી ગયું હતું. ફાટેલી આંખોમાં અને હૈયામાં ઇંતેજારી ઊભરાઈ આવી હતી.

'ઊગ્યા આથમ્યાની બધી જ, જીવીભાભી. કાનજી જેવાની– આંખ ભીની થઈ હતી એમ કહું તોય કોઈ ન માને, પણ એ રાતે તો એ પેટ ભરીને રોયો હતો.' કહી અંદરના ખિસ્સામાં હાથ નાખી પડીકું કાઢ્યું, જીવી તરફ ધરતાં બોલ્યો : 'એણે તમારા સારુ આ બે બંગડીઓ મોકલાવી છે, એંધાણી દાખલ જ.'–

લેવી-ના-લેવીના વિચારમાં જીવીએ હાથ લંબાવ્યો. પૂછ્યું, 'બીજું કંઈ કે'તા'તા ? એ છે તો મજામાં ને ? ક્યાર સુધીમાં આવવાના છે, કાંઈ કહ્યું છે ?' છૂટા પડવાનો રસ્તો આવતાં જીવીએ સામટા સવાલ પૂછી નાખ્યા.

પણ નાનાએ તો છેલ્લા સવાલનો જ જવાબ આપ્યો : 'આવવાનું કશું નક્કી નથી, પણ આવશે દિવાળી સુધીમાં. પછી તો રજા મળ્યા ઉપર આધાર.'

જીવીને હજી તો ઘણા બધા સવાલ પૂછવા હતા; પરંતુ એટલામાં જ નેળિયામાંથી નીકળતા ધૂળાને જોયો, પગ ઉપાડતાં પૂછ્યું : 'હમણાં તો રે'વાના છો ને ?' કહી ધીમેથી ઉમેર્યું : 'જતા પે'લાં મને મળજો.' અને ચાલતી થઈ.

ધૂળાની આંખો તો ફાટી હતી, પણ એટલામાં નાનો બોલી ઊઠ્યો : 'અહોહો કેમ ધૂળાભાઈ ! હવે તો તમે અમારી સાથે બોલોય શાના ? હમણાં જીવીભાભીને પણ હું એ જ પૂછતો હતો કે અમારા ધૂળાભાઈને ટાઢુંશીળું તો નથી ખવરાવતાં ને !'

ધૂળાએ હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું : 'હોય ભાઈ, ઘરની પીખે ટાઢુંય ખાવું પડે.' અને પછી ક્યારે આવ્યો, કેમ ચાલે છે વગેરે ઉપલકિયા સવાલ પૂછી ઘર તરફ ચાલતો થયો. નાનાનું ઘર પણ નજીક– રસ્તા ઉપર જ હતું. ઘર તરફ વળતાં પહેલાં જીવી ગઈ એ તરફ જોયું, પણ એ તો નેળિયામાં વળી ગઈ હતી.

ધૂળો ઘેર આવીને જુએ છે તો પાણિયારે બેડાં ખાલી પડ્યાં છે, ચૂલામાં તો દેવતાનું ઠેકાણું પણ નથી, હુક્કો લઈને પડોશમાં દેવતા લેવા ગયો. ચલમમાં અંગારા ચડાવતાં બબડતો હતો : 'ઘરના આ ઢંગ તો જુઓ ! બેડાંમાં તો પાણીનો છાંટોય નથી ને અત્યારના પો'રમાં ચાર લેવા નીકળી છે એ શું જોઈને હશે ?' આમ બબડતો બબડતો ચોપાડમાં આવીને

બેઠો. એને ખાતરી જ હતી કે કાનજીના સમાચાર પૂછવા જ ચારનું બા'નું કાઢીને નાના પાછળ નીકળેલી. એના હાથ ચળવળતા હતા અને આંખો તો જાણે બહાર નીકળી પડશે.

પરંતુ જીવી પણ આજ બરડો અને મન બધુંય કાઠું કરીને જ ખેતરેથી આવી હતી. ઘરમાં ભારો નાખતાં જ, 'તમે તો ચાર લેવા ગયાં'તાં કેમ ?' આ સવાલ સાથે ઢીંચણ પાછળ લાત પડી. જીવીથી ત્યાં જ બેસી પડાયું. ધૂળાએ લાકડું સંભાળ્યું અને એટલી બધી મારી કે કદી ચૂં સરખું ન કરનાર જીવી આજે રાડો પાડી રહી હતી. ભગત ઘેર ન હતા અને બીજા પડોશીઓને તો શી ગરજ કે દોડ્યા દોડ્યા આવે ? જો હીરો ઘેર હોત તો એને પણ આજ આવ્યા વગર છૂટકો ન હતો. અને જો આવ્યો હોત તો ધૂળાને દૂર કરવાને બહાને બેચાર ચોંટાડી પણ દેત. આખર મનોરના ડોસા આવી લાગ્યા. હીરાની બહેન નાથી અને પાછળ કંકુ પણ આવી પહોંચી. માંડ માંડ ધૂળાના હાથમાંથી લાકડું ઝૂંટવી એને પરસાળમાં ધકેલી લાવ્યાં.

કોઢમાં મૂકેલા ખાટલામાં પડેલી જીવીથી ઉઠાય એવું હોત તો ઘડી કેડે જરૂર ઊઠત ને ખાવાનું પણ કરત. પરંતુ આજ એનું હાડકેહાડકું કળતું હતું. છતાંય સાંજની વેળાએ તો એ ઊઠી જ. પાણી ન હોવા છતાં એ પાણીનો ઘડો લઈને ન ગઈ પણ ખેતરે ઘાસ લેવા તો નીકળી જ.

ખરું પૂછો તો એ ઘાસ લેવા નહોતી આવી. એ તો કંઈક બીજું જ લેવા આવી હતી. એટલે જ તો એ વાડે વાડે ફરતી હતી ને સાથે ઘાસનો પૂળો બાંધ્યો એ તો બહાના માટે જ. નીચી નજરે ચાલી જતી જીવીને કાને ઘરમાં વાતો કરતા નાનાનો અવાજ પડ્યો. કંઈક યાદ આવતાં કાપડા ઉપર હાથ ફેરવી જોયો, પડીકું બહાર કાઢતાં નાનાના ઘર આગળ ઊભતાં ઘાંટો પાડ્યો : 'નાનાભાઈ ઘેર છે કે ?'

'કોણ છે ?' કરતો નાનો પાંખ આગળ ડોકાયો. જીવીને જોતાં રસ્તા ઉપર આવ્યો, નીચે મોંઢે જ બોલ્યો : 'મારે લીધે તમને માર–'

'તમારે લીધે કશું નથી, ભાઈ.' કહેતાં જીવીએ માંડ માંડ આંસુ રોકી

રાખ્યાં. પેલું પડીકું આપતાં બોલી : 'આ તમારા ભાઈબંધને આપજો–' અને મહામુસીબતે મોં પર હાસ્ય આણી બોલી : 'ને કે'જો કે જીવીએ આ એના તરફથી મોકલાવી છે.–' ખોંખારીને મોં ઉપર હાસ્ય લાવતાં વળી બોલી : 'કહીએ, વહુ કરો ત્યારે મારા તરફથી આટલી પે'રાવજો.'

'પણ આ તો હું લાવ્યો હતો એ–'

'તમે કે'જોને કે 'મારા તરફથી' આમ કહીને મીં પાછી આલી છે.' કહી આંખ મટમટાવતી જીવી તો હસતી હતી કે રોતી હતી એ તો નાનાથી પણ ન કળી શકાયું.

જીવીએ ગળું સાફ કર્યું ને બોલી : 'ને કે'જો કે જીવી તમને સંભારતી સંભારતી જ–' પણ પોતે શું બોલી રહી છે એનું ભાન આવતાં એય, 'ગઈ છે–' શબ્દ પકડી લીધો. વાક્ય ફેરવી વાળ્યું : 'આપણે કદાચ મળીએ ન મળીએ માટે આટલું જરૂર જરૂરથી કે'જો.... ને–' બાજુમાંથી આવી રહેલાં બે જણને જોઈને કે પછી બીજું કોઈ કારણ હોય પણ તરત જ એણે પીઠ ફેરવી લીધી. આંખમાં ભરાઈ આવેલાં પાણીને લીધે એક વખત ઠોકર પણ ખાધી. નાનો તો એની પીઠને તાકી જ રહ્યો.

પાછળ આવતાં માણસો તો જીવીને નાના સાથે વાત કરતી જોઈને મોંમાં આંગળાં જ ઘાલી ગયાં : 'હાય હાય બુન, શું બેરું છે ? ઘડી પે'લાં તો હાડકાં ખોખરાં કરી નાખ્યાં છે; તોય પાછી અત્યારે તો નાના સાથે વાતે વળી છે ! ધૂળિયો જ મારો પીટ્યો ભાંગ્યા ઢંગનો છે, નહિ તો બરાબર પરસાદ આપતો હોય તો જનમારાની ખોડ ન ભૂલી જાય કે ? અમથો બાપડાનો લોક વાંક કાઢે છે.'

સવારે માર માર્યા પછી ધૂળો ક્યાં ગયો ને શું ખાધું એનો કંઈ પત્તો પણ ન હતો. પરંતુ જીવી રોટલા ઘડતી હતી એ વખતે તો એ પાછો ક્યાંકથી મિજાજમાં ને મિજાજમાં આવી ચડ્યો. કોઈએ એને વાત કરી હશે ત્યારે જ ને ? સીધો રસોડામાં ગયો. જીવીએ એક રોટલો ઉતારીને ચૂલાની બેડ ઉપર મૂક્યો હતો અને કથરોટમાં બીજા બે રોટલાનો લોટ લઈ મસળવાની તૈયારી કરી રહી હતી, ત્યાં તો ધૂળાએ એનું કાંડું ઝાલી

તાણી, કથરોટ ઊંધી વળી ગઈ એનું પણ કોઈને ભાન ન હતું. 'નીકળ રાંડ ! તું મારા ઘરમાં એક ઘડી નથી જોઈતી– મારે તારું મોંઢુંય નથી જોવું !' કહી છેક ચોપાડમાં લઈ જઈને નાખી. ગળિયા બળદને રીસભરી પાટું ન મારતો હોય, એમ જીવીને કેડોમાં પાટું મારતાં ઉમેર્યું : 'જતી રે', નકર આજ રાતમાં તારું ગળું જ કાપી નાખીશ, હા.'

વીજળી ઝબકી જાય એમ જીવીની આંખમાં ગુસ્સો ઝબકી ગયો : 'એ પે'લાં તો હું જ તને લાડવા આલું છું, તું ખાવા તો આવ !'

ધૂળાના બરાડા ને હાથ હજુ ચાલુ જ હતા : 'આજ મારે તને પૂરી જ કરવી છે, તુંય જાણીશ કે મલ્યો'તો વળી.'

પાછાં ફળિયાનાં માણસો દોડી આવ્યાં. ભગતે તો ધૂળાને મારવા જ લીધો : 'એના હાથના ઊના ઊના રોટલા ખાજે !– તું એકલો જ બૈરીવાળો છે કેમ ? આટલી બધી મારી છે પણ જો કાંઈ થાય તો કાલ તારી વલે કરાવું, જો હેડમાં ન પુરાવું તો વળી મને ભગત કુણ કે'તું'તું !'

'લે ઊઠ હેંડ, છોડી !' કહી જીવીને ઉઠાડીને લઈને ઘેર ગયા.

બીજો કોઈ હોત તો ધૂળાએ રોકડું પરખાવ્યું હોત : 'જા જા હવે મારા ઘરની પંચાતમાં પડનાર તું કોણ મોટો થઈ ગયો ?' પરંતુ ભગતથી તો એ ડરતો હતો– અને માનતો પણ હતો કે ભગત ધારે તો સામા માણસને ઊભો ને ઊભો સૂકવી નાખે. ધૂળો ચૂપ જ રહ્યો.

ગામનાં બૈરાંએ પણ એને સારી પેઠે ઠપકો આપ્યો. મોડેથી એક્કેકું બબ્બે– કોઈ ઘેર ગયાં, તો કોઈ વળી ભગતની ચોપાડમાં બેઠી બેઠી રોઈ રહેલી જીવીને દિલાસો આપવા વળ્યાં.

માણસોની ઠઠ ઓછી થતાં હીરાની વહુએ ધૂળાને શિખામણ આપી ટાઢો પાડતાં કહ્યું : 'લો ઊઠો હેંડો, સવારમાંય ચૂલો તો નથી સળગાવ્યો, પછી ખાધું તો શાનું જ હોય ? ઊઠો મારે ઘેર હેંડો, ખાવા આલું તે ખાઈને ખેતરે સૂઈ રે'વા જતા રો', નાહક ફજેતી કરાવ્યા વના.' કહી ધૂળાને બાવડે ઝાલીને તાણવા લાગી, ઊઠોને !'

'ના ના, કંકુભાભી, શું કામ માથાકૂટ કરો છો ? ખાવા તો અહીંયાંય

કર્યું છે. તમે તમારે જાઓ, એ તો હું ખાઈ લઈશ.'

પરંતુ કંકુને આજ ધૂળાનો વિશ્વાસ ન હતો. ધૂળો ઘેર રે' ને રાતમાં રીસને મોંઢે વળી કંઈ ઊંધુંછતું કરી બેસે એટલે એને ખવરાવી ખેતરે રવાના કરવામાં જ મજા હતી. કંકુએ ઘરમાં જઈને જોયું તો એક રોટલો તૈયાર હતો. પાટૂડાં જોઈ વળી પણ બધાં જ ખાલી હતાં.

બહાર આવતાં, કુંભીને અઢેલી ઊભી રહેલી નણંદને કહ્યું : 'નાથીબુન, આપણે ત્યાંથી વાટકીમાં જરા દાળ લઈ આવોને, જાઓને ખવરાવીને કાઢું અહીંથી.' કહી વળી પાછી ધૂળા પાસે આવી : 'લો ઊઠો છો કે વળી પાછા તાણવા પડશે ?'

ધૂળો ઊભો થયો. નાક નસીંકી, કંટાળા સાથે બબડ્યો : 'પણ મને ભૂખ જેવું તો જરાય નથી. કંકુભાભી, શું કામ નાહકનાં પાછળ પડ્યાં છો ?'

'તો અહીં વધારે છેય શું ? આ એક જ રોટલો છે. લો આ દાળેય આવી. ચોળી ખાઈને અહીંથી દાંડે પડોને. તમારા ઢેડફજેતા સાંભળીને તો હવે બધાં ફળીવાળાંય કંટાળ્યાં છે.'

ધૂળો નછૂટકે ખાવા બેઠો. વાટકીની દાળ તાંસળામાં રેડીને અંદર રોટલો મસળી નાખ્યો. ચવાય છે કે નહિ એના ભાન વગર જ પોણા ભાગનો તો ઉતારી ગયો. હાથ ધોઈ નાખતાં બબડ્યો : 'કુણ જાણે હાળું લોટમાં બલાડું મૂતરી ગયું છે કે શું, લોટ ઢાંકે તો ને ? પછી કો' છો ને કે મારે છે ?'

'હોવ હોવ ! તમને તો બધુંય લાગશે. હવે પછેડી– તમાકુ કાંઈ લેવું હોય તો લઈને ઘરબા'ર નીકળો ને !'

'ઘર પાછું ઉઘાડું છે, કંકુભાભી !' કહી ધૂળો ખેતર તરફ રવાના થઈ ગયો. દિવસ પણ આથમી ગયો હતો.

પરંતુ પેલી બાજુ ભગતને ત્યાં તો વળી ત્રીજું જ કૌતુક થયું હતું. ઝીણે સાદે રોઈ રહેલી જીવીને કાને ધૂળાને ખાવા ઉઠાડતી કંકુનો અવાજ પડ્યો. એકાએક એનું રડવું બંધ થઈ ગયું. આંખો પણ જાણે– ધૂળાના ભાણા આગળ પોતે જ જાણે રોટલો ન મૂકી રહી હોય એમ બાવરી આંખે તાકી

રહી. તાંસળું ખેંચવા હાથ લંબાવવા જાય છે ત્યાં તો સામે ભગત વગેરે દેખાયા. ભગતની લાજ કાઢવાનું પણ ભાન ન હતું. એમની સામે જોતાં જ ભગતના નામની ચીસ અને રુદન સાથે જ નીકળી પડ્યાં : 'ભગતકાકા !' બીજી જ ક્ષણે ઢીંચણ વચ્ચે મોં સંતાડી ગઈ.

ભગત પાસે બેઠેલા બેચાર જુવાનોને પણ નવાઈ તો લાગી જ. ભગતે તો પૂછ્યું પણ ખરું : 'શું છે તે ?' પણ એને ચૂપ જોઈને બબડ્યા : 'રો તારાં માબાપોને ! એમાં ભગતકાકા શું કરે ?' વળી પાછું જીવીએ માથું ઊંચક્યું, ઘર તરફ જોયું ન જોયું ને પાછું મોં સંતાડી ગઈ. દબાતા રુદનથી હોય– કે અંતરની મૂંઝવણથી હોય– ગમે તેમ પણ એનું આખુંય અંગ ધ્રૂજતું હતું. ત્રીજી વાર તો એ ઊભી થવા ગઈ પણ એની આંખો જાણે ચકળવકળ ફરતી હતી. ચીસ જેવો એક બરાડો પાડ્યો :

'ભગતકાકા, રોટલામાં....ગજ....' પરંતુ 'બ' બોલતા પહેલાં તો ઢળી પડી. ભગત ક્ષણભર વિચારમાં તો પડી ગયા. પરંતુ એ વિચાર કરવા કરતાં બેભાન બનેલી જીવીની સારવાર વધારે જરૂરી હતી. 'અલે શું તાકી રહ્યા છો ? લોર (મૂર્છા) વાગ્યું છે, જોતા નથી ? ઊંચકો ઘરમાં, હું ખાટલો લાવું છું.'

ઘડીઅધઘડીમાં આ બધું પતી ગયું. એક જણ માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકવા મંડી પડ્યો. બે જણ પછેડીના છેડાથી વાયરો નાખવા માંડ્યા. ભગતે નાડ પકડી. પછેડીના ફરર્ર્ અવાજ અને આ ચાર જણનાં કાળજાંના ધબકારા સિવાય બધું શાન્ત હતુ.

ખાલી ઘર વાસીને જીવીને તેડવા આવેલી કંકુ તો આ હાલ જોતાં ઉંબરામાં જ થંભી ગઈ. 'હાય હાય ! આ શું થઈ ગયું ભગતકાકા ? એમને (હીરાને) બોલાવું ? નાના પાસે વાતો કરવા ગયા છે. સાદ પાડશો તોય–'

ભગત વચ્ચે જ બોલ્યા : 'એ આવીનેય શું કરવાનો છે ?'

કંકુ અંદરના ભાગમાં જઈને એક બાજુ ઊભી રહી. વાછરડીની પેઠે પાછળ પાછળ ફરતી નાથીને કહ્યું : 'જુઓને બુન, ઘેર કોઈ પેસી જશે.

જાઓ હું હમણાં આવું છું. પેલો છોકરોય કાં તો ઊઠ્યો હશે.'

નાથીને તો જાણે બહાર નીકળતાં હવા જ ગળું ન પકડવાની હોય એટલી બધી બીક લાગી ગઈ હતી. ભાભીની સોડમાં લપાતાં લાડીલા અવાજે બોલી : 'નથી જતી જાઓ, મને તો બીક લાગે છે !'

લગભગ અડધી રાત થવા આવી હશે ને જીવીએ આંખ ઉઘાડી. પોતે ક્યાં પડી છે ? આ બધાં કોણ છે ? એની ખાતરી કરી લીધા પછી જ એ બરાબર ભાનમાં આવી. તરત જ ખાટલામાંથી બેઠી થવા ગઈ. હીરાને થયું કે ભગતની આમન્યા રાખવા જ જીવી ઊઠે છે. 'સૂઈ રો' તમે તમારે. ભગતકાકા બા'ર જાય છે, કશો વાંધો નથી.' કહી બાવડે ઝાલીને સુવરાવવા પણ ગયો.

'ના, મને મારે ઘેર જવા દો, મને ન રોકો.' અકળાયેલા અવાજે બોલતી જીવી ઊભી થઈ ગઈ.

કપડાં ઠીકઠાક કર્યાં ન કર્યાં ને ઘર તરફ મોં ફેરવ્યું. ભગતથી બોલ્યા વગર ન રહેવાયું : 'એ ઘરમાં શું દાટ્યું છે કે આટલી બધી ઉતાવળ કરે છે ? છાનીમાની–'

'મને હવે ઠીક છે. હું ઘેર જ જઈશ,' કહેતી જીવી જાણે સાવ સાજીતાજી ન હોય એમ અંધારામાંય ઉતાવળી ઘર તરફ વળી.

'હવે તો કશો વાંધો નથી.' કહી હીરાએ પણ રજા માગી, 'ભગત, હુંય જઉં ત્યારે. ખેતરમાં તો કુણ જાણે સૂવરોએ કેવુંય કર્યું હશે ?'

પરંતુ ભગતને હજુય કંઈક અંદેશો હતો. 'ભલે' કહી હીરાને તો હા પાડી પણ એના ગયા પછી વળી વિચાર આવ્યો : 'હીરાને કહ્યું નહિ, નહિ તો એની વહુને જીવલી સાથે સૂવા મોકલી હોત તો ઠીક પડત.'

ગમે તેમ પણ ભગત પોતે તો ખેતરે સૂવા માટે ન જઈ શક્યા. ચોપાડમાં બેઠા બેઠા ધૂળાના ઘરમાં દેખાતા ઝાંખા અજવાળા તરફ તાકી રહ્યા. કદીય નહિ ને આજે એમનો જીવ જાણે ગૂંચવાતો હતો.

પરંતુ ઘરમાં જઈ ચૂલાની બેડે ફાંફાં મારી વળેલી જીવીનો જીવ તો જાણે ખોળિયામાં જ ન હતો. એક વાર બારણા સુધી ગઈ ને વળી પાછી

ફરી. તાંસળા ઉપર નજર પડી. જીવ જાણે આંખોમાં આવી ઊભો. વળી પાછી બારણા તરફ વળી. ઝટપટ ઝટપટ ચોપાડ વટાવી એકાએક ઊભી રહી ગઈ. પાછી ફરવા જતી હતી ત્યાં ભગતની ઉધરસ સંભળાઈ. ઉતાવળી ઉતાવળી એ તરફ વળી. પરંતુ ભગતનાં નેવામાં આવતાં તો એના પગ જાણે ભાંગી ગયા હતા.

'શું છે જીવી વહુ ? આમ કેમ ?–' આમ પૂછતા ભગતના અવાજે એને હિંમત આપી. ચોપાડ ચડતાં અને ભગત પાસે જતાં બોલી ઊઠી : 'ઝટ ઊઠો ત્યારે ભગતકાકા, આજ મને એમનો ભરોસો નથી લાગતો, જરા ઝટ–'

ભગતની નજર આગળથી જાણે આખોય પડદો ઉઘડી ગયો. બેઠા થતાં બોલ્યા : 'તું તારે ઘેર જા. હું જઉં છું. મહુડાવાળે ખેતરે છે ને ?'

અને ખીંટીએથી લાકડી લેતાં, 'તું તારે ગભરાયા વગર જા ઘેર જઈને સૂઈ જા.' કહી ઘર ઉઘાડ્યું. અંધારામાં જ કોઠલો ઉઘાડ્યો. લોટામાં ઘીનું વારિયું ઊંધું પાડી લોટો લઈને બહાર નીકળ્યા. કમાડ વાસી ચોપાડ ઊતરતાં બોલ્યા : 'એનું આયખું હશે તો કશું જ નહિ થાય. તું તારે છાનીમાની ઘેર જા.'

પરંતુ માળા ઉપર આવી ધૂળાના હાલ જોતાં ભગતે ઘી પાવાનું મોકૂફ જ રાખ્યું. અંધારી રાતના ભયંકર વાતાવરણ કરતાં તો માળાની હવા જ અનેકગણી ભયંકર હતી. ધીરજ રાખીને બેસવાની જો કોઈ હિંમત કરી શકે તો તે ભગત ને બીજું જેની ઘ્રાણેન્દ્રિય સાવ નાશ પામી હોય તે. ભગતે ધૂળાના હાથને હાથમાં લીધો. નાડી તપાસતાં છેક બગલમાં જતી હાથ આવી. જોતજોતામાં તો ત્યાંથી પણ લોપ થઈ ગઈ. એ છેલ્લી પછાડ ખાઈ ધૂળાનું અંગ સાવ લાકડું બની ગયું.

જોરથી શ્વાસ લઈ ભગત ઊભા થયા. લોટા સાથે માળો ઊતરી ઘર તરફ ચાલવા માંડ્યું.

માથા ઉપર કાળાં વાદળાં ઝઝૂમતાં હતાં. નજરે પડતા એકલ દોકલ તારાઓ ઊંડે ઊંડે જઈ ઊભા હોય એમ દેખાતા હતા. આસપાસની દિશાઓ

અંધારપછેડો ઓઢી ઘોરતી હતી. મુડદા ઉપર ડગ ભરતા કોઈ અઘોરીની પેઠે ભગત ગામ તરફ ચાલી રહ્યા હતા.

ગામનાં કૂતરાંએ એમને વિચારમાંથી જગાડ્યા. વિચારોનો વીંટલો વાળી લેતાં બબડ્યા : 'આટઆટલી બુદ્ધિ છતાંય આખરે તો માનવી પાંગળો જ છે.'

સીધા બારણા તરફ જઈ રહેલા ભગત બાજુમાં કંઈક ખખડતાં ભડક્યા, 'કુણ છે ?' અને જીવીને જોતાં કહ્યું : 'અહીં બા'ર શું કામ બેઠી છે ? ઘરમાંથી–'

'શું થયું, ભગતકાકા ?' જીવીએ લાજ પણ કાઢી ન હતી.

'જે થવાનું હતું એ જ તો–' બબડી ભગતે કહ્યું : 'લે મને એનાં એક જોડી લૂગડાં આલ જોય.'

'પણ મને કો' તો ખરા !' કમાડ ઉઘાડ્યા પછી વળી જીવીએ પૂછ્યું. ભગત તરફ તાકી રહી.

'લે તું મને લૂગડાં આલને એક વાર,' કહી ભગતે ઉમેર્યું : 'થવાનું હતું એ તો થઈ ગયું. હવે જાણીનેય તું શું કરવાની છે ? લે લાવ હેંડ મોડું થાય છે. આ લોટો ઘરમાં મેલજે.' ભગતે કમાડ પાસે લોટો મૂક્યો. પગ ઉપાડતી જીવીને વળી કહ્યું : 'જો થનાર વસ્તુ થઈ ગઈ. પણ હવે તો છાતી કાઠી રાખવામાં જ મજા છે. જાણે કશું જાણતી જ નથી. આટલું કરીશ તો બાકીનું તો બધું હું સંભાળી લઈશ.'

આખુંય ફળિયું સૂમસામ હતું. બીજાં બધાં કૂતરાં ઉપર સામ્રાજ્ય ભોગવતો ભૂરિયો કૂતરો 'એ તો ભગતકાકા છે.' કહી બધાંને મૂંગાં રાખી 'જોઉં તો ખરો શો મામલો છે ?' આ વિચાર ન આવ્યો હોય તેમ ચોપાડમાં વચ્ચોવચ આવીને ઊભો રહ્યો. અને કપડાંને બગલમાં મારી ખેતરોને પંથે પડેલા ભગત પાછળ પાછળ થોડુંક અંતર રાખીને ચાલવા લાગ્યો.

ખેતરને માળેથી ઊતરતા ભગતના હાથમાં ગંદાં કપડાં અને ગોદડીનું એક મેલું પોટલું હતું. નીચે નાખેલું છાણું લઈ બારોબાર વાંઘા તરફ ચાલતા થયા. અત્યાર સુધી મકાઈમાં બેસી રહેલો ભૂરિયો વળી પાછો

પાછળ પડ્યો.

અંધારામાંય વાંધાનાં નીર બેધડક વહી રહ્યાં હતાં. પાણીની ઊંડાઈ કરતાંય ભગતના મગજની ઊંડાઈ વધારે હતી. વિચાર બેસી જતાં નાહવાનું પણ પૂરું થયું. ધોતિયું નિચોવીને ખભે નાખ્યું. જતાં જતાં વળી પેલાં બળતાં કપડાં પર નજર નાખી કંઈક યાદ આવતાં પાછા ફર્યા. કિનારેથી એક લાકડું લાવી અધકચરાં કપડાંને નદીના વહેણ ભેગાં કરી દઈ, ચાલતા થયા ગામ તરફ.

અત્યાર સુધી કિનારે બેસી રહેલો ભૂરિયો પણ હવે તો સાથે જ થઈ ગયો. ભગતે પાછળ જોયું. ભૂરિયાને જોતાં ભડક્યા ન ભડક્યા ને મન સાથે હસી પડ્યા. 'જોયાને ભૂરિયા, આ બધા તમાશા ?' કહી બાજુમાં ચાલતા ભૂરિયાને જવાબ ન આપતા હોય એમ બબડ્યા : 'અમારે માનવીને તો આવું કંઈ કંઈ કરવું પડે છે, ભાઈ !'

ભીના ધોતિયાને ખીંટીએ પહોળું કરી ભગત ખાટલામાં પડ્યા ત્યારે આવતા અરુણની વધાઈઓ આપતા કૂકડાએ નેકી પોકારવી શરૂ કરી દીધી હતી. ઘંટીઓના ઘરરરર અવાજ પણ ચાલુ થયા હતા. શિયાળવાં પણ, 'હું આંઈ, તું તાં, હોવે ! હોવે !' કરતાં સીમાડા છોડી રહ્યાં હતાં.

માળા નીચે મૂકેલા ધૂળાના શબ આગળ બેઠેલા સૌ કોઈનાં મોંમાં તો ભગતના જ શબ્દો હતા : 'હા ભાઈ હા, જનાવર જ કૈડી ગયું છે.' પણ આંખોમાં તો– 'આખર જતાં રાંડે– બિચારાનો જીવ લીધો ત્યારે જ ઝંપી !' આવું જ હતું.

અને આવી જ નજરે જોઈ રહેલાં ગામનાં બૈરાં વચ્ચે જીવીના હૈયાની શી દશા હતી એ કહેવું મુશ્કેલ હતું. બલૈયાં ફોડતી એક બાઈએ તો કહ્યું પણ ખરું : 'આવું જ કરવું'તું તો ભૂંડી, આ પહેર્યાં શું કામ ?'

પણ આ બધું સાંભળવા-વિચારવા જેવી જીવીની દશા રહી જ ન હતી. અને સાંભળે-સમજે તો પણ એમાં નવું શું હતું જ ? ધૂળાને પોતે જ ઝેર આપ્યું છે એમ તો એ પોતે જ પોતાની જાતને માની-મનાવી બેઠી

હતી, બૈરાંના કહેવા છતાંય એ ન તો કૂટતી હતી કે ન કંઈ વિલાપતી હતી. કહેનારના સામું ટગરટગર તાકી જ રહેતી.

અને એક રીતે તો આ સારું જ હતું, નહિ તો સાંજની વેળાએ આવી પહોંચેલાં ડોશીનો વિલાપ– એમની એ ગાળો સાંભળવી ઘણી મુશ્કેલ હતી. ડોશીને શાંત રાખવા આવેલાં બૈરાં પોતાની અભાગણી જાત માટે શું શું બોલતાં હતાં એ સાંભળવાની પણ એને જરાય પરવા ન હતી. એ તો ચોપાડની કુંભી આગળ બેસી ક્ષિતિજ સામે, બેઠી નજરે તાકી જ રહી હતી. એ આંખોમાં વિચારનું એકાદ મોજું સુધ્ધાં ફરકતું ન હતું.

ઘેંશ ખવડાવવા લોકોએ એને ખાવા ઉઠાડી ત્યારે એ શું કામ ઊભી થઈ છે એની પણ એને ખબર ન હતી. કોઠીઓ પાસે બેસાડી આગળ ભાણું મૂક્યું પણ એ ખાવાને બદલે વળી એ ભાણા તરફ તાકી રહી. બેચાર બૈરાં તો એને સમજાવીને પણ થાક્યાં. પણ જીવી સમજવા જેવી દશામાં હોય તો સમજે ને ?

પરંતુ બીજે દિવસે તો એણે ખાધું પણ ખરું ને ઘરનું કામકાજ પણ ઠીકઠીક કર્યું. પણ આ બધું યંત્રથી ચાલતી પૂતળી પેઠે જ. ન કશું બોલવું કે ન કશું કહેવું. જ્યાં સુધી માથું હલાવીને હા-નામાં જવાબ અપાતો હોય ત્યાં સુધી જીભ પણ હલાવતી ન હતી.

પોતાની ઓરમાન મા કાણ કરવા આવ્યાં હતાં એમની જોડે પણ એ કશું જ ન બોલી. ભાંડુના સમાચાર સુધ્ધાં ન પૂછ્યા. માએ છ માસના ખૂણા પછી તેડી જવાની વાત કહી એનો પણ એણે કશો ઉત્તર ન આપ્યો.

કપડાં પહેરવામાં પણ કંઈ ઠેકાણું રહ્યું ન હતું– જેમ તેમ ખોસી મૂકતી. માથાના વાળ પણ અડધા છૂટા હવામાં ઊડ્યા કરતા.

પણ જીવીની દશાને સમજનાર ભગત તો આમ જ કહેતા : 'મોતનાં ઝેર તો મોડાંવહેલાં સૌ કોઈને પીવાનાં છે, પણ આ જીવતરનાં ઝેર જીરવવાં દોહ્યલાં છે હોં ભાઈ !'

કોઈ કોઈને તો એની દયા પણ આવતી અને વાત પણ કરતાં : 'બિચારીની દશા તો જુઓ ? ડાગળી ચસકી ગઈ લાગે છે !'

તો ઘણા જણ આમ જ કહેતાં : 'કાંઈ ડાગળી નથી ચસકી ગઈ ! તમારી ને મારી ચસકાવીને ચસકે એવી છે, બુન ! એ તો બધી જાણ-ગાંડાઈ છે.' અને આવી તો કંઈક વાતો થતી. ઘણી વાર જીવીને કાને પણ થોડાઘણા શબ્દ અથડાતા પણ એ અથડાઈને પાછા પડતા એટલું જ. આખો દિવસ કકળાટ કર્યા કરતાં, વાતવાતમાં ગાળો ભાંડતાં સાસુ-દિયરને પણ એ સામો 'ચું' કરીને જવાબ આપતી ન હતી.

આ બધુંય હોવા છતાં એ જ્યારે પાણી ભરવા જતી ત્યારે ઢાળ ઊતરતાં ઊતરતાં, ખેતરોનીય પાર– સામે દેખાતાં વાદળાંનીય પેલી બાજુ જોતી હોય એમ રોજ જોયા કરતી; જાણે દૂરદૂરની ક્ષિતિજમાંથી કોઈ આવવાનું ન હોય ?

૧૯. અધૂરું ગાણું

વિજયડંકા વગાડતો ભાદરવાનો મેઘ ધરતીથી વિદાય લઈ ચૂક્યો હતો. લહેરીલાલાની પેઠે ડોલતાં ડોલતાં જઈ રહેલાં વાદળો સિવાય આકાશ લગભગ સ્વચ્છ હતું. બેસતી શરદની ગુલાલ ઉડાડતી સંધ્યા પણ આથમી ચૂકી હતી. શુક્લ પક્ષની બીજરેખા ક્ષિતિજ આગળ ઊભી ઊભી મરક મરક હસી રહી હતી.

ધરતી ઉપર શરદાગમનનાં ગીત ગવાવાં શરૂ થઈ ગયાં હતાં. ઉધડિયાનાં લોકોએ પણ હર સાલની માફક ગામ વચ્ચે ગરબો ગોઠવ્યો હતો. છોકરીઓએ કાલાંઘેલાં ગીતથી શરૂઆત પણ કરી દીધી. પરંતુ સમીસાંજ થવા છતાંય ન તો ગામના યુવાનો ગીત ગાવા ભેગા થયા કે ન આવી કોઈ યુવતીઓ.

જોકે પહેલા એકબે દિવસ તો આમ જ બને; કોઈ બે જણ આવે અને સરખાં સમોવડાંને ન જોતાં પાછા ચાલ્યા જાય. ત્યાં વળી બીજા ત્રણ-ચાર જણ આવે અને એ પણ આ છોકરાંવાજું જોઈને નિરાશ થાય. પણ જો કોઈ બોલાવનાર– આગ્રહ કરીને રોકી રાખનાર હોય તો તો પહેલે દિવસે જ મોડી મોડી પણ શરૂઆત તો થાય જ. અને શરૂઆત થયા પછી તો કોઈને બોલાવવાની કે આગ્રહ કરવાની જરા સરખી પણ જરૂર નથી રહેતી. દરેક ગામમાં અને આવા આવા દરેક પ્રસંગમાં ઘર-વિવાહની પેઠે માથે લઈને ફરનાર અને આગ્રહ કરી શરૂઆત કરાવનાર હરિનો લાલ કોઈ હોય છે પણ ખરો.

ઉધડિયામાં આવું સ્થાન ભોગવનાર– ખાસ કરીને ગીત ગાવાની બાબતમાં તો એક કાનજી જ હતો. એના વગર આજ ત્રણ દિવસ થયા છતાંય બધું સૂનું હતું. એક બાઈએ તો કહ્યું પણ ખરું : 'કાનોભાઈ હોત તો અત્યારે ગાણાંની રંગતાળી ન ઊડતી હોત કે ?'

બાજુના ખાટલા ઉપર બેચાર જણ સાથે બેઠેલા ભગતને કાને આ શબ્દો પડ્યા. બોલ્યા : 'એટલે જ તો કે'નારે કહ્યું છે કે બે ડાંડ હોય, બે સાંઢ હોય; બે ડાહ્યા હોય, બે ગાંડા હોય– આવું બધું હોય તો જ ગામ વસે.' અને મૂછો ઉપર ધીમેથી હાથ ફેરવતાં બબડ્યા : 'શું સમો આવ્યો છે !'

ભગતની જ કહેલી વાત યાદ આવતાં મનોર બોલી ઊઠ્યો : 'સમો એવો નથી ભગતકાકા, એ તો રાંડ વખત જ એવી છે !' અને હસવા લાગ્યો. ભગત સામે જોઈ કહ્યું : 'મરશે કોઈ ગાણાં ન ગાય તો ભગતકાકા, તમે એ 'સમા'ની ને 'વખત'ની વાત કો'ને. આ બધાં સાંભળે તો ખરાં ?'

પછી તો બૈરાંઓએ પણ ભગત ઉપર હલ્લો જ કર્યો. 'કો' કો' ભગતકાકા ! અમને તો કોક દન આવી વાતો સંભળાવો ? પે'લાં તો કોક કોક દન કે'તાય હતા, પણ હવે તો તમેય સાવ સમા જેવા થઈ ગયા છો !'

છોકરાં પણ ભગતકાકાના ખાટલા આસપાસ ટોળે વળી ગયાં. છેટે પડેલા એક લાકડા ઉપર બેઠેલા બેચાર જુવાનોએ પણ એક ખાટલો ઉપાડી લાવીને ભગતની બાજુમાં જમાવ્યું. યુવતીઓ પણ નજીક સરકી આવી.

ભગતને હવે છૂટકો જ ન હતો. ખોંખારો ખાઈ વાતની શરૂઆત કરી :

'સમો કરી એક આદમી હતો. એક દન પાસેના મોટા ગામમાં કાંઈ વહોરાચાર કરવા ગયો હશે. તેલ છે, મરચું છે, ધૂળ છે, ધમા છે; એમ લેતાં લેતાં મોડું થઈ ગયું. સમાએ ઉતાવળ કરી. પેલા મરચા-મીઠાની પોટલીઓ વાળી, પોટલી બચકે મારી ને હાથમાં તેલનો સીસો લઈ લાંબી લીંબી ફાળે જવા માંડ્યું.

'ચાલતાં ચાલતાં સમો મન સાથે ગોઠવતો હતો : ''આજ તો ઘેર જઈને કોઈ એવું તો કોરું શાક કરું !– સરસિયું તો લીધું છે; પાટૂડામાં બે

પળી ધમકારતાકને, માંઈ જરા રાઈમેથી મૂકતાકને એવો તો પાકો વઘાર કરું !–'' પણ સમો એનું કપાળ વઘારે ત્યારે ? એના ઘરમાં કોરું શાક થાય એવું તો કશું હતું જ નહિ– પણ સમાભાઈને આનું કાંઈ ભાન ન મળે. એમને તો આજ ઘણા દને મળેલા સરસિયાનો ફાંકડો વઘાર કરવો હતો, અને જાણે મગજમાં થતા વઘારનો ધુમાડો નાકમાં ન પેસી ગયો હોય એમ સમાને અત્યારે તો ઉધરસ પણ આવી ગઈ, પછી ઘેર જઈને ભલે નિતનું કઢું હલાવે ના !'

આટલી વાત થતામાં દૂર બેઠેલાં બૈરાં પણ કોણ જાણે કઈ ઘડીએ પાસે સરકી આવ્યાં હતાં. ગરબા ગાતી છોકરીઓ પણ લાગ ફાવ્યો ત્યાં બેસી ગઈ હતી. ફળીના વયોવૃદ્ધ પુરુષોને વાર્તાની ગંધ આવતાં એ પણ ચુપચાપ આવીને ખાટલાની ઈસ પર ટેકાઈ ગયા હતા. ગરબો પણ જાણે વાત સાંભળવામાં તલ્લીન થયો હોય એમ સીધી સગ માંડી એકધારો બળતો હતો. બધાયની નજર ભગત તરફ મંડાયેલી હતી. અને જો એક ડોશીની નજર ન પડી હોત તો ગરબા ઉપર બળતા કોડિયાનું ઘી કઈ વખતે કૂતરાના પેટમાં જાત એની પણ કોઈને ખબર ન પડત.

હુક્કાની બે ફૂંક ખેંચી ન ખેંચી ને ભગતે વાત આગળ ચલાવી. એવામાં હીરા જેવો વળી હોંકારો ભરનાર આવી ચડ્યો. પછી તો પૂછવું જ શું ?

'પછી તો સમાભાઈ ''ઘઉંકી રોટી બણાઉંગા, કંકુભાભી કે વહાંસે થોડા ઘી બી લાઉંગા, ને–'' આમ ખૂબ ખૂબ ચગ્યા હતા ને એમ વાટમાં ને વાટમાં ખાવાનું પણ તૈયાર કરી બેઠા. આમ કરીને ખાવા બેસવાનો વિચાર કરે છે ત્યાં તો એમને કાને બૈરાના જેવો અવાજ પડ્યો. સમાને થયું કે હાળું ઘરમાં બૈરું તો છે નહિ ને આ બોલે છે કુણ ? બાજુમાં નજર કરે છે તો પોતેય ટાંટિયા તોડતો વાટમાં ચાલે છે ને જમણી પા કોઈ બૈરું પણ તણાઈ રહ્યું છે. સમાભાઈને ધીમા પડવાનું મન તો ઘણુંય હતું પણ રોફમાં ને રોફમાં ઉતાવળે જ ચાલ્યા કર્યું.

બૈરીએ બીજી વાર પૂછ્યું : ''કયે ગામ રે'વું ?''

"ઉધડિયે." કહી સમાભાઈ તો આગળ વધ્યા. '

પોતાના જ ગામનું નામ સાંભળીને લોકો ખડખડાટ હસી પડ્યા. 'હશે કોઈ હીરાભાઈ જેવો.' તો બીજીએ વળી બીજાનું નામ લીધું.

ભગતે આગળ ચલાવ્યું : 'પેલી બાઈ આપણી આ કાળીના જેવી જબાનની છૂટી હશે. પૂછ્યું : "પણ તમારું નામ તો કો' ?"

'મારું નામ સમો," કહી સમાભાઈએ ઢીલા પડતા મનની લગામ ખેંચી. વળી પાછા ઉતાવળે જ પગ ઉપાડ્યા. પેલી બાઈએ જરાક છણકો કરતાં કહ્યું : "અહોહો ! આમ ગજગજના ખાડા પાડતા હેંડો છો તે જરા સંગાથ તો કરો !"

સમાભાઈના પગ ઉપર જાણે કોઈએ લાકડી મારી, મનમાં થયું : "એકથી દો ભલાં." ને ધીમા પડતાં પૂછ્યું : "પણ તમારું નામ તો મને કહ્યું નહિ !"

"મારું નામ વખત." કહી બાઈએ એની તારા જેવી આંખો સમા ઉપર માંડી.

સમોભાઈ જરા ખીલ્યા, બોલ્યા : "નામ તો સારું પાડ્યું છે હો !"

પણ વખતેય એનાથી બે ચંદા ચડે એવી હતી. હોઠમાં હસતી હસતી બોલી : "ત્યારે તમારું નામેય ક્યાં ખોટું છે ? સમો– કેવું રૂપાળું નામ છે !" કહી સમાભાઈ તરફ મારકણી આંખે તાકી રહી.'

વાત કરતાં કરતાં ભગત અભિનય પણ કરતા હતા. એ જોઈને બૈરાં તો પેટ પકડીને હસતાં હતાં.

ભગતે આગળ ચલાવ્યું : 'આમ કરતાં કરતાં બેય જણ સમીસાંજે ઉધડિયામાં આવી પહોંચ્યાં. સમાને વિચાર થયો : "મારું બેટું બૈરાનો સંગાથ કર્યો એ તો ઠીક, પણ અત્યારે એ જશે ક્યાં ?" –ફળિયાના નાકા આગળ જ સમોભાઈ થંભી ગયા. વખતને પૂછ્યું : "પણ તમે જશો ક્યાં ?"

બાઈને તો નવાઈ લાગી. સમાના મોઢા સામું તાકતાં બોલી : "કેમ ? તમે તો કે'તા'તા ને કે ઉધડિયામાં રહું છું. તમારું ઘર હશે જ ને ?"

બોચી ખંજવાળતાં ખંજવાળતાં સમાભાઈ બોલ્યા : "ઘર તો છેસ્તો !

પ....ણ ઘરમાં તો હું એકલો જ છું."

"ત્યારે હુંય એકલી જ છું ને ?" કહેતીકને વખત આગળ થઈ. બિચારા સમાભાઈ પણ બીતા બીતા– "કોઈ જોતું તો નથી ?" એમ ફાંફાં મારતા ચાલવા લાગ્યા.

"સમો કેડિયાની કસે બાંધેલી કૂંચી છોડવા ગયો પણ એ પહેલાં તો વખતે જ છોડી લીધી. અને જાણે ઘરની ધણિયાણી ન હોય એમ ઘર ઉઘાડીને ઘરમાં પેઠી. સમાભાઈ આમ તો પાછા શોખીન મૂઆ'તા ! ગજવામાં દીવાસળીની પેટી પણ રાખતા ને શે'રમાંથી પૈસાની પાનબીડીઓ પણ લેતા આવ્યા હતા. વખતે દીવાસળી લઈને દીવો સળગાવ્યો. ડાચાં ફાડીને ઊભા રહેલા સમાના હાથમાંથી તેલનો સીસો લઈને, "બેસો પેલા ખાટલા પર" કહી સીસો પાણિયારા ઉપર ખીલે લટકાવી દીધો. સમો તો તાકતો જ રહ્યો : "મારું બેટું ! છતે ખીલે હું સીસાને ચૂલાની બેડે શું કામ મૂકતો હઈશ ! આટલુંય ન સૂઝ્યું ?" પછી તો વખત પોટલી લઈને નિરાંતથી ઘર વચ્ચે બેઠી. નાની નાની પોટલીઓ ભાળી, "આમાં શું છે ? આમાં શું છે ?" એમ પૂછતાં એક પછી એક છોડવા લાગી.

ખાટલા પર બેઠેલા સમાથી મન સાથે બોલી જવાયું : "ગમે એટલું કરો પણ ઘર તો બૈરાનું જ, સમા !" '

હીરાએ ટાપસી પૂરી : 'હાસ્તો સમાભાઈ !' અને ગામલોકો સામે જોઈ ઉમેર્યું : 'એક તો એકલદંડી માણસ ને એમાં વળી ફૂદા જેવું બૈરું મળ્યું. પછી કેમ ન થાય ?'

ભગતે આગળ ચલાવ્યું : 'પછી તો ભાઈ, સમાને ના'વા માટે વખતે ઊનું પાણી કાઢ્યું અને મગ બાફીને કોરાકટ વઘારતાકને ત્રણ રોટલા પણ ઘડી કાઢ્યા. જમવા બેઠેલા સમાને થવા લાગ્યું : "માન ન માન સમા, પણ પેલા ભવની ભાઈબંધણ જ લાગે છે !" '

'તમને તો લાગેસ્તો !' કાળી ધીમેથી બબડી.

ભગતે કહેવા માંડ્યું : 'વખત વાટ જોઈને બેઠી હતી કે ક્યારે

સમાના ભાણામાં રોટલો ખૂટે ને ક્યારે બીજો મૂકું ? પણ રોટલોય ખાય તો ખૂટે ને ? ખાનાર તો આજ હરખે નો'તો માતો. એક બટકું મોઢામાં મૂકતો ને વળી વળીને વખત તરફ જોતો હતો. વખતથી બોલ્યા વગર ન રહેવાયું : ''પાર મૂકોને, આમ ફાંફાં શું માર્યા કરો છો ?''

સમો હસીને બોલ્યો : ''આવી વખત આ ભવમાં ફરી પાછી ક્યારે–'' પણ 'આવશે' એમ બોલતા પહેલાં તો વખત બોલી ઊઠી : ''વખત તો આવેલી જ છે ને ? જીવ ઠેકાણે રાખીને ખાઈ લોને છાનામાના !'' '

હીરાથી બોલી જવાયું : 'જોઈ લુચ્ચી ! કેવી ખંધી બૈરી છે ?'

'ખંધી તો ખરી સ્તો !' કહી ગામલોકો હસવા લાગ્યા.

'પછી ભગતકાકા ?' મનોરે પૂછ્યું.

'જરા હુક્કો તો પીવા દો.' કહી ભગત બેચાર દમ તાણી લઈ હુક્કાને વળી ફરતો મૂક્યો. બોલ્યા : 'પછી તો ખાઈપરવારીને બેય જણ વાતો કરતાં સૂઈ ગયાં !–'

પાસેના ખાટલા પરથી કોઈ જુવાનનો સવાલ આવ્યો : 'ભેગાં કે જુદાં જુદાં !' અને આ પ્રશ્ને તો– આખા ટોળાને તો શું પણ ભગતનેય હસાડી દીધા. ભગતે જવાબ પણ આપી દીધો : 'એ તો બધું સમજી લેવાનું ભાઈ. સમા જેવા એકલદંડી માણસને ત્યાં મહેમાનેય કોણ આવવાનો હતો કે બે પાંચ ખાટલા રાખે ?' અને આ સાંભળીને તો વળી પાછો અણશમ્યા હાસ્યનો પડઘો પડ્યો.

'દિવસ ઊગતાં લોકોને આ વખત આવ્યાની ખબર પડી. થોડાક દન સુધી તો લોકોને થયું કે હશે કોઈ સગુંવહાલું. પણ ગમે તેવું સગુંવહાલું હોય તોય રહી રહીને બેચાર દન રે', આઠપંદર દન તે રહેતું હશે ?'

અને હવે તો સમાભાઈનો રોફ પણ સાવ ફરી ગયો હતો. ન જવું પાણી ભરવા કે ન રહ્યું દળવા-ખાંડવાનું. ના'વાનું પાણી પણ વખત જ કાઢી આપતી.

પાણીની પાણિયારીઓથી વખતને પૂછ્યા વગર ન જ રહેવાયું : ''એ વખત, તારે ને સમાને શી સગાઈ થાય ?''

વખત પણ એમના માથાની જ મળી, કહ્યું : ''એ તો તમે સમાને જ પૂછજો ને !''

લોકોએ વળી સમાને પૂછ્યું : ''એ સમા, તારે ઘેર આ કુણ આવ્યું છે ?''

ખાટલામાં આડા પડી હુક્કો ગગડાવી રહેલા સમાએ જવાબ આપ્યો: ''વખત વળી, બીજું કુણ આવવાનું હતું !''

''અરે વખત એ તો અમેય જાણીએ છીએ, પણ તારે ને એને સંબંધ શો થાય ?'' હીરા જેવા ચીકણા માણસે પૂછ્યું.

અને સમાએ પણ એ જ જવાબ આપ્યો : ''એ તો તમે વખતને જ પૂછજો ને.'' '

અને જે ભગતને કહેવાનું હતું એ જ ગામનાં બૈરાં લવી પડ્યાં : 'મારો પીટ્યો સમોય ખરો તો !'

ત્યાં તો જીભને ટેરવે શબ્દો રાખીને બેઠેલો મનોર ઊછળતોકને બોલી ઊઠ્યો : 'એમાં બિચારો સમો શું કરે ? એ તો રાંડ વખત જ એવી છે !'

બાજુમાંથી મુખી બોલ્યા : 'ભાઈ, કોઈનોય વાંક કાઢવા જેવો નથી. સમો ને વખત બેય સરખાં જ છે.' અને ભગતે પૂરી થતી વાત ઉપર કળશ ચડાવી દીધો : 'તે દનેથી સમો અને વખત એક થઈ ગયાં છે.'

લોકોને પણ જાણે હમણાં ભાન આવતું હોય એમ બોલી ઊઠ્યાં : 'હા'લ્યા ભાઈ ! સમો કો' કે વખત કો'– બધું એકનું એક જ છે ને ?' અને 'ઓ બાપ રે, મારા તો પગેય ચોંટી ગયા !' કરતાં ઊભાં થયાં.

એટલામાં ભગત બોલી ઊઠ્યા : 'એમ કોઈનેય છટકી જવાનું નથી. આજ તો બધાં ભેગાં થયાં છો તો ગાણાં ગાઈને જ વેરાવાનું છે. વાત એમ ને એમ નથી કહી, સમજ્યાં ને ?'

આડે દિવસેય ભગતને નારાજ કરવાની કોઈની હિંમત ન હતી. તો આજ તો હોઈ જ કેમ શકે ? વળી અત્યારે બધાં ગીત ગાવા જેવા ઉત્સાહમાં પણ હતાં. જોતજોતામાં ઘૂમર મંડાઈ.

આડા પડી હુક્કાનો ગડગડાટ કરતા ભગત આ યુવાન યુવતીઓને ગરબે ઘૂમતાં જોઈ મન સાથે બબડ્યા પણ ખરા : 'ત્યારે શું ? યુવાનીનાં આ પાંચ વર્ષ જ ગાવા નાચવાનું તો છે ને ?' અને એક ભારે શ્વાસ લઈ ઉમેર્યું : 'પછી તો કોઈ કે'શેય નહિ કે ઊઠ ને ગા.'

માતાનાં નાનાં નાનાં પાંચ ગીત ગાયા પછી તો યુવાનોને કોઈ રોકીટોકી શકે એમ હતું નહિ. પગ પણ હવે જ છુટા થયા હતા, સાદ પણ ખૂલ્યો હતો. ચાર યુવાનો ગવરાવતા હતા, બાકીના યુવાનો અને સ્ત્રીઓ ઝીલતાં હતાં :

'ભેમા સગવાડાની શેરી ભેમા સાંકડી રે,
ભેમા, ધોરીડા વો'રું તો ભેમા એકલી રે,
તારો હાંકનારો પરદેશ રે,
અડધાં જોબન રે ભેમા વહી ચાલ્યાં !'

કોણ જાણે કેમ ભગતને એકાએક કાનજીની યાદ આવી. અને એક ભારે શ્વાસ લઈ પાછો નાખવા જાય છે ત્યાં તો એક છોકરો ખબર લાવ્યો : 'કાનોભાઈ આવ્યા છે.' અહીં બેઠેલાં સૌ કોઈને કાને આ વાત ફરી વળી. ગાણાં ગાતા હીરાએ પણ સાંભળી. ઝટ બહાર નીકળી ગયો. પણ ભગતે એને રોક્યો : 'તું તારે ગા ને. એને અહીં જ બોલાવીએ છીએ.' અને ભગતના કહેતામાં તો એકને બદલે ત્રણ છોકરાં દોડી ગયાં.

ગામની સ્ત્રીઓ પાછળ ટૂંટિયું વાળીને કોક બેઠું હતું. જાણે પોષની ટાઢમાં સુકડાઈ ન ગયું હોય ? કાનજીના સમાચાર સાંભળતાં એણે મોં ઊંચું કર્યું. ઊઠવા માટે તૈયારી કરી પણ ન ઊઠી શકી. એટલામાં કાનજી દેખાયો. આ બધામાં કદાચ એણે જ પહેલો જોયો હશે. એ જ લાલ ફાળિયું અને એ જ ખમીસ-કોટ. ચાલ પણ પહેલાં જેવી જ છૂટી હતી. મોં સહેજ સુકાયેલું લાગતું હતું, એ એક જ મટકામાં જોઈ લીધું હતું. બીજું મટકું મારતાં તો એ ઊઠી અને બગલમાં હાથ રાખી નીચી મૂંડીએ અને દબ્યે પગે ચાલતી થઈ.

એક બૈરું પીઠ પાછળ બોલ્યું પણ ખરું : 'ધણીને મૂએ પૂરો મહિનો

તો થયો નથી ને ગાણાં સાંભળવા આવતાં રાંડને લાજેય આવે છે ?'

ત્યાં તો જીવીના ફળિયામાં રહેતી એક બાઈ બોલી ઊઠી : 'તમેય વાત કરો છો પણ એય બિચારી શું કરે ? કાનમાંથી કીડા ખરી પડે એવું દન ને રાત શી રીતે સાંભળ્યા કરે, બુન ? એના કરતાં અહીં આવીને બેસે તો એટલી વાર હખ તો ખરું. એને ક્યાં ગાણાં ગાવાં હતાં કે લાજેય આવે ? ડોશીના કકળાટથી તો હવે આખું ફળું તોબા પોકારી ગયું છે.'

જ્યારે પેલી બાજુ ભગત કાનજીને જોતાં બોલતા હતા : 'ઓહોહો ! આટલી રાતે ક્યાંથી, ભાઈ ?' ભગતને ભેટી 'રામ રામ' કરતાં કાનજી બોલ્યો : 'દન આથમ્યે તો મોટરે મનગદમાં ઉતાર્યો. પછી મોડું તો થાય જ ને ?'

બધાયને ભેટ્યા પછી કાનજી ભગત પાસે બેઠો. પણ મનોર વગેરે જુવાનોએ એને ગાણાં ગાવા આગ્રહ કર્યો : 'થાકી તો ગયા હશો કાનાભાઈ, પણ બેએક ગાણાં તો તમારે ગાવાં જ પડશે. અમેય આજે જ શરૂ કર્યાં છે.'

ભગતને પણ આ ગમ્યું. કાનજીને હુક્કાના બે દમ લેવા દઈ એમણે જ ઉઠાડ્યો : 'તારા વગર તો બધું સૂનું હતું. આ બધાંને કેમ ગાણાં ગાવાં એ જરા શિખાડ, ઊઠ.'

કાનજી ઊઠ્યો અને હીરાના ગળામાં હાથ નાખ્યો, હીરાએ વળી મનોરના ગળામાં ને મનોરે ચોથાના– એમ ડોલતા ગરબા આસપાસ ચારપાંચ આંટા તો ખાલી જ ફર્યા. કાનજીએ હીરા સાથે ચર્ચા કરી લીધી : 'કયું ગાઈશું ?' બે ત્રણનાં નામ લીધાં. પણ હીરાએ 'એ તો ગાયાં' કહીને ના પાડી. આખરે કાનજીએ નવું જ ગાણું કાઢ્યું. હીરાને એણે લીટી ગાઈ સંભળાવી, રાગ તથા લીટીનો ખ્યાલ આપ્યો. મનોર તથા બીજો જુવાન સામી બાજુ ગયા. સામા માણસો ઝીલે એટલી વારમાં કાનજી બીજી લીટી હીરાને કહી સંભળાવતો હતો :

રાજવણ, એક પાંપણથી ઉલાળ્યો,
બીજીથી કાંઈ ઝીલી લીધો રે.

કાનજીની આ એક જ લીટીએ લોકોનાં હૈયાંને એકતાન કર્યાં. અને

બીજી વાર એની એ લીટી ગાઈને વાતાવરણને જાણે હાથમાં લેતો હોય એમ હાથના લહેકા સાથે બીજી લીટી ગાઈ :

દૂધમલ આંખડીઓ ભરી નવડાવ્યો
કે કીકીએ કાળો કીધો રે.

અને ત્રીજી લીટી બોલતાં તો જાણે એ, લોકોને પણ ન ભૂલી બેઠો હોય એમ હાથના ચાળા અને મોઢાના ભાવ એકતાન થઈ ગયા હતા.

રાજવણ, હરખે હૈયામાં રમાડ્યો,
છાતડીએ છેટો કીધો રે.
રાજવણ, આંગળીએ કાંકરીચાળો,
અંગૂઠડે ઠેલી દીધો રે.

અને છેલ્લી લીટીઓ ગાતાં ગાતાં તો જાણે કે કોકને વીનવી રહ્યો હતો. આછા આછા કંપ સાથે વહેતા એ અવાજોમાં એટલું દર્દ લાગતું ! જાણે એનો આત્મા ઢોળાઈ ઢોળાઈ ન જતો હોય ! આભમાં એક વાદળી પણ કંઈકથી નીકળી આવી હતી.

રાજવણ, છેટે ભાગું ને તરછોડું–
ઓ રાજવણ, દા'ડે હસું ને રાતે રોઉં,
હડફેટમાં શાને લીધો રે !
વેનવું ! આંખડીએ કાજળ કાળાં,
તો આંજવાં છોડી દેજો રે–
આજથી ભમ્મરો ઘૂઘરીવાળાં,
ઉલાળવાં છોડી દેજો રે.

ગીત પૂરું થતાં ક્ષણભર તો એટલી બધી શાંતિ છવાઈ રહી કે બાજુના કરા આગળથી કોઈકનાં આછાં ડૂસકાં જેવું પણ સંભળાયું. એટલે જ તો એક બાઈએ પૂછ્યું : 'અલી ત્યાં કરામાં કોઈનું છોરું રુએ છે કે શું ?'

'હશે કોકનું વળી.' કહેતી બીજી બાઈ ઊભી થઈ.

'લો હવે તો કૂકડો બોલવા થયો, ઊઠો.' કહી ત્રીજી બાઈ પણ ઊઠી. પણ એટલામાં તો ચારપાંચ છોકરીઓ સાથે કાળીને ઊભી થતી

જોઈ. નાથી સાથે મસલત કરતી તો વળી હસતી ગરબા પાછળ ફરવા લાગી. એક બાઈએ તો કહ્યું પણ ખરું : 'કેમ અલી, હજુ તારે રહી જાય છે કે શું ?'

બીજી બાઈ મલકતાં બોલી : 'ના, કાનજીભાઈને વળતો જવાબ આલ્યા વગર એને ચાલે કે ?'–

કાળી પણ ગામમાં 'ગાણાંનું ગાડું' જ ગણાતી. કાનજીના ગાણાનો જવાબ અને તેમાંય આવા ગાણાનો જવાબ આપ્યા વગર તો એ રહી જ કેમ શકે ? કાનજી, લોકોના કહેવા પ્રમાણે, 'ગાંઠનાં જોડતો', તો કાળી વળી અલકમલકમાંથી શીખી લાવતી. અને એ વિશ્વાસને કાયમ રાખતી હોય તેમ કાળીએ લીટી ગાઈ :

ગાણું અધૂરું મેલ્ય મા, 'લ્યા વા'લમા,
ગાણું અધૂરું મેલ્ય મા.

ત્રણ તાળીએ ફરકતી કાળીની છટા જ કોઈ અલૌકિક હતી. ટટ્ટાર થઈને વળ લેતી એની દેહલતા, અને પગની પાનીએ અથડાતો ઘાઘરાનો ઘેર, એ બધા સાથે કંઠનો સુમેળ તો એક કાળી જ સાધી શકે.

કાનજીએ હુક્કો પીવો પડતો મૂકી ગાણા તરફ કાન માંડ્યા :

હૈયે આયેલું પાછું ઠેલ મા, 'લ્યા વા'લમા,
હોઠે આયેલું પાછું ઠેલ મા– ગાણું અધૂરું ૦

અને આ ઓછું હોય એમ કાળીએ કાનજી તરફ સહેજ ડોક મરડી બીજી કડી ગાઈ :

હૈયા સંગાથે ભૂંડા ખેલ મા, 'લ્યા વા'લમા,
ભોળા સંગાથે ભૂંડું ખેલ મા– ગાણું અધૂરું ૦

કાનજીએ એક ભારે શ્વાસ લીધો પણ પછીની કડી સાંભળતાં તે શ્વાસ લેતો થંભી ગયો.

ઓરાં બોલાવી ધકેલ મા, 'લ્યા વા'લમા,
છાતીથી છેટાં ધકેલ મા.– ગાણું અધૂરું ૦

અને છેલ્લી કડી સાંભળીને તો કાનજીની સિકલ રોઈ રહી હતી કે

હસી રહી હતી તે કળાવું મુશ્કેલ હતું.

છાતીથી છેટાં મેલ મા, 'લ્યા વા'લમા,
હૈયાં સંગાથે ભૂંડા ખેલ મા,

આ પછી તો કાળી સાથે કાનજીનું હૈયું પણ ગાઈ-રોઈ રહ્યું હતું :

ગાણું અધૂરું મેલ મા, 'લ્યા વા'લમા,
*હોઠે આયેલું પાછું ઠેલ મા.**

કાનજીની આંખોમાં પાણી હતાં. જ્યારે કાળી તરફ મંડાયેલી લોકોની આંખોમાં તાજુબી અને આનંદ બેઉ હતાં. બૈરાં તો દાંતોમાં આંગળી જ ઘાલી ગયાં :

'કુણ જાણે રાંડ ક્યાં ક્યાંથી શીખી લાવે છે ! એકએકના માથાનું કાઢે છે તો !' તો કોઈ વળી કાનજીને પણ આગળ ધરતું હતું : 'ત્યારે કાનોભાઈય ક્યાં કાચા છે ? મારો બાપ જાણે તે એ તો ગાંઠનું જોડે છે કે કોઈ ચોપડીમાંથી કાઢે છે ?'

અને આમ વાતો કરતાં બૈરાં વેરાવા લાગ્યાં.

ભગત તથા હીરાની જોડમાં ચાલતો કાનજી પણ ઘર તરફ વળ્યો. પણ મગજમાં તો પેલું 'ગાણું અધૂરું મેલ્ય મા' જ ઘોળાયા કરતું હતું.

મોડી રાત સુધી જાગતા પડેલા કાનજીને તો એમ પણ થયું : 'કે પછી જીવીએ તો આ નથી જોડ્યું ?' અને એક ભારે શ્વાસ લઈ પાસું ફેરવતાં બબડ્યો : 'ગાણું અધૂરું મેલવા જેવું જ થયું છે ને ?'

*શ્રી ઉમાશંકર જોષી કૃત.

૨૦. 'આવ્યો'તો શું કામ ?'

દિવસ ઊગ્યો હતો. ભગતની પરસાળના તાપણામાં બે પથ્થર તથા એક બળતું લાકડું એમ ત્રણ ઢેખલા પર તપેલી મૂકી દીધી હતી. તપેલીમાં પાણી, ગોળ ને ચા એમ ત્રણેય વસ્તુ એકરસ બનીને ઊકળતી હતી.

ઘરના ચૂલા ઉપર ચડાવેલા હાંલ્લામાં દાળ ઓરીને ભગત બહાર આવ્યા. તાપણા તરફ નજર નાખી નેવાંમાં આવી ઘાંટો પાડ્યો : 'હીરા, કેટલી વાર ?'

'હોય આવ્યો ભગત !' કહેતો હીરો દૂધના લોટા સાથે આવી પહોંચ્યો. ચોપાડમાં જતાં જતાં ભગતે, રતનનો હાથ ઝાલીને આવતા કાનજીને પણ જોયો. સામેથી મનોર પણ વણબોલાવ્યો આવી લાગ્યો. અને ચા ગાળતાં ગાળતાં તો ખેતરે જતા બીજા ત્રણ જણ પણ ભગતના સહેજ કહેવા ઉપરથી જ આવી બેઠા.

પિત્તળનાં કપરકાબીની બે જ જોડ હતી. પરંતુ કપરકાબીની જોડ હોય તો જ ચા પિવાય એવું થોડું હતું ? કાનજી તો જાણે શહેરનો માણસ એટલે એને તો કપરકાબી આપવાં જ જોઈએ. પણ બીજાઓને તો કપ કે રકાબી બેમાંથી એક હોય તોય ચાલે. ત્રણ જણને આપ્યા પછી હીરાને થયું કે એ ખાલી થઈને પાછાં ફરે ત્યાં સુધી જો બેસી રહીશ તો ઘરધણીને ને રાંધનારીને ભાગ તો ધુમાડો જ આવવાનો. લાંબા લાંબા પગે ઘરમાંથી બે વાડકી અને તાંસળું લઈ આવ્યો. ભગતને તથા એકને વાડકીઓ આપી, મનોરને તાંસળું અને પોતે જ્યાં લોટો જ મોઢે ચડાવવા જાય છે ત્યાં તો

બે કપ અને રકાબી પણ આવી લાગ્યાં. (કાનજીવાળી રકાબીમાં રતન ચા પીતી હતી) પણ એ ધોવા કરવાની કડાકૂટ કરવા કરતાં આ જ ઠીક છે, વિચારી હીરાએ ભાંગ રેડતો હોય એમ અધ્ધર હાથે જ લોટો મોંમાં નમાવ્યો.

કાનજીએ તો કહ્યું પણ ખરું : 'હવે આ રકાબી લેને, બળી જઈશ ત્યારે.'

હીરાએ મોંના કુપ્પામાં ભરેલો ચા ઉતારતાં કહ્યું : 'તમને ત્યારે ગમ જ શો છે ? અડધો કોઠો શેકાય એવો ઊનો ચા ન પીએ તો પછી ચા પીધા કરતાં છાશ પીવી શી ખોટી ?' અને બાકીનો ચા મોંમાં રેડતાં પહેલાં ઉમેર્યું : 'આટલામાં રકાબી ને કોપ કરવા ક્યાં રહું ?' કહી ફરીથી મોંના કુપ્પામાં ઊંધો વાળી ખાલી લોટો એક બાજુ સરકાવી દીધો. મોંમાંનો ચા ઉતારતા હીરા સામે જોતાં કાનજીથી કહ્યા વગર ન રહેવાયું : 'ખરું પૂછો તો હીરા, તારું મોંઢું કંઈ કપ કરતાં નાનું તો નહિ હોં ! તારા મનથી કે કપમાં કાઢીશ તો વધારે દેખાશે ત્યારે લાવને લોટો જ–'

'તોય કંઈ ખોટું નથી કાનજી,' કહી ભગતે ઉમેર્યું : 'બે દન ઉપર જ ભલો માણસ ચા વગર રહી ગયો'તો. એટલે એ ગણતરી ગણતાં આ વધારે તો નો કે'વાય.' કહી ભગત બે દિવસ પરની વાત કહેવા લાગ્યા.

ખેતરે જવા નીકળેલા પેલા ત્રણ માણસોથી વધારે વાર બેસી શકાય એમ ન હતું. એક જણાએ ચલમમાં અંગારો મૂકી લીધો. બાકીના બેમાંથી એકે કહ્યું : 'લો ભગત, અમે તો ઊઠીએ, નહિ તો તમારી વાતોમાં તો વે'લી ઊઠી ને ભૂલી પડી એના જેવું થશે.' કહી દાતરડાં લઈ હસતા હસતા ત્રણેય જણ ચાલતા થયા.

'મારેય ઊઠવું જ છે ને !' કહી ભગત પણ હુક્કો પીવા વળ્યા.

હીરાએ મનોર તરફ તપેલી, કપ વગેરે ખસેડતાં 'અલે જોજે પાછો, આ બધું ભગતકાકાની કોટે વળગાડીને જતો.' કહી મનોરની કોટે વળગાડી દીધાં. ભગત પાસેથી હુક્કો તાણતાં 'લાવોને ભગત, જરા બે ફૂંક લઈ લેવા દોને.' કહી મોટી બે ફૂંક લઈ ઊભો થયો.

કાનજીએ હીરા સામે જોઈ કહ્યું : 'તમે બધા પોતપોતાની લાયોમાં તો પડ્યા છો પણ ભગતનુંય જોતા રહો છો કે નહિ ?'

'ભગતનું હવે છે તો એક ખેતર ને ? કાલ તો નહિ પણ પરમ દા'ડે ભગતના ખેતર તરફ વળવું છે.' કહી હીરો ચાલતો થયો.

ભગતે બે બળદ રાખ્યા હતા એ ખરું. પણ ઝાઝે ભાગે તો એમની ખેતી ગામ જ અવેરી આપતું.

કાનજીને જોકે ઉતાવળ તો હતી જ, પણ એને ભગત સાથે કંઈક વાત કરવી હતી, કંઈક બોલવા જતો હતો ત્યાં તો 'હું જરા દાળની ખબર લેતો આવું.' કહી ભગતને ઊઠતા જોયા. કાનજી 'ભલે' કહી ચૂપ જ રહ્યો.

બેઉ પગ ખાટલા ઉપર રાખી ઢીંચણ આસપાસ હાથ વીંટાળી કાનજી બેઠો હતો. એની નજર સામેના ઘર ઉપર જ ચોંટી રહી હતી. જીવીને એણે બેત્રણ વાર જોઈ હતી. પણ પૂરું મોં જ જોવા મળ્યું ન હતું. પછી આંખ શું આંખ મળવાની તો વાત જ શી ?

અત્યાર પહેલાં તો કાનજી આગળ ગામમાં બનેલી નવાજૂની તરીકે ઘણાં લોકે જીવીની વાત કરી નાખી હતી. પણ એ વાતમાં તિરસ્કાર કે રીસની ગાળો ન હતી; બલ્કે, 'રાંડે કરતાં તો કર્યું પણ હવે એનું પાપ એનું કાળજું જ કોરી ખાય છે. તમે જોજો તો ખરા, કેટલી બધી ઓગળી ગઈ છે ! નથી તો કોઈની સાથે બોલતીચાલતી કે નથી ધમકારાબંધ કામ કરતી; કોઈ વાર હસે તેય જાણે ડાકણની પેઠે– બીક લાગે એવું.'

આ બધી બાબત ઉપર વિચાર કરી રહેલા કાનજીના મગજમાં હજુય, જીવી ઝેર દે એ નહોતું બેસતું.

ભગતને આવતાં હજુ વાર થશે અને વાત કરતાં કરતાં તો કદાચ વધારે મોડું થાય એટલે કાનજીએ બાજુમાં રમતી રતનને બોલાવી કહ્યું : 'જા બુન, તારી માને કે'જે કહીએ કાકાની વાટ ન જોતાં. એ પરભાર્યા ખેતરમાં આવશે.' અને આમ એને બરાબર ગોખાવીને ઘર તરફ રવાના કરી. કાકાની લાવેલી નવી ઘાઘરી તથા ઓઢણીને ઊંચી લઈને બરાબર સાચવતી રતને ભગતનું આંગણું તો વટાવ્યું પણ એટલામાં ઘરમાંથી બહાર

નીકળતી જીવી ઉપર એની નજર પડી. વધામણી ખાધા વગર રતન રહી શકે જ શી રીતે ? ભગત સાથે વાત કરતા કાકા તરફ નજર નાખી લીધા પછી જીવી તરફ બે ડગ ભરી સાદ કર્યો : 'કાકી, એ કાકી ! જો પેલા કાકા.'

કાનજીને કાને આ અવાજ પડતાં જ દાંતિયું કર્યું : 'જાય છે કે આવું ?' રતન કરતાં વધારે બીક તો જીવીને લાગી. વળતી નજર કાનજી તરફ કરી પણ બેઉ નજરો એક થવા ન પામી. હજુય કાનજી રોષભરી નજરે રતનની પીઠને તાકી રહ્યો હતો. કામે વળતી જીવીથી એક ભારે નિઃશ્વાસ નખાઈ ગયો.

કાનજીને, ભગતને કંઈક પૂછવું હતું, પણ એ વાત એણે કોણ જાણે કેમ પડતી મૂકી. બીજી જ વાત પૂછી : 'મારે ધૂળાને ત્યાં લૌકિક કરવી હતી ભગત. એનો ભાઈ બેસશે સામો ? નહિ તો તમે–'

'એ છોકરાનું કંઈ ઠેકાણું નહિ હોય. લે ને હું જ બેસું.' કહી ભગત ઊઠ્યા. જીવી તથા નાની ડોશીને ખબર કરી પોતે નેવાંમાં આવી કોકો કરતા બેઠા. સામેથી કાનજી પણ આવ્યો.

કોકો કરીને બેઉ જણ ધૂળાની ચોપાડમાં બેઠા તો ખરા પણ નાની ડોશીના વિલાપ સાંભળીને તો ભગત જેવાને પણ થતું હતું કે અહીં ન બેઠો હોત તો સારું. 'હું જરા ચૂલે જોઉં' કહી ઊઠ્યા પણ ખરા, પરંતુ કાનજી, 'હુંય નાની કાકી છાનાં રહે એટલે એમને ભેગો થઈને જ જઉં ?' આવા વિચારમાં ન ઊઠી શક્યો.

જુવાનજોધ અને ઘરનું ટંટાળ ફેરવતો છોકરો એકાએક ઊઠી જાય એ ગમે તેવી માતા માટે અસહ્ય હતું તો નાની ડોશી જેવાં મોતને મોઢે ઊભેલાંને લાગે એમાં નવાઈ જેવું શું હતું ? એમાંય આજે તો ફરિયાદ કરવાનું ખરું ઠેકાણું મળ્યું હતું. પછી એમની જીભ કે હૈયું શી રીતે ઝાલ્યું રહે ? વિલાપમાં કહેતાં હતાં : 'દીકરા ભાઈ ! લાખેણા ગોઠીએ.... હરખે બૈરાં કરાવ્યાં. જણ્યા....! દીકરા.... અડધી રાત્યો વેઠી જીવ ને જાને તમને બૈરાં વો'રાવ્યાં....! દીકરા.... આજ તમારા ગોઠી પરદેશથી બારણે આવ્યા....! જણ્યા.... એમને આવો એમ કુણ કે'શે....!'

અને પછી તો કાળનાં માર્યાં ડોશી ભાંડવા મંડી પડ્યાં : 'બૈરાંના કરાવનારા તમે સાજા રે'જો.... રાંડ અભાગણી મળી.... ને મારું મોત બગાડ્યું....!'

જ્યારે જીવી તો ધૂળાને મૂઆ કેડે આટલું તો આજ પહેલી વાર જ રોતી હતી. એ રુદનમાં નહોતો કોઈ વિલાપ કે નહોતો એકધારો સૂર; નાના છોકરાની પેઠે ડૂસકે ડૂસકે જ રડી રહી હતી.

આ બે જણની વચ્ચે કાનજીની હાલત બહુ કફોડી હતી. ડોશીના વિલાપથી જીવી ઉપર ઊઠતો ગુસ્સો તેનાં જ ડૂસકાંમાં તણાઈ જતો હતો. ડોશીનાં દુઃખનું અને જીવીનાં ડૂસકાંનું પોતે જ કારણ છે એમ માનતો કાનજી પોતાની જાત ઉપર ચિડાઈ રહ્યો હતો. વધારે વાર બેસવું પણ ભારે થઈ પડ્યું, અવિવેકના ખ્યાલને એક નિઃશ્વાસમાં અળગો કરી ઊઠ્યો. ભગતના ઘર તરફ ન જતાં સીધો ઘરને જ પંથે પડ્યો. મનોરના બાપે કહ્યું પણ ખરું : 'ડોશી છાનાં રે' એટલી વાર તો બેસવું'તું, ભાઈ !'

કાનજીને બદલે પોદળા વીણતી એક બાઈએ જ જવાબ આપ્યો : 'બેસવાનું મનેય શું થાય તે ! બે ઘડી વાત કરે એવો હતો એ તો ઊઠી ગયો પછી જીવેય શી રીતે લાગે !–'

'હાસ્તો !' કહી કાનજી ઘેર ન જતાં સીધો ખેતર તરફ જ વળ્યો. કોણ જાણે કેમ પણ એને નોકરી પરથી આવવા બદલ ખૂબ ખૂબ પસ્તાવો થયો. અનેક વાર એણે પોતાની જાતને એકનો એક સવાલ પૂછ્યો : 'પણ હું અહીં આવ્યો શું કરવા ?–'

વાઢતાં વાઢતાં પણ એને નાની ડોશીની દયા જ આવ્યા કરતી હતી : 'ખરેખર, બિચારીનું મોત જ બગાડ્યું છે.' એક વિચાર જીવીને મળીને એને ખૂબ ખૂબ વઢી નાખવાનો આવ્યો.

એક ભારે નિઃશ્વાસ સાથે બબડ્યો : 'અરેરે ગોઝારી ! મારું લાવ્યાપણું તો રાખતી ! હું શું કહીશ– આ જાણીને મને શું થશે; એટલો વિચારેય તને ન આવ્યો ?–'

પણ બીજી બાજુ જીવીનું બેફાટ રુદન, એનું હાડપિંજર જેવું શરીર વગેરે યાદ આવતાં તો એને એમ થતું હતું : 'તું ઘણુંય રુએ, ઘણું ઘણું પછતાય પણ હવે એ શા અર્થનું ? ભૂંડી ! હું જાણું છું કે તેં નાછૂટકે જ આ પગલું ભર્યું હશે, પણ તારું આ દુઃખ મારે કે'વું કના આગળ ?– કર્યું છે તો ભોગવ હવે !'

કામ કરવામાં પણ કાનજીનો જીવ લાગતો ન હતો. જેમ તેમ કરીને દિવસ પૂરો કર્યો. સાથે સાથે મનમાં નિર્ણય પણ કરી નાખ્યો : 'કાલ પરમ દા'ડે તો ઊપડી જ જઉં.'

રાતે હીરાને ત્યાં જમવાનું કર્યું હતું. જમીને બેઉ જણ હુક્કો પીતા બેઠા હતા. હીરો નોકરીના સમાચાર પૂછતો હતો : 'શાની નોકરી છે, કોઈ વાત તો કર !'

'હમણાં તો એક મિલમાં નોકરી મળી છે, પણ પહેલાંની તો હું તને કહું તો તું માનીશેય નહિ.'

'તોય શાની હતી, કે'તો ખરો ?'

'શાની તે બૈરાંના ઘાઘરા ધોવાની.' કહી કાનજી ખડખડાટ હસવા લાગ્યો.

'જા જા, હવે મારી મશ્કરી કર્યા વગર, બીજો કોઈ ધુએ કદાચ, પણ તું તે કોઈ દન–'

'કોઈ દન તો શું પણ ખાસ્સા બે મહિના ધોયા અને તેય સાબુ ઘસીને !' કહી વળી કાનજી હસવા લાગ્યો.

દૂર બેસી છોકરો રમાડતી કંકુથી બોલ્યા વગર ન રહેવાયું : 'લો હેંડો હેંડો હવે ! એમ બનાવતા ન હો તો, કાનાભાઈ ! શે'રમાં રહી આવ્યા તોય તમારી ટેવ તો એની એ–'

'ખરી વાત કહું છું, ભાભી. જૂઠું કે'તો હોઉં તો મારા પંડના–'

'લો છાના રો' હવે કવેળાએ સોગન ખાધા વગર. ત્યાં તમે ગમે તે કરતા હો પણ અહીં તો એવી વાત જ ન કરશો.'

'નહિ તો ?' અને કંકુને ચૂપ જોઈ ઉમેર્યું : 'કોઈ બૈરું નહિ આલે

એ કે બીજું ?'

'તમારા માટે એવડી મોટી તો કોણે ઘરમાં ઘાલી મેલી હશે કે આલે, પણ કોઈ નાતરાનું આવતું હશે તો એય નહિ આવે.'

કોઠીઓ આગળ બેઠેલી નાથી તો આ બધું માનતી જ ન હતી. હીરો વાત બદલવાને ઇરાદે બોલ્યો : 'ત્યારે હવે તો તું મિલમાં છે એમ ને ?' આ પછી પગાર તથા રજાઓ માટે પણ પૂછ્યું : 'હવે તો આવ્યો છે, તો દિવાળી સુધી રહીશને ?'

'ના રે, આ તો ઊભો ઊભો– મીંકું લાવ જરા બધાંને ભેગો થઈ આવું કરીને વગર રજાએ નીકળી આવ્યો છું.'

'ત્યારે તો પાંચસાત દનમાં કાં તો–' હીરાની વચ્ચે જ કાનજી બોલ્યો : 'મારો તો વિચાર છે કે કાલના દન કેડે ઊપડી જઉં.'

'ત્યારે તું એકાએક આવ્યો શું ને પાછો હેંડ્યો શું ? નાહક ભાડું બગાડ્યું ! આમે ને આમે દિવાળી ઉપર જ આવવું હતું ને ?'

'આવી ગયો વળી.' કાનજી બબડ્યો. અને ઊભાં થતાં બોલ્યો : 'લેં હેંડને, ભગતના ભણી જરા આંટો મારીએ. એં થઈને ગરબામાં જઈશું.'

પરંતુ ખરી રીતે તો કાનજીને હીરા સાથે એકાન્તમાં વાત જ કરવી હતી. ભગતને ઘેર જવાને બદલે, 'થોડીક વાત પૂછવી છે, હીરા.' કહી ઉકરડા તરફ વળ્યો. બેઉ જણ એક પથ્થર ઉપર બેઠા. હીરાએ વાતની શરૂઆત કરતાં પૂછ્યું : 'એવી તે શી વાત હતી કે ઠેઠ ઉકરડા ઉપર લઈ આવ્યો ?' અને હીરાને જે ફાળ હતી એ વાત કાનજીએ પૂછી : 'એં હીરા, તું એમ માને છે ખરો કે જીવીએ ધૂળિયાને ઝેર દીધું હોય ?'

'ધૂળો ઝેરથી મરી ગયો એ તો જાણે નક્કી જ છે કાનજી, હવે તું જ વિચાર કર, ઘરના ટંટા તો તું જાણે જ છે એટલે આપણે પણ એ જ માનવાનું !' અને સહેજ વાર થંભી ઉમેર્યું : 'પણ હવે જે વાત ગઈ ગુજરી ને પાર પડી એને ઉકેલવાથી શો લાભ, કાનજી ? થવાનું હતું એ થઈ ગયું.'

'ના ના, હું તો– આ તો ખાલી જાણવા. એમાં આપણે તો શું હવે ?

મરશે હાળાં. પણ આ તો આપણા ઉપર નગોદાઈ આવી ને ? મોઢે ન કે' પણ પાછળ તો લોક કે'તું જ હશે ને કે કાનજીએ ને હીરાએ થઈને બૈરું તો કરાવ્યું પણ આ તો ઊલટો બિચારાનો જીવ ખોવરાવ્યો.'

'કે' તો ખરું જ ને, કાનજી ! પણ એનું હવે થાય શું ? આજથી હવે એટલું શીખ્યા કે કોઈની વચ્ચે ઊભા રહેતા હતા તે નહિ ઊભા રહીએ.' અને બળાપો કરતાં નાની ડોશીનો અવાજ કાને પડવાથી હો કે ગમે તેમ– બોલ્યો : 'પણ મને તો બાપડી આ ડોશીની દયા આવે છે. રળીને ખવડાવતો'તો એ જ હેંડતો થયો, પછી પેલો નાનો છે એ મોટો થાય ને ડોશીની પ્રતમા પાળે એ કોણે દીઠું ?'

કાનજીએ જોરથી શ્વાસ લેતાં કહ્યું : 'ત્યારે પેલી બાઈય હવે શું સુખ પામવાની છે ? અહીં આ સાસુનાં ખોયણાં ખાવાનાં છે તો ત્યાં વળી ઓરમાન મા મળી છે. જ્યાં હશે ત્યાં પણ એના જીવતરમાં તો આ ડામ કાયમ જ રે'વાનો છે !' કહી કાનજી એક સળી લઈ દાંત ખોતરવા વળ્યો.

'કૂટશે હાળાં કપાળ ! કરશે એવું ભોગવશે, એમાં આપણે શું કરવાના હતા ? લે ઊઠ હેંડ. ગાણાં ગાવા જઈએ.' કહી હીરો ઊભો થયો. એને કાનજી ઉપર થોડીક રીસ પણ ચડી હતી.

'તું જા, એટલામાં હું જરા ભગતને ત્યાં જતો આવું.' કહી કાનજી ભગતના ઘર તરફ વળ્યો. નાની ડોશીનો અવાજ કાને ધરવો ન હતો તોય કાનમાં કંઈ પૂમડાં ઓછાં ઘાલ્યાં હતાં કે ન અથડાય ?

'ઓ ભગવાન ! હવે આ બાઈથી તો હું થાકીને લોથ થઈ ગઈ. રાંડ મરી જતી હોય તોય પાપ જાય મારા ઘરમાંથી. ને એની માય રાંડ તેડી નથી જતી.... જ્યાં બેસે ત્યાં ઘો પેઠે ચોંટી જ રે' છે તે શી રીતે વેઠાય !– રાંડને ખાવા તો ખાસ્સું તાંસળું ભરીને જોઈએ છે ને કામ કરતાં ચૂંક આવે છે–'

અને આ ઓછું હોય તેમ જીવીના દિયરનો અવાજ આવ્યો : 'ઊઠ એં, પેલું ખાવાનું મેલ્યું. ખાઈ લે ખાવું હોય તો. નહિ તો જો કૂતરું ખાઈ

જશે તો રહીશ કાલની પેઠે લબડતી ! આ જુઓને આ ! ખૂંટ થઈને બેઠાં છે તે ? રાણીથી ઉઠાય છે કે ?'

ભગતના ઘર સુધી જો ન આવી લાગ્યો હોત તો કાનજી કદાચ પાછો જ ફરી જાત. પણ છેવટે તો ભગતને લઈને ઊઠ્યે જ એનો છૂટકો થયો. થોડેક ગયા પછી એણે ભગતને પૂછ્યું : 'એં ભગત, નિત ને નિત આ આવો જ કકળાટ થયા કરે છે ?'

'આ તો જરા ઓછો છે ભાઈ, બાકી કોક કોક દન તો બાપડીને મારેય છે.' કહી ભગતે પૂછ્યું : 'ભલી આવામાં રજા મળી ?'

'રજા તો નથી મળી પણ હું જ નીકળી આવ્યો, ભગત.' કહી વળી પાછો કાનજી કંઈક વિચારમાં ડૂબી ગયો. સહેજ વાર પછી વળી બોલ્યો : 'એં ભગત ? આ બધા નિસાસાનો ભાગીદાર તો હું જ ગણાઉં ને ?'

'શાના નિસાસા ?'

'આ બાઈના સ્તો !' અને નિઃશ્વાસ નાખતાં નીચી મૂંડીએ જ પૂછ્યું : 'અણસમજમાં ન કરવાનું કરી તો બેઠી, પણ હવે એના જીવતરમાંય શું રાખ રહી છે ? એને તો–'

ભગતે કહ્યું : 'જો કાનજી, દુનિયામાં બહુ ઊંડા ઊતરવામાંય માલ નથી. આવાં આવાં તો દુનિયામાં કંઈક દુખિયાં પડ્યાં છે.–' કાનજી ઊભો રહેતાં વચ્ચે જ બોલ્યો : 'એ ખરું ભગત, પણ એમાં આપણે તો જવાબદાર નથી ? જ્યારે આમાં તો–'

'એ બધી ખોટી વાત. જો ન ગણો તો કોઈ કોઈને જવાબદાર નથી ને ગણો તો સૌ કોઈ– મનેખમાત્ર– સૌ માટે જવાબદાર છે. માટે એવી લાંબી પંચાતોમાં પડીએ જ નહિ.' કહી ભગતે પગ ઉપાડ્યો.

કાનજીનો અવાજ સહેજ ઢીલો પડી ગયો : 'એં ભગત, તમે આવા સમજુ માણસ થઈનેય આવું બોલશો ?–' ભગતને ઊભા રહ્યે જ છૂટકો થયો, કાનજી આગળ બોલતો હતો : 'તમને ખબર છે ભગત ? જીવી અહીં આવી એ કોના લીધે ? કોના–'

'હું એકલો નીહ, પણ આખું ગામ જાણે છે. પણ એનું તારે હવે શું

કરવું છે ? ને એટલી દયા તો અમારામાંય છે– જે દન એની સાસુ ખાવા નહિ આપે એ દન અમે કાંઈ એને ભૂખે મરી જવા નહિ દઈએ– કાલ ઊઠીને તો એય ઠેકાણે પડી જશે ગાંડા, તું આમ નાહકનો દુઃખનો પોટલો માથે કરીને શું કામ ફર્યા કરે છે ?'

કાનજીને અત્યારે ભગત સાથે ચોખ્ખી વાત જ કરવી હતી પણ ભગતે તો પગ ઉપાડતાં એને પણ ખેંચ્યો.

'લે હેંડ તાકડે આવ્યો છે ત્યારે બેત્રણ નવજુ ગાણાં તો સંભળાવ.'

કાનજી ગયો તો ખરો પણ ગાણું તો એકે ન ગાઈ શક્યો. બેઠા રહેવું એ પણ મુશ્કેલ હોય એમ ભગતની પાછળ ખાટલામાં લાંબો થઈ ગયો; ભાવથી ગાણાં ગાવા બોલાવવા આવેલ એકબે યુવાનોને તો એણે દાંતિયું પણ કર્યું : 'મેલોને છાલ, ગાવું હોય તો ગાઓ, નહિ તો નાખી આવો પેલા કૂવામાં–'

'એમાં બિચારા ગરબાને શું કામ કૂવામાં નાખે છે ?' હસીને ભગત બોલ્યા અને આંખનો ઈશારો કરી પેલા જુવાનોને પણ દૂર કર્યા; મનમાં થતું હતું : 'પેલીની તો અડધી ડાગળી ચસકી ગઈ છે ને ભેગી આનીય કાંતો ચસકી જાય ?' પછી તો ભગતે એને નોકરીના ને એવાતેવા સવાલો પૂછી વાતે વાળવા પ્રયત્ન પણ કર્યો. પૂછ્યું : 'કેટલા દન રે'વાનો છે, કાનજી ? હમણાં તો દિવાળી–'

'ના, કાં તો કાલેય જતો રહું.' કાનજીના મનમાં કદાચ હશે કે ભગતને નવાઈ લાગશે, કદાચ ના પણ પાડશે. પણ ભગત તો ઊલટા ખુશ થઈને બોલતા હતા : 'રજા ન હોય તો તો જવું જ જોઈશે ને ? એવું હોય તો દિવાળી ઉપર બે દનની રજા લઈને આવી–'

કાનજી વચ્ચે બબડી ઊઠ્યો : 'દિવાળી ઉપરેય અહીં શું દાટ્યું છે, ભગત ?'

'ગણી જાણે એને તો એય ખરું સ્તો– ઘડી ઘડી ભાડાં ખરચવાં ને ઉપરથી વળી પગાર ખોવો.' ભગતે ટાપસી પૂરી.

પણ કાનજીને ભગત ઉપર ઊલટી ખીજ ચડી. કંઈ વત્તુંઓછું બોલી

જવાશે એ બીકે ત્યાંથી ઊઠ્યો હોય તોય કોણ જાણે ? અને 'મારું માથું દુખે છે ભગત, હું ઘેર જઈને સૂઈ જઉં.' કહી ચાલતો થયો.

ઘેર જઈને ચોપાડમાં પાથરી રાખેલા ખાટલામાં પડ્યો પણ કાનજીને કંઈ ચેન ન પડ્યું. ખાટલાને આંગણામાં ખેંચી લાવીને તારાઓ સામે તાકી રહ્યો, પણ એના જૂના ગોઠી તારાઓ પણ એને આનંદ ન આપી શક્યા. હજુય એની ભગત ઉપરની રીસ ઓછી નહોતી થઈ, બલકે વધતી જતી હતી. ભગત એને વેદિયા ઢોર જેવા લાગતા હતા. મનમાં થતું : 'જનમારાના એકલદંડી માણસ એટલે એમને પોતાનુંય શું અને પારકુંય શું ? કોઈ દુઃખી થાય તોય શું ને સુખી થાય તોય શું ? કશી માયા જ ન મળે પછી ગીતાનો ઉપદેશ પાળી માયાથી વેગળા રહે એમાં નવાઈ જેવુંય શું છે ?–' અને કાલે જવાની પોતે કરેલી વાતમાં ભગતે જે હા ભણી હતી એમાં તો એને ભગતનો કંઈક સ્વાર્થ પણ દેખાયો ! 'હાસ્તો ! કાનજી પાસે બે પૈસા હોય તો એમનેય કોક દન ખપ લાગે ને ?–'

વચ્ચે આવેલાં મકાનોની પેલી બાજુ આનંદની છોળો ઉડાડતો મહાસાગર જાણે ઊછળી રહ્યો હતો. આ બાજુ કાનજી નિઃશ્વાસો નાખતો પડી રહ્યો હતો. એકાએક જાણે નિર્ણય ન કરી નાખતો હોય એમ કાનજી બેઠાં થતાં બબડ્યો : 'કાલે ઊપડી જ જઉં !' જ્યારે બીજી બાજુ એનું મન પૂછતું હતું : 'તું આવ્યો શું ને જાય છે શું ?'

ક્ષણભર વળી એમ પણ થયું : 'લાવ એને લઈને નાસી જઉં.' પણ બીજી ક્ષણે તો તેને હસવું જ આવ્યું : 'તારામાં જો હિંમત હતી તો એ વખત કંઈ ન કર્યું ને હવે ? એ બિચારીની દશા કરી મૂકી છે એ તો જો ?....'

નજર આગળ પેલી ચગડોળવાળી જીવી ખડી થઈ : અણિયાળી આંખમાં કાજળ, કીકીઓમાં સાપોલિયાનો સળવળાટ, કાનમાં હીંચકા લેતું સોનાનું લોળિયું અને ઘડીઘડી ચાળા કરતો ઘૂઘરીવાળો ઝેલો, ઠસ્સાદાર ચાલ, ગલગોટા જેવા ગાલ અને ચૂંટી ખણો તો લોહી ટપકી પડે એવું

બદન અને એ વેળાનું એનું જોબન ! તાણીને બાંધેલા ગજિયાણીના કાપડામાંય જાણે સખણું નહોતું રહેતું.

અને આ સાથે અત્યારની જીવી ખડી થઈ : હાડપિંજર સરખી સૂરત, બેસી ગયેલા ગાલ, લુખ્ખી આંખો, રણમાંથી ઊઠતી લૂ જેવી નજર, કોઈની દોરાઈ દોરાતી હોય એવી ચાલ– એનાથી બોલી જવાયું : 'એનામાં હવે રહ્યું છે જ શું ?'

અને ત્યાર પછી તો 'આ બધું કરનાર તો હું જ ને ?' આ ખ્યાલે તો એનું ચાલતું હોત તો અત્યારે જ ગામ છોડીને ચાલ્યો જાત.

છેવટે ક્યારે સવાર પડે ને ક્યારે આ ગૂંગળાટમાંથી બહાર નીકળી જઉં એવી અધીરાઈ સાથે ઊંઘવા પ્રયત્ન કર્યો પણ ઊંઘ આવવાને બદલે વળી સવાલ ઊઠ્યો : 'એને એક વાર મળું પણ નહિ ?' વળી થયું : 'કયું મોઢું લઈને હું મળવા જઉં ? ને મળીનેય મારે એને કે'વું શું, બોલવું શું ? ઊંહું, ન મળવું એ જ ઠીક છે....'

અને આજ છેવટે વગર મળ્યે જ જવાનો વિચાર કરી નાખ્યો. ખરું પૂછો તો જીવી સામે એ જોઈ શકતો જ ન હતો, પછી એ વાત તો કરી જ શેં શકે ?

બીજે દિવસે ભાઈભોજાઈથી એણે આંખ ફેરવીને જ રજા લીધી. હીરાને પણ ભેગો થવા બોલાવ્યો હતો. ભગતને પણ બોલાવત પણ 'લાવને હું જ બે ડગલાં હેંડી નાખું.' વિચારીને ભગતને મળવા ચાલ્યો. ઠીક ઠીક વાર વાતોમાં આઘીપાછી કર્યા પછી ભગતની સાથે નીકળતાં એણે જીવીને ઘર બહાર નીકળતી જોઈ– બલ્કે જીવીને નીકળતી જોઈને જ એ નીકળ્યો. બેઉ નજરો મળી ન મળી ને વેરાઈ ગઈ.

ગયા વખતના માફક કંઈક સાંભળવા જીવીએ કદાચ કાન પણ માંડ્યા હોય, પણ એને ક્યાં ખબર હતી કે કાનજી આ બે દનમાં જ પાછો પરદેશ જઈ રહ્યો છે ? ઉપરાંત કાનજી પણ આ વખતે તો મૂંગો જ હતો.

આ વખત છૂટા પડતાં કાનજીએ ઝાઝો વિલંબ ન કર્યો.

ગયા વખતની આંસુભરી સૂરતને ઠેકાણે આ વખતની સૂરત જુદી

જ હતી– તંગ કહી શકાય. આ વખત એને ભાઈભોજાઈની લાગણી જેવું ખાસ ન હતું, તેમ ભગત-હીરાથી છૂટા પડવામાં પણ દુઃખ જેવું લાગતું ન હતું. ખરું જોતાં તો આ બધાંયથી એને એક જાતનો કંટાળો આવ્યો હતો : સૌ કોઈ સુખી હતાં. એમને એમની નાત હતી, સગાંવહાલાં હતાં, ઘર અને જમીન-જગ્યા પણ હતી. પરંતુ કાનજીને લાગતું હતું કે પોતાને આમાંનું કંઈ જ નથી– પોતાનું કહી શકાય એવું કોઈ જ નથી. ભગત જેવો માણસ પણ પોતાને છોડીને જાણે એ લોકોની જમાતમાં જઈ ભળ્યો હતો. આખીય દુનિયા એને સ્વાર્થી લાગતી હતી. આ સ્વાર્થમય વાતાવરણમાંથી જેમ બને એમ વહેલું નાસી છૂટવું હતું, પરંતુ આ સાથે જ એના મગજમાં બીજો વિચાર પણ ઘોળાતો હતો : 'હું આમ કરીને એમાંથી નાસી છૂટીશ પણ પેલી બિચારી ક્યાં નાસી છૂટવાની છે ?–' એને વળી ગુસ્સો પણ આવતો હતો : 'એના કરતાં તો ભગવાને એને મારી નાખી હોત તો કાંકેય નિરાંત વળત !'

કાનજી ભાઈ ભોજાઈથી અને ભગતથી તો છૂટો પડ્યો પણ હીરો હજુય જોડે હતો. પાછળ પાછળ થોડેક ગયા પછી કાનજીએ કહ્યું પણ ખરું : 'શું કામ તું આવે છે હીરા, જા પાછો વળી જા.'

'મને તો એ થાય છે કે તું આમ– સાવ આવો શું થઈ ગયો ! હડકાયા કૂતરાની પેઠે ઘડીમાં નોકરીએ જાય છે તો ઘડીમાં વળી ઘેર આવે છે– આમ શું કર્યા કરે છે ?'

કાનજીની આંખ ભીની થઈ આવી. માંડ બોલી શક્યો : 'તું મને અત્યારે કશું પૂછીશ નહિ, હીરા !' અને આંસુની ધાર સાથે બોલી ઊઠ્યો : 'બધાય જાણો છો તોય મને વારે ઘડી શું કામ પૂછ પૂછ કરો છો ? ખરું પૂછો તો તમે જ મારા પેલા ભવના વેરી છો–' શું બોલે છે એનું પણ કાનજીને ભાન નહિ હોય.

હીરો તો હેબતાઈ જ ગયો : 'આ તું શું બોલે છે, કાનજી ? અમે તને શું કર્યું તે તું આમ કે' છે !' કહી કાનજી તરફ ફાટી આંખે તાકી રહ્યો.

કાનજી જાણે ભાનમાં આવ્યો હોય એમ બબડવા લાગ્યો : 'ના ના,

હું શા માટે તમારો વાંક કાઢું ? વાંક તો મારો પોતાનો જ છે, ને કાંક હોય તો વિધાતાનો. તમને મારે શું કામ કશું કે'વું પડે !'

હીરાને વહેમ તો હતો જ– ખાતરી કરવા પૂછ્યું : 'પણ વિધાતાએય તારું શું બગાડ્યું છે ?'

'કશું નહિ, જે બગાડવાનું હતું એ તો બગાડી નાખ્યું, હવે કહીનેય શું, ન કહીનેય શું ?' કહી કાનજીએ એક ભારે શ્વાસ લીધો. રુદન પણ ઓછું થઈ ગયું હતું.

'તો પછી એમ જ રાખ ને, શું કામ બળાપો કરીને લોહીનું પાણી કરે છે ? લે જરા તમાકુ ભરીએ.–' કહી હીરો ઊભો રહ્યો. નીચે બેસી બીડી ખોતરતાં ઉમેર્યું : 'થનાર વસ્તુ થઈ ગઈ, પછી એનો પસ્તાવો કર્યે શું વળવાનું છે ?'

કાનજીએ કહી જ નાખ્યું : 'હજુય કશું નથી બગડ્યું, હીરા. પણ તમે લોકો માનો એવા જ ક્યાં છો ? તું તો ઠીક છે પણ ભગત જેવો માણસેય વેદિયો નીકળ્યો. પછી એની વાત જ શી ?' કહી હોઠ ચાવતો ઊભો રહ્યો.

'કુણ જાણે તું શા લોચા વાળે છે ? કંઈ ચોખ્ખી વાત કરે તોય–'

'મરવા દે હેંડ. લાવ બે દમ મારી લઉં.' અને ચલમના બે દમ મારી પાછી આપતાં બોલ્યો : 'લે આવ, મળી લઈએ.'

ભેટ્યા પછી હીરાએ આંખો લોતાં કહ્યું : 'બધું ધૂળ જેવું યાદ કરી કરીને નકામો બળાપો ન કર્યા કરતો. કાગળ લખજે, જો પાછો ભૂલી જતો !'

ખાલી હૈયામાં હવા ભરતાં કાનજીએ કહ્યું : 'માનવીનું શું ઠેકાણું હીરા, એક દન કાં તો બધુંય ભૂલી જાય ! પણ– તને પેલો દોહરો યાદ છે ?' કહી બોલ્યો :

'ભૂલ્યાં ભુલાશે મહિયર માળખાં,
ભૂલી જશું મોસાળે વાટ;
ઋણ ભૂલીશું ધરતી માતનાં,
ભૂલી જશું પોતાની જાત.

(વળી) ભૂલી જવાશે કો અભાગિયાં,
ભૂલી જવાશે પ્રીતની રીત;
(પણ) નહિ રે ભુલાય એક આટલું :
'કોક દન કરી'તી પ્રીત.'

'આમ છે હીરા !' કહી જાણે પાછી આંખ ચૂઈ પડતી હોય એ બીકે પગ ઉપાડતાં બોલ્યો : 'ઠીક ત્યારે, કોક દન સંભારજો, બીજું શું ? ને ભગતને કે'જે, કહીએ સંભારતો સંભારતો ગયો છે. કહી સહેજ પાછું વાળી જોયું, કહેવું ન હતું પણ કહ્યા વગર છૂટકો ન જ થયો– 'હીરા, પેલી અભાગણીની જરા ખબર લેતો રે'જે. ને–' પણ આગળ કંઈ જ ન બોલતાં પીઠ ફેરવી ગયો.

નદીમાં આસપાસ નજર ફેરવતો અને હોઠ ચાવતો આગળ વધ્યો. કાંઠે ચડતાં પેલી કણજી તરફ વળી એક નજર નાખી જોઈ. પીઠ ફેરવવા જાય છે ત્યાં તો ઢાળ ઊતરતા ભગત ઉપર નજર પડી. ખભે કપડાં જોઈને થયું : 'એ તો ધોવા આવ્યા હશે.' અને ઊભા રહેવા ઇચ્છતા મનને આગળ કરતાં કહ્યું : 'ચાલને હમણાં તો મળ્યા છીએ, વારે ઘડીએ શું મળવું છે ?' પણ એટલામાં તો ભગતનો અવાજ કાને પડ્યો : 'કાનજી, જરા ઊભો રે'જે.'

કાનજી ઊભો રહ્યો.

પાસે આવતાં જ ભગત બોલવા લાગ્યા : 'સારું થયું તું ભેગો થયો, નકર તારાથી છૂટા પડીને ઘેર તો ગયો, પણ મારા જીવે મને જંપવા ન દીધો.' કહી કાનજી સામે જોતાં જરા નરમ અવાજે બોલ્યા : 'કાનજી, હું તારા મનની વાત, તારું દુઃખ– બધુંય જાણું છું. પણ એ બધું એવું તો અવળું છે કે– ખેર મરવા દે એ વાત. પણ મારે તને એક જ વાત કે'વી'તી કે ધૂળિયો ઝેરથી મરી ગયો એ ખરી વાત, પણ પેલી છોડીએ તો બિચારીએ એના પોતાના માટે જ રોટલો કર્યો હતો. પણ–'

કાનજી વચ્ચે બોલ્યો : 'હું જાણતો જ હતો ભગત, કે એણે રીસને

મોઢે જ ધૂળિયાને ઝેર આપ્યું હશે, બાકી–'

'પણ એણે તો રીસને મોઢેય નથી આપ્યું.' કહી ભગતે ટૂંકાણમાં બધી વાત કરી ઉમેર્યું : 'પણ ભાઈ, પેલાની કૂંડળી પૂરી થતી હશે તે આવી રીતે એ જ ભોગ થઈ પડ્યો.' અને કાનજીની ફાટેલી આંખમાં વિચારવમળ જોતાં ઉમેર્યું : 'આમાં કોઈનોય વાંક નથી, કાનજી. પેલી છોડી બિચારી નાહકની નિંદાય છે પણ એનો ઉપાય શો ? ગોળીને મોઢે ગરણું મંડાય પણ કૂવાને મોઢે ઓછું મંડાય છે ?–' કહી સહેજ થંભ્યા અને કાનજીને 'હાસ્તો' કહી ચૂપ રહી ગયેલો જોઈ 'બસ આટલું જ મારે તને કે'વું હતું.' કહી પૂતળા પેઠે ઊભેલા કાનજીની પીઠે હાથ મૂકતાં કહ્યું : 'લે જા હવે મોડું ન કર.' કહી ભગતે એને રસ્તા તરફ સહેજ ફેરવ્યો.

'બહુ સારું કર્યું ભગત, તમે મને છેવટેય આટલી ખરી વાત કહી તે.' અને અર્થભરી આંખો ભગત તરફ માંડતો બોલ્યો : 'પણ ભગત !'

'લે તું પાછો વાતે ચડીશ તો નાહક મોડું કરીશ. હુંય બળદોને ખેતરના શેઢામાં મૂકીને આવ્યો છું, કોઈનામાં પેસી જશે તો–'

કાનજીએ દયામણી નજરે વળી ભગત તરફ જોયું. ભગતે દૂર ખેતરો તરફ આંખો ફેરવી. એક ભરિ શ્વાસ લઈ પીઠ ફેરવતાં કાનજી એટલું બબડ્યો : 'સારું ભગત, જાઉં છું.' અને ઊંધું ઘાલીને ચાલતો થયો.

ભગત એની પીઠને ઠીક ઠીક વાર સુધી તાકી રહ્યા. એક ભારે શ્વાસ લઈ પીઠ ફેરવતાં બબડ્યા : 'કોણ જાણે તે આ બુદ્ધિ ને હૈયું બેય ભેગાં કરીને ભગવાને તે માણસનું ભલું કર્યું છે કે બૂરું ?'

જ્યારે વાટે ચાલતા ટેવાયેલા પગથી દોરાતા કાનજીના મનની દશા વિલક્ષણ હતી. એના મનમાં એક જ વિચાર હતો : 'શું એ ઝેર ખાઈને મરી જાત ? જીવ કાઢી નાખત, એમ ? તેય હાથે કરીને ?' કાનજીનું મોં સાવ ઊતરી ગયું, લાચાર બની ગયો. એક ભારે શ્વાસ લેતાં બબડ્યો : 'તો તો હું દુનિયામાં કયું મોઢું લઈને ફરી શકત– મારું મોઢું જોનારને પાપ લાગત.'

કાનજીને પાછા ફરી જવાની, જીવીને મળી એની માફી માગવાની અને ત્યાર પછી તો એને પોતાની સાથે તેડી લઈ જવાની ઇચ્છા પણ અતિ પ્રબળ થઈ ઊઠી. પણ મોટે મોભારે વિદાય લઈને નીકળેલો કાનજી પાછો ન ફરી શક્યો. અને પછી તો, રખેને પોતે કંઈ ફરી જતો એ બીકે એણે ચાલ પણ વધારી. ભગત ઉપર એને વળી પાછી ચીડ ચડી : 'ભલા માણસ, તો મને પે'લેથી કે'વું હતું ને ?'

લોહી નીકળી જાય એટલા જોરથી હોઠ ચાવતા કાનજીને થયું : 'અરેરે ભૂંડી ! મારું તો ઠીક પણ તું તો મને મલતી ?' પણ છેવટે તો એની પોતાની જાત ઉપર જ હસવું આવ્યું : 'પણ તું તારી જ વાત કર ને ? આટલું ભાડું ખર્ચીને તું અહીં આવ્યો'તો શું કામ ?'

૨૧. 'મળ્યાય નહિ ?'

પરંતુ બીજી બાજુ જીવીનો આત્મા, એની આંતરડી શું કહી રહી હતી એ તો જીવી કહેવા બેસે તોપણ ન કહી શકે. ભગતને ત્યાંથી કાનજીને નીકળતો જોઈને એને શી ખબર કે એ પરદેશ જઈ રહ્યો છે ? પોતાને મળ્યા વગર– કાને વાત નાખ્યા વગર એ જતો રહે એ વાત જીવી માની જ શી રીતે શકે ? આ તો જ્યારે નાથીએ પાણી ભરીને પાછા ફરતાં પૂછ્યું : 'કાનોભાઈ તમને ભેગા થયા, જીવીભાભી ?' અને જીવીએ 'ના' કહીને જવાબ આપ્યો ત્યારે નાથીને પણ નવાઈ લાગી. કહ્યું : 'તમને મળ્યા વગર જ ગયા ? ના ના, જૂઠું શું કામ બોલો છો ?'

જીવી એકદમ થંભી ગઈ. ફાટી આંખે પૂછ્યું : 'ગયા એમ ?' અને નાથીના, 'ત્યારે કંઈ જૂઠું કહું છું ?' આમ કહેતાં કહેતાંમાં તો એના મોં ઉપર કંઈ અનેક ભાવ આવી ગયા. માથા પરનું બેડું જાણે અધ્ધર ઊડી ગયું હતું. હૈયાની વરાળો તાળવા વાટે નીકળવા મથતી હોય એમ મગજ ઊડું ઊડું થઈ રહ્યું હતું. અને એની બેબાકળી નજર જોઈને તો નાથીને સહેજ બીક પણ લાગી. કહ્યું : 'ચાલોને, આમ ગાંડાની પેઠે શું કરો છો ?' જીવીએ પગ તો ઉપાડ્યા પણ બેભાનપણે જ. એણે 'ખરી વાત એ ગયા ?' આ સવાલ કેટલી વાર પૂછ્યો એની તો નાથીને પણ ગણતરી નહોતી રહી, અરે એનો પલ્લો છોડાવવો પણ નાથીને તો ભારે થઈ પડ્યો.

આભના ગોળા નીચે અત્યારે જીવી એકલી અટૂલી જ પડી ગઈ. અત્યાર સુધી એ જાણે એક જ કારણસર જીવતી હતી : 'કાનજીને પોતાના

દિલની વાત. 'મીં ઝેર નથી દીધું હોં ?' આટલું કહેવા જ. કાનજીને આવેલો જોઈને તો એ કંઈક ખુશ થઈ હતી. હિંમત પણ આવી હતી. પણ આ સમાચાર જાણીને તો એને ક્યાં જવું, શું કરવું, એની કશી સૂઝ નહોતી પડતી.

બેડું ઉતાર્યા પછી જીવી બહાર આવી. કપડાં સૂકવીને બેસવા જતા ભગત ઉપર નજર પડી. જીવી સીધી ભગત પાસે ગઈ. કૂંભીની આડમાં ઊભા રહી પૂછ્યું : 'એં ભગતકાકા, તમારા ભાઈબંધ ગયા ?'

આ અવાજમાં જ કંઈક એવું હતું કે ભગત તો શું ભલભલા ઋષિમુનિથી પણ ન સાંભળ્યું જાય. એક વાર તો એમને દાંતિયું કરવાનું મન થઈ આવ્યું પણ બીજી જ ક્ષણે એક ભારે શ્વાસ લઈ જીભને દાબી દીધી. ઠંડી રીતે જ બોલ્યા : 'હા, ગયો.' ભગતને બીક હતી કે હમણાં આ છોડી રડી ઊઠશે ને કાં તો બેભાન પણ થઈ જાય. પણ એમની એ બીક ખોટી પડી.

પાછી ફરી જતી જીવીનો નિઃશ્વાસ સંભળાયો અને સાથે જ બડબડાટ પણ 'મને મળ્યાય નહિ–' ઘેર જતાં જતાંમાં તો જીવીને પાંચ સાત થઈ ગયા : જોર જોરથી ધબકી રહેલું કાળજું એનું એ જ પૂછી રહ્યું હતું : 'મને મળ્યાય નહિ ?' પગ નીચેથી ધરતી જાણે ખસી જતી હતી, આભનો ગોળો ચક્કરવક્કર ફરતો હતો; કાન બહેરા બની ગયા. ક્ષણભર જીવીને થયું : 'હું ક્યાં છું ?' અને બીજી ક્ષણે તો એ પોતે ક્યાં છે ? કોણ છે ? એમાંનું કશું જ રહ્યું ન હતું.–

ધરતી હવે સરી જાય તોય શું ને ન સરે તોય શું ? આભલું ભલેને હવે હજારગણું ફરતું ! ને કાનજી પોતે પણ હવે જન્મારાભર ન મળે તોય એને શું હતું ?– એ તો હવે નિજાનંદ દશામાં જ જઈ પહોંચી હતી !–

દુનિયાનો સૂરજ ઊગતો હોય એમ જ ઊગે છે, અને રોજના હિસાબે જ આથમી જાય છે. એનાં એ જ ઝાડ, એ જ નદી અને આભમંડળના તારા પણ એના એ જ છે. લોકોનું કામ પણ એવું ને એવું જ છે. એ જ વાતો ને એની એ જ આશાઓ છે. કશું જ નવું નથી. જ્યારે જીવીને તો

ઘડીકમાં ઊગતો સૂરજ આથમતો લાગે છે, તો વળી ખરે બપોરે તારા જોતી હોય એવી રીતે પણ તાકી રહે છે. બોલવા પર આવે છે ત્યારે બ્રહ્મજ્ઞાનીની પેઠે કોઈ અટપટી વાતો કરે છે, તો કોઈ વાર મૂંગી બનીને જાણે ક્ષિતિજનું કોઈ રહસ્ય ઉકેલતી ન બેઠી હોય એમ બેસી રહે છે. લોકો વાતો કરે છે : 'એ તો ભા ધૂળિયો જ ભૂત થઈને વળગ્યો છે.' તો કોઈ રેશમા પાસેથી ભેદ લાવ્યા હોય તેમ કહે છે : 'અરે બધી ખોટી વાત, ધૂળિયાએ એના જીવતાં જ ગાંડા વીર મેલાવ્યા છે. ન માનો તો પૂછી આવો રેશમાને. એની પાસેય એક વાર મૂઠ મેલાવા ગયો'તો.–'

લોક વિચારમાં પડી જાય છે : 'ત્યારે તો એ ખરું હોં, એ ગાંડા વીરની ધૂનમાં ને ધૂનમાં જ જીવલીએ એને ઝેર આલ્યું હોય તોય શું કે'વાય ?' કહી સૌ સૌના કામે વળે છે.

રખડતી રખડતી જીવી કોઈ વાર ખેતરોમાં જઈ ચડે છે. એ લોકો એને પૂછે પણ છે : 'ઍં'લી, તારા ધણીને તેં ઝેર શું કામ આપ્યું ?'

કોઈ વાર જીવી ધણી શબ્દને જ પકડી લે છે. બોલવા માંડે છે : 'મારો ધણી ? એ તો પરદેશ કમાવા ગયો છે.–' કહી લજામણું હાસ્ય કરતાં નાનાં છોકરાંની પેઠે બોલે છે : 'મારા સારુ ગવન લાવશે, સાચી બંગડીઓય લાવવાનું કહ્યું છે–' તો કોઈ વાર ગાળો ભાંડવા પણ મંડી પડે છે : 'મેલોને એ કાળમુખાનું નામ ! મારો પીટ્યો મને ભેગોય ન થયો. મને મળે ત્યારે એની વાત છે ?' અને આવી ધૂનમાં હોય ત્યારે રસ્તે જનારને વીનવવા પણ મંડી પડે છે : 'એમને કે'જો ને કૈયે જીવલી તમને ખૂબ ખૂબ સંભારે છે. તમે નોકરીએ જ જાઓ છો ને ? મનેય લેતા જાઓને, મારે એમને મળવું છે.–' અને એ વટેમાર્ગુ : 'હટ ગાંડી !' કહીને કોઈ વાર મારવા પણ લે છે. ન મારે તો હડસેલવી પણ પડે.

રાતે કોઈ વાર, નાની ડોશીની ચોપાડમાં જ ગોથું મારી જાય છે, તો વળી કોઈ દયાળુને ત્યાં બટકું રોટલો ખાઈને એની જ ચોપાડના ખૂણામાં લોચો વળી સૂઈ રહે છે. કપડાં ફાટી ગયાં છે. માથાના વીખરાયેલા વાળ– ધૂળવાળા– સાવ ભૂરા થઈ ગયા છે. નાહી તો કોણ જાણે ક્યારે

હશે ? ઘણી વાર ગામનાં છોકરાં પાછળ પડી એને સતાવે છે : 'અલી ભૂતડી આવી ! અલે ગાંડી આવી !'

આ બધું જોઈ ભગતથી પણ એકાદો નિઃશ્વાસ નંખાઈ જાય છે. બબડે છે : 'અરે ભગવાન ! એક દન એની નજર પડતાં ભલભલા યુવાનો અહોભાગ્ય માનતા; એની સાથે વાતો કરવામાં લા'વો ગણતા, એની આજ આ દશા ? ક્યાં જનમી ? ક્યાં જીવ લગાડ્યો ? ક્યાં જતી પૈણાવી ને આજ ક્યાં લઈ જઈને પછાડી ?' અને પોતાની માન્યતા સુધારતા હોય એમ મન સાથે બોલે છે : 'ના ના ભગવાન ! માનવી ઘડ્યું એ તો ખરું પણ બૈરાનું હૈયું ઘડીને જ તેં છેલ્લા હાથ તો ધોયા છે !'

દિવાળીના પાંચેક દિવસ છે. કાનજી તરફથી કંઈ જવાબ ન મળતાં મોટાભાઈ વળી પાછા ભગત પાસે કાગળ લખાવવા આવે છે : 'ભગત, કાનજીનો કાંઈ કાગળ નથી ને આપણે તો એનાં લૂગડાં પે'રાવવાનું ધનતેરશ ઉપર રાખ્યું છે, તમે ચોખ્ખેચોખ્ખું લખી દો કે ભૂરા પટેલની દીકરી રૂપી જોડે, તારાં લૂગડાં પે'રાવવાનાં છે, માટે તાબડતોબ આવી જા. શું કામ વળી છાનું રાખવું છે ?–'

એમાં વળી ભગતના કાનમાં કહી હીરો ઉમેરાવે છે : 'ને ભેગાભેગી એય લખી દોને કે જીવલી તો ગાંડી થઈ ગઈ છે એટલે એમ– એના મનમાં કંઈ હોય તો એય પતી જાય.'

ભલા ભગતને આમાં કશી સૂઝ જ નથી પડતી. ઘડીકમાં આ બે જણનું કહેવું યોગ્ય લાગતું તો ઘડીકમાં વળી સાવ અયોગ્ય લાગતું. એટલા માટે જ તો ગયા ફેરી બધું ગોળ ગોળ રાખીને કાનજીને ફક્ત 'તારું કામ પડ્યું છે માટે જલદી આવ' આમ લખ્યું હતું. પણ એમની એ તરકીબ કામ ન લાગતાં આ વખત તો તેમણે 'થવાનું હોય એ થાય ત્યારે' કરીને આ લોકના લખાવ્યા પ્રમાણે જ લખી નાખ્યું.

ધનતેરસે ગઈ ને દિવાળી પણ આવી લાગી. પણ ન તો કાનજી આવ્યો કે ન કાગળ આવ્યો. બદલે નાનો કટારો એક એટલી ખબર લાવ્યો હતો કે કાનજી દિવાળી ઉપર ઘેર આવવાનો નથી. મોટાભાઈએ, ભગતે

તથા હીરાએ એને ઘણા ઘણા સવાલ પૂછ્યા પણ એ બધાય જવાબ ટૂંકામાં અને લગભગ એકસરખા જ આપતો. ઘણી વાર તો કાનજી વિષે વાત નીકળતાં જ એ ઊઠીને ચાલતો થતો.

દિવાળીના દિવસે હીરાને ત્યાં જમી આવ્યા પછી ભગત ચોપાડમાં બેઠા હતા. એટલામાં તેમને કાને 'ગાંડી હુઈ ! ગાંડી હુઈ !' આવી છોકરાંની કિકિયારીઓ અને ફટાકડાનો અવાજ કાને પડ્યો. ઝટ ભગત ઊભા થયા અને લાંબી લાંબી ફાળે એ છોકરાંના ટોળામાં જઈ લાગ્યા. છોકરાંને ધમકાવી દૂર કર્યાં અને જીવીને લઈને હીરાને ત્યાં ગયા. કંકુને કહી એને જમવા બેસાડી. બહાર નીકળતાં કહ્યું : 'કંકુ, આ ગાંડીની જરા ખબર રાખતી રે'જે. બીજું તો શું, પણ કોક દન રોટલા વેળા હોય ને નજરે ચડે તો બોલાવીને કટકો રોટલો આપે તો આટલું તો એને ઘણું છે.' કહી બહાર નીકળતાં વળી પાછી જીવી તરફ એક નજર નાખી. એની દશા જોતાં ભગતથી એક ભારે નિ:શ્વાસ નખાઈ ગયો.

૨૨. મળેલા જીવ

કારતકી પૂનમ દિવસે દિવસે નજીક આવતી જતી હતી. બાર બાર માસે જાગતા દેવ બાવજીની નોબતોનો ગડગડાટ આસપાસ વસતાં લોકોને કાને જાણે સંભળાતો ન હોય એમ કામમાંથી પરવાર મેળવવા ઉતાવળ કરી રહ્યાં હતાં. બે દિવસ પહેલાં તો ગામમાંથી કોણ કોણ જવાનું છે ને શું શું પહેરીઓઢી જઈશું વગેરે નક્કી પણ થવા માંડ્યું. પાપના ખ્યાલવાળાં પાપ ધોવા જતાં હતાં, વગર ખ્યાલવાળાં વધારવા પણ જઈ રહ્યાં હતાં. પરંતુ છેવટે તો આ પાપ ધોનારનાં પાપ કાં તો વધી જતાં અને વધારવા આવેલાંનાં અનાયાસે જ ધોવાઈ જતાં. તો કોઈ વળી નાગધરામાં નાહી ધૂણીને અલાબલામાંથી મુક્ત થવા પણ જતાં હતાં. અર્થલાભ માટે જનાર પણ ઓછાં ન હતાં.

'ધરતી પર છે એટલાં બધાંય ધામ પોતાની અંદર જ છે.' આમ માનનાર ભગત પણ આ પૂનમને મેળે તો અચૂક જતા. ગામલોક તો બેત્રણ દિવસમાં જ પાછાં ફરી જતાં પણ એ તો આઠદશ દિવસની પથારીએ જ ધામા લગાવતા. આ સાલ પણ બીજાં પંદરવીસ માણસો– આધેડ અને જુવાનો– ઊમટ્યાં હતાં.

નાનાએ પણ કારતકનો મેળો કરીને જ બારોબાર જવાનું રાખ્યું હતું. લોકો એને પૂછતાં પણ ખરાં : 'આ વરસ તો તું ઉપરાછાપરી આવ્યો નાના; એમાંય વીસ દનની રજાઓ તો આ એક ફેરામાં જ ખલાસ કરી નાખી.'

નાનો હસીને જવાબ આપતો : 'હોય ત્યારે એ તો. ભાઈઓ ભેગા જેટલા દન ગાળવા મળ્યા એટલા ખરા– રજાઓ મળતી હોય તો શા માટે ન લેવી ?'

'ભલે ભાઈ ભલે.' કહી લોકો નાનાના ડહાપણનાં વખાણ કરતાં અંદરોઅંદર વાતો કરતાં : 'ખરી વાત છે ભાઈ, પરદેશનો મામલો છે. કુણ જીવ્યું, કુણ મર્યું, એ તો ખરું જ ને ?'

દિવસ આથમતાં પહોંચી જવાય એ રીતે ગામનો સંઘ તેરસની વહેલી પ્રભાતે રવાના થઈ ચૂક્યો હતો. પણ એ સંઘમાંથી બેચાર જુવાનોને નાનાએ, 'અરે એ ડોહલાંને વાદે રાગે રાગે હેંડવાનું આપણને તે ક્યાં પાલવે ? કાલ કૂકડો બોલતાં નહિ ઊઠીએ કે બપોર ચડતામાં તો ઠેઠ બાવજી ભેગા ? ઉપરથી એક દન ઘરનું કામેય થશે !' આમ કહીને પોતાના સાથમાં ભેળવ્યા હતા.

નાનાને જાણે એકાએક સૂઝ્યું હોય એમ એકબે ઠેકાણે વાત કરી : 'બાપડી આ જીવલીને કોઈ બાવજીએ લઈય ન ગયું ? નાગધરામાં નાયાનું તતપર તો એટલું બધું છે કે આ ગાંડા વીર તો પોક પાડીને નાસી જાય.–'

ત્યાં તો સામુ માણસ બોલી ઊઠતું : 'હા 'લ્યા ભાઈ ! બચારીને લઈ ગયા હોત તો ઘણું પુન્ય થાત હોં,' –અને મુખીએ તો નાનાને ગળે વળગાડી : 'હજુ તું તો જવાનો છે ને, નાના ? બે ચાર જણ સરખાસરખીય છો ત્યારે એને બિચારીને લેતા જાઓ ને ? કે'તો હોય તો એને ખાવા સારુ સીધુંસામાન હું મારી ગાંઠનું આલું. મને તો વશવા છે કે મટી જશે હોં નાના. મારી ફોઈ એવાં જ થઈ ગયાં'તાં; પણ નાગધરામાં નાયાં ને રૂપિયે આઠ આની ફેર પડી ગયો. માટે આટલું તો કરવા જેવું છે હોં ? ફેર પડે તો એનું તકદીર ને ફેર ન પડે તો ગામવાળાં સાથે પાછી મોકલી દેજે.' અને પછી મૂંઝવણ સાથે ઉમેર્યું : 'મને તો થાય છે આ ભગત જેવો માણસ કેમ ભૂલ્યો ?'

નાનો કબૂલ થયો : 'ભલે ત્યારે મુખીકાકા, પણ એને રાતે તમારે ત્યાં

સુવડાવી રાખશો ત્યારે ? નહિ તો કૂકડો બોલતે ક્યાં ખોળવા જઈશું ? એક વાર ગામમાંથી બહાર નીકળશે પછી રસ્તામાં તો અમે એને સમજાવી પટાવીને લઈ જઈશું.'

'અરે એ કામ અમારું.' કહી ફળીનાં લોકોએ પણ પુણ્યના કામમાં ભાગ પડાવ્યો.

કૂકડો બોલતામાં જીવીને આગળ કરી ચાર જુવાનો મેળે જવા રવાના થઈ ગયા.

નાનાએ રસ્તે ચાલતાં જીવીને વાતે વાળી રાખવા પ્રયત્ન કર્યા કર્યા. કોઈ વાર આડી જવાની હઠ પણ પકડી બેસતી, તો કોઈ વાર એ લડતી પણ ખરી : 'મારાં પીટ્યાં શે'રમાં લઈ જઈએ છીએ એમ કરીને મને છેતરો છો કેમ ?' કહી પથ્થર લેવા જતી. પણ નાનો એને વળી સમજાવતો : 'અરે ના રે જીવીભાભી, અમે તો તમને તમારા પિયરે લઈ જઈએ છીએ.' જીવી કાં તો ખુશ થઈ ઊઠતી અને કાં તો વધારે ગુસ્સે થતી. પણ એટલામાં ખાવાનું છોડી આપતાં પાછી ચૂપ થઈ જતી. રોટલાનું બચકું ભરતાં ભરતાં વળી બોલતી : 'અલ્યા, તમે મને લઈ તો જાઓ છો પણ એમને તમે ઓળખો છો ? તમને જોશે તો મારી નાખશે હોં ! ઠીક કહું છું, જતા રો' હોં !'

નાના સિવાયના બીજા બધા હસી પડતા. પૂછતા પણ ખરા : 'તમારા 'એ' ક્યાં છે ? બાપડાને ઝેર આપીને તો મારી નાખ્યો.'

અને ઝેરનું નામ આવતાં તો જીવીનું મગજ એક વાર ઊછળી ઊઠ્યું : 'ઝેર તો તારી માએ આલ્યું'તું.' તો પાછળથી વળી રડી પણ પડી : 'હાય હાય ! એમને ઝેર આલ્યું ?–' અને આમ રસ્તે જતાં વટેમાર્ગુને રડાવતી તો વળી પેટ પકડીને હસાવતી જીવી દિવસ આથમતાં તો બાવજીને 'પારે' (પગથારે) આવી લાગી.

ડુંગરોની કુહરમાં પડેલા ભગવાનનું આંગણું એકલું જ નહિ પણ આખોય સીમાડો માણસોથી લખલખી રહ્યો હતો. પચ્ચીસ-ત્રીસ તો બજાર હતાં, અને બજારનો– માલ એકલો જ નહિ પરંતુ માલ વેચનાર પણ

નવા જ– મોટાં મોટાં શહેરના વેપારીઓ હતા. જાપાનીસ રમકડાંને ન જોતાં હોય એમ હજારો માણસો આ દુકાનદારોને તથા એમના માલને જોતાં હતાં. વળી પૈસા પૈસાવાળા 'જર્મનકા રાજા દેખો'ને બદલે પડદા ઉપર ગાંડા દરિયાથી માંડીને તે બીડીનો ધુમાડો દેખાડે એવા 'સીનેમા' ઉપર તો ધોળે દા'ડે દરોડો જ પડ્યો હતો. રામલીલા અને ભવાઈને બદલે, 'વીણાવેલી'નો ખેલ– પડવાનો હતો રાતે આઠે, જ્યારે માણસો ભરાઈ બેઠાં હતાં સાંજના ચાર વાગ્યાથી. મોંઘામાં મોંઘી બે રૂપિયાની ટિકિટ પણ બંધ હતી.

સવારથી ચક્કરે ચડેલા પંદર ચગડોળ રાત પડવા છતાંય ધમધમી રહ્યા હતા. અને એમાંય પેલા આસમાન સાથે વાતો કરતા મોટા ચગડોળ આગળ તો લોકોની આમે ભયંકર ઠઠ જામી હતી. આ સિવાય પેલું વાઘને બકરી બનાવી દેતા– ઈલમથી જ હશે તો !– સરકસનું દ્વાર તો માણસોમાં માથું મારીને જુઓ તો જ જોવા પામો.

ઉપરાંત 'વાત કરતું ધડ' અને 'ચાલતું માથું' વગેરે ચમત્કારી રાવટીઓ પણ માણસોથી ઊભરાતી હતી. મીઠાઈની દુકાન અને હોટલ વગેરે જગ્યાએ તો, ભાગ્ય હોય તો જ માલ મળે, બાકી તો ધક્કા ખાઈને જ પાછા ફરવાની વખત હતી. અને બાવજીના તોતિંગ દરવાજાની તો વાત જ શી કરવી ? પાણીનાં બેવડાતાં પૂર જોયાં હોય તો જ માણસોની ઠઠનો ખ્યાલ આવી શકે.

પરંતુ આ તો બધી અંદરની જ વાત થઈ. અહીંથી ચારગણું માણસ તો બહારના ભાગમાં ફરતું હતું. દરેક ડુંગર ઉપર કંઈ ને કંઈ તો હોય જ– છેવટે કોઈ સાધુની સમાધિ તો ખરી. અને જો ત્યાં ફેરો ન લગાવે તો તો આટલી ભીડમાં બાવજીનાં દર્શન કર્યાં એ અફળ જ જાય ને ? લખચોરાસીના ફેરામાંથી બચવું હોય તો તો ગયે જ છૂટકો. સાધારણ દિવસે જે ડુંગરો પર ગુંદર વીણતા ભીલ સિવાય ભાગ્યે જ કોઈ માનવી દેખાતું ત્યાં આજકાલ પથ્થરે પથ્થરે માનવી હતાં. તે સિવાય પેલી બાજુની તળેટીએ તો જાણે ગામ ન વસી ગયાં હોય, એમ રાવટીઓ, ગાડાં, ઘોડાં અને ગધેડાં વગેરે પડાવ

નાખીને પડ્યાં હતાં. બીજી બાજુ સમુદ્રમાં ફીણ ચડ્યાં હોય એમ વેચવા આવેલા હજારો બળદ તરવરાટ કરતા દેખાતા હતા.

સાંજ પડવા આવ્યા છતાંય મોટરો તો માણસોને ઠાલવ્યે જ જતી હતી.

નાનો અહીં સુધી તો જીવીને જેમ તેમ કરીને લાવ્યો હતો પણ ખરું સાચવવાનું તો હવે જ હતું. મહામહેનતે ગામના સંઘને તો ખોળી કાઢ્યો. ફકફક હસતી જીવી ઉપર નજર પડતાં જ ભગત બોલી ઊઠ્યા : 'અલ્યા, આ ગાંડીને અહીં કુણ લાવ્યું ?'

ગામનાં માણસોને ગણી ન જોતો હોય એમ નજર ફેરવતા નાનાએ કંટાળા સાથે કહ્યું : 'અરે શું કરે ભગતકાકા ? ઘણુંય ના કહ્યું, પણ મુખી કે' છે કે લઈ જાઓ, નાગધરામાં ના'શે તો બાવજી સાજી કરી દેશે.–'

'અરે કરી બાવજીએ સાજી ! બાવજીને વળી સાજી કરવી હોત તો ગાંડી જ શું કામ કરત ?' ભગતે ખીજ ઠાલવી.

નાનાએ વળી પાછી આસપાસ નજર ફેરવી. ત્યાં તો ભગતનો અવાજ સંભળાયો : 'અલે તમારે ખાવાનું કેમ છે ?'

નાનાએ સાથીદારોને પૂછ્યા વગર કહી નાખ્યું : 'અમે તો રોટલા હતા તે હમણાં ઢળતા દને જ ખાધા છે. કાંઈ ખાવું નહિ પડે.' અને વળી પાછો દૂર આવતી એક મોટર તરફ તાકી રહ્યો.

એક તો શિયાળો અને તેમાંય આસપાસ પાણીથી ભરેલા વહેળા એટલે ઠંડીનો અચ્છો ચમકારો હતો. પરંતુ અહીં ઓઢવાનું લાવવું ક્યાંથી ? સૌ સૌને પોતાનાં એક્કેક જોડી વધારાનાં કપડાંમાં જ ઓઢવા પાથરવાનો સમાવેશ કરવાનો હતો. પણ જીવી પાસે તો એ પણ ન હતું. આખરે ભગતે એમના જીવને રોઈને પોતાનું ધોતિયું ઓઢાડી તાપણા પાસે જ સુવરાવી. બેચાર દાંતિયાં કરીને લવારો કરતી પણ બંધ કરી દીધી. નાનાને પણ થોડુંક સાંભળવું તો પડ્યું પણ બદલામાં જીવીનો ભાર ઓછો થયો એ જ એને તો ઘણું બધું હતું.

ચાંદની રાત ચારે બાજુ હસી રહી હતી. સિનેમા-નાટકોને પણ એક

કોરે મૂકી દે એવી મૃદંગીની મંડળીઓ તાને ચડી હતી. તો વળી ઘૂમટ નીચે પલાંઠી વાળી બેઠેલા તંબૂધારી ભક્તનો કંઠ ધરતી પ… ભાન ભુલાવી કોઈ અગોચર મુલકનાં દર્શન કરાવી રહ્યો હ…

'મારી ધરતીને કે'જો રે સલામ,
અમે તો પંખીડાં ઊંડા આભનાં....જી....'

ભગતે લગભગ આખીય રાત જીવીની સંભાળમાં અને વિચારમાં જ પૂરી કરી. સવારમાં તો પેલા જુવાનોએ ગામનાં બેત્રણ રોગીલાં સાથે જીવીને પણ નાગધરા પર લીધી. આ બધાં ધતિંગોમાં ન માનનાર ભગત પણ મૂંગે મોઢે આગળ થયા હતા. પણ નાનો સૌની પાછળ જ રહ્યો હતો. એણે પણ રાતનો ઉજાગરો વેઠ્યો હોય એમ આંખો ઉપરથી લાગતું હતું. અને એના કાન તો હજીય મોટરોના અવાજને વળગી રહ્યા હતા. વળી વળીને પાછળ પણ જોતો હતો.

નાગધરામાં સેંકડો માણસો પડેલાં હતાં. કોઈ ધૂણતાં હતાં તો કોઈ વળી પાણી છાંટીને ધુણાવતાં હતાં. એક તો કડકડતી ટાઢ અને તેમાંય તળાવ પેઠે ભરાઈ રહેલાં ધરાનાં શીતળ પાણી ! ઉપરથી વળી આસપાસથી અંગ વીંધતી છાલકો છંટાય, પછી માણસને ભૂત ન ચડે તો બીજું થાય શું ? પણ જીવીએ તો ધરામાં ઊતરવાની જ ના પાડી. કિનારાના કાદવમાં જ બેસી પડી. પણ એમ કંઈ આ લોકો ઓછાં છોડી દેવાનાં હતાં ? એક જણાએ તો નજીકના એક જણાનું અનુકરણ કરીને જીવીને લાત પણ લગાવી દીધી. કિનારે ઊભેલા ભગત કંઈક બોલવા જતા હતા ત્યાં પાછળથી અવાજ આવ્યો : 'અલ્યા એ મૂરખ !–' જુએ છે તો લાલ આંખો કાઢતો કાનજી આવી રહ્યો હતો.

'સારું કરાવો છો હોં ભગત !' કહેતો સીધો જીવી તરફ વળ્યો. પેલા જુવાનો તો કાનજીથી જાણે બળતા ન હોય એમ વેગળા ખસી ગયા. કાનજીએ જીવીને બાવડે ઝાલીને બેઠી કરી. એના મોં સામે ક્ષણભર તાકી રહ્યો, જીવીની ચકળવકળ આંખો જોઈને એનાથી એક ભારે નિઃશ્વાસ નખાઈ ગયો. એને કિનારે લઈ આવ્યો. ગાલ ઉપરથી માટી ખેરવતાં

…ારા હાલ તો જો ?' બબડી સામે ઊભેલી કાળીને કહ્યું : 'કાળી, તારાં …ં આને બદલાતાં કાઢને જરા.' કહી કાનજીએ કાળીને હવાલે કરી.

…' સિવાય આ પચ્ચીસે માણસ કાનજીનું જીવી પ્રત્યે પોતાની …ઠ્ઠી બરી જેવું વર્તન જોઈને ડઘાઈ ગયાં હતાં. પણ કાનજીનું વર્તન …તો …ર સ્વાભાવિક હતું. ભગત તરફ ફરતાં પૂછ્યું : 'ક્યારના આવ્યા છો ભગત ? ઓ હો ! હીરો પણ આવ્યો છે ને ?'

'આ બધામાં પોતાને તો ભાવ જ નથી પુછાતો ને ?' એ ખ્યાલે નાનો બોલી ઊઠ્યો : 'અરે શું કાનાભાઈ, હું તો કાલ રાતનો તમારી વાટ જોઈ રહ્યો છું.'

'શું કરું, ભાઈ ? મોટરમાં માગ મળે તો ને ?' કહી કાનજીએ નાના તરફ જોઈ લાચારીભર્યું હાસ્ય કર્યું. સામે આવતી મોટર ઉપર નજર પડતાં કાળીને કહ્યું : 'કાળી, જરા ઉતાવળ કરીશ ત્યારે–'

હીરો બોલ્યો : 'પણ તું આમ એકાએક ક્યાંથી ? નથી કંઈ કાગળના જવાબ આપતો કે નથી તેડાવ્યોય આવતો.' કહી નાના છોકરાને પટાવી લેતો ન હોય એમ ઉમેર્યું : 'તું સાવ આમ શું થઈ બેઠો છે, કાનજી ?'

'આ હું આવ્યો તો ખરો. આપણ બધા ભેગાય થયા, પછી વધારે શું જોઈએ ?' કહી કાનજીએ બાજુમાં કપડાં પહેરાવતી કાળી તરફ વળી જોયું. નાના સામે જોઈ પૂછ્યું : 'કેમ નાના, આવવું છે, કે કાલે ?'

ભગતને ફાળ તો પડી હતી જીવીને કાલે નાના સાથે જોઈ ત્યારથી. કાનજી સામે જોઈ પૂછ્યું : 'તે તું આજ ને આજ પાછો જાય છે ?–'

'હાસ્તો ભગત, મારે તો કાલે રાત્રે જ પાછા ફરી જવું હતું, પણ હાળી મોટરે દગો દીધો ! બધી જ 'પેશિયલ,' પછી અવાય શી રીતે ?'

'તું આમ એકાએક આવ્યો શું ને જાય છે શું ? તારી કંઈ સમજ નથી પડતી, કાનજી ?' કહી ભગત રંજભરી સૂરતે તાકી રહ્યા. પણ એ બધું જોવા-સાંભળવાની કાનજીને અત્યારે ઝાઝી ફુરસદ ન હતી. હસીને બોલ્યો : 'તમે તો ભગત, બધુંય જાણો એવા છો ટૂંકમાં મારા ભાઈ–' કહી જીવી તરફ જોતાં ઉમેર્યું : 'એની દશા તો જુઓ ભગત !' અને કાળીને

ઉદ્દેશી, 'એને જરા પેલા મહાદેવ સુધી લઈ લેને કા[ન]નો ક... ...ડી હતી ! નાના, જરા મદદ કરને, દોસ્ત !' કહી પગ ઉપાડ્યો. ...રહ્યા ... એને તો ...

ગૂંચવણમાં પડેલા નાનાએ કહ્યું : 'પણ કાનાભાઇ, નાગધરામાં નવરાવવાનું કે'તા'તાને ? એક ફેરા નવરાવી તો લાં, ... બાવજીનાં દર્શન–'

નિઃશ્વાસ નાખતાં કાનજી વચ્ચે જ બોલ્યો : 'કાંઈ ગાંડો થયો ? બિચારીએ જીવતરથી નાહી નાખ્યું છે ત્યાં !' અને નાના સામે ફિક્કું હસતાં ઉમેર્યું : ''એના વતીની ને ભેગી મારા વતીનીય એક ડૂબકી તું મારી લેજે ને ?' કાનજીએ ચાલતાં ચાલતાં જ કહ્યું.

'પણ એમ કોકની ડૂબકીએ–'

વળી કાનજી વચ્ચે બોલ્યો : 'ત્યારે ભલાભાઈ, એમ કોકનાં પાપ તે કોકનાં નાયે જતાં રે'તાં હશે !– લે જરા ઉતાવળી ચાલને, કાળી !'

એક ભગત સિવાય કોઈને ન સમજાયું કે કાનજી શું કહેવા માગે છે. કાનજી પાછળ ભગત અને એમનો સંઘ પણ બેધ્યાનપણે દોરાતો હતો.

ઉતાવળમાં સહેજ આગળ નીકળી ગયેલા કાનજીએ જ પાછું વાળી જોતાં કહ્યું : 'તમે તો સમજી ગયા હશો, ભગત– હું એને લઈ જવા આવ્યો છું.'

ભગતે એક ભારે શ્વાસ લીધો. વિચારપૂર્ણ મુખમુદ્રા સાથે બોલ્યા : 'હું જાણતો'તો કાનજી, પણ એને હવે આ દશામાં લઈ જઈનેય તું શું સુખ–'

કાનજી ધીમો પડ્યો, બોલ્યો : 'સુખની તો હવે વાત જ જવા દો. પણ તોય એટલું તો ખરું ભગત, કે એને આમ જ્યાં ત્યાં ટુકડા વેણી ખાતી જોવા કરતાં તો એ મારી પાસે હશે તો મને વધારે નિરાંત વળશે. તમારો કાગળ મળ્યો એ જ દન હું આવત પણ મને થયું કે તમે બધા વળી પાછા આડા ફાટશો એટલે મારે નાનાથીય સે'જ દગો રમવો પડ્યો.'

પાછળ તણાતા હીરાએ જાણે ઊંઘમાંથી જાગતો હોય એમ પૂછ્યું : 'તે શું તું એને લઈ જવા આવ્યો છે, કાનજી ?'

કાનજીએ એ જ મક્કમતાથી છતાંય એ જ લાચાર અવાજે 'હા હીરા–' કહી, પાછળ પડેલી કાળીને કહ્યું : 'જરા ઉતાવળ કરીશ ત્યારે કાળી.' એકાએક યાદ આવતાં ખિસ્સામાંથી ત્રણ રૂપિયા કાઢી ભગતને આપતાં બોલ્યો : 'આ પૈસાનાં કાળીને એક જોડ લૂગડાં લઈ આલજો.' અને કાળીને કહેવા જાય છે તે પહેલાં તો એની નજર ઊપડતી મોટર ઉપર પડી. 'આસ્તે' કહીને ઘાંટો પાડ્યો. મોટર ઊભી રહેતી જોઈને તરત જ પાછળ ફર્યો. બબડાટ કરતી ચાલી રહેલી જીવીનું બાવડું ઝાલી આગળ કરી, મોટર પાસે પહોંચતાં બેઉ બાવડે ઝાલી મોટરમાં ચડાવી દીધી. ભગત સામે જોઈ કહ્યું : 'ભગત ! હીરા દોસ્ત ! જિંદગીમાં ન મલાય તો સંભારજો કોક દન ! ને મારા મોટાભાઈને–' ગળું સાફ કરી– 'મારાં વતી એમની પાસે માફી માગજો ને કે'જો કે–' એનાથી વધારે ન બોલાયું, એક વાર ફરીથી બધાં તરફ જોયું. બબૂચક જેવો હીરો બોલી ઊઠ્યો : 'પણ અલ્યા કાનજી, નાત નહિ, જાત નહિ– તારે આ શું જોઈએ ?'

મોટરવાળાએ કહ્યું : 'ચલ એ બેઠ જા, પેટ્રોલ જલતા હૈ.' કાનજીએ મોટર ઉપર પગ મૂકતાં એટલું જ કહ્યું : 'કેમ મારે શું જોઈએ હીરા ? તે દન કાળી રાતે પાછળ આવી'તી એ કના મૂઢા સામું જોઈને ?'

આખુંય ટોળું ફાટેલી આંખે જાણે વીજળીના લાગેલા ઝટકા ઉપર 'આ શું થઈ ગયું ?' એમ વિચારતું ઊભું હોય એમ ધૂળ ઉડાડતી જઈ રહેલી મોટર તરફ તાકતું ઊભું હતું.

સૌથી પહેલાં ભાનમાં આવેલા ભગત એક ભારે શ્વાસ લેતાં એટલું બબડ્યા : 'જીવ મળી ગયા, પછી એમાં બીજું થાયે શું ?'

હીરો આ બધું કારસ્તાન કરનાર જાણે નાનો જ ન હોય એમ એની તરફ કતરાતી આંખે જોતો હતો. જ્યારે ભગત, કલૈયા કુંવર જેવા કાનજીનો, એના આશાભર્યા જીવનનો અને એ બધાય ઉપર ફરી વળેલા

આ દુ:ખદ બોજાનો વિચાર કરતા હજુય ઊભા હતા. જ્યારે કાળી વળી એની જ લાયમાં પડી હતી : 'હાય હાય ! રાંડ તો મારાં લૂગડાંય લઈ ગઈ !'

બધાં પાછાં ફર્યાં ત્યારે સામેથી ઘૂઘવી રહેલા સમન્દર શો માનવમેદનીનો અવાજ આવતો હતો. પાછળથી ડુંગરાઓના ઢાળ ચડતી મોટરોનો ધમકાર સંભળાતો હતો અને છેવટે તો એ પણ વહી રહેલો વર્તમાન ભૂતકાળના મહાસાગરમાં મળી જતો હોય એમ ઊંડો ને ઊંડો....

ડુંગરો વચ્ચે માથું ઊંચકી રહેલા ઘૂમટ તરફ જોઈ એક ભારે શ્વાસ સાથે ભગત બબડ્યા : 'વાહ રે માનવી, તારું હૈયું ! એક પા લોહીના કોગળા તો બીજી પા પ્રીતના ઘૂંટડા !' અને આભ તરફ આંગળી કરી રહેલા કળશ તરફ તાકતા ભેદભર્યું હસી રહ્યા.

★

(સમાપ્ત)

